




સાંજના ગુજરાતી અખબારોમાં સૌથી વધુ નકલોનો ફેલાવો ધરાવતું...

# સાંજ સમાચાર

ચૈત્ર વદ -૧૨ | પાના : ૧૬ | રૂા. ૪.૦૦ સ્થાપક : બાબુભાઈ શાહ તા. ૨૫-૪-૨૦૨૫ - શુક્રવાર | રાજકોટ (સીટી)

વર્ષ : ૩૯ અંક : ૨૦૭ RNI Reg.No 46322/86. Reg.No Rajkot/266/2023 PST:RMS-RJT તંત્રી : પ્રદિપભાઈ નરોત્તમદાસ શાહ sanjsamachar@gmail.com | sanjsamachar.net | SANJ SAMACHAR - RAJKOT







**ગુજરાતમાંથી પાક નાગરિકોને તત્કાળ પાછા ધકેલોઃ તમામ કલેકટર-પોલીસવડાને આદેશ** ૩

**પાકિસ્તાનમાં ઘુસીને 'સફાયો' કરો, અમે ભારતની પડખેઃ અમેરિકા-બ્રિટનનું સમર્થન** ૧૪

**રણપ્રદેશ કચ્છના સીમાડામાં સૈન્યના વાહનોની અવરજવર વધીઃ યુદ્ધ ભણકારા** ૧૬



આજે સૈન્ય વડા કાશ્મીરમાં : ભારતીય સરહદી વિસ્તાર પર હાઈ એલર્ટ : મોડી રાત્રિના અંકુશ રેખા પર પાક ચોકીઓ સળગી


### મોદીની ચેતવણી, સિંધુ નદીની સંધિ તૂટી, અને સતત તણાવનો પડઘો સીમા પર દેખાયો

# પાકિસ્તાન ગભરાયુંઃ LOC પર ફાયરિંગ, ભારતનો જડબાતોડ જવાબ

નવી દિલ્હીઃ પહેલગામ હુમલા પછી ભારત-પાક વચ્ચેના તનાવભર્યા ડિપ્લોમેટીક સંબંધોમાં હવે સીમા પર અસર શરૂ થઈ છે અને ભારતે સિંધુ જળ સંધી ને સ્થગીત કરવા સહિતના જે આકરા પગલા લીધા તે પછી હવે ભારતની મોટી સર્જીકલ સ્ટ્રાઈક પણ આવી શકે છે તેવા ભયથી ફફડતા પાક દળોએ અંકુશરેખામાં ભારતીય દળોની ચોકી પર ગોળીબાર કરતા અહી તૈનાત ભારતીય દળોએ પણ વળતો આકરો જવાબ આપીને પાકના બંદૂકના નાળચાને શાંત થવાની ફરજ પાડી હતી.

સીમા પર સુરક્ષા વધારી દેવાઈ છે અને ભારતે તેના દળોને મહતમ એલર્ટ પર મુકયા છે તેમાં ગઈકાલે રાત્રીના આજે દેશના સૌથી વચ્ચે અંધાધુંધ ગોળીબાર થયો હતો. બીજી તરફ ભારતે હવે તેના લશ્કરી પગલાનો અધિકાર છે તેવું જારી કરતા જ પાક ફફડી ગયુ છે અને સેના પર જમાવટ વધારી છે તે વચ્ચે ભારતના ભૂમીદળના વડા જનરલ ઉપેન્દ્ર દ્રીવેદી આજે શ્રીનગર પહોંચી ગયા છે. તેઓએ બાદમાં ઉધમપુર જશે અને તેઓ કાશ્મીર ખીણમાં તૈનાત ભારતીય સેનાના વરિષ્ઠ કમાન્ડર્સ અને અન્ય સુરક્ષા એજન્સીઓના અધિકારીઓ સાથે બેઠક યોજશે તથા ભારતીય દળોની પોઝીશન પણ નિશ્ચિત કરશે. કાશ્મીરમાં હવે ભારતીય સેનાએ બે મોરચે લડવાનું છે. પ્રથમ આંતરિક આતંકીઓ સામેની કાર્યવાહી તેજ બનાવી છે તો હવે સીમા પર પણ પાકદળોની ગુસ્તાખીનો જવાબ આપવાનો છે.

અંકુશ રેખા પર પાક દળોએ અનેક ચોકીઓ પર ગોળીબારી કરી હતી. જેનો જવાબ અપાઈ રહ્યો છે તો અરબી સમુદ્રમાં પણ ભારતીય નૌકાદળનુ પેટ્રોલીંગ વધારીને પાકના વ્યાપાર ધંધાના સમુદ્ર માર્ગ પર 'નજર' રાખવામાં આવી રહી છે.



### શિકારા સંચાલકોનું મૌન વિરોધ પ્રદર્શન

કાશ્મીરનાં પહેલગામમાં હિન્દુ પ્રવાસીઓ પર ત્રાસવાદીઓના હુમલા તથા ૨૬ લોકોના મોતથી સમગ્ર દેશ હચમચી ગયો છે.લોકલ કાશ્મીરી લોકો પણ આઘાતમાં છે.શ્રીનગરનાં વિખ્યાત દાલ લેકમાં શિકારા સંચાલકોએ મૃતકોને શ્રધ્ધાંજલીના પ્લેકાર્ડ સાથે 'મૌન વિરોધ' કર્યો હતો.પહેલગામ હુમલા બાદ સમગ્ર કાશ્મીર થવા લાગ્યુ છે.પ્રવાસન પર જ કાશ્મીરનાં લોકોનો જીવન નિર્વાહ ચાલી રહ્યો છે અને હવે તે ભાંગી પડવાના આરે પહોંચ્યો છે.પહેલગામ હુમલા સામે લોકલ લોકોમાં પણ ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે તે આ તસ્વીર સૂચવે છે.

### ભારતના લશ્કરી પગલાની તૈયારી વચ્ચે સૈન્ય હિલચાલમાં વધારો

## અમેરિકી તથા ઈઝરાયેલના એરફોર્સના વિમાનોનું અચાનક જ ભારતમાં આગમન

**જયપુરમાં લેન્ડીંગઃ ટ્રાન્સપોર્ટ વિમાનોના આગમનથી જબરી ચર્ચાઃ સતાવાર મૌન**



જયપુર તા.૨૫

પહેલગામ હુમલાના પગલે ભારત અને પાકિસ્તાન વચ્ચે સતત વધતા જતા તનાવમાં હવે ગમે તે સમયે ભારત કોઈ મોટુ લશ્કરી પગલુ લે તેવા સંકેત મળી રહ્યા છે તે વચ્ચે આજે જયપુરના વિમાની મથકે અમેરિકી હવાઈદળનું એક તોતીંગ વિમાન લેન્ડ થતા જ અને તે પુર્વે ઈઝરાયેલી હવાઈદળનું વિમાન પણ જયપુર પહોંચ્યુ છે અને આ રીતે અચાનક જ સૈન્ય હિલચાલ વધી ગઈ છે. અમેરિકી વાયુસેનાનું આ વિમાન સી-૧૭ ગ્લોબમાસ્ટર હોવાનું જાહેર થયું છે અને તે ટ્રાન્સપોર્ટ વિમાન છે. આ વિમાને ગઈકાલે સાંજે ૬.૩૦ કલાકે જયપુર વિમાની મથકે લેન્ડીંગ કર્યુ હતું અને તે પુર્વે ઈઝરાયેલનું પણ એક ટ્રાન્સપોર્ટ વિમાન જયપુર પહોંચ્યુ હતું. જો કે આ અંગે કોઈ સતાવાર જાહેરાત કરવામાં આવી નથી. પરંતુ જે રીતે પહેલગામ હુમલા પછી ભારત માટે લશ્કરી કાર્યવાહી કરવી મહત્વની બની ગઈ છે તેથી અમેરિકા અને ઈઝરાયેલના વિમાનોના આગમનને અત્યંત મહત્વપૂર્ણ રીતે જોવાઈ રહ્યું છે એ ઉલ્લેખનીય છે કે અમેરિકા સહિતના દેશોએ ભારતના કોઈપણ લશ્કરી પગલાને અગાઉથી જ ટેકો આપી દીધો છે અને સહાયની પણ ખાતરી આપી હતી.

### પાકના સંરક્ષણમંત્રી આસીફનો સ્કાય ન્યુઝ સાથેની મુલાકાતનો વિડીયો વાયરલ

# ત્રાસવાદને ટેકાની પાક.ની કબુલાત; અમેરિકા માટે 'ગંદુ કામ' કરીએ છીએ

**જો અમો અફઘાનમાં સોવિયત સંઘ સામેની લડાઈમાં સામેલ થયા ન હોત તો અમારો રેકોર્ડ સ્વચ્છ હોત! ૩૦ વર્ષથી આ કામ કરીએ છીએઃ સ્વીકાર**




**૯/૧૧માં સંડોવણીનો પણ ઉલ્લેખઃ હવે અમો ખુદ સહન કરીએ છીએઃ બ્રિટન- પશ્ચિમી દેશોને દોષિત ગણાવ્યા**

નવી દિલ્હીઃ ભારતમાં પાકિસ્તાન પ્રેરીત ત્રાસવાદ મુદ્દે એક નવો વળાંક લાગતા પાકિસ્તાનના સંરક્ષણમંત્રી ખ્વાજા આસીફે સ્વીકાર્યુ કે પાકિસ્તાન એ ત્રાસવાદી જૂથોને ફન્ડીંગ- નાણાંકીય ટેકો અને ટેકો આપે છે અને દશકાઓથી કરે છે. ખાસ કરીને અફઘાનીસ્તાનમાં અમેરિકાના નેતૃત્વની નાટોની લડાઈ સમયથી તેવા ત્રાસવાદી-સંગઠનોની પ્રવૃતિમાં સંકળાયેલું છે પણ સાથોસાથ એવો પણ ઘટસ્ફોટ કર્યો તે આ ગંદુ કામ અમેરિકા અને પશ્ચીમી દેશો માટે કર્યુ છે. તેમના આ વિધાન એટલા માટે મહત્વના છે કે અફઘાનીસ્તાનમાં રશિયાની ઘુસણખોરી સમયે અમેરિકાએ પાકિસ્તાનની મદદથી જ તાલીબાની જૂથોનું સર્જન કરી તેમને શસ્ત્રો અને તાલીમ આપી હતી. જેણે રશિયાની સામે લડાઈમાં મુકીને રશિયાને અફઘાન છોડવા મજબૂર કર્યા હતા. પાકના વિદેશમંત્રીની આ વિડીયો કલીપ વાયરલ થઈ છે.

તેણે અમેરિકી ન્યુઝ ચેનલ સ્કાય ન્યુઝના સંવાદદાતા યાલ્દા હાકીમ સાથેની વાતચીતમાં આ કબુલ કર્યુ હતું.

તેઓને એવો પ્રશ્ન પૂછાયો કે પાકિસ્તાન ત્રાસવાદીઓને ટેકો આપવામાં તાલીમ અને ફંડીંગ આપવાનો લાંબા સમયનો ઈતિહાસ ધરાવે છે તેના જવાબમાં તેઓએ આ સત્ય સ્વીકારી લીધુ હતુ. પાક સંરક્ષણમંત્રીએ કહ્યું કે અમો અમેરિકા માટે ત્રણ દશકાથી આ કૃત્ય કરી રહ્યા (અનુસંધાન છઠ્ઠા પાને)

## ઈઝરાયેલનો ચોંકાવનારો દાવોઃ હમાસ અને પાક. આતંકીઓ વચ્ચે સાંઠગાંઠ

**પહેલગામ હુમલો અને ૨૦૨૩ના હમાસના ઈઝરાયેલ પર હુમલા વચ્ચે સમાનતા**



જેરુસલેમ (ઈઝરાયેલ) તા.૨૫

જમ્મુ-કાશ્મીરના પહેલગામમાં આતંકી હુમલા બાદ ઈઝરાયેલે કાશ્મીરમાં સક્રીય આતંકીઓ અને હમાસ વચ્ચે સીધા સંપર્કનો આરોપ લગાવ્યો છે.

ભારતમાં ઈઝરાયેલના રાજદૂત રૂપમ અજારે એક ઈન્ટરવ્યુમાં જણાવ્યું હતું કે હમાસના કેટલાક નેતાઓએ હાલમાં જ પાકિસ્તાનના કબજાગ્રસ્ત કાશ્મીરની (અનુસંધાન છઠ્ઠા પાને)







## પહેલગામ હુમલાના ત્રાસવાદી આસીફનું ઘર વિસ્ફોટકોથી ઉડાવાયુઃ આદિલના ઘર પર બુલડોઝર ફર્યુ

### આસીફના નિવાસમાં મોટાપ્રમાણમાં વિસ્ફોટકો મળ્યાઃ તેનાથી જ ઘરને ઉડાવી દેવાયુઃ લાંબા સમયથી ત્રાસવાદી પ્રવૃતિનું કેન્દ્ર હોવાની આશંકા

શ્રીનગર તા.૨૫

પહેલગામમાં મંગળવારે થયેલા ત્રાસવાદી હુમલામાં સંડોવાયેલા બે સ્થાનિક ત્રાસવાદીઓ આસીફ શેખ અને અદીલ ઘોરીના ઘરને નિશાન બનાવાયા છે. જેમાં અનંતનાગમાં આસીફ શેખના ઘરમાં મોટા પ્રમાણમાં વિસ્ફોટકો પણ રાખવામાં આવ્યા હતા. તલાશી અભિયાન દરમ્યાન સુરક્ષાદળોને એક મોટુ બોકસ મળ્યુ હતું અને તેમાં આઈઈડી હોવાના સંકેત બાદ ભારતીય સેનાની રાષ્ટ્રીય રાયફલની એન્જીનીયરીંગ ટીમે આસીફના ઘરમાં જ આ વિસ્ફોટકોનો નાશ કરવા માટે સ્થાનિક જગ્યા પર જ વિસ્ફોટ કર્યો હતો જેના કારણે આસીફનું ઘર ધ્વંસ્ત થયુ હતું બાદમાં તેના પર બુલડોઝર ફેરવી દેવાયુ હતુ જયારે અવંતીપુરામાં આ હુમલામાં સામેલ બીજા ત્રાસવાદી અદીલ ઘોરીના ઘરને બુલડોઝરથી ધ્વંસ્ત કરવામાં આવ્યું હતું. આ બંને ત્રાસવાદીની ઓળખ નિશ્ચિત થયા બાદ સુરક્ષાદળોએ અનંતનાગ અને અવંતીપુરામાં તેમના રહેણાંકોની તલાશી શરુ કરી હતી જેમાં આસીફના ઘરમાં જે રીતે વિસ્ફોટકો મળ્યા તેથી લાંબા સમયથી કાશ્મીરમાં જે ત્રાસવાદી હુમલા થઈ રહ્યા હતા તેની તૈયારી અહીથી જ થતી હોવાનું બહાર આવ્યુ છે અને હવે પોલીસે આસપાસ પણ તલાશી અભિયાન શરુ કર્યુ છે.

## રાહુલ ગાંધી શ્રીનગરમાંઃ ઘાયલોને મળ્યાઃ પહેલગામ જવા મંજુરી નહી

**વિવિધ વ્યાપાર ઉદ્યોગના પ્રતિનિધિઓને મળશેઃ એલ.જી.ને પણ મળવા માટે સમય માંગ્યો**



શ્રીનગરઃ પહેલગામ હુમલાના પગલે વિપક્ષના નેતા રાહુલ ગાંધી આજે શ્રીનગર પહોંચી ગયા છે અને તેઓ હોસ્પીટલમાં આ હુમલામાં ઘાયલ થયેલા કેટલાક લોકોને મળ્યા હતા તથા બાદમાં તેઓ ગવર્નર જનરલ શ્રી મનોજ સિંહાને મળશે. જો કે પહેલગામમાં જયાં હુમલો થયો હતો ત્યાં જવા માંગતા હતા. પરંતુ સતાવાળાઓએ તેને મંજુરી આપી ન હતી તેથી તેમનો આ કાર્યક્રમ રદ થયો છે. શ્રી ગાંધી આ ઉપરાંત જમ્મુ-કાશ્મીરમાં (અનુસંધાન છઠ્ઠા પાને)


**શ્રી ફિનટેક સોલ્યુશન્સ પ્રા.લી. માટે સ્ટાફ જોઈએ છે**

અમારા વિસ્તરણ માટે પ્રતિભાશાળી ઉમેદવારોમાં અનુભવી અને ફ્રેશર બંન્ને આવકાર્ય. સમગ્ર ભારત માટે

**સોફટવેર ડેવલોપર્સ - ૨**
PHP,LARAVEL, FRONTEND & BACKEND

**મોબાઈલ એપ ડેવલોપર્સ-૨**
ANDROID/FLUTTER

**સેલ્સ ટીમ**
એરીયા સેલ્સ એકઝીકયુટીવ-૫
સેલ્સ મેનેજર-૧

**માર્કેટીંગ ટીમ-રાજયો પ્રમાણે**
આઉટડોર તથા ડોર ટુ ડોર માટે
(એજન્સી અથવા વ્યકિતગત અરજી આવકાર્ય)

E-MAIL: admin@paytouch.in, સંપર્કઃ75675 25557

દરરોજ બપોરે પ્રિમીયમ
**ગુજરાતી થાળી**
સ્વાદમાં સર્વોપરી
**હોટલ કાવેરી** PGVCL સામે, કનક રોડ, બસ સ્ટેન્ડ પાસે, રાજકોટ Cell : 63566 66777






# નામ કાફી છે...રોહિત વર્લ્ડ કલાસ પ્લેયરઃ બોલ્ટે પ્રશંસાના પુષ્પો વેર્યા



હૈદરાબાદઃ તા.૨૫

મુંબઈ ઈન્ડિયન્સ (MI)ના ફાસ્ટ બોલર ટ્રેન્ટ બોલ્ટે કહ્યું છે કે રોહિત એક વર્લ્ડ કલાસ ખેલાડી છે અને ટીમને તેનો રેકોર્ડ છઠ્ઠો આઈપીએલ ટાઈટલ જીતવામાં મદદ કરવામાં મોટી ભૂમિકા ભજવશે. સનરાઈઝર્સને આઠ વિકેટે ૧૪૩ રનમાં રોક્યા બાદ MIએ રોહિતના ૪૬ બોલમાં ૭૦ રનની મદદથી ૧૫.૪ ઓવરમાં લક્ષ્ય હાંસલ કરી લીધો હતો. વોલ્ટે પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું, 'મુંબઈની આખી ટીમમાં વર્લ્ડ કલાસ ખેલાડીઓ છે અને રોહિતને કોઈ પરિચયની જરૂર નથી. દરેક વ્યક્તિ ટીમની જીતમાં પોતાનું યોગદાન આપવા માંગે છે. રોહિત છેલ્લી કેટલીક મેચોમાં શાનદાર પ્રદર્શન કરી રહ્યો છે. તે સિઝનની બાકીની મેચોમાં અમારા માટે મોટી ભૂમિકા ભજવશે. હાર્દિક પંડ્યાની કેપ્ટનશિપની પ્રશંસા કરતા વોલ્ટે કહ્યું, 'હાર્દિક એક જુસ્સાદાર ક્રિકેટર છે અને ખૂબ જ પ્રતિભાશાળી પણ છે. તે એક શાનદાર કેપ્ટન છે અને આગળથી લીડ કરે છે. તે મારા મનપસંદ ભારતીય ક્રિકેટરોમાંનો એક છે, તેથી તેની કેપ્ટનશીપ હેઠળ રમવું એ શાનદાર અનુભવ છે.

દરમિયાન, SRHના મુખ્ય કોચ ડેનિયલ વેટ્ટોરીએ સ્વીકાર્યું હતું કે MI સામે તેમની કારમી હારમાં પિચ અંગેનો ખોટો નિર્ણય નિર્ણાયક સાબિત થયો હતો. તેણે કહ્યું, 'ટોસ મહત્વપૂર્ણ હતો. અમે પહેલા મતદાન કરવા માંગતા હતા. વિકેટ અમે જોઈ હતી તેનાથી અલગ હતી.

## ઓહો...વિરાટ મને નામથી ઓળખે છે! નેહલ વાઢેરા દંગ રહી ગયો

કોલકાતાઃ જ્યારે પંજાબના યુવા ખેલાડી નેહલ વાઢેરાને ખબર પડી કે વિરાટ કોહલી તેને નામથી ઓળખે છે, ત્યારે તે તેના માટે એક અદ્ભુત લાગણી હતી અને જ્યારે તેને આ મહાન ક્રિકેટર પાસેથી તેની રમત પર 'ફીડબેક' મળ્યો, ત્યારે તેનો દિવસ બની ગયો. તેણે વરસાદથી પ્રભાવિત મેચમાં પંજાબ કિંગ્સની RCB સામે ૫ વિકેટની જીત દરમિયાન ૩૩ રનની વિજયી ઈનિંગ રમી હતી. નેહલે કહ્યું, 'જ્યારે વિરાટ ભાઈ મેચ પહેલા શ્રેયસ અય્યર સાથે વાત કરી રહ્યા હતા અને તેણે પંજાબીમાં પૂછ્યું 'કેમ છો નેહલ' તો હું ચોંકી ગયો. મને અપેક્ષા નહોતી કે તે મારું નામ યાદ રાખશે. આનાથી મને ખૂબ આનંદ થયો.',

# રોમાંચક મેચમાં છેલ્લી ઓવરોમાં બેંગ્લોરે બાજી મારી લીધીઃ હોમગ્રાઉન્ડ પર પ્રથમ જીત

## રાજસ્થાન રોયલ્સને ૧૧ રને હરાવ્યુંઃ કોહલીની વધુ એક ફિફ્ટી હોઝલવુડનો તરખાટ



બેંગ્લુરૂ, તા.૨૫

રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરે આખરે ગુરૂવારે તેમના હોમ ગ્રાઉન્ડ ચિન્નાસ્વામી પર સિઝનની તેમની પ્રથમ જીત નોંધાવી હતી. વિરાટ કોહલી અને રજત પડિકલની અડધી સદીના કારણે રોમાંચક મેચમાં બેંગ્લોરે રાજસ્થાન રેટ્સને ૧૧ રનથી હરાવ્યું.

કોહલીએ ૭૦ અને પદિકલે ૫૦ રન બનાવ્યા હતા. આ સાથે બેંગ્લુરૂએ પાંચ વિકેટે ૨૦૫ રન બનાવ્યા હતા. ત્યારબાદ જોશ હેઝલવુડ (૩૩/૪)ની આગેવાની હેઠળના બોલરોએ રાજસ્થાનને નવ વિકેટે ૧૯૪ રન પર રોકી દીધું હતું. યશસ્વીએ ૪૯ અને જુરોલે ૪૭ રન બનાવ્યા હતા. રાણાએ ૨૮, પરાગે ૨૨ અને સૂર્યવંશીએ ૧૬ રનનું યોગદાન આપ્યું હતું.

રાજસ્થાનને છેલ્લા ૧૨ બોલમાં ૧૮ રનની જરૂર હતી. હેઝલવુડે ૧૯મી ઓવરમાં એક રન આપ્યો અને સતત બે બોલ પર જુરેલ અને આર્ચરને પણ પેવેલિયન મોકલી દીધા. હવે છ બોલમાં ૧૭ રનની જરૂર હતી. યશના પહેલા જ ફુલ-ટોસ બોલ પર શુભમ બાઉન્ડ્રી પર સોલ્ટના હાથે કેચ આઉટ થયો હતો. છેલ્લા પાંચ બોલમાં પાંચ રન થયા હતા અને એક રનઆઉટ પણ હતો.

આ પહેલા કોહલીએ ફિલ સોલ્ટ (૨૬) સાથે શરૂઆતી વિકેટ માટે ૬૧ અને પડીક્કલ (૫૦) સાથે બીજી વિકેટ માટે ૪૫ રન જોડ્યા હતા. અંતે, ટિમ ડેવિડે ૨૩ રન બનાવ્યા અને જીતેશે ૨૦ રન ફટકારીને ટીમને આ વર્ષે ઘરઆંગણે બેવડી સદીના આંકને પાર કરી, જ્યારે કુંતે બીજી વખત સ્કોર કર્યો. કોહલી અને સોલ્ટે ચિન્નાસ્વામી ખાતે સતત ચોથી મેચમાં ટોસ હાર્યા બાદ બેંગલુરૂને મજબૂત શરૂઆત અપાવી હતી. આર્ચરની પ્રથમ ઓવરમાં ૧૧ રન બનાવ્યા. ઈજાગ્રસ્ત સંજુની ગેરહાજરીમાં રાજસ્થાનની આગેવાની કરી રહેલા પરાગે બીજી જ ઓવરમાં ફારૂકીની બોલ પર સોલ્ટનો કેચ છોડ્યો હતો. વિકેટ લેવાના પ્રયાસમાં દેશપાડે બોલરો પર ચડી ગયો હતો. તેનું સ્વાગત સોલ્ટે બે ચોગ્ગા સાથે કર્યું હતું. હસરંગાએ સોલ્ટને આઉટ કરીને બેંગ્લોરને પહેલો ઝટકો આપ્યો હતો. કોહલીને પડિકલનો સારો સાથ મળ્યો. પડિકલે દેશપાડે દ્વારા આપવામાં આવેલા જીવનનો ભરપૂર લાભ લીધો હતો. આર્ચરે સ્લો લેગ કટર વડે કોહલીની વિકેટ લીધી હતી.

### કોહલીના નામે વધુ એક રેકોર્ડ નોંધાયો

કોહલીએ વધુ એક રેકોર્ડ પોતાના નામે નોંધાવ્યો. તે સાત ટીમો સામે સો કે તેથી વધુ બાઉન્ડ્રી મારનાર પ્રથમ ખેલાડી બન્યો. તેણે રાજસ્થાન સામે આ સિદ્ધિ મેળવી હતી. રાજસ્થાન સામે બાઉન્ડ્રીની સદી ફટકારનાર તે બીજો ખેલાડી છે. આ પહેલા શિખર આવું કરી ચૂક્યો છે. કોહલીએ પંજાબ સામે ૧૪૮, દિલ્હી સામે ૧૩૦, ચેન્નાઈ સામે ૧૨૧, કોલકાતા સામે ૧૧૯, મુંબઈ સામે ૧૧૨ અને હૈદરાબાદ સામે ૧૦૪ બાઉન્ડ્રી ફટકારી છે.

# ટી-૨૦માં ૧૨,૦૦૦ રન પૂરા કરવા ઉપરાંત હિટમેનનો નવો રેકોર્ડ



## જીતેલી મેચમાં ૮,૦૦૦ રનઃ રોહિત પહેલો ભારતીય ક્રિકેટર

મુંબઈ,તા.૨૫

મુંબઈ ઈન્ડિયન્સના અનુભવી બેટર રોહિત શર્માએ નવ વર્ષ બાદ IPLમાં બેક-ટુ-બેક ફિફ્ટી પ્લસ રનની ઈનિંગ્સ રમીને ઈતિહાસ રચ્યો છે. તેણે ચેન્નઈ સુપર કિંગ્સ સામે ૭૬ રન અને સનરાઈઝર્સ હૈદરાબાદ સામે ૭૦ રનની ઈનિંગ્સ રમી હતી. સાતમી વાર IPLમાં બેક-ટુ-બેક ફિફ્ટી ફટકારનાર રોહિત શર્માએ ૧૨,૦૦૦ T20 રન પૂરા કરવાની સાથે એક અનોખા લિસ્ટમાં સ્થાન મેળવ્યું છે.

તે T20માં જીતેલી મેચમાં ૮૦૦૦ રન ફટકારનાર પહેલો ભારતીય બન્યો છે. ઓવરઓલ લિસ્ટમાં તે વેસ્ટ ઈન્ડીઝના ક્રિસ ગેઈલ (૮૯૭૫ રન), ઈંગ્લેન્ડના એલેક્સ હેલ્સ (૮૮૭૯ રન) અને પાકિસ્તાનના શોએબ મલિક (૮૨૯૧ રન) બાદ આ કમાલ કરનાર ચોથો ક્રિકેટર છે.

**જીતેલી મેચોમાં ભારતીયો દ્વારા સૌથી વધુ T20 રન**

| | |
|---|---|
| રોહિત શર્મા (૨૫૭ ઈનિંગ્સ) | -૮૦૫૬ રન |
| વિરાટ કોહલી (૨૦૭ ઈનિંગ્સ) | - ૭૯૫૮ રન |
| શિખર ધવન (૧૭૮ ઈનિંગ્સ) | -૫૯૨૮ રન |
| સુરેશ રૈના (૧૯૪ ઈનિંગ્સ) | -૫૭૪૨ રન |
| સૂર્યકુમાર યાદવ (૧૭૫ ઈનિંગ્સ) | - ૫૪૭૪ રન |

## ૧૦૬ ઈનિંગ્સમાં IPLમાં ૧૦૦ વિકેટઃ સૌથી ધીમી સિદ્ધિનો રેકોર્ડ જયદેવ ઉનડકટના નામે




મુંબઈ,તા.૨૫

૩૩ વર્ષના ફાસ્ટ બોલર જયદેવ ઉનડકટે બુધવારે મુંબઈ ઈન્ડિયન્સ સામે પચીસ રન આપીને એક વિકેટ લઈને એક અનિચ્છનીય રેકોર્ડ બનાવ્યો છે. વર્તમાન સીઝનમાં પોતાની બીજી મેચ રમી રહેલા સનરાઈઝર્સ હૈદરાબાદના ઉનડકટે મુંબઈના ઓપનર રાયન રિકલ્ટનને આઉટ કરીને પોતાની ૧૦૦ IPL વિકેટ પૂર્ણ કરી હતી.

આ ક્રિકેટરે ફાસ્ટ બોલર તરીકે ૧૦૦ IPL વિકેટ પૂર્ણ કરવામાં સૌથીવધુ ઈનિંગ્સ લેવાનો રેકોર્ડ કર્યો છે. તેણે ૧૦૬ ઈનિંગ્સમાં આ સિદ્ધિ મેળવીને વિનય કુમારના ૧૦૧ ઈનિંગ્સના રેકોર્ડને તોડયો હતો. IPLમાં આઠમી ટીમ માટે રમી રહેલો આ એક કરોડ રૂપિયાનો ફાસ્ટ બોલર આ સીઝનમાં બે મેચમાં ૪૧ રન આપીને એક જ વિકેટ લઈ શક્યો છે.

ઓવરઓલ સૌથી સ્લોએસ્ટ ૧૦૦ IPL વિકેટ પૂર્ણ કરવાનો રેકોર્ડ ભારતીય સ્પિનર રવીન્દ્ર જાડેજા (૧૬૧ ઈનિંગ્સ)ના નામે છે.

# સૌથી ઓછી ઈનીંગ અને સૌથી કરકસરયુક્ત બોલીંગથી ૩૦૦ T-20 વિકેટ લેનાર બુમરાહ બોલર



મુંબઈઃ IPL ૨૦૨૫માં મુંબઈ ઈન્ડિયન્સના ફાસ્ટ બોલર જસપ્રીત બુમરાહે પાંચ મેચમાં ૧૫૮ રન આપીને પાંચ વિકેટ ઝડપી છે. બુધવારે સનરાઈઝર્સ હૈદરાબાદના સ્ટાર બેટર હેન્રિક ક્લાસેનની વિકેટ લઈને તેણે ૩૦૦ T20 વિકેટ પૂર્ણ કરી હતી. તે આ સિદ્ધિ મેળવનાર ઓવરઓલ ૩૩મો બોલર, પાંચમો ભારતીય અને ભુવનેશ્વર કુમાર બાદ બીજો ભારતીય ફાસ્ટ બોલર બન્યો છે.

બુમરાહ ફાસ્ટ બોલર્સના લિસ્ટમાં સાતથી ઓછા ઈકોનોમી- રેટથી (૬.૯૧ ઈકોનોમી-રેટ) આ સિદ્ધિ મેળવનાર પહેલો ફાસ્ટ બોલર બન્યો છે. તે ભારતીય ફાસ્ટ બોલર તરીકે સૌથી ઝડપી ૩૦૦ વિકેટ લેનાર બોલર પણ બન્યો છે.

**ભારતીયો દ્વારા સૌથી વધુ T20 વિકેટો**

| | |
|---|---|
| યુઝવેન્દ્ર ચહલ (૩૧૭ ઈનિંગ્સ) | ૩૭૩ |
| પીયૂષ ચાવલા (૨૯૬ ઈનિંગ્સ) | ૩૧૯ |
| ભુવનેશ્વર કુમાર (૩૦૧ ઈનિંગ્સ) | ૩૧૮ |
| અશ્વિન (૩૨૭ ઈનિંગ્સ) | ૩૧૫ |
| જસપ્રીત બુમરાહ (૨૩૭ ઈનિંગ્સ) | ૩૦૦ |

# હવે ક્રિકેટ સ્ટ્રાઈક પાકિસ્તાન સુપરલીગનું પ્રસારણ અટકાવી દેતી ભારતીય સ્ટ્રીમિંગ કંપની

## ડ્રીમ ઈલેવને પણ વેબસાઈટ પરથી મેચો હટાવી દીધી



નવીદિલ્હી,તા.૨૫

જમ્મુ-કાશમીરના પહલગામમાં થયેલા આતંકવાદી હુમલામાં ૨૬ લોકોના મોત થયા હતા. આ ઘટના બાદ ભારતે પાકિસ્તાન પર અનેક પ્રકારના પ્રતિબંધો લગાવ્યા છે. આખા ભારતમાં શોકનું વાતાવરણ છે, જ્યારે કેન્દ્ર સરકાર પણ એક પછી એક કડક પગલાં લઈ રહી છે. હવે પાકિસ્તાનની સૌથી મોટી ફ્રેન્ચાઈઝી લીગને મોટો ફટકો પડ્યો છે. પાકિસ્તાન સુપર લીગનું પ્રસારણ અત્યાર સુધી લાઈવ સ્ટ્રીમિંગ પ્લેટફોર્મ ફેનકોડ દ્વારા થતું હતું. હવે ફેનકોડે PSLનું લાઈવ પ્રસારણ બંધ કરવાનો નિર્ણય લીધો છે.

ફેનકોડ એક ભારતીય સ્ટ્રીમિંગ કંપની છે, જેણે પાકિસ્તાન સુપર લીગને જોરદાર ફટકો આપ્યો છે. હવે PSLની મેચો ફેનકોડ પર ઉપલબ્ધ નહીં હોય. આ પ્લેટફોર્મ પર લાખો લોકો PSLની મેચો લાઈવ જોતા હતા, પરંતુ ફેનકોડના આ નિર્ણય બાદ પાકિસ્તાન સુપર લીગની ડિજિટલ દર્શક સંખ્યામાં ભારે ઘટાડો નોંધાઈ શકે છે.

PSL 2025 સિઝનની શરૂઆત ૧૧ એપ્રિલથી થઈ હતી અને આ ટૂર્નામેન્ટ ૧૮ મે સુધી ચાલશે. પહેલગામ હુમલા બાદ કડક પગલું લેતા ફેનકોડે PSL 2025 સિઝનની બાકીની મેચોનું પ્રસારણ કરવાનો ઈનકાર કરી દીધો છે. આ સિવાય ભારતીય ફેન્ટસી એપ ડ્રીમ-૧૧એ પણ કડક પગલું લેતા તેની વેબસાઈટ અને એપ્લિકેશનમાંથી PSLની તમામ મેચો હટાવી દીધી છે. આ વખતે PSLની ટક્કર ઈન્ડિયન પ્રીમિયર લીગ સાથે થઈ રહી છે, એવામાં ફેનકોડ લાઈવ સ્ટ્રીમિંગ કંપનીના નિર્ણયને કારણે ક્ક્ક અને પાકિસ્તાન ક્રિકેટ બોર્ડને આવકની દષ્ટિએ મોટું નુકસાન સહન કરવું પડી શકે છે.

# ભૂતકાળનું ખરાબ ફોર્મ ભૂલી ગયો એટલે કે.એલ. રાહુલમાં નવો જોશઃ ચેતેશ્વર



લખનઉ સામે મેચ-વિનિંગ ઈનિંગ્સ રમ્યા બાદ લખનઉના માલિક રાજીવ ગોયનકા સાથે વાત કરવા રોકાવો નહોતો કે. એલ. રાહુલ.



## કે.એલ. રાહુલે પોતાના જુના ટીમ માલિક સાથે માત્ર હાથ મિલાવ્યો, વાત ન કરી

ભારતનો વિકેટકીપર-બેટર કે. એલ. હુલ હાલમાં IPL ૨૦૨૫ની સાત મેચમાં ૩૨૩ રન ફુટકારીને દિલ્હી કેપિટલ્સનો હાઈએસ્ટ રન-સ્કોરર છે. મંગળવારે તેણે પોતાની જૂની ટીમ લખનઉ સુપર જાયન્ટ્સ સામે મેચ વિનિંગ ઈનિંગ્સ રમી હતી. મેચ બાદ તે પોતાના જૂના હોમ ગ્રાઉન્ડ એકાના સ્ટેડિયમમાં લખનઉના માલિક સંજીવ ગોયનકા અને શાશ્વત સાથે હાથ મિલાવીને ઝડપથી આગળ વધી ગયો હતો. ગઈ સીઝનમાં મેદાન પર તેની બેઈજ્જતી કરનાર જૂના માલિક સાથે તે મંગળવારે વાત કરવા જરા પણ રોકાયો નહોતો..

IPLમાં ૧૩૦ ઈનિંગ્સમાં ૫૦૦૦ રન પુરા કરવાનો રેકોર્ડ કરનાર રાહુલ વિશે ભારતીય ક્રિકેટર ચેતેશ્વર પુજારાએ મહત્ત્વપૂર્ણ નિવેદન આપ્યું છે. તે કરી છે. 'બસ, આગળ વધો, ભૂતકાળનો બોજ ન લો અને એ સારી વાત છે. રાહુલ એક પરિપક્વ પ્લેયર છે. તે છેલ્લાં કેટલાંક વર્ષોથી બધી જ ફોર્મેટમાં સારી બેટિંગ કરી રહ્યો છે. તે ભુતકાળ વિશે વિચારવા માગતો નથી અને તેની બેટિંગનો આનંદ માણી રહ્યો છે. આગળ વધવું સારું છે જે તેને દિલ્હી કપિટલ્સ અને ભારતીય ટીમ માટે પણ સારું રમવામાં મદદ કરશે.'

**IPLમાં ફાસ્ટેસ્ટ રનના માઈલસ્ટોન**

| | |
|---|---|
| ૧૦૦૦ રન | શોન માર્શ (૨૧ ઈનિંગ્સ) |
| ૨૦૦૦ રન | ક્રિસ ગેઈલ (૪૮ ઈનિંગ્સ) |
| ૩૦૦૦ રન | ક્રિસ ગેઈલ (૭૫ ઈનિંગ્સ) |
| ૪૦૦૦ રન | કે. એલ. રાહુલ (૧૦૫ ઈનિંગ્સ) |
| ૫૦૦૦ રન | કે. એલ. રાહુલ (૧૩૦ ઈનિંગ્સ) |
| ૬૦૦૦ રન | ડેવિડ વોર્નર (૧૬૫ ઈનિંગ્સ) |
| ૭૦૦૦ રન | વિરાટ કોહલી (૨૨૫ ઈનિંગ્સ) |
| ૮૦૦૦ રન | વિરાટ કોહલી (૨૪૪ ઈનિંગ્સ) |

## સુવિચાર

**મોટાપણુ એમ જ નથી મળતું હોદ્દામાં**
**નાના વ્યક્તિને પણ સન્માન દેવું પડે છે..**
**નદી પાર કરવી હોય તો નાવડીને જ નહીં**
**નાવિકને પણ પ્રણામ કરવા પડે છે.**

## આજનું ચિંતન



### પ્રગતિ

- જેના વિચારના ઘોડા મનની સવારી કરે છે તેની દિશામાં તમારી પ્રગતિ થાય છે.
- પ્રગતિ માટે પગથિયું જાતે જ ચડવું પડે, બીજાના ખંભે ચડીને તો સ્મશાને જવાશે.
- પ્રગતિ કોઈની અચાનક નથી થતી, સૂર્ય પણ ધીરે ધીરે ઉપર ઉઠે છે, ધૈર્યને, તપ જેનામાં છે એ જ સંસારને પ્રકાશિત કરી શકે છે.
- પ્રગતિનું કારણ બનશે તમારા સંસ્કાર, અધોગતિનું કારણ બનશે તમારો અહંકાર.
- ઉગતો સૂર્ય અને દોડતા ઘોડાના પોસ્ટર રાખવાથી પ્રગતિ નથી થતી, પ્રગતિ માટે તો આપણે જાતે જ સૂર્ય ઉગ્યા પહેલા ઉઠીને ઘોડાની જેમ દોડવું પડે છે.
- પ્રગતિ ભલે ધીમી થાય પણ ઈમાનદારી રાખજો, કારણ કે કેરી કેમીકલથી પાકે છે ને આંબે પાકે છે એમાં ઘણો ફેર છે.
- તમે પ્રગતિના સોપાન ચડતા હો ત્યારે લોકો પ્રત્યે નમ્રતા રાખો કારણ કે ઉતરતી વેળાએ તેઓ તમને મળશે.

# દેવતાઓ કેવી રીતે અમર બની ગયા?

દુનિયામાં સમજે છે કે દેવતાઓ અમર બની ગયા અર્થાત એમની યાદગાર કાયમ બની ગઈ. તેમની યાદ જ અમર છે. વાસ્તવમાં તે બધી જ દૈવી ગુણોવાળી આત્માઓ તો તેમના તે રંગ, રૂપ, કદમાં શરીર છોડી તે જન્મમાં ચાલી ગયા, અને સત્ય કર્મના સિધ્ધાંત અનુસાર તેઓ બધી જ આત્માઓ પુનઃજન્મમાં પણ આવી ગઈ. તેઓની એ કાયમી વાસ્તવિક સદાની યાદગાર આ મૂર્તિ, ચિત્રો બન્યા છે. આજના સર્વ મનુષ્ય આત્માઓ દેવતાઓની રહન-સહન, ચલન, વ્યવહાર, ગુણ, શક્તિઓની મહિમા, ગાયન કરે છે કે જેથી તેમના જેવા ચરિત્રો, ગુણો સ્વયંમાં પણ ફરી જાગૃત થઈ આવે! જો તેવું નથી કરતા તો માત્ર મહિમાથી તો કોઈ દેવતાના વંશજ કેવી રીતે કહેવાશે કે બનશે? આપણા એ રોયલ(ઉચ્ચ કુળ)પૂર્વજોના સંસ્કારો, સંસ્કૃતિ, રીત-ભાત આપણામાં લાવવા જોઈશે, અન્યને એ પ્રગટરૂપે દેખાવા જોઈએ. તેમના સમાન દરેકમાં અનેક ગુણો, શક્તિઓ હોય છે પરંતુ તેની સ્મૃતિ હોવી જરૂરી છે. આથી પરમાત્મા પણ કહે છે કે એવી આત્માઓને સહજ પોતાના કુળની મહિમા, ગુણ, શક્તિઓની આકર્ષણ થતી હોય છે. તે ગણો, શક્તિઓની જાગૃતિ સ્વયં પરમાત્મા કરાવી રહ્યા છે જ્ઞાન મુરલી દ્વારા. આપોઆપ તેવી દેવતાઈ ઘરાણાની આત્માઓમાં તે ગુણ, શક્તિઓની જાગૃતી સહજ અનુભવાય છે. આમ દેવતાઓ સમાન દાતા, રહમભાવ, હર્ષિતમુખ, સમૃધ્ધિ સ્વયંના જીવનમાં આવવા અર્થાત તેમના સમાન સુખ, શાંતિ મેળવવા.

મૂલ્યોની મહેક
■ બ્રહ્માકુમારી ભારતીદીદી ■

પરંતુ તેમ ન થવાનું મૂળ કારણ જ ભૂલી ગયા કે- તે દેવી-દેવતાઓ પાવન હતા, તેઓ પવિત્ર ગૃહસ્થ આશ્રમ જીવનમાં રહી કમલ પુષ્પ સમાન જીવન જીવતા હતા. તેમના બાળકોનો જન્મ યોગ-તપ બળથી થતો. તેઓના શરીર નીરોગી, કંચનવર્ણી કાયા, ચિત્ત નિર્મળ હતા. તેઓમાં એકબીજાને દુઃખ આપવાના સંસ્કાર જ ન હતા. તેવી દુનિયા સ્વર્ગ કહેવાતી કે જ્યા પ્રકૃતિ પણ સતોગુણી, સહયોગી હતી અને જાનવરો પણ અહિંસક હતા. પરંતુ દ્વાપરથી જયારે આત્માઓએ પોતાના મુળ સ્વભાવ-સંસ્કારોને ગુમાવ્યા; તેનુ કારણ દેહભાન, દેહાભિમાન સાપે અન્ય વિષય-વિકારોની પ્રવેશતા થઈ તો માનો દેવતાઓ ગુમ થઈ ગયા. અર્થાત દૈવી ચલન, વ્યવહાર, નિર્વિકારી, નિરહંકારી જીવન ખત્મ પયુ અને વિકારી જીવન વાળા હવે, મનુષ્ય બન્યા. આ રીતે જે ઉચી, શ્રેષ્ઠ આત્માઓ હતી તે સર્વ ધીરે ધીરે જન્મ-પુનઃજન્મમાં આવતા જતા પોતાની સતોપ્રધાન અવસ્થા ગુમાવતા, તેમની એ શ્રેષ્ઠ સ્થિતિમાંથી નીચે તરફ ઉતરવા લાગી અને અવગુણો અને દેહભાનની દ્રષ્ટિ, વૃતિની પ્રવેશતાથી ઉતરતી કળામાં આવ્યા. આમ દૈવી દેવતાઓની યાદ માત્ર અમર બની ગઈ છે.

દુનિયામાં પણ કહે છે ને કે મનુષ્યના કર્મો જ તેમની યાદગાર કાયમ કરે છે. જેમણે અનેકોને સુખ આપ્યુ હશે, તેમને પછીના લોકો યાદ કરીને સુખની ચાહના રાખે છે. લોકોના દિલની એ આશાઓ, યાદ અને દૈવી ચરિત્રો કે જેની સ્મૃતિ અને મહિમાઓને કારણે દેવતાઓ સદાને માટે અમર બની ગયા છે. જે કોઈ શરીરથી અમર બનવાની વાત નથી. સતયુગ(સ્વર્ગ)માં તો પ્રકૃતિ જ સતોગુણી હોવાથી તેમના દ્વારા બનેલું આ શરીર તો નીરોગી જ રહેતુ હતુ આથી જ દેવી-દેવતાઓ પૂર્ણ, લાંબુ આયુષ્ય ભોગવતા હતા. અર્થાત અચાનક મૃત્યુ ન હતા. આમ અમર દેવતાઓનું ગાયન થયેલું છે. આપણે પણ રાજયોગના જ્ઞાન, યોગની મદદથી એ પૂર્વજોની સ્મૃતિ અને તેમના રહેલા દૈવી ગુણોને પોતાનામાં જાગૃત કરીએ અને ફરી ધરા પર સ્વર્ગ સ્થાપન કરીએ જયાં સર્વ ઔખ, શાંતિથી રહે.

# આજે તળિયાની બે ટીમો વચ્ચે મુકાબલોઃ ચેપોકમાં હૈદરાબાદ કયારેય ચેન્નઈ સામે જીત્યુ નથી



ચેન્નઈ,તા.૨૫ : IPL 2025ની ૪૩મી મેચ ચેન્નઈ સુપર કિંગ્સ (CSK) અને સનરાઈઝર્સ હૈદરાબાદ (SRII) વચ્ચે રમાશે. વર્તમાન સીઝનમાં આ બન્ને ટીમનું પ્રદર્શન અત્યાર સુધી નિરાશાજનક રહ્યું છે. આ બન્ને ટીમના આઠ મેચમાં બે જીત સાથે માત્ર ચાર-ચાર પોઈન્ટ છે અને જો તેઓ પ્લેઓફ માં પહોંચવાની પોતાની ધૂંધળી આશાઓને જીવંત રાખવા માગતા હોય તો તેઓએ તેમની બધી મેચ જીતવી પડશે.

ચેન્નઈ સામે હૈદરાબાદનો રેકોર્ડ સારો રહ્યો નથી. ચેન્નઈના ગઢ ચેપોક સ્ટેડિયમમાં પણ આ હોમ ટીમ સામે એક પણ મેચ જીતી શક્યું નથી. આ સ્ટેડિયમમાં બન્ને ટીમ વચ્ચે રમાયેલી પાંચેય મેચમાં ચેન્નઈએ હૈદરાબાદને માત આપી છે. આ બન્ને ટીમોએ છેલ્લી મેચમાં મુંબઈ ઈન્ડિયન્સ સામે હારનો સામનો કરવો પડયો હતો.

**હેડ-ટુ-હેડ રેકોર્ડ**

| | |
|---|---|
| કુલ મેચ- ૨૧ | |
| CSKની જીત | - ૧૫ |
| SRHની જીત | - ૦૬ |

## આવતીકાલનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૧ : વીર સંવત- ૨૫૫૧, શાલિવાહન સંવત-૧૯૪૬
ચૈત્ર વદ-૧૪, તા.૨૬/૪/૨૫, શનિવાર

સૂર્યોદય : ૬-૨૦, સૂર્યાસ્ત : ૭-૦૯, જૈન નવકારશી : ૭.૦૯
રાશિ : મીન (દ.ચ.ઝ.થ.), ૨૭.૩૦થી મેષ (અ.લ.ઈ.)

**ગૌચરના ગ્રહો**

સૂર્ય-મેષ, મંગળ-કર્ક, રાહુ-મીન, કેતુ-કન્યા, બુધ-મીન, ગુરૂ-વૃષભ, હર્ષલ-વૃષભ, પ્લુટો-મકર, શુક્ર-મીન, શનિ-મીન, નેપ્ચ્યુન-મીન, ચંદ્ર-મીન

**શુભ ચોઘડીયા :** ચલ, શુભ, લાભ, અમૃત
**અશુભ ચોઘડીયા :** રોગ, કાળ, ઉદ્વેગ

## રાશીફળ

**મેષ :** આપનું સ્વાભિમાન જળવાય રહે, તેટલા પ્રયત્નો કરવાની જરૂર રહે, નોકરી ધંધામાં સતત જોડાયેલા રહેવાની જરૂર રહે.

**વૃષભ :** આપને મહત્વની કાર્યવાહી બાબત કોઈ ઉપર બહુ ભરોસો ન કરવો, અંગત ધ્યાન દેવું જરૂરી રહે.

**મિથુન :** આપને વધુ પડતો અસંતોષને લઈને મનમાં ઉદવેગ રહેવાનો છે, જેથી થોડો સંતોષ કેળવવો જરૂરી રહે.

**કર્ક :** આપને આર્ટ સંગીતમાં વિશેષ રૂચી રહે, તમારા અંદરની શકિતઓનો યોગ્ય ઉપયોગ લાભ આપી શકે છે.

**સિંહ :** આપને જીવનમાં નાના નાના બદલાવ જરૂરી રહે, વાણી ઉપર કાબુ રાખવો, કલાકૃતિથી લાભ રહે.

**કન્યા :** આપને મનમાં એક ભય કારણ વગરનો રહે છે તમારે મેડીટેશન યોગ કરવાની સલાહ છે.

**તુલા :** કૌટુંબિક કમિશન જેવા કાર્યોથી આર્થિક લાભ મેળવશો, યુવા દિલોને મિલન મુલાકાત સફળ રહેશે.

**વૃશ્ચિક :** રોજિંદા કાર્યમાં આળસ-સુસ્તી જણાય, સ્નેહી મિત્રો દ્વારા આર્થિક લાભ-કર્જ મળે, આળસવૃતિ ટાળજો.

**ધન :** લેખન તરફ અભિગમ વધે, શુભેચ્છકો તરફથી સહકાર રહે, સ્વાસ્થ્ય બાબત સુધારો રહે.


**મકર :** પરોપકારની ઈચ્છા પ્રબળ થાય, યશ પ્રતિષ્ઠા વધે, નોકરીમાં ચીવટ રાખવી જરૂરી, ઉપરી વર્ગનો સહકાર રહે.

**કુંભ :** તેજોદેવના ભોગ ન બનો તેનું ધ્યાન રાખવું જરૂરી પ્રવાસનું આયોજન થાય, માનસિક ટેન્શન રહે.

**મીન :** અંગત કાર્યોમાં નાણાનો ઉપયોગ રહે, મિલકતની ખરીદી થાય, અનજાન વ્યકિતથી સહકાર રહેવાનો.

# મનોરંજન સાથે જ્ઞાન વિસ્તાર કરતી આઈક્યૂ ટેસ્ટ જેવી શબ્દ રમત



### આડી ચાવી

૧. મુંબઇવાસી માટેનો શબ્દ (૫)
૯. તેણી-અંગ્રેજી (૨)
૮. ચાઇલ્ડ હિન્દી (૩)
૯. ફેમિલી, કુટુંબ (૪)
૧૦. એક કઠોળ (૩)
૧૨. મિજબાની, પાર્ટી (૩)
૧૩. ફિલ્મ ... મચાયે શોર (૨)
૧૪. બેધ્યાન (૩)
૧૬. કાચી ખાંડ (૩)
૧૭. ગોઠવણ, એરેજમેન્ટ (૪)
૧૯. મજાકમસ્તી (૩)
૨૦. માંગ, માંગ, માંગ તે આપું (૪)
૨૨. શુક્ર...શનિ...રવિ... (૨)
૨૩. બ્રહ્મા, વિષ્ણુ અને ? (૩)
૨૫. પેરેલલ (૪)
૨૬. મેડિસીન (૨)
૨૭. વસ્ત્ર ...હરણ (૨)
૨૮. જૈનોનો મહામંત્ર (૬)
૨૦. મલાઇ માટેનો દેશી શબ્દ (૨)

### ઉભી ચાવી

૨. પ્રાર્થના-ઉર્દુ (૪)
૩. ફિલ્મ ... કિસને દેખા ? (૨)
૪. અમાઉન્ટ (૩)
૫. એક ઇનહાઉસ રમત (૪)
૬. એર (૨)
૭. એક જ અક્ષર આવશે (૧૦)
૧૦. કોર્ટ (૪)
૧૧. નહાવાનો સાબુ (૨)
૧૩. ચાર રસ્તા (૨)
૧૪. ફિલ્મ : ...ની પિપુડી (૩)
૧૫. પેશન (૩)
૧૬. ચાર વત્તા ત્રણ (૨)
૧૮. વિવસ-ખોટી રીતે લખો (૩)
૨૧. દાતા (૪)
૨૨. ડાયલોગ (૪)
૨૩ અભિમાન (૨)
૨૪. શેતાનનો ભાઇ (૩)
૨૫. બધે જ (૩)

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| મો | હ | લ | ત | | વા | સ | | શા | હ |
| ના | | | | મ | ન | ભા | વ | ન | |
| લિ | ટ | રે | ચ | ર | | | દા | | શ |
| સા | ક | ર | | જા | | | ડ | ફે | ર |
| | રા | | સ | દી | કો | ટ | | વ | દ |
| ક | મ | ત | ર | | ટ | કા | વા | રી | |
| ક | ણ | | ફ | | વા | ઉ | | ટ | બ |
| ક | | | રો | ત | લ | | મ | | દ |
| ક | મ | | સ | | | ચં | દા | મા | મા |
| ક | મ | ર | | ન | ફો | | ર | ઈ | શ |


### કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહની ગુજરાત સહિતના રાજયોનાં મુખ્યપ્રધાનો સાથે વાતચીત

# ગુજરાતમાંથી પાક નાગરિકોને તત્કાળ પાછા ધકેલો: તમામ કલેકટર-પોલીસવડાને આદેશ


નવી દિલ્હી તા.૨૫

કાશ્મીરના પહેલગામમાં ૨૬ હિન્દુ પ્રવાસીઓનો ભોગ લેનારા આતંકવાદી હુમલા બાદ ભારતે અત્યંત આક્રમક વલણ અપનાવીને પાક નાગરિકોનાં વિઝા રદ કરી નાખવા સહિતના આક્રમક પગલા જાહેર કર્યા છે, જે મુજબ દેશમાં રહેલા પાક નાગરીકોને તત્કાળ પાછા ધકેલવાની કાર્યવાહી કરવા કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહે તમામ રાજયોને સુચના આપી છે. જેને પગલે ગુજરાત સરકારે તમામ શહેર જીલ્લા પોલીસ વડાઓને આદેશ જારી કરીને પાકિસ્તાની વિઝાધારકોને પરત મોકલવા સુચવ્યુ છે.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે તમામ રાજયોનાં મુખ્યમંત્રી સાથે વાતચીત કરી હતી અને પોતપોતાનાં વિઝા પર આવેલા પાકિસ્તાની નાગરિકોની ઓળખ કરીને પરત મોકલવાની કાર્યવાહી કરવાની સુચના આપી હતી. સરકારે બે દિવસ પૂર્વે જ પાકિસ્તાની નાગરીકોના વિઝા રદ કરવાનો નિર્ણય લીધો છે અને ૪૮ કલાકમાં ભારત છોડવાનો આદેશ કર્યો હતો. ૨૭ એપ્રિલ સુધીની ડેડલાઈન આપવામાં આવી છે. મેડીકલ વિઝાધારકો માટે ૨૯ એપ્રિલની મહેતલ છે.



### હિન્દુ વિઝાધારકો-શરણાર્થીને છૂટ, અન્યોને તૂર્ત તગેડવાની સુચના: પોલીસે લીસ્ટ તૈયાર કર્યું: એસઓજી સહિતની એજન્સીઓને પણ કામે લગાડાઈ



કેન્દ્ર સરકારનાં આદેશ વચ્ચે ગુજરાત સરકારે પણ રાજયમાંથી પાકિસ્તાની વિઝાધારકોને પરત મોકલવાની કાર્યવાહી કરવાની સુચના આપી છે.

રાજયમંત્રી હર્ષ સંઘવીએ પાકિસ્તાનથી આવેલા નાગરીકોને તાત્કાલીક ધોરણે પરત મોકલવા તમામ જીલ્લાઓનાં કલેકટર અને એસપીને સુચના આપી છે જે બાદ પાકિસ્તાની નાગરીકોને પરત મોકલવાની કવાયત હાથ ધરવામાં આવી છે આ સાથે તેમણે એમ પણ જણાવવામાં આવ્યું છે કે હિન્દુ શરણાર્થીઓ પાકિસ્તાનથી આવ્યા છે તેમની સામે કોઈ કાર્યવાહી કરવામાં નહિં આવે.

# રાજકોટમાં ૩૬ પાકિસ્તાની વિઝા ધારક: પરત મોકલવા તૈયારી

### શહેરમાં લોંગ વિઝા ધારકમાં હિન્દુ ૭૩૮ અને મુસ્લિમ ૧૪ તેમજ ગ્રામ્યમાં ૨૨ લોકો રહેતાં હોવાનું સામે આવ્યું: પોલીસે સરનામાં સાથેની યાદી તૈયાર રાખી: ગમે ત્યારે સરકારી ગાઈડ લાઈન મુજબ કાર્યવાહી શરૂ થશે

રાજકોટ. તા.૨૫

પહેલગામમાં થયેલ આતંકવાદી હુમલા બાદ કેન્દ્ર સરકારે આકરા પગલાં લીધાં છે. જેમાં પાકિસ્તાનથી લોંગ કે શોર્ટ ટર્મ વિઝા પર આવેલ લોકોને તુરંત જ દેશ છોડવાનો હુકમ કર્યો હતો અને તે હુકમના આધારે દેશભરની પોલીસ કામે લાગી ગઈ છે.

ત્યારે ગુજરાત સરકારના ગૃહ વિભાગ દ્વારા પણ તમામ પોલીસ કમિશનર અને જિલ્લા પોલીસ વડાને સૂચના આપવામાં આવી છે કે, લોંગ કે શોર્ટ ટર્મ વિઝા પર આવેલ લોકોની નામ સરનામાં સાથેની યાદી તૈયાર રાખે. જે ગૃહ વિભાગના આદેશ બાદ રાજકોટ શહેર અને રૂરલ પોલીસ તુરંત એક્શનમાં આવી હતી અને તપાસ કરતાં શહેરમાં લોંગ વિઝા પર રહેતાં મુસ્લિમ ૧૪ લોકો અને ગ્રામ્યમાં ૨૨ પાકિસ્તાની લોકો સામે આવ્યાં છે. જેમની નામ સરનામાં સાથેની યાદી પોલીસે તૈયાર રાખી છે. ઉપરાંત પાકિસ્તાની વિઝા પર શહેરમાં ૭૩૮ લોકો રહેતાં હોવાનું પણ સામે આવ્યું છે.

જે બાબતે શહેર ડીસીપી ક્રાઇમ ડો. પાર્થરાજસિંહ ગોહિલે જણાવ્યું હતું કે, જે ગૃહ વિભાગની સૂચના મુજબ શહેરમાં તપાસ કરતાં પાકિસ્તાનથી શહેરમાં લોન્ગ ટાઈમ વિઝા પર રહેતાં મુસ્લિમ ૧૪ અને હિંદુઓ ૭૩૮ લોકો સામે આવ્યાં છે. જેમની નામ અને સરનામાં સાથેની યાદી તૈયાર રાખવામાં આવી છે, હવે સરકાર દ્વારા જે સૂચન કરવામાં આવશે તે મુજબ આગળની કાર્યવાહી કરવામાં આવશે.

તેમજ રાજકોટ એસપી હિમકરસિંહે જણાવ્યું હતું કે, હાલ ગૃહ વિભાગની સૂચના મુજબ રાજકોટ ગ્રામ્ય વિસ્તારમાં તપાસ કરતાં પાકિસ્તાનથી ગ્રામ્યના અલગ અલગ સેન્ટરમાં રહેતાં ૨૨ લોકો સામે આવ્યાં છે. જેઓને પણ આઈડેન્ટિફાય કરવામાં આવ્યાં છે અને સરકાર દ્વારા જે સૂચન કરવામાં આવશે તે મુજબ આગળની કાર્યવાહી કરવામાં આવશે.

#### હિન્દુઓને કોઈ અસર નહીં થાય

રાજકોટ. તા.૨૫

પહેલગામમાં થયેલ આતંકવાદી હુમલા બાદ સરકાર દ્વારા પાકિસ્તાનથી વિઝા પર આવેલ લોકોને પરત મોકલવાના હુકમથી પોલીસ સતર્ક બની છે અને વિઝા ધારકોની યાદી તૈયાર કરી છે. જે મામલે પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે, પાકિસ્તાનથી જે કોઈ હિન્દૂ વિઝા પર આવેલ હશે તેને કોઈ મુશ્કેલી નહીં થાય, ફક્ત મુસ્લિમોને જ મોકલવા માટેની તૈયારી શરૂ કરવામાં આવી છે.

# રાજકોટ, મોરબી, સુરેન્દ્રનગરના PIની NSG કમાન્ડો લેવલની તાલીમ યોજાઈ

### હેડ કવાર્ટરમાં સવારથી જ તાલીમનો ધમધમાટ: આતંકવાદી હમલો થાય તો ગ્રાઉન્ડ લેવલ પર ડિફેન્સ કેમ કરવું તે અંગે અભ્યાસ કરવામાં આવ્યો

રાજકોટ તા.૨૫

જમ્મુ-કાશ્મીરના પહેલગામમાં થયેલ આતંકવાદી હુમલાના બનાવથી દેશભરમાં આક્રોશ વચ્ચે ભયનો માહોલ પણ ઉભો થયો હતો. ત્યારે રાજકોટ હેડ કવાર્ટરમાં રાજકોટ, મોરબી અને સુરેન્દ્રનગરના ૨૫ જેટલા પોલીસ ઈન્સ્પેકટર માટે એનએસજી કમાન્ડો લેવલની તામનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આતંકવાદી હુમલા સામે કઈ રીતે ડિફેન્સ કરી શકાય તે અંગે અભ્યાસ કરવામાં આવ્યો હતો.

પ્રાપ્ત વિગત મુજબ આજે સવારથી જ હેડ કવાર્ટરના તાલીમ ભવનમાં રાજકોટ શહેર, ગ્રામ્ય અને મોરબી તેમજ સુરેન્દ્રનગર જીલ્લાના પોલીસ ઈન્સ્પેકટર દોડી આવ્યા હતા. જે અંગે સુત્રોમાંથી વિગત મળી હતી કે ૨૫ જેટલા પીઆઈને એનએસજી (નેશનલ સીકયુરીટી ગાર્ડ) લેવલની તાલીમ માટે બોલાવવામાં આવ્યા છે.



(તસ્વીર: પંકજ શીશાંગીયા)

જેમાં રાષ્ટ્ર કે રાજય પર અથવા જે તે જીલ્લામાં આતંકવાદી હુમલો થાય તો તુરંત ગ્રાઉન્ડ લેવલ પર કઈ રીતે જવાબદારી સંભાળી અને ડિફેન્સ કેમ કરવો તે અંગે સઘન તાલીમ સાથે અભ્યાસ કરવામાં આવ્યો હતો.

જોકે વધુમાં મળેલ વિગત મુજબ આ તાલીમ પૂર્વ નિયોજીત હતી અને એક માસ પહેલા જ તારીખ નકકી થયા બાદ પોલીસ અધિકારીઓને તાલીમ આપવામાં આવી હતી.

# અદાણી મસાલા, બિસ્વીન, એકવાનિર, સબરસ અને બ્રિસવેલનાં પાણીનાં નમુના લેવાયા

### ફૂડશાખાનું સઘન ચેકિંગ: મુંબઈ ઝાયકા, પી-ગ્રીલ હોટ એન્ડ સ્પાઈસમાંથી ૨૮ કિલો નોનવેજ-પ્રિપેડ ફૂડ, બેકરી આઈટમ, સોસ અને ચટણીનાં અખાદ્ય જથ્થાનો નાશ

રાજકોટ,તા.૨૫

રાજકોટ મ.ન.પા.ની આરોગ્ય શાખા દ્વારા ઉનાળા અનુસંધાને હોટલ, રેસ્ટોરન્ટ-બેકરીમાં સઘન ચેકીંગ ઝુંબેશ ચાલુ છે. ત્યારે આજરોજ રૈયારોડ ઉપર મુંબઈ ઝાયકા તથા પી-ગ્રીલ અને કાલાવડ રોડ ઉપર હોટ એન્ડ સ્પાઈસમાં ચેકીંગ દરમ્યાન નોનવેજ પ્રિપેડ ફૂડ બેકરી આઈટમ સોસ-ચટણી વિગેરે મળી ૨૮ કિલો અખાદ્ય જથ્થાનો નાશ કરાયો હતો. જયારે રાષ્ટ્રીય શાળા પાસે, મવડી મેઈન રોડ ગોંડલ રોડ, ઉપરથી રાઈ મસાલા, અથાણા,તથા ડ્રિંકીગ વોટરનાં કુલ-આઠ નમૂના લેવાયા હતા અને લેબોરેટરી ચકાસણી માટે મોકલી અપાયા હતાં.

વધુમાં ફુડ વિભાગનાં જણાવ્યા મુજબ ''રાજકોટ મહાનગરપાલિકાનાદ્વારા સર્વેલન્સ ચેકિંગ દરમિયાનસદગુરુ તીર્થધામ,શોપ નં.૫૦, રૈયા રોડ,રાજકોટ મુકામે આવેલ ''મુંબઈ ઝાયકા'' પેઢીની તપાસ કરતા સ્થળ પર સંગ્રહ કરેલ એક્સપાયરી- વાસી બેકરી પ્રોડક્ટસ તથા વાસી અખાદ્ય નોનવેજ પ્રિપેર્ડ ફૂડ વગેરે મળીને અંદાજીત કુલ ૧૨ કિ.ગ્રા. વાસી અખાદ્ય જથ્થોનો સ્થળ પર નાશ કરવામાં આવેલ. તેમજ પેઢીનેસ્થળ પર યોગ્ય સ્ટોરેજ કરવા, કિચનમાં હાઈજેનિક કન્ડિશન જાળવવા તથા લાયસન્સ બાબતે નોટીસ આપવામાં આવેલ.

''સર્વેલન્સચેકિંગદરમિયાન સદગુરુ તીર્થધામ, શોપ નં.૪૨, રૈયા રોડ, રાજકોટમુકામેઆવેલ ''P-GRILL'' પેઢીનીતપાસકરતાસ્થળપરસંગ્રહકરેલએક્સપાયરી- વાસી બેકરી પ્રોડક્ટસ તથા વાસી અખાદ્ય સોસ - ચટણી વગેરે મળીને અંદાજીત કુલ ૧૦ કિ.ગ્રા. વાસી અખાદ્યજથ્થોનો સ્થળપરનાશકરવામાંઆવેલ.તેમજપેઢીને સ્થળ પર યોગ્ય સ્ટોરેજ કરવા, હાઈજેનિકકન્ડિશનજાળવવા તથા લાયસન્સ બાબતે નોટીસઆપવામાંઆવેલ.

''સર્વેલન્સચેકિંગદરમિયાન ક્રિસ્ટલ મોલ સામે, કાલાવડ રોડ, રાજકોટ મુકામે આવેલ ''HOTSPICY'' પેઢીની તપાસ કરતા સ્થળ પર સંગ્રહ કરેલ એક્સપાયરી- વાસી બેકરી પ્રોડક્ટસ તથા વાસી અખાદ્ય સોસ - ચટણી વગેરે મળીને અંદાજીત કુલ ૦૬ કિ.ગ્રા. વાસી અખાદ્યજથ્થોનો સ્થળપરનાશકરવામાંઆવેલ.તેમજઉપયોગમાં લેવાતા તેલનો પ્રકાર, બટર/ ફેટ સ્પ્રેડ દર્શાવતું બોર્ડ લગાવવા તેમજ પેઢીને સ્થળ પર યોગ્ય સ્ટોરેજ કરવા, હાઈજેનિકકન્ડિશનજાળવવા તથા લાયસન્સ બાબતે નોટીસઆપવામાંઆવેલ. જયારે ફુડસેફટી સ્ટાન્ડર્ડએક્ટ-૨૦૦૬ હેઠળ દર્શાવેલ કુલ ૦૮નમૂના લેવામાં આવેલ હતા જેમાં AADANI SPICES BRAND CHILLI POWDER (500G PKD):અદાણી બ્રધર્સ, રાષ્ટ્રીય શાળા સામે, રાષ્ટ્રીય શાળા રોડ, રાજકોટ.AADANI SPICES BRAND TURMERIC POWDER (500G PKD): અદાણી બ્રધર્સ, રાષ્ટ્રીય શાળા સામે, રાષ્ટ્રીય શાળા રોડ, AADANI SPICES BRAND AACHAR MASALA (500G PKD): અદાણી બ્રધર્સ, રાષ્ટ્રીય શાળા સામે, રાજકોટ.AADANI SPICES BRAND MUSTARD SPLIT (500G PKD): અદાણી બ્રધર્સ, રાષ્ટ્રીય શાળા સામે, રાજકોટથી નમુના લેવાયા હતા ઉપરાંત બિસ્વીન પેકેજ ડ્રિંકીંગ વોટરે (1LIT PKD): સ્થળ-બિસ્વીન બિવરેજીસ, ૪- વૈદવાડી, મવડી મેઇન રોડ,રાજકોટ એકવાનીર વિથ એડેમિનરલ્સ પેકેજ ડ્રિંકીંગ વોટર (1 LIT PKD): ૨-મવડી પ્લોટ, સ્વામીનારાયણ ગુરુકુળ બ્રીજની નીચે અને સબરસ પેકેજીંગ ડ્રિંકીંગ વોટર (1 LIT PKD): એટલાસ ઇન્ડ. એરિયા, પ્લોટ નં. ૩૦, કિષ્ના પાર્ક સામે, માલધારી ફાટક ની અંદર, ગોંડલ રોડ,રાજકોટ ઉપરાંત બ્રિસવેલવિથ એડમિનરલ્સ ઓકસિજને પેકેજ ડ્રિંકીંગ વોટર (1 LIT PKD): બ્રિસવેલ બિવરેજીસ, પ્લોટ નં-૨૦, બાલાજી ઇન્ડ. પાર્ક, કનૈયા છાત્રાલય પાછળ, જકાતનાકા પાસે, ગોંડલ રોડ,રાજકોટ ખાતેથી સેમ્પલ લેવાયા હતાં.





ફૂડ વિભાગની ટીમ તથા FSW વાન સાથે શહેરના રેલનગર ફાયર બ્રિગેડવાળો રોડ વિસ્તારમાં આવેલ ખાદ્યચીજોનું વેચાણ કરતા કુલ ૨૧ ધંધાર્થિઓની ચકાસણી હાથધરવામાં આવેલ. જેમાં ૧૦ ધંધાર્થિઓને લાઇસન્સ બાબતે સૂચના આપવામાં આવેલ તેમજ ખાધ્ય ચીજોના કુલ ૨૧નમૂનાની સ્થળ પર ચકાસણી કરેલ.

**ચકાસણી કરેલ ધંધાર્થીઓની વિગત** :-હાઉસ ઓફ ફલેવર્સ- લાઇસન્સ મેળવવા બાબતે સૂચના, મોમાઈ જનરલ સ્ટોર -લાઇસન્સ મેળવવા બાબતે સૂચના, રવિરાંદલ જનરલ સ્ટોર -લાઇસન્સ મેળવવા બાબતે સૂચના, ભગવતી પ્રોવિઝન સ્ટોર -લાઇસન્સ મેળવવા બાબતે સૂચના, કે.કે. જનરલ સ્ટોર - લાઇસન્સ મેળવવા બાબતે સૂચના, જય પીઠડ આઈમઠો -લાઇસન્સ મેળવવા બાબતે સૂચના, લક્ષ્મીધારા આઈસડીશ -લાઇસન્સ મેળવવા બાબતે સૂચના,ચામુંડા ભાજી કોન -લાઇસન્સ મેળવવા બાબતે સૂચના,બાપા સીતારામ આઇસ્ક્રીમ ગોલા -લાઇસન્સ મેળવવા બાબતે સૂચના, મઢૂલી હોટલ -લાઇસન્સ મેળવવા બાબતે સૂચના આપવામાં આવેલ.

તથા શિવાંશી સુપર માર્કેટ, શિવમ રેસ્ટોરેન્ટ, શિવમ અમૂલ પાર્લર, જય ભોલે જનરલ સ્ટોર્સ, શ્રીહરી સુપર માર્કેટ,વેલનેસ મેડીકલ, વિશ્વા મેડીકલ સ્ટોર, ચામુંડા ફરસાણ, આવકાર પ્રોવિઝન સ્ટોર, બાપા સીતારામ કોલ્ડ્રિંક્સ,સાઉથ કા કમાલની ચકાસણી કરવામાં આવેલ

### પહેલગામમાં આતંકી હમલાનાં પગલે યાત્રિકોને ડર સતાવવા લાગ્યો

# ટ્રાવેલ ઓપરેટરોની મુંજવણમાં વધારો: કાશ્મીર સાથે ચાર ધામ યાત્રાનાં બુકિંગો રદ થવા લાગ્યા: રિફંડની બબાલ

### ભારત-પાકિસ્તાન વચ્ચેની તણાવભરી પરિસ્થિતિમાં યુદ્ધનાં ભણકારા: સમર સ્પે.ટૂરમાં બુકિંગ કરાવનારા અનેક પરિવારો અવઢવમાં મુકાયા: ૧૫મીમે સુધીની કાશ્મીર ટૂર કેન્સલ









રાજકોટ તા.૨૫

ગત વર્ષોની માફક આ વર્ષે ઉનાળુ વેકેશનની સ્પે. સમર ટૂર સાથે પવિત્ર ચાર ધામ યાત્રા, જમ્મુ કાશ્મીર, દક્ષિણ ભારત સહિતના અનેકવિધ પર્યટન સ્થળોનાં મોટા પ્રમાણમાં બુકિંગ થયા હતા. તેવા સમયે તાજેતરમાં જમ્મુ-કાશ્મીરનાં પહેલગામમાં આતંકવાદી હુમલો થયા ૨૬થી ૨૮ નિર્દોષ પ્રવાસીઓ ઠાર કરાતા સમુચા દેશમાં ડરનો માહોલ છવાયો છે. જમ્મુ-કાશ્મીરમાં સુરક્ષા વ્યવસ્થા સઘન હોવા છતાં આતંકવાદીઓએ લોહીની નદીઓ વહાવતા પ્રવાસી-પર્યટકોમાં હવે ચાર ધામ યાત્રાએ જતા પૂર્વે વિચારતા થયા છે. સાથે સુરક્ષા વ્યવસ્થા સામે ગંભીર સવાલો ઉઠી રહ્યા છે.

હાલના દિવસોમાં ડરનાં માહોલમાં આગામી તા.૩ મેથી શરૂ થનાર ચાર ધામ યાત્રા બદ્રીનાથ, કેદારનાથ, ગંગોત્રી, યમનોત્રી, હરિદ્વાર, દેહરાદુન જતા અનેક ગ્રુપવાઈઝ પ્રાઈવેટ વાહન અને ટૂર ઓપરેટરો મારફત થયેલા બુકિંગોને અસર પડી રહી છે. ટુર ઓપરેટરોના જણાવ્યા પ્રમાણે ચાર ધામ યાત્રાના બુકિંગો ફુલ હોય તેવા સમયે કાશ્મીરમાં આતંકવાદી હુમલો થતા તેની અસર ચારધામ યાત્રા પણ પડી રહી છે તેમ જણાવ્યું હતું.

બીજી તરફ દર વર્ષે અનેક સંસ્થાઓ સંઘ દ્વારા કેટરીંગ સુવિધા સાથે ચારધામ યાત્રાની સ્પે. બસ મારફત યાત્રા ઉપાડે છે તેવા આયોજનો હાલના દિવસોમાં કેન્સલ થવા લાગ્યા હોવાનું જાણવા મળી રહ્યું છે. ઉતરાખંડની ચારધામ યાત્રા સુરક્ષીત-સલામત હોવા છતાં હાલની પરિસ્થિતિમાં ડરના માહોલના કારણે અનેક પરિવારજનોએ ચારધામ યાત્રાએ જવાનું માંડીવાળી બુકિંગ રદ કરાવવા લાગ્યા છે. સાથે ટૂર ઓપરેટરોની માફક પુરેપુરૂ રિફંડ મેળવવા મથામણ કરી રહ્યા છે.

કાશ્મીરના પહેલગામમાં આતંકી હુમલાના પગલે જમ્મુ-કાશ્મીર પેકેટ ટૂર બુક કરાવનારા યાત્રિકો બુકિંગ રદ કરાવી રિફંડ માંગતા ટૂર ઓપરેટરોની મુંજવણમાં મુકાયા છે. મોટાભાગે કાશ્મીર ટૂર પેકેજ 'નોન રિફંડેબલ' હોવા છતાં યાત્રિકો ટૂર કેન્સલ કરાવી રિફંડ માગતા તેઓને સમજાવવા અને અન્ય સ્થળોએ ટૂર ચેન્જ કરી આપવા કવાયત હાથ ધરી છે. પરંતુ ડરી ગયેલા યાત્રિકો સહમત નહી થતા ટૂર ટ્રાવેલ ઓપરેટરોની મુંજવણમાં વધારો થયો છે.

ટૂર ટ્રાવેલ ઓપરેટરોને પણ એર લાઈન્સ કંપની અને હોટલ માલીકો પાસેથી રિફંડ મેળવવું લોઢાના ચણા ચાવવા બરોબર હોય ટૂર ટ્રાવેલ ઓપરેટરોને બુકિંગ રદ સાથે રિફંડ પરત આપવું કપરૂ બન્યું છે. કાશ્મીરના પહેલગામમાં સઘન-સુરક્ષા વ્યવસ્થા હેઠળ આતંકવાદી હુમલો થયા બાદ હાલના દિવસોમાં યુધ્ધના ભરકારા જેવી પરિસ્થિતિ સર્જાતા આગામી મે માસથી શરૂ થનાર ચારધામ યાત્રા ઉપર અસર જોવા મળી રહી છે. લોકોમાં ડર છવાયો છે અનેક પરિવારો યાત્રાએ જવું કે નહીં? અવઢવમાં મુકાયા છે.

હાલ કાશ્મીરના બુકિંગ બ્લોક છે જે ૧૫મી મે બાદ શરૂ થાય તેવી સંભાવના હોવાનો ટૂર ટ્રાવેલ ઓપરેટરોનો અંદાજ છે.




# અમદાવાદમાં ગોંડલનો ટ્રક ડ્રાઈવર અને રાજકોટનો કલીનર રૂા.૩.૩૧ લાખના ગાંજાના જથ્થા સાથે ઝડપાયા

## બન્ને શખ્સો ઓરિસ્સાના શખ્સ પાસેથી ગાંજો ખરીદી વેપલો કરતા હતા: અન્ય એક શખ્સની સંડોવણી પણ ખુલી: પોલીસ તપાસ

(જીતેન્દ્ર આચાર્ય) ગોંડલ, તા. ૨૫

એસએમસીની ટીમે અમદાવાદના પાર્થ ઈન્ડસ્ટ્રીઝ એરિયા પાસે ટ્રકમાંથી ૩.૩૧ લાખના ગાંજાના જથ્થા સાથે ગોંડલના ટ્રક ચાલક અને કલીનરને ઝડપી લીધા હતા. આ બંને શખસો ઓરિસ્સાના અમન નામના શખસ પાસેથી ગાંજાનો આ જથ્થો લાવ્યા હતા અને તેઓ ગોંડલમાં ગાંજાનું વેપલો કરતા હોવાનું જણાવ્યું હતું. જેમાં અન્ય એક શખસની પણ સંડોવણી ખુલી છે. એસએમસીએ ગાંજાનો જથ્થો અને ટ્રક સહિત કુલ રૂપિયા ૨૩.૪૪ લાખનો મુદ્દામાલ કબજે કરી અન્ય બંને શખસોને ઝડપી લેવા તપાસ હાથ ધરી છે.



એસએમસી વડા નિર્લિપ્ત રાયના સુપરવિઝન હેઠળ ડીવાયએસપી કે.ટી.કામરીયાના માર્ગદર્શનમાં રાજ્યમાં ડ્રગ્સ-ગાંજાની હેરફેર અટકાવવા એસએમસીની ટીમ પ્રયત્નશીલ હતી. દરમિયાન પીઆઇ એ.જે.ચૌહાણ તથા તેમની ટીમને બાતમી મળી હતી કે, રિયાઝશાહ ફકીર (રહે. વોરાકોટડા રોડ, ગોંડલ) પોતાની ટ્રક નંબર જીજે ૩ ડીવી ૦૨૬૪ માં લોખંડના પાઇપની આડમાં માદક પદાર્થ લાવી હાલ સનાથલ સર્કલ નવાપુર રોડ ગોપાલ કોમ્પલેક્ષની પાછળ પાર્થ ઈન્ડસ્ટ્રીઝ સામે જાહેર રોડ પર હોવાની માહિતીના આધારે પીએસઆઇ કે.ડી.રવિયા તથા તેમની ટીમ તાકીદે પહોંચી હતી પાર્થ ઈન્ડસ્ટ્રીઝ સામે શંકાસ્પદ ટ્રક નજરે પડતાં તેને કોર્ડન કરી ટ્રકમાં કેબીનની પાછળના ભાગે આવેલ કેરિયરના ભાગેથી રૂપિયા ૩,૩૧,૨૫૦ ની કિંમતનો ૩૩.૧૨૫ કિલો ગાંજાનો જથ્થો ઝડપી લીધો હતો. પોલીસે ગાંજાના આ જથ્થા સાથે રિયાઝશાહ ઉંમરશાહ ફકીર (રહે. વોરા કોટડા રોડ, હુડકો ક્વાર્ટર ગોંડલ) તથા કલીનર ઝફર ઉર્ફે ભૂરો જીગરભાઈ સોલંકી (રહે. રૈયારોડ, રાજકોટ)ને ઝડપી લઇ ગાંજાનો આ જથ્થો અને ટ્રક સહિત કુલ રૂપિયા ૨૩,૪૪,૬૯૦ નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

પકડાયેલા આ બંને શખસોને પૂછતાછ કરતા ગાંજાનો આ જથ્થો છત્તીસગઢ બોર્ડરને અડીને આવેલા ઓરિસ્સા રાજ્યની હદમાં ગંજામ જિલ્લાના જંગલ વિસ્તારમાંથી અમન (રહે. ગંજામ) પાસેથી લાવ્યાની અને આ બંને શખસો તથા મોઇન જીકરભાઈ સોલંકી સહિત ત્રણે મળી છૂટકમાં વેચતા હોવાની કબુલાત આપી હતી. જેથી આ અંગે એસએમસી પોલીસ સ્ટેશનમાં ચારેય શખસો વિરુદ્ધ એનડીપીએસ એકટની કલમ હેઠળ ગુનો નોંધી આ અંગે વધુ તપાસ પી.એસ.આઇ.એચ.એ.રિશિન ચલાવી રહ્યા છે.

# સોશ્યલ મિડીયામાં વિવાદિત પોસ્ટ મૂકનાર ભાવિન ઉર્ફે બન્ની વિરુદ્ધ છેતરપીંડીનો ગુનો નોંધાયો

## જેતપુરના ગુંદાળા ગામના યુવાન પાસેથી પ્રસંગમાં પહેરવા માટે રૂ. ૩ લાખનો સોનાનો ચેઈન લઈ જઈ પરત ન આપી ઠગાઈ કરી



## જે મિત્રએ સોનાનો ચેઈન આપ્યો તેનું અવસાન થયા બાદ બેસણામાં પણ આરોપી ન ગયો: જેતપુર પોલીસે બન્નીની શોધખોળ આદરી

રાજકોટ, તા.૨૫

સોશિયલ મિડીયામાં વિવાદિત પોસ્ટ મૂકી ચર્ચામાં રહેતાં ગુંદાળા ગામનો ભાવિન ઉર્ફે બન્નીએ તેના જ ગામમાં મિત્ર પાસેથી પ્રસંગમાં પહેરવા માટે રૂ. ૩ લાખનો સોનાનો ચેઇન લઈ જઈ પરત ન આપી છેતરપીંડી આચરતાં જેતપુર તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાતા પોલીસે આરોપીને પકડવા ચક્રો ગતિમાન કર્યા હતાં.

બનાવ અંગે જેતપુરના ગુંદાળા ગામે રહેતાં પરસોતમભાઈ ભીખાભાઈ કોટડીયા (ઉ.વ.૬૦) એ નોંધાવેલ ફરીયાદમાં જણાવ્યું હતું કે, તેઓને સંતાનમાં એક દીકરો જયેશભાઈ હતો તે ચારેક મહીના પહેલા બીમારી સબબ અવસાન પામેલ છે. તેના પત્નિ સંગીતાબેન અને તેમના બે પુત્ર તેઓની સાથે રહે છે. ફરિયાદીના દીકરાના ખાસ મીત્ર ભાવીન ઉર્ફે બન્ને ગોરધન ગજેરા જે તેઓનો દીકરો હયાત હતો ત્યારે ભાવીન ઉર્ફે બન્ની ગજેરા દીકરા સાથે ઘરે અવાર આવતો હતો.

ચારેક વર્ષ પહેલા વર્ષ-૨૦૨૧ માં ભાવીન ઉર્ફે બન્ની ગજેરા તેઓના ઘરે દીકરા સાથે આવેલ અને તેઓના પરિવારને વાત કરેલ કે, મારે પૈસાની જરૂર છે, તમે મને પૈસા આપો હું તમને થોડાક દીવસમાં પાછા આપી દઈશ, પરંતુ તેઓની પાસે પૈસા હાથ ઉપર ના હોય જેથી ના પાડેલ હતી. જે દરમિયાન ભાવીન ઉર્ફે બન્ની ગજેરા કહેવા લાગેલ કે, તમે મારા ઉપર વિશ્વાસ કરો અને પૈસા આપો જ તમારી પાસે અત્યારે પૈસા ના હોય તો વાંધો નહી હું બીજે ક્યાંકથી મેળ કરી લઈશ તેમ કહી દીકરા જયેશને કહેલ કે, જયેશભાઈ તમે મને તમારો સોનાનો ચેઇન આપો પહેરવા માટે મારે એક પ્રસંગમાં જવાનું છે, ત્યાંથી આવીને તમને તમારો ચેન આપી દઈશ તેમ કહેતા તેને ત્રણ તોલાનો સોનાનો એક ચેન આપેલ હતો.

થોડાક દીવસ બાદ ભાવીન ઉર્ફે બન્ની ગજેરા પાસે ચેન પાછો માંગતા તેણે કહેલ કે, થોડાક દીવસમાં આપી દઈશ અને થોડાક દીવસ બાદ તેણે કહેલ કે, મેં તમારા ચેન ઉપર ગોલ્ડ લોન કરાવી લીધેલ છે, થોડાક દીવસ બાદ લોનના પૈસા ભરી તમને તમારો ચેન પાછો આપી દઇશ હાલ મારે પૈસાની ખુબજ જરૂર હતી એટલે મેં લોન કરાવેલ છે.

ત્યારબાદ ફરિયાદીએ તેની પાસે પોતાનો સોનાનો ચેન માંગતા તેણે કહેલ કે, થોડાક દીવસ તમે મને ટાઈમ આપો અને મારી ઉપર વિશ્વાસ રાખો હું તમારી સાથે કાંઈ ખોટું નહી કરૂ મેં તમારા સોનાના ચેન ઉપર મણીપુરમ ફાયનાન્સ ધોરાજીમાંથી લોન લીધેલ છે, તે લોનના પૈસા ભરી તમારો સોનાનો ચેન છોડાવી તમને પાછો આપી દઈશ, પણ તમે આ વાત કોઈને કરતાં નહી તેમ વાત કરી આશરે એક વર્ષનો સમય પસાર કરી દીધેલ હતો.

બાદમાં ફરિયાદી પરિવારે અવારનવાર ભાવીન ઉર્ફે ભન્ની ગજેરાને અવાર નવાર કહેલ કે, તમે અમારો ચેન આપો જેથી અલગ-અલગ બહાનાઓ બનાવી હમણા થોડાક દીવસમાં લોનના પૈસા ભરી તમારો ચેન છોડાવી તમને આપી દઇશ તેવી વાતો કરી ઘરે આવવાનું ઓછુ કરી નાખેલ હતું. જેથી ભાવીન ઉર્ફે બન્ની ગજેરાના પિતાને સોનાના ચેનની વાત કરતા તેણે કહેલ કે, તમે શું કામ મારા દીકરાને આ ચેન આપેલ તેને દેવાની જરૂર ન હતી હવે તો તમે જાણો અને બન્ની જાણે તેમ વાત કરેલ હતી.

ત્યાર બાદ આરોપીએ ફોન ઉપાડવાનું બંધ કરી દીધુ હતું. જ્યારે ગામમાં મળતો ત્યારે એક જ વાત કરતો કે થોડા દીવસ બાદ તમને તમારો ચેન આપી દઇશ તેમ વાતો કરેલ અને તમને મારા ઉપર વિશ્વાસ ના હોય તો હું તમને મારા ચેક આપુ છું તેમ કહી બે ચેક આપેલ હતા. જે બન્ને ચેક બેંકમાં નાખતા બાઉન્સ થયેલ હતા. ત્યારે આરોપીને કહેલ કે, તે આપેલ બન્ને ચેક બાઉન્સ થયેલ છે, જેથી તેણે કહેલ કે, તમે ચીંતા કરતા નહી અને ચેક બાઉન્સની ફરીયાદ કરતા નહી મને થોડો સમય આપો હું તમને તમારો ચેન પાછો આપી દઈશ તેવી વાત કરેલ પરંતુ આજ સુધી તે મળતો નહી અને ફરિયાદીના દીકરા જયેશભાઈના અવશાન બાદ તે ઘરે બેસવા પણ આવેલ નહી.

જેથી આરોપી ભાવિન ઉર્ફે બન્નીએ એક સોનાનો ચેઈન રૂ.૩ લાખ તે પ્રસંગમાં પહેરવા માટે જોઈએ છે તેમ કહીને લઇ ગયેલ બાદ પરત ન આપી છેતરપીંડી આચરતાં ફરીયાદ નોંધાઈ હતી. બનાવ અંગેની ફરીયાદ પરથી પોલીસે ગુનો નોંધી આરોપીની શોધખોળ આદરી હતી.

# એઈમ્સ ચોક પાસેથી રૂા.૪૫.૩૬ લાખનો દારૂ ભરેલ ટ્રક ઝડપાયો

## ગોવાથી દારૂનો જથ્થો ભરી જામનગર સપ્લાય થાય તે પહેલાં જ LCB ઝોન-૨ અને ગાંધીગ્રામ પોલીસની ટીમ ત્રાટકી, ૭૫૬૦ બોટલ દારૂ અને ટ્રક મળી રૂા.૫૫.૪૪ લાખનો મુદામાલ કબ્જે કરી ચાલકની ધરપકડ

રાજકોટ. તા.૨૫

છેક ગોવાથી દારૂ ભરેલ રાજકોટ પહોંચ્યા બાદ સ્થાનિક પોલીસે પકડી પાડ્યો હતો. એઈમ્સ ચોક પાસેથી રૂા.૪૫.૩૬ લાખનો દારૂ ભરેલ ટ્રક એલસીબી ઝોન-૨ અને ગાંધીગ્રામ પોલીસની ટીમે પકડી હરિયાણાના ટ્રક ચાલકની ધરપકડ કરી દારૂ અને ટ્રક મળી કુલ રૂા.૫૫.૪૪ લાખનો મુદામાલ કબ્જે કર્યો હતો. ગોદરેજ કંપનીના માલની બિલ્ટીના સહારે દારૂ રાજકોટ સુધી પહોંચાડ્યો અને બાદમાં જામનગર લઈ જવાનો હોવાનું ખુલ્યું હતું.







ગોદરેજ કંપનીના માલની બિલ્ટીના સહારે દારૂ રાજકોટ સુધી પહોંચાડ્યો: વોટ્સએપ કોલ કરી માહિતી આપનાર શખ્સની શોધખોળ

શહેર પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, એડી. સીપી મહેન્દ્ર બગડીયા, ડીસીપી જગદીશ બાંગરવા દ્વારા દારૂ-જુગારની ગેરકાયદેસર પ્રવૃતિ અંકુશમાં લેવા તેમજ અસરકારક કામગીરી કરવાની આપેલ સુચનાથી એલસીબી ઝોન-૨ ના એએસઆઇ જે.વી.ગોહિલ અને ટીમ તેમજ ગાંધીગ્રામ પોલીસ મથકનો સ્ટાફ સંયુક્ત પેટ્રોલિંગમાં હતાં ત્યારે મોરબી બાયપાસથી એઈમ્સ હોસ્પીટલ વાળા રોડ પર એઈમ્સ ચોક પાસે આઇસર ટ્રક બંધ બોડીનો ઉભેલ હોય જેમા વિદેશી દારૂનો જથ્થો ભરેલ છે, તેવી મળેલ ચોકકસ બાતમીના આધારે સ્ટાફે દરોડો પાડી ટ્રક ચાલકની અટક કરી તેનું નામ પૂછતાં સાજીદ અલી હાકમ અલી (ઉ.વ.૩૦, રહે. ગામ કોટલા ઘર નં.૧૦૨ નવી મસ્જીદ પાસે, હરીયાણા) હોવાનું જણાવ્યું હતું.

પોલીસે આરોપીને સાથે રાખી ટ્રકમાં તપાસ કરતાં તેમાંથી અલગ અલગ બ્રાન્ડની ૭૫૬૦ બોટલ મળી આવતાં ટ્રક ચાલકની ધરપકડ કરી દારૂ રૂા.૪૫.૬૬ લાખ અને ટ્રક મળી કુલ રૂ.૫૫.૪૪ લાખનો મુદ્દામાલ કબ્જે કરી આરોપીની પૂછતાછ આદરી હતી.

વધુમાં પોલીસે જણાવ્યું હતું કે, પકડાયેલ શખ્સ ગોવાથી દારૂનો જથ્થો ભરી આવતો હતો અને રાજકોટ પહોંચ્યા બાદ તેમણે દારૂ ભરી આપનાર મોબાઈલ નંબર (૭૭૮)૭૧૫૯૫૭૭ પર વોટ્સએપ કોલમાં વાત કરતો શખ્સ જામનગર પંથકમાં ક્યાં દારૂ સપ્લાય કરવાનો છે, તે અંગે માહિતી આપવાનો હતો.

ઉપરાંત ગોદરેજ કંપનીના માલસામાનની બિલ્ટી સાથે રાખી દારૂ રાજકોટ સુધી પહોંચડાયો હતો.

હાલ ગાંધીગ્રામ પોલીસે ગુનો દાખલ કરી આગળનો તપાસ આદરી છે.

જે દારૂ પકડવા એલસીબી ઝોન-૨ ટીમના એએસઆઇ જે. વી. ગોહિલ, આર.એન.મિયાત્રા, હેડ કોન્સ્ટેબલ ધર્મરાજસિંહ ઝાલા, શક્તિસિંહ ગોહિલ, રાહુલ ગોહેલ, હેમેન્દ્ર વાધીયા, કોન્સ્ટેબલ કુલદિપસિંહ રાણા, ગાંધીગ્રામના અમીન ભલુર અને પ્રશાંત ગજેરાએ કામગીરી કરી હતી.

# સોરઠીયા વાડી સર્કલ પાસે કપડાની દુકાનમાંથી રોકડ રૂા.૧.૩૬ લાખની ચોરી, તસ્કર સીસીટીવીમાં કેદ

## ગેંગસ્ટર મેન્સવેર નામની કપડાની દુકાનમા કામ કરતો કર્મી બહાર ગયો અને પળવારમાં તસ્કરે હાથફેરો કરી લીધો, કર્મચારી શંકાના દાયરામાં: પોલીસે તપાસ આદરી

રાજકોટ. તા.૨૫

સોરઠીયા વાડી સર્કલ પાસે કપડાની દુકાનમાંથી રોકડ રૂ.૧.૩૬ લાખની ચોરી થઈ હતી. ચોરી કરતો તસ્કર સીસીટીવીમાં કેદ થયો હતો. ગેંગસ્ટર મેન્સવેર નામની કપડાની દુકાનમા કામ કરતો કર્મી બહાર ગયો અને પળવારમાં તસ્કરે હાથફેરો કરી લીધો હતો. કર્મચારી શંકાના દાયરામા આવતાં પોલીસે તપાસ આદરી હતી.

બનાવ અંગે મવડીમાં ઓમનગર સર્કલ પાસે ગીરનાર સોસાયટીમાં રહેતાં વિવેકભાઈ બાબુભાઇ ઘેડીયા (ઉ.વ. ૨૫) એ નોંધાવેલ ફરીયાદમાં જણાવ્યું હતું કે, તેઓ સોરઠીયાવાડી સર્કલ બગીચા સામે ગેંગસ્ટર મેન્સવેર નામની કપડાની દુકાનમા છેલ્લા દોઢ વર્ષથી નોકરી કરે છે અને તે જ દુકાન સંભાળે છે. દુકાનના માલીક યશ આસવાની છે, તે દુકાનમાં તેઓની નીચે ત્રણ વ્યકતીઓ જેમા કરણ, કાર્તીક તથા રણવીર ઉર્ફે રાણો કામ કરે છે. ગઈ તા.૧૦/૦૪/૨૦૨૫ ના બપોરના સમયે તેમના મોટા ભાઈ મીત ઘેડીયા દુકાને આવેલ અને દુકાનના કેશ કાઉન્ટરમા તેણે તેના ધંધાના રૂ.૧.૩૫ લાખ એક-બે દિવસ માટે મુકેલ હતા. બાદ ગઈ તા.૧૨ ના હનુમાન જંયતી હોવાથી જાહેર રાહદારીને ઠંડા પીણા પીવડાવવાનુ આયોજન ગ્રુપ સર્કલમા કરેલ હતુ. સવારના તેઓ પવનપુત્ર ચોક સોરઠીયાવાડી સર્કલ ખાતે ગયેલ અને થોડીવાર બાદ મોટો ભાઈ મીત પણ ત્યા આવેલ અને બાદમા બપોરના સમયે બંને દુકાન પર ગયેલ હતાં. દુકાનના કેશ કાઉન્ટરમાં ચેક કરતા મોટા ભાઈ મીતે કેશ કાઉન્ટરમાં રાખેલ રૂ.૧.૩૫ લાખ હતા નહી, કેશ કાઉન્ટરના ઉપરના ખાનામા બીજા દુકાનના ધંધાના રૂ ૧૮૦૦ રાખેલ હતા તે પણ જોવામા આવેલ નહી, ચાવી ત્યા જ કેશ કાઉન્ટરના ખાનામા લગાડેલ હાલતમાં જોવામા આવેલ હતી, જેથી ચોરી થયાની શંકા જતા તુરંત જ દુકાનમા લગાવેલ સીસીટીવી કેમેરા ચેક કરતા તેમા તા.૧૨ ના ૦૯/૩૦ થી ૦૯/૩૨ સુધીમા એક અજાણી વ્યકતિ ખાખી કલર જેવો સીકયુરીટીનો યુનિફોર્મ પહેરી દુકાનમા કપડા લેવા આવે છે, તેણે માથે ટોપી અને મોઢે માસ્ક બાંધેલ છે. ત્યા હાજર તેમનો માણસ રણવીર ઉર્ફે રાણો પરમાર તેને કપડા પોતાની જાતે દુકાનની અંદર રહેલ સેલ્ફમા જોવાનુ કહે છે અને પોતે દુકાનની સાફ સફાઈ કરતો જોવામા આવે છે.

તેમજ તે ગ્રાહક અંદર હોઈ છતા રણવીર ઉર્ફે રાણો દુકાનની બહાર કચરો સાફ કરવા જાય છે, એટલામાં તે અજાણ્યો માણસ જે કપડા જોતો હતો તેણે દુકાનની અંદરના કેશ કાઉન્ટરમા લગાવેલ ચાવી ફેરવી તે ખાનુ ખોલી ઉપર-નીચે બંને ખાનામાથી મળી કુલ રૂ.૧,૩૬,૮૦૦ લઈ લીધેલ જે સીસીટીવી કેમેરો જોતા સામે આવ્યું હતું. તેમજ રણવીર ઉર્ફે રાણો દુકાનમા હાજર હોઈ માત્ર બે મીનીટ માટે બહાર જતા ચોરી થાય છે જેથી તેની પર ઉપર પણ શંકા હોય જેથી તેને બનાવ બાબતે પૂછતા તે ગલ્લા તલ્લા કરતો હોઈ અને તે અજાણ્યા ગ્રાહકને ઓળખતો નથી. જે બાદ ફરીયાદ નોંધાવી હતી. બનાવ અંગેની ફરીયાદ પરથી ભકિતનગર પોલીસે ગુનો નોંધી કાર્યવાહી કરી હતી.

## અવસાન નોંધ

**રાજકોટ:** લુહાર સાગરભાઈ તે અનીલભાઈ પરસોતમભાઈના પુત્ર, પ્રવિણભાઈના ભત્રીજા, કેતનભાઈના નાના ભાઈ તેમજ સુરેશભાઈ બાબુભાઈ કારેલીયાના જમાઈ તા.૨૪ના રામચરણ પામેલ છે. તેઓનું બન્ને પક્ષનું બેસણું તા.૨૬ને શનિવારે ઈન્દ્રેશ્વર મહાદેવ માસ્તર સોસાયટી ૮૦ ફુટ રોડ પાસે બપોરે ૪થી ૬ રાખેલ છે.

**ફલ્લા** ફલ્લા નિવાસી સ્વ. જયોત્સનાબેન જગદીશભાઈ મારૂ (ઉ.૬૧) તે કિશનના માતુશ્રી, નીલેશભાઈ અશોકભાઈ અને વીરેનભાઈના કાકીનું તા.૨૩ના રોજ અવસાન થયેલ છે. તેમનું બેસણું તા.૨૫ના સાંજે ૪થી ૬ તેમના નિવાસસ્થાન ફલ્લા મુકામે રાખેલ છે. સદગતની પીયરપક્ષની સાદડી સાંજે ૪થી ૬ દરમિયાન શ્રી લક્ષ્મીનારાયણ મંદિર, સત્યસાંઈનગર ગુલાબનગર જામનગરમાં રાખેલ છે.

**મોરબી:** મોરબી ગુ.મે.બોર્ડ નવલખી પોર્ટના નિવૃત કર્મચારી દિપકભાઈ કાંતિલાલ મહેતા (ઔ.સહ. ઝાલાવાડી મણીયારી મહેતા)ના પુત્ર ધર્મેશભાઈ દિપકભાઈ મહેતા (ઉ.૪૦) તે શૈલેષભાઈ (નિવૃત નવલખી પોર્ટ કર્મચારી) હિતેષભાઈ અને જયકાંતભાઈ (નિવૃત નવલખી પોર્ટ કર્મચારી)ના ભત્રીજા તેમજ મોરબીના પત્રકાર અતુલભાઈ જોશી અને અમદાવાદ રહેવસી ચિરાગભાઈ દવેના સાળાનું તા.૨૪ના રોજ અવસાન થયેલ છે. સ્વર્ગસ્થનું બેસણું તા.૨૬ને શનિવારના રોજ સાંજે ૪થી ૬ ચિત્રકૂટ સોસાયટી શેરી નંબર-૫ 'બ્રહ્માણી નિવાસ' જીઆઈડીસી પાછળ શનાળા રોડ મોરબી-૧ તેઓના નિવાસસ્થાન ખાતે રાખેલ છે.

**જસદણ:** લેઉઆ પટેલ દિનેશભાઈ વેકરીયા (ઉ.૫૫) તે રાઘવભાઈ કેશવભાઈ વેકરીયાના પુત્ર રાજેશભાઈના ભાઈ રામાભાઈ, નિરાલીબેન, રિયાબેનના પિતાશ્રી નરસિંહભાઈ, હરજીભાઈના ભત્રીજા, અર્જુનભાઈના બાપુજીનું તા.૨૪ને ગુરૂવારના રોજ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા.૨૬ને શનિવારના રોજ સવારે ૮થી ૧૧ તેમના નિવાસ આર.કે. પેલેસ બજરંગનગર જસદણ ખાતે રાખેલ છે.

**જસદણ:** અમરેલી નિવાસી લુહાર વિજયભાઈ બાબુભાઈ રાઠોડ (ઉ.૪૪) તે કલ્પેશભાઈના ભાઈ, કોમલબેનના પતિ, પાર્થિવ, વૈભવના પિતાશ્રી પ્રવિણભાઈ પરમાર (જસદણ)ના જમાઈ હિરેનભાઈના બનેવી તા.૨૨ના રોજ અવસાન થયું છે. સદગતનું બેસણું તા.૨૪ના રોજ શિવશકિત ફર્નીચરમાં આખો દિવસ લાઠી રોડ અમરેલી ખાતે જસદણમાં શુક્રવાર સાંજે ૪થી ૫ વીંછીયા રોડ પરમાર પરીવારના ચામુંડા માતાજીના મઢના હોલમાં રાખવામાં આવેલ છે.

**રાજકોટ:** સૌરાષ્ટ્ર બાજ ખેડાવાળ બ્રાહ્મણ મોટી મોણપરી નિવાસી હરિલાલ શિવલાલ ખંભોળિયાના પત્ની મધુબેન હરિલાલ ખંભોળિયા (ઉ.૭૦) તે વિજયભાઈ, દીપકભાઈ અને જયશ્રીબેન જીગ્નેશકુમાર જોષી(રાજકોટ)ના માતૃશ્રી તથા સ્વ.નટવરલાલ દામોદર દવેના દીકરીનુ તા.૨૦ ને શનિવારે અવસાન થયેલ છે. ઉત્તરકિયા તા.૩૦-૪-૨૫ ના રોજ મોટી મોણપરીમા રાખેલ છે.

# ભરણપોષણની રકમ નહીં ચુકવનાર પતિને ૫૦ દિવસની જેલ

રાજકોટ, તા.૨૫

શહેરમાં રહેતા પરિણિતા અરજદાર સરોજબેન કલ્પેશભાઈ ભટ્ટી (રહે.રાજકોટ)એ પોતાના પતિ કલ્પેશભાઈ જગદીશભાઈ ભટ્ટી એટલે કે સામાવાળા (રહે.રાજકોટવાળા) વિરૂધ્ધ ભરણપોષણ મેળવવા ફેમીલી કોર્ટમાં અરજી કરેલ. તેમા કોર્ટએ અરજદારની વચગાળાની અરજી મંજુર કરી અરજદાર સરોજબેનને માસીક રૂા. ૩૦૦૦ વચગાળાના ભરણપોષણ પેટે રૂ. ૩૦૦૦ ચુકવવા તેવો હુકમ સામાવાળા વિરૂધ્ધ કરેલ હતો.

જે હુકમનું સામાવાળા પાલન ન કરતા અરજદારે તેમના એડવોકેટ અમીત ગડારા મારફત તા. ૧૧/૦૮/૨૪ થી તા.૧૧/૦૧/૨૦૨૫ સુધીની કુલ ૫ માસની ચડત ભરણપોષણની રકમ કુલ રકમ રૂા.૧૫,૦૦૦ મેળવવા રાજકોટની ફેમીલી કોર્ટમાં અરજી કરેલ હતી. આ કામે નામદાર કોર્ટ સામાવાળા વિરૂધ્ધ નોટીસ ઇસ્યુ કરેલ, જે નોટીસની બજવણી યોગ્ય રીતે થઇ ગયેલ હોય જેથી કોર્ટ સમક્ષ સામાવાળા મુદત હરોળમાં હાજર ન રહેતા અને સદર રકમ રેગ્યુલર ન ભરતા નામદાર કોર્ટે સામાવાળા વિરૂધ્ધ પકડવોરંટ ઇશ્યુ કરવાનો હુકમ કરેલ. તેમ છતાં પકડ વોરંટથી ભાગેડુ ફરતો હોય અને કેસ રેકર્ડને ધ્યાને લઈ તેમજ સામાવાળા રકમ ભરપાઈ ન કરતા, અરજદારના એડવોકેટ અમીત ગડારાએ ધારદાર દલીલો કરેલ. આથી નામદાર અદાલતે સદર કામે રકમ રૂ.૧૫૦૦૦ પેટે સામાવાળાને ૫૦ દિવસની સાદી જેલ સજા કરવાનો હુકમ કરેલ હતો. છે. અરજદાર સરોજબેન વતી એડવોકેટ તરીકે અમિત વી. ગડારાએ કેસ કાર્યવાહી ચલાવેલ હતી.

# કારખાનામાં કામ કરતા શ્રમિકો મસ્તીએ ચડ્યા, એકને ગુદા માર્ગે હવા ભરી દેતા સિવિલ હોસ્પિટમાં ખસેડાયો

લોધિકાની સ્ટીલ ટેક્સ કંપનીનો બનાવ

રાજકોટ, તા.૨૫

લોધિકાની સ્ટીલ ટેક્સ કંપનીનોમાં કામ કરતા શ્રમિકો મસ્તીએ ચડ્યા હતા એમાં એક મજૂરને ગુદા માર્ગે હવા ભરી દેતા સિવિલ હોસ્પિટમાં ખસેડાયો હતો.

આ અંગે મળતી વિગત અનુસાર, ગઈકાલે રાતે કાલાવડ પંથકના એક ગામમાં રહેતા ૪૦ વર્ષીય વ્યક્તિને રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવેલ. સિવિલ હોસ્પિટલ પોલીસ ચોકીના સ્ટાફે આ વ્યક્તિનું નિવેદન લેતા, જાણવા મળેલ કે તે લોધિકા ખાતે આવેલ સ્ટીલ ટેક્સ નામના કારખાનામાં કામ કરે છે જ્યાં તેની સાથે કામ કરતા એક અન્ય કર્મચારીએ હાથમાં હવા ભરવાનો પંપ લઈ મસ્તી એ ચડ્યા હતા. દરમિયાન પંપની નળી આ ૪૦ વર્ષીય વ્યક્તિના ગુદા માર્ગે રાખી હવા ભરતા તેને પેટમાં જોરદાર દુખાવો થયો હતો જેથી હોસ્પિટલે દાખલ થયા હતા. આ કંપની ટ્રેક્ટર બનાવવાનું કામ કરે છે પોલીસે કર્મચારીઓના નિવેદન નોંધવા માટે તજવીજ કરી હતી.


## દુઃખદ અવસાન/બેસણું



મુળ મોરબીના રહેવાસી ગુજરાત મેરીટાઇમ બોર્ડ નવલખી પોર્ટના નિવૃત કર્મચારી દિપકભાઇ કાંતિલાલ મહેતા (ઔદિચ્ય સહસ્ત્ર ઝાલાવાડી મણિયારી મહેતા) ના સુપુત્ર ધર્મેન્દ્રભાઇ (ઉ.વ.૪૦) નું તા.૨૪-૦૪-૨૦૨૫, ગુરૂવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. પ્રભુ તેમના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના..

-: સદ્ગતનું બેસણું :-

- તારીખ : ૨૬-૦૪-૨૦૨૫ ને શનિવારના રોજ
- સમય : સાંજે ૦૪-૦૦ થી ૦૬-૦૦ કલાકે
- સ્થળ : તેમના નિવાસ સ્થાને ચિત્રકુટ સોસાયટી, શેરી નં.૫, શ્રી બ્રહ્માણી કૃપા, જી.આઇ.ડી.સી. પાછળ, શનાળા રોડ, મોરબી-૧ ખાતે રાખેલ છે

**સ્વ. ધર્મેન્દ્રભાઇ દિપકભાઇ મહેતા**

સ્વ. તા. ૨૪-૪-૨૦૨૫, ચૈત્ર વદ-૧૧, ગુરૂવાર, મોરબી (ઉ.વ.૪૦)

લી. દિપકભાઇ કાંતિલાલ મહેતા (પિતા)
ઈલાબેન દિપકભાઇ મહેતા (માતા)
અંકિતાબેન ધર્મેન્દ્રભાઇ મહેતા (પત્ની)
કીશાંત ધર્મેન્દ્રભાઇ મહેતા (પુત્ર)
તથા સમગ્ર મહેતા પરિવારના જય મહાદેવ.. જયશ્રી કૃષ્ણ

વ્યોમ એડસ-9925486999

## શ્રદ્ધાંજલી



તમારા મધુર સ્મરણો અંકિત છે અમારા હૃદયમાં, તમારા કર્મોની સુવાસ જીવંત છે અમારા શ્વાસમાં, સદેહ તમે નથી એ સચ્ચાઇ છે, પણ અસ્તિત્વમાં તમે છો અને હંમેશા રહેશો, એ વિશ્વાસ છે. પ્રભુ તમારા દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે એજ પ્રાર્થના...

**સ્વ. ધર્મેન્દ્રભાઇ દિપકભાઇ મહેતા**

સ્વ. તા. ૨૪-૪-૨૦૨૫, ચૈત્ર વદ-૧૧, ગુરૂવાર, મોરબી (ઉ.વ.૪૦)

મુકુન્દરાય પ્રેમશંકર જોશી (વેવાઇ) - હર્ષાબેન મુકુન્દરાય જોશી (વેવાણ)
અતુલકુમાર મુકુન્દરાય જોશી (જમાઇ) - રિદ્ધિબેન અતુલકુમાર જોશી (બહેન)
વ્યોમ અતુલકુમાર જોશી (ભાણેજ)
ભાસ્કરભાઇ મુકુન્દરાય જોશી - નિકિતાબેન ભાસ્કરભાઇ જોશી
નિત્યા ભાસ્કરભાઇ જોશી - આદિત્ય ભાસ્કરભાઇ જોશી
વ્યોમ લેબોરેટરી - મોરબી
મોરબી મીરર પરિવાર
ડોસા સેવન હોટલ - લજાઇ (મોરબી)

વ્યોમ એડસ-9925486999

## શ્રદ્ધાંજલી




**સ્વ.વલ્લભભાઈ ડાયાભાઈ ખૂંટ**

સ્વ.તા.૨૦-૪-૨૦૨૫, ગામઃખોખડદળ

જીવનમાં હરપળ હસતા રહ્યા, સ્નેહ થી સૌના હૈયે વસતા રહ્યા, સર્વત્ર સુવાસ ફેલાવી સંભારણા સૌના દિલમાં રાખી ગયા, પ્રભુ તમારા દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના...

લી. ખીમજીભાઇ બચુભાઇ ખુંટ, ધરમશીભાઇ બચુભાઇ ખુંટ
ધીરૂભાઇ બચુભાઇ ખુંટ, પ્રવિણભાઇ ઘુસાભાઇ ખુંટ
નરેશભાઇ ઘેલાભાઇ ખુંટ, દિક્ષિતભાઇ વિનુભાઇ ખુંટ
તથા ખૂંટ પરિવારના રામ રામ

## છઠી માસિક પુણ્યતિથિએ ભાવભરી શ્રદ્ધાંજલિ



સ્વ. મનોજ બાબુભાઇ રાઠોડ

સ્વ.તા. ૨૫-૧૦-૨૦૨૪, શુક્રવાર

આત્મા કદી જન્મતો નથી કે મૃત્યુ પામતો નથી. જે નાશ પામે છે તે શરીર છે. આત્મા આજીવન શાશ્વત અને અમર છે. ઈશ્વર આપના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે એજ પ્રાર્થના....

લી. બહેન : સંગીતા રાઠોડ

ADMEDIA

## ચતુર્થ વાર્ષિક પૂણ્યતિથીએ શ્રદ્ધાંજલી



સ્વ.ચંદ્રકાંતભાઈ રતિલાલ જનાણી

સ્વ.તા. ૨૫-૦૪-૨૧

પરિવાર જેમનું મંદિર હતુ, સ્નેહ જેમની શક્તિ હતી, પરિશ્રમ જેમનું કર્તવ્ય હતુ, પરમાર્થ જેમની ભક્તિ હતી, કર્મ સદા એવા કર્યા કે સૌના હૃદયમાં ગુંજયા કરે, આપનો પ્રેમાળ સ્વભાવ અમારા માટે પ્રેરણાદાયક રહેશે પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ આપે એ જ પ્રાર્થના

ગં.સ્વ.ભારતીબેન ચંદ્રકાંતભાઈ જનાણી
તુષારભાઈ ચંદ્રકાંતભાઈ જનાણી
સ્નેહાબેન તુષારભાઈ જનાણી
ધૈરવી તુષારભાઈ જનાણી
એશા તુષારભાઈ જનાણી
નિખિલેશ એન્ટરપ્રાઈઝ


સાંજ પબ્લિકેશન્સ વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક, અને માલીક : પ્રદિપભાઈ નરોત્તમદાસ શાહ ; મુદ્રણ સ્થાનઃ સાંજ મીડીયા, સાંજ સમાચાર હાઉસ, કસ્તુરબા રોડ, રાજકોટ, ફોનઃ ન્યુઝ રૂમઃ ૨૪૭૩૯૧૧/ ૧૨, જાહેરખબરઃ ૨૪૭૩૯૧૫/૧૬, સર્ક્યુલેશનઃ ૨૪૭૩૯૧૮, ફેક્સઃ ૦૨૮૧-૨૪૭૩૯૨૫ sanjsamachar@gmail.com

## સિવિલ કોર્ટ નોટીસ

રાજકોટના મહેરબાન ૧૫માં એ.ડી. સીનીયર સિવિલ જજ શ્રી એમ.એમ. શેખ સાહેબની કોર્ટમાં દિ.પ.અરજી નં.૮૮૧/૨૦૨૫ અરજદાર શ્રી અશ્વિનભાઈ પ્રભુદાસભાઈ રાણપરાએ ગુજ. ભાવિન અશ્વિનભાઈ રાણપરાની સ્થાવર મીલ્કત કે જે (૧) રાજકોટ તાલુકાના ગામ જીયાણાના રેવન્યુ સર્વે નં.૨૭૦ પૈકી ૨ ની જમીન એકર ૫-૦૪ ગુંઠાના બીનખેડવાણ અને રહેણાંક હેતુ માટે ઈમારત બાંધવાની મંજુરી વાળી જમીન ઉપર 'બંસીબટ રેસીડેન્સી' તરીકે ઓળખાતા વિસ્તારના પ્લોટ નં.૪૩ની જમીન ચો.મી.આ. ૧૬૨-૭૨ વાળી ખુલ્લી જમીન તથા (૨) રાજકોટ શહેરમાં સમાવિષ્ટ ગામ રૈયાના રેવન્યુ સર્વે નં. ૧૩૨/૧ પૈકી રહેણાંકના હેતુ માટે બીનખેતી 'શ્રી પારસ સહકારી હાઉસીંગ સોસાયટી લી.' (રજી. નં. ઘ-૫૨૯, તા.૨૦/૦૬/૧૯૬૨)ના પ્લોટ નં.૧૯ના સબ-પ્લોટસ નં.૧૯/એ ની જમીન ચો.મી.આ. ૨૫૦-૨૫ તથા તેના ઉપર આવેલ રહેણાંકનું મકાન જેમાં ગુજ. ભાવિન અશ્વિનભાઈ રાણપરાનો ૧/૩ (૩૩.૩૩%) હિસ્સો આવેલ છે. જેનું વારસા સર્ટીફિકેટ મેળવવા તેમના **વકીલશ્રી વિરેન્દ્ર વી. રાણીગા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી દિવાની પરચુરણ અરજી દાખલ કરેલ છે. તો તે સબંધે જે કોઈ વ્યકિતને વાંધો તકરાર હોય તેમને મુદત તા.૧૯/૦૬/૨૦૨૫ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે અત્રેની કોર્ટમાં રજુ કરવા, ગેરહાજર રહીયે યોગ્ય હુકમ કરવામાં આવશે તેની સ્પષ્ટ નોંધ લેશો.

આજ તારીખ ૨૧ માહે ૦૪ સને ૨૦૨૫ના રોજ મારી સહી તથા કોર્ટના સિકકા કરી આપ્યું.

તૈયાર કરનાર (સોલંકી એ.કે.) આસીસ્ટન્ટ — કોર્ટનો સીકકો — હુકમથી રજીસ્ટ્રાર


## બંગલો વેચવાનો છે.

80વાર જમીન, 2100 ફૂટ બાંધકામ (આશરે)
4 બેડરૂમ, 1 હોલ, 2 કિચન, કાર પાર્કિંગ, જી G+2 ફ્લોર, નવું બાંધકામ, બીમ કોલમ, ટાઈટલ ક્લિયર,
રણછોડ નગર, રાજકોટ.
Mo.: 91578 36671/94269 55177
Mo.99743 76771

## 2-BHK ફ્લેટ વેચવાનો છે

ફુલ ફર્નીચર ,ત્રીજો માળ, લીફ્ટ
650 SQ.FT.
આર.કે.એપાર્ટમેન્ટ, જીમખાના પાછળ, જાગનાથ-૧૪, કોલેજવાડી મેઈન રોડ, હવેલી-દેરાસરથી નજીક, રાજકોટ.
Mo. 98256 14306

## દુકાન વેચવાની છે

ફૂલ ફર્નિચર, ૧૬નું મોઢું, ૧૭ની ઊંડાઈ, ૨૨૦ સ્કવેર ફૂટ, ડબલ શટર
**એડ્રેસ : રેલનગર, ૮૦ ફટ રોડ, ગુલમોહર, પ્લાઝાની સામે, ક્રિષ્ના એપાર્ટમેન્ટ, શોપ નં.૧૦૬**
મો. ૯૮૭૯૨૯૫૬૨૬

## CHANGE OF NAME

I HAVE CHANGED MY NAME FROM DEVANI SAVAN SANTIBHAI TO DEVANI SAVAN SHANTILAL
ADD : MAVDI, RAJKOT


## શ્રી સોમનાથ ટ્રસ્ટ-પ્રભાસ પાટણ

### ટેન્ડર નોટીસ

**શ્રી સોમનાથ ટ્રસ્ટ સંચાલીત ભોજનાલયમાં કીચન ઈકવીપમેન્ટસની જરૂરીયાત હોવાથી, શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા આ કામગીરી કરનાર એજન્સીઓ પાસેથી ભાવો મંગાવવા માટે ટેન્ડર બહાર પાડવામાં આવેલ છે. જે ટેન્ડરમાં એજન્સી દ્વારા ભાવ ભરીને સીલ બંધ કવરમાં તા.૦૫/૦૫/૨૦૨૫ સુધીમાં મોકલી આપવાનાં રહેશે.**

ટેન્ડર મેળવવાનું સ્થળ :- શ્રી સોમનાથ ટ્રસ્ટ, વહીવટી ઓફીસ, યાત્રી સુવિધા માહિતી કેન્દ્ર, પ્રભાસ પાટણ, જી.ગીર સોમનાથ - ૩૬૨૨૬૮ સંપર્ક :- ૯૪૨૮૨ ૧૪૯૬૪

એકઝીક્યુટીવ ઓફીસર / જનરલ મેનેજર, શ્રી સોમનાથ ટ્રસ્ટ

## જાહેરાત

ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ-હળવદ, જી. મોરબીમાં જુના પાર્કિંગ શેડ કાઢી નાંખવાના હોવાથી શેડમાંથી જે લોખંડ-પતરા (અંદાજીત વજન આઠ હજાર કિલો)ની ખરીદી કરવા ઇચ્છુકોએ માર્કેટ યાર્ડ-હળવદની ઓફીસેથી રજાના દિવસ સિવાય ઓફીસ સમય દરમ્યાન અરજી ફોર્મ મેળવી તા. ૨૮-૦૪-૨૦૨૫ સવારે ૧૧:૦૦ સુધીમાં સંપૂર્ણ વિગત સાથે બંધ કવરમાં પહોંચાડવાની જાહેરાત કરવામાં આવે છે.

ચેરમેન, બજાર સમિતિ-હળવદ — સેક્રેટરી, બજાર સમિતિ-હળવદ

## જાહેર નોટીસ

આથી હું નીચે સહી કરનાર શ્રી મનીષાબેન હીરાભાઈ સાવલીયા, ધર્મઃ હિન્દુ, ઉ.વ.આ.૪૩, રહે.૭૬, વૃંદાવન સોસાયટી, ડભોલી ચાર રસ્તા, વેડ રોડ, સુરત વાળા આ જાહેર નોટીસ આપીને જણાવવાનું કે, અમો અરજદારનો જન્મ તા.૩૧/૧૦/૧૯૮૪ના રોજ રાજકોટ જીલ્લાના પડધરી તાલુકાના ગામ વચલીઘોડી મુકામે અમો અરજદારનાં માતા તથા પિતાના રહેણાંક મકાન ઘરે સુવાવડથી થયેલ છે. કાયદાકીય અજ્ઞાનતા તથા શરતચુકના કારણે અમો અરજદારના જન્મ અંગેનો કોઈ નોંધ સરકારી રેકર્ડમાં આજદિન સુધી કરવામાં આવેલ નથી. આથી અમોએ જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ની કલમ ૧૩(૩) મુજબ જન્મ નોંધણી કરી આપવા અંગે પ્રાંત અધિકારી અને સબ-ડિવિઝનલ મેજીસ્ટ્રેટશ્રી, રાજકોટ ગ્રામ્ય, જુની કલેકટર કચેરી કમ્પાઉન્ડ, રાજકોટ સમક્ષ દાદ મળવા અરજદાર/એડવોકેટ એમ.એચ.મીર મારફત અરજી કરેલ છે.

જેથી આ અંગે જણાવવાનું કે આ જન્મ નોંધ સંબંધે કોઈપણ ઈસમોને વાંધો કે તકરાર હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી દિવસ-૩૦માં લેખીત આધાર પુરાવા સાથે પ્રાંત અધિકારી અને સબ-ડિવિઝનલ મેજીસ્ટ્રેટશ્રી, રાજકોટ ગ્રામ્ય, જૂની કલેકટર કચેરી કમ્પાઉન્ડ, રાજકોટ સમક્ષ રજુ કરવા, જેની સર્વે લાગતા વળગતા એ સ્પષ્ટ નોંધ લેવી.

સ્થળ:- રાજકોટ
તા.૨૪/૦૪/૨૦૨૫

## જાહેર નોટીસ

આથી હું નીચે સહી કરનાર શ્રી રંજનબેન હીરાભાઈ સાવલીયા, ધર્મઃ હિન્દુ, ઉ.વ.આ.૪૩, રહે.૭૬, વૃંદાવન સોસાયટી, ડભોલી ચાર રસ્તા, વેડ રોડ, સુરત વાળા આ જાહેર નોટીસ આપીને જણાવવાનું કે, અમો અરજદારનો જન્મ તા.૨૯/૦૭/૧૯૮૨ના રોજ રાજકોટ જીલ્લાના પડધરી તાલુકાના ગામ વચલીઘોડી મુકામે અમો અરજદારનાં માતા તથા પિતાના રહેણાંક મકાન ઘરે સુવાવડથી થયેલ છે. કાયદાકીય અજ્ઞાનતા તથા શરતચુકના કારણે અમો અરજદારના જન્મ અંગેનો કોઈ નોંધ સરકારી રેકર્ડમાં આજદિન સુધી કરવામાં આવેલ નથી. આથી અમોએ જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ની કલમ ૧૩(૩) મુજબ જન્મ નોંધણી કરી આપવા અંગે પ્રાંત અધિકારી અને સબ-ડિવિઝનલ મેજીસ્ટ્રેટશ્રી, રાજકોટ ગ્રામ્ય, જુની કલેકટર કચેરી કમ્પાઉન્ડ, રાજકોટ સમક્ષ દાદ મળવા અરજદાર/એડવોકેટ એમ.એચ.મીર મારફત અરજી કરેલ છે.

જેથી આ અંગે જણાવવાનું કે આ જન્મ નોંધ સંબંધે કોઈપણ ઈસમોને વાંધો કે તકરાર હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી દિવસ-૩૦માં લેખીત આધાર પુરાવા સાથે પ્રાંત અધિકારી અને સબ-ડિવિઝનલ મેજીસ્ટ્રેટશ્રી, રાજકોટ ગ્રામ્ય, જૂની કલેકટર કચેરી કમ્પાઉન્ડ, રાજકોટ સમક્ષ રજુ કરવા, જેની સર્વે લાગતા વળગતા એ સ્પષ્ટ નોંધ લેવી.

સ્થળ:- રાજકોટ
તા.૨૪/૦૪/૨૦૨૫

## રાજકોટ જિલ્લાના મોટર એકસીડેન્ટ કલેઇમ ટ્રીબ્યુનલ (ઓકઝી.) અને ૧૪માં એડીશ્નલ ડિસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ (શ્રી એસ.સી.મકવાણા) સમક્ષ

જા.નં. ૨૭૮/૨૦૨૫, ૧૪માં એડી. ડિસ્ટ્રીકટ જજ સાહેબની કોર્ટ, રૂમ નં. ૩૬૮, વીંગ-બી, ન્યુ ડિસ્ટ્રીકટ કોર્ટ બિલ્ડીંગ, જામનગર રોડ, રાજકોટ. તા. ૨૨/૦૪/૨૦૨૫

### જાહેર નોટીસ

કલેઇમ કેસ નં. ૨૯૧/૨૦૨૩ મુદત તારીખ : ૨૪/૦૬/૨૦૨૫

ગુજ. જતીનભાઇ સુરેશભાઇ છત્રોલાના વારસો ક્રિષ્નાબેન જતીનભાઇ છત્રોલા અને અન્ય, ગામ-વિભાપર, તા. જી. જામનગર ...અરજદારો

**વિરૂધ્ધ**

ટ્રક નં. જી.જે ૧૦-જેડ-૯૯૯૧ના માલિક રમેશભાઇ જીવાભાઇ પરમાર રહે. રાધાસ્વામી સોસાયટી, રામમંદિર પાસે, ગામ-મોટી ખાવડી, જી. જામનગર ...સામાવાળા

ઉપરોક્ત **સામાવાળા**ને માલુમ થાય કે ઉપરોક્ત અરજદારોએ તમારી સામે મોટર વ્હીકલ એકટ, ૧૯૮૮ની કલમ ૧૬૬/૧૬૪/૧૬૩-એ અનુસાર રૂા. ૩૦,૦૦,૦૦૦/- ની રકમ વળતર તરીકે અપાવવા આ ટ્રીબ્યુનલ સમક્ષ અરજી કરી છે. માટે તમને આ ઉપરથી ફરમાવવામાં આવે છે કે, મુદત તારીખ : **૨૪/૦૬/૨૦૨૫**ના રોજ સવારે ૧૧-૦૦ કલાકે સદરહુ અરજીનો જવાબ આપવા આ ટ્રીબ્યુનલ સમક્ષ તમારે જાતે અથવા વકીલશ્રી મારફતે હાજર થવું તે દિવસે તમારે તમારા સઘળા લેખિત પુરાવા જેના ઉપર તમે તમારા બચાવનો આધાર રાખતા હોય તે હાજર કરવાને તમારે તૈયાર થઇ રહેવું.

અને તમને આ ઉપરથી નોટીસ આપવામાં આવે છે કે જો ઉપર જણાવેલ દિવસે તમે હાજર નહીં થાઓ તો તમારી ગેરહાજરીમાં અરજી સાંભળીને તેનો નિકાલ કરવામાં આવશે.

આજ તારીખ ૨૨/૦૪/૨૦૨૫ના રોજ મારી સહી તથા ટ્રીબ્યુનલનો સિકકો કરીને આપ્યું.

તૈયાર કર્યુ (આસીસ્ટન્ટ) — ચેક કર્યુ (સીનીયર કલાર્ક) — કોર્ટનો સીકકો — હુકમથી (રજીસ્ટ્રાર) ડિસ્ટ્રીકટ અને સેશન્સ કોર્ટ, રાજકોટ

## સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટ, ધોરાજીની કોર્ટ સમક્ષ

મહેસુલ સેવા સદન, બીજો માળ, ગેલેકસી ચોક, ધોરાજી-૩૬૦૪૧૦
ઈ-મેઈલ- dycoll-dhor-raj@gujarat.gov.in ફોન નં.૦૨૮૨૪-૨૨૬૬૮૧

નં.જન્મ-મરણ/રજી.કેસ નં.૨૬/૨૦૨૫ — તા.૧૯-૦૩-૨૦૨૫

### જાહેર નોટીસ

આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અરજદારશ્રી ભુરાભાઈ સવદાસભાઈ કડછાએ તેઓનાં પુત્રશ્રીનાં જન્મની નોંધ જન્મ રજીસ્ટરે દાખલ કરવા હુકમ મેળવવા અત્રેની કોર્ટમાં અપીલ દાખલ કરેલ છે.તેઓની અપીલ અરજી મુજબ તેઓનાં પુત્રશ્રી રમેશ ભુરાભાઈ કડછાનો જન્મ તા.૧૦/૦૪/૧૯૮૭ ના રોજ રાજકોટ જીલ્લાનાં ઉપલેટા તાલુકાના રાજપરા મુકામે થયેલ છે.

સદરહું અપીલ સામે જો કોઈને વાંધો-તકરાર હોય તો તેઓએ જાતે અથવા તેમના કાયદેસરના મુખત્યાર મારફત સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટની કોર્ટ, ધોરાજી સમક્ષ આ નોટીસ પ્રસિધ્ધ થયાના દિવસ-૩૦ માં વાંધો-તકરાર રજુ કરી શકે છે. જો કોઈ વાંધા-તકરાર રજુ કરવામાં નહિં આવે તો કોર્ટ દ્વારા આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.જેની નોંધ લેશો.

કોર્ટનો સીકકો — (એન.એમ.તરખાલા) સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટ ધોરાજી

## જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તથા જાહેર જનતા તમામને આ નોટીસથી જાણ કરવામાં આવે કે, રાજકોટ જિલ્લાના **જસદણ** તાલુકાના મોજે **શીવરાજપુર** ગામના નીચે મુજબના રેવન્યુ સર્વે નંબરવાળી ખેડવાણ જમીન તેના માલીક પાસેથી મારા અસીલે ખરીદ કરવાનું નકકી કરેલ છે.

| માલીકનું નામ | ખાતા નં. | રે.સર્વે નંબર | હે.આરે.ચો.મી. |
|---|---|---|---|
| સંદિપ રમેશભાઇ જોધાણી | ૧૬૨૧ | ૨૪૧ પૈકી ૪/પૈકી ૨ | ૦-૪૦-૪૭ |

ઉપરોકત વિગતેની ખેડવાણ જમીન અંગેના માલીકી ટાઇટલ, રાઇટસ, ઇન્ટરેસ્ટ, વેચાણ, કબ્જા, પરત્વે કોઇને કોઇપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો, દરદાવો, વારસાઇ હકક કે ભરણ પોષણમાં હકક કે કોઇનું લેણું, કરજ, ગીરો, બોજો કે જામીનગીરી હોય કે અન્ય કોઇના કોઇપણ પ્રકારના હકક, અધિકાર હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયે **દિવસ-૮**માં લેખિત આધાર પુરાવા સાથે નીચેના સરનામે રજુઆત કરવી, મુદત વિત્યે કોઇપણ વ્યકિતને કોઇપણ પ્રકારના હકક, હિત, હિસ્સો, વાંધા તકરાર નથી અથવા હોય તો જતા કરેલ છે. તેમ માની મારા અસીલ વેચાણ, વ્યવહાર પૂર્ણ કરી જમીનનો સ્થળ ઉપર કબજો સંભાળી લેશે. ત્યારબાદ કોઇના હકક, દાવા મારા અસીલને શુધ્ધ બુધ્ધિના ખરીદનાર તરીકે બંધનકર્તા રહેશે નહી. જેની આથી લાગતા વળગતા સર્વેએ નોંધ લેવી.

રાજકોટ :
તારીખ : ૨૫/૦૪/૨૦૨૫

**ઘનશ્યામ બી. બોઘરા (એડવોકેટ)** — **પિયુષ એન. રામાણી (એડવોકેટ)**
કમળાપુર રોડ, તાલુકા સેવાસદન સામે, શ્યામ કોમ્પ્લેક્ષ, જસદણ તા. જસદણ મો : ૯૯૯૮૮ ૮૨૫૪૧

## ઉત્તરોતરના અસલ દસ્તાવેજ ગુમ થયા અંગેની જાહેર નોટીસ

આથી તમામ લાગતા વળગતાઓને જાણ કરવામાં આવે છે કે શ્રી મોતીરામ આસ્સુદામલ ગેહાણી અમારા રૂબરૂ એવું જણાવેલ છે કે મારા નામે રાજકોટના શ્રી જંકશન પ્લોટ કો.ઓ.સોસાયટીના પ્લોટ નંબર-૨ની જમીન ચો.વા.આ. ૧૩૬-૦૦ વાળો પ્લોટ (જેના વોર્ડ નં. ૧૮, સીટી સર્વે નં. ૯૨૭, શીટ નં.૧૫)વાળી મિલ્કતના શ્રી મોતીરામ આસ્સુદામલ ગેહાણીની માલીકી કબ્જા ભોગવટાની આવેલ છે. સદરહુ મિલ્કતનો દસ્તાવેજ રજીસ્ટર અનુક્રમ નં. ૪૧૨૮, તા. ૦૭/૦૬/૧૯૭૩ના રોજ મોતીરામ આસુદોમલ ગેહાણી જોગ શ્રી એરિફ લાઝરસએ કરી આપેલ અસલ દસ્તાવેજ તથા તેમની નોંધણી ફીની પહોંચ ખોવાય ગયેલ છે અથવા મળી આવતા નથી.

સદરહું મિલ્કતનો મારા નામનો અસલ દસ્તાવેજ ખોવાય ગયેલ છે. અથવા અવડે હાથે મુકાય ગયેલ છે. જે ઘણી શોધ કરવા છતાં મળી આવેલ નથી. સબબ ગુમ થયેલ દસ્તાવેજ અંગે કે અન્ય કોઇ રીતે મિલ્કતના માલીકી તથા કબ્જા ભોગવટાના હકક અંગે લાગભાગ, હકક, હિત, હિસ્સો, દર દાવો, ભરણ પોષણનો હકક, લીયન, ચાર્જ, ગીરો-બોજો, ટાઇટલ, અગ્રહકક કે સરકારી કે અર્ધ સરકારી બેંક, પ્રાઇવેટ પેઢી, ફાઇનાન્સ કે કોઇ અન્ય વ્યકિતનો કોઇપણ જાતનો વાંધો કે તકરાર હોય કે અન્ય કોઇને કાચુ કે પાકુ સાટાખત કરાર કે વેચાણ કરાર કરેલ હોય કે અવેજની રકમ ચુકવેલ હોય કે કોઇને કોઇપણ પ્રકારનો વાંધો તકરાર હોય તો દિવસ-૭ (સાત)માં અમોને લેખીત આધાર પુરાવા સાથે જાણ કરવી. સદરહું મુદત વિત્યા બાદ કોઇનો વાંધો તકરાર કે હકક હિસ્સો નથી અથવા હોય તો જતો (Waive) કરેલ છે તેમ માનવાને કારણ રહેશે અને અમો અમારા અસીલ જોગ ન વાંધા પ્રમાણપત્ર આપીશું અને તેઓના ઉતરોતર અસલ દસ્તાવેજની જગ્યાએ ખરી નકલ ગણવાની રહેશે. અને સદરહું મુદત વિત્યા બાદ કોઇનો કોઇપણ જાતનો વાંધો કે તકરાર મારા અસીલને બંધનકારક રહેશે નહીં જેની જાહેર જનતા તથા લાગતા વળગતાઓએ સ્પષ્ટ નોંધ લેવી.

રાજકોટ. તા. ૨૫/૪/૨૫ — અમારા મારફત — અમારી સુચના અનુસાર

**રાકેશ ટી. કોઠિયા, એડવોકેટ એન્ડ નોટરી**
ઓફીસ નં.૨, ફર્સ્ટ ફલોર, શ્રેયસ આનંદ કોમ્પલેક્ષ, પારૂલ બગીચાની સામે, શ્રેયસ સ્કુલની ઉપર, ન્યુ આશ્રમ રોડ, રાજકોટ. મો. ૯૯૯૮૮ ૬૦૫૪૯

## જાહેર નોટીસ

અમો નીચે સહી કરનાર **સી.એ.કોઠારી એડવોકેટ** આ જાહેર નોટીસથી લાગતા વળગતા સર્વેને જાણ કરીએ છીએ કે- ગુજરાત રાજયના રાજકોટ શહેરમાં નવા જાગનાથ પ્લોટ શેરી નં.૨૫નાં સીટી સર્વે વોર્ડ નં. ૧૫/૧, સીટી સર્વે નં. ૧૫૬૭ ઉપર આવેલ **'જયાજયંત'**ના નામથી ઓળખાતી રહેણાંક મિલ્કત જમીન ચો.વા.આ. ૧૫૫-૫-૦ બરાબર ચો.મી.આ. ૧૩૦-૦૬ સહિતની મિલ્કત શ્રી હર્ષદરાય જયંતીલાલ અજમેરાને સ્વ. જયંતીલાલ છગનલાલ અજમેરાના કાયદેસરના અને સીધીલીટીના વારસદાર તરીકે રાજકોટના સીનીયર સીવીલ જજ સાહેબની કોર્ટના સીવીલ મીસ્ક એપ્લી નં. ૪૯/૧૯૮૫થી પ્રાપ્ત થયેલ છે. ત્યારથી સદરહું મિલ્કત તેમના સ્વતંત્ર કબજા ભોગવટા અને માલીકીની આવેલ છે. સદરહું મિલ્કત અમારા અસીલ તેઓ પાસેથી ખરીદ કરવા ઇચ્છા ધરાવે છે.

સબબ આ નોટીસથી સર્વે લાગતા વળગતાને જણાવવાનું કે ઉપર કહી મિલ્કત ઉપર કોઇનું કાંઇપણ પ્રકારનું લેણદેણ, હકક, હિત, હિસ્સો, ભાગલાગ, અગ્રહકક, ગીરો, બોજો, તારણ, ભાડુઆતી હકક હોય તો તેમણે નીચે સહી કરનારને નીચે દર્શાવેલ સરનામે આ નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી દિવસ-૧૦(દશ)માં લેખીત આધાર પુરાવા સાથે રજુઆત કરવી તેમ નહિ કરવામાં આવ્યેથી, કોઇનું કાંઇ પણ પ્રકારનું લેણું નથી કે કોઇ કાંઇપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો, ભાગલાગ નથી અને હોય તો જતા **(WAIVE)** કરેલ છે તેમ માની અમારા અસીલ ઉપરોકત મિલ્કત રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજથી ખરીદ કરી લેશે અને ત્યારબાદ કોઇપણ વ્યકિતનો કોઇપણ પ્રકારનો વાંધા કે તકરાર લેવાનો હકક રહેશે નહીં જેથી આથી લાગતા વળગતાઓએ નોંધ લેવી.

આજરોજ રાજકોટ. તા. ૨૫-૪-૨૦૨૫ — **(હર્ષદરાય જયંતીલાલ અજમેરા)** અમારી સુચનાથી
અમારા મારફત :

**મે.એ.એમ.કોઠારી** એડવોકેટસ
૨૦૩-ડોકટર પ્લાઝા, કસ્તુરબા રોડ, જયુબેલી ગાર્ડન સામે, રાજકોટ-૩૬૦૦૦૧
લી. **સી.એ.કોઠારી** એડવોકેટ

## જાહેર નોટીસ

આથી આ નોટીસથી જાહેર જનતા તથા તમામ લાગતા વળગતાને જાણ કરવામાં આવે છે કે **ગુજરાત** રાજયના **રાજકોટ** જીલ્લાના **જામકંડોરણા** તાલુકાના **ગામ ચિત્રાવડના રે.સ.નં. ૪૩૬**ની જુની શરતની ખેડવાણ જમીન **હે.આરે.ચો.મી. ૧-૪૩-૬૬** શાંતીલાલ ધરમશીભાઇ લાલાણીની કબ્જા ભોગવટા અને માલીકીની આવેલ છે. ઉપરોકત ચિત્રાવડ ગામની સીમ જમીન મારા અસીલ અવેજ આપી ખાલી કબ્જે વેચાણ દસ્તાવેજથી ખરીદવા માંગે છે.

સબબ આ નોટીસથી સર્વે લાગતા વળગતાને જણાવવાનું કે ઉપર કહી મિલ્કત સંબંધે, ટાઇટલ સબંધે કે કબ્જા પરત્વે કે તેના વેચાણ સબંધે કોઇ વ્યકિત, પેઢી, બેંક, સોસાયટી, મંડળી કે એસાઇનીઓ કે વારસદારો, સરકારી, અર્ધ- સરકારી કચેરી વગેરેનું કંઇપણ પ્રકારનું લેણ-દેણ, હકક, હિત, હિસ્સો, લાગભાગ, અગ્રહકક, ગીરો બોજો, તારણ, ભાડુઆતી હકક, વારસાઇ હકક, ભરણપોષણ, લિયન હોય તો તેમણે નીચે સહી કરનારને નીચે દર્શાવેલ સરનામે આ નોટીસ પ્રસિધ્ધ તારીખથી દિવસ-૧૦(દશ)માં લેખીત આધાર પુરાવા સાથે રજુઆત કરવી, તેમ નહીં કરવામાં આવ્યેથી કંઇનું લેણુ નથી કે કોઇનો કોઇપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો, લાગભાગ નથી અને હોય તો (WAIVE) જતો કરેલ છે તેમ માની અમારા અસીલ સદરહું મિલ્કત પરત્વેના વેચાણ વ્યવહારો પૂર્ણ કરશે અને આ મિલ્કત અમારા અસીલ સદરહું જમીન ટાઇટલ કલીયર સમજીને ખરીદ કરશે અને ત્યારબાદ કોઇના કોઇપણ પ્રકારના હકક-દાવા અમારા અસીલને શુધ્ધબુધ્ધિના ખરીદનાર તરીકે બંધનકર્તા રહેશે નહીં જેથી આથી લાગતા વળગતાઓએ નોંધ લેવી.

જામકંડોરણા તા. ૨૨/૦૪/૨૦૨૫

| અમારા મારફત | મિલ્કત માલીકની સહી |
|---|---|
| (અમારા અસીલની સુચનાથી) | (શાંતીલાલ ધરમશીભાઇ લાલાણી) |

સરનામું :-
**નિકુંજ વિ. બાલધા એડવોકેટ**
ઓફીસ :- મામલતદાર કચેરીની સામે, જામકંડોરણા, જી. રાજકોટ

## જિલ્લા પંચાયત અમરેલી

### કચેરી વાહનની રીપેરીંગ કરવા બાબત

### જાહેર નિવિદા નં. ૧ (સ્ટોર) સને ૨૦૨૫-૨૬

કાર્યપાલક ઇજનેર પંચાયત સિંચાઇ વિભાગ અમરેલી ફોન નં. (૦૨૭૯૨ - ૨૨૨૧૬૪) તરફથી નીચેની વિગતે કચેરીનું વાહન રીપેરીંગ કરવા બાબત જાહેર નિવિદા પ્રસિદ્ધ કરવામાં આવે છે.

**ગાડીની વિગત :** ટાટા સુમો મોડલ ૨૦૧૭ નં. જીજે-૧૪-જી-0301

**વાહન નિરીક્ષણનું સ્થળ :** પંચાયત સિંચાઇ વિભાગ. બીજો માળ, જિલ્લા પંચાયત અમરેલી.

**કામગીરીની વિગત :** મિકેનિકલ રીપેરીંગ, ખરાબ થયેલા પાર્ટ્સ ની બદલી, જનરલ સર્વિસિંગ, અને અન્ય જરૂરી કામગીરી.

**સામાન્ય શરતો :**

૧. ભાવો ભરતા પહેલા ઇજારદારે ગાડીની રૂબરૂ તપાસ કરવાની રહેશે.
૨. ભાવો બંધ કવરમાં મોકલવાના રહેશે.
૩. ભાવોમાં નીચેની વિગતો સામેલ કરવાની રહેશે.
- જે કામગીરી કરવાની થાય છે તેની યાદી ભાવ સાથે.
- જે પાર્ટ્સ બદલવાના થાય છે તેની યાદી ભાવ સાથે.
- કુલ ખર્ચનું કવોટેશન.

૪. રીપેર થયેલ ગાડી અત્રેની કચેરી દ્વારા તપાસ કર્યા બાદ કામગીરી સંતોષકારક થયેલ હોવાનું જણાયાં બાદ જ ચૂકવાણું કરવામાં આવશે.
૫. આવેલ કોઈ પણ ટેન્ડર રદ કરવાનો અધિકાર અત્રેની કચેરીને રહેશે.

ગાડી રીપેરીંગ કરવા રસ ધરાવતા આસામીઓ પાસેથી ઓફર સીલબંધ કવરમાં ફક્ત રજીસ્ટર પોસ્ટ એ.ડી.થી તા.30/04/૨૦૨૫ના રોજ ૧૮.00 કલાક સુધીમાં મળી જાય તે રીતે માંગવામાં આવે છે.

જિમાક/અમર/૩૪/૨૫

## મામલતદાર, જુનાગઢ ગ્રામ્યની કોર્ટમા, તાલુકા સેવા સદન, સરદારબાગ, જુનાગઢ

### જાહેર નોટીસ

શ્રી બાબરીયા પ્રભાબેન ધીરજલાલ, રહે સમઢીયાળા તા. ઉપલેટા જી. રાજકોટ — નં. જન્મ-મરણ-નોંધણી કેસ નં ૪૫/૨૦૨૪ ........અરજદાર

:: વિરૂધ્ધ ::

જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી, તલાટી કમ મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી, પત્રાપસર તા.જી. જુનાગઢ ........સામાવાળા

જન્મ-મરણની નોંધણી અધિનિયમ-૧૯૬૯ અંગેના જન્મ-મરણ નોંધણી (સુધારો) એકટ ૨૦૨૩ ની કલમ - ૧૩ (૩) હેઠળની અરજી અન્વયે જાહેર નોટીસ દ્વારા જણાવવાનુ કે આ કામના અરજદાર બાબરીયા પ્રભાબેન ધીરજલાલનાં પુત્રી ભારતીબેન ધીરજલાલ બાબરીયાની જન્મ અંગેની નોંધ તા. ૧૯/૦૨/૧૯૭૪ ગ્રામ પંચાયત કચેરી પત્રાપસર તા. જુનાગઢ ગ્રામ્ય જી. જુનાગઢમા થયેલ ન હોય જન્મ - મરણ નોંધણી અધિકારી, ગ્રામ પંચાયત કચેરી પત્રાપસર તા. જુનાગઢ ગ્રામ્ય કચેરીના રજીસ્ટરમા નોંધ કરી આપવા અંગે અત્રેની કોર્ટમા અરજદાર તરફથી અરજી કરવામા આવેલ છે આ અરજી અંગે કોઇ પણ વ્યકિતને વર - વાંધો કે તકરાર હોય તો તેણે જાતે અથવા તેના મુખત્યાર કે વકીલ મારફતે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-30 મા મામલતદાર કચેરી, જુનાગઢ ગ્રામ્ય ખાતે વાંધા અરજી સાથે રૂબરૂ હાજર રહેશો. જેમા કશુર થયે, કોઇ વ્યકિત કોઇપણ પ્રકારનો વાંધો નથી તેવુ માની આગળની ન્યાયિક કાર્યવાહી કરવામા આવશે.

આજરોજ તારીખ ૧૯/૦૪/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિકકો કરી આપ્યો.

સ્થળ : જુનાગઢ
તારીખ : ૧૯/૦૪/૨૦૨૫ — કોર્ટનો સીકકો — (વી પી પુરોહિત) એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર, જુનાગઢ ગ્રામ્ય

## મુખ્ય માર્કેટ યાર્ડ, ગોંડલમાંની ઓફિસ-કમ-શોપ નં-૪૧ (ઉપર)ની ફાળવણી/ભાડાપટ્ટો તબદીલ કરવા અંગે

### જાહેર નોટીસ

શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, ગોંડલની માલિકીની, મુખ્ય માર્કેટ યાર્ડમાંની ઓફિસ-કમ-શોપ નં.-૪૧ (ઉપર) જે મિલનભાઈ પરસોતમભાઈ રૈયાણી રહે. મુ. ગોંડલના નામે લીઝડીડ કરારથી ફાળવવામાં આવેલ છે. મિલનભાઈ પરસોતમભાઈ રૈયાણી તરફથી સદરહું ઓફિસ-કમ-શોપ નં.-૪૧ (ઉપર)ની ફાળવણી/ભાડાપટ્ટો તેમના નામેથી રદ કરવા, તેમજ મહેશભાઈ બાબુભાઈ ડોબરીયા રહે. મુ. રાજકોટના નામે તબદીલ (ટ્રાન્સફર) કરી આપવા બાબતે અરજી આવેલ છે.

આ ભાડાપટ્ટો ટ્રાન્સફર કરવા સામે કોઈપણને, કંઈપણ હકક-હિત-હિસ્સો, લાગ-ભાગ, દર-દાવો, કરજ, લેણું, ભરણ-પોષણના હકક, ભાયુભાગ, બેન્ક લોન કે કોઈપણ જાતનો વાંધો કે તકરાર હોય તો, આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ-૧૦માં નીચેના સરનામે લેખિત આધાર-પુરાવાઓ સહિત રજુ કરવા. તેમ કરવામાં કસુર થયેલી આ અંગે કોઈને કશો વાંધો કે તકરાર નથી, અને હોય તો જતા (WAIVE) કરેલ છે તેમ માની, સદરહું ઓફિસ-કમ-શોપ નં.૪૧ (ઉપર)ની ફાળવણી/ભાડાપટ્ટો જણાવ્યા મુજબ તબદીલ કરી આપવામાં આવશે. ત્યારબાદ કોઈપણ વાંધો કે તકરાર બંધનકર્તા રહેશે નહીં. જેની લાગતા-વળગતા સૌએ નોંધ લેવી.

તારીખઃ- ૨૪-૦૪-૨૦૨૫

| ધર્મેન્દ્રસિંહ કે. જાડેજા | અલ્પેશભાઈ જી. ઢોલરીયા |
|---|---|
| વાઈસ ચેરમેન | ચેરમેન |
| ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, ગોંડલ. | ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, ગોંડલ. |

સરનામુંઃ- બજાર સમિતિની કચેરી, સરદારમાર્કેટ યાર્ડ, નેશનલ હાઈવે, ગોંડલ બાયપાસ, ગોંડલ.

## જાફરાબાદ નગરપાલિકા - જાફરાબાદ જિ. અમરેલી

### ઓનલાઇન જાહેર નિવિદા

આથી જાફરાબાદ નગરપાલિકા, જાફરાબાદ, જિ અમરેલીને સરકારશ્રી દ્વારા મંજુર થયેલ સને ૨૦૨૩-૨૪ વર્ષની ૧૫મું નાણાપંચ યોજના (અનટાઇડ) અંતર્ગત નીચે મુજબની વિગતે કામગીરી કરવવા માટે ઓનલાઇન ટેન્ડર મંગાવવામાં આવે છે.

| | |
|---|---|
| કામનું નામઃ નગરપાલિકા હસ્તક ઓડીટોરીયમમાં ફાયર હાઇડ્રન્ટ સિસ્ટમની કામગીરી. | |
| અંદાજીત રકમ રૂા. ૧૮.૯૮ લાખ | કામની સમય મર્યાદાઃ ૩-માસ |
| ઈ.એમ.ડી. રૂા. ૧૯,૦૦૦/- | ટેન્ડર ફીઃ રૂા. ૯૦૦/- |
| વેબસાઇટનું નામઃ | www.tender.nprocure.com |
| ઓનલાઇન ટેન્ડર ડાઉનલોડ તથા જરૂરી ડોયુમેન્ટ અપલોડ માટેની છેલ્લી તારીખ તથા સમય ૦૯/૦૫/૨૦૨૫ના રોજ ૧૮.૦૦ કલાક સુધી | |
| ઓરીજનલ ટેન્ડર ફી અને ઇ.એમ.ડી. પહોંચતા કરવાની તારીખ, સમય તથા સરનામું ૧૬/૦૫/૨૦૨૫ના રોજ ૧૫.૦૦ કલાક સુધીમાં ચીફ ઓફિસર, જાફરાબાદ નગરપાલિકા, મું.જાફરાબાદ, જિ.અમરેલી | |
| ટેકનીકલ બિડખોલવાની તારીખઃ૧૭/૦૫/૨૦૨૫,નારોજ ૧૨.૦૦કલાકે | |
| પ્રાઇસ બિડખોલવાની તારીખઃ ૧૭/૦૫/૨૦૨૫,ના રોજ ૧૨.૩૦ કલાકે | |

કામ અંગે વધારે માહિતી તેમજ ટેન્ડર ડાઉનલોડ તથા અપલોડ માટે ઉપરોકત જણાવેલ વેબસાઇટ ઉપર જોવા વિનંતી સદર કામ અંગેના તમામ હકક અધિકાર નગરપાલિકાને અબાધિત રહેશે.

ચીફ ઓફિસર, જાફરાબાદ નગરપાલિકા — પ્રમુખ, જાફરાબાદ નગરપાલિકા

જિમાક/અમર/૩૭/૨૫

## બાંટવા નગરપાલિકા (જીલ્લો : જુનાગઢ)

**જાહેર નોટીસ નં. ૨૫૮ - ૨૦૨૫/૨૬**

**ગુજરાત નગરપાલિકા અધિનિયમ - ૧૯૬૩ ની કલમ ૧૦૧(ખ) તથા કલમ - ૨૭૧(ઢ) અન્વયે.**

વિષય :- નગરપાલિકાના કરવેરા અને જમીન ભાડા, નળ કનેકશન ફી વિગેરેની રકમો ઉપર વ્યાજ / પેનલ્ટી, નોટીશ - વોરંટ ફી, વસુલવા તથા ભરપાઈ થતી રકમો ઉપર વળતર આપવા બાબત.

સંદર્ભ :- સામાન્ય સભાના ઠરાવ નં. ૯૨ તા. ૧૭/૦૨/૨૦૧૧

બાંટવાના નાગરીકો / કરદાતાઓને આ ઉપરથી નોટીસ આપવામાં આવે છે કે, ન.પા ની સામાન્ય સભાના ઠરાવ નં. ૯૨ તા.૧૭/૦૨/૨૦૧૧ થી પરિશિષ્ટ - અ માં દર્શાવેલ સુચિત નિયમો મુજબ બાંટવા નગરપાલિકાના કરવેરા નળ કનેકશન ફી વિગેરે બાકી રકમો ઉપર વ્યાજ / પેનલ્ટી, નોટીસ - વોરંટ ફી વસુલવા તથા નિયત મુદતમાં જમા થતી રકમો ઉપર વળતર આપવા નિર્ણય થયેલ છે. તેની સામે નગરના જે કોઈ નાગરીકો / કરદાતાઓને વાંધો હોય તે આ નોટીસની તારીખથી એક મહીનાની મુદતમાં પોતાનો વાંધો લખીને નગરપાલિકા કચેરીએ મોકલી શકશે. મુદત બાદ રજુ થયેલ વાંધાઓ લક્ષમાં લેવામાં નહી આવે.

તારીખ ::- ૨૩/૦૪/૨૦૨૫
સ્થળ ::- બાંટવા. — માહિતી/જુના/જા.ખ./૭૩/૨૫

## જાહેર નોટીસ

**ધોરાજીનાં મહે. એડીશનલ સિવિલ જજ કુ.પી.બી. ગામીત સાહેબની કોર્ટમાં, મું. ધોરાજી.**

**દિવાની પરચુરણ અરજી નં.૦૮/૨૦૨૫.**

પુષ્પાબેન ડો/ઓ ઉકાભાઈ ડઢાણીયા તે વા/ઓ ગોવિંદભાઈ કાળીદાસ પટેલ રહે-શાંતીકુંજ બંગ્લોઝ, વિમલ પાર્કની પાછળ, નરોડા ડે ગામ રોડ, નવા નરોડા, મું. અમદાવાદ ...અરજદાર

**અરજદાર તરફે વિ.વ.શ્રી સી.એસ. સોજીત્રા**

આથી તમામ લાગતાં વળગતાં સર્વોને આ નોટીસથી જણાવવામાં આવે છે કે આ કામનાં ઉપરોકત અરજદારે ધોરાજી શહેરની સબ-રજીસ્ટ્રાર કચેરીમાં તારીખ-૦૪/૦૬/૨૦૧૪ના રોજ અરજદારના ગુજ.ભાઈએ અરજદારની તરફેણમાં કરી આપેલ ૧૩૧૪ નંબરથી રજીસ્ટર્ડ થયેલ વીલ અંગે આ વીલ મુજબનું અરજદારની તરફેણમાં પ્રોબેટ ગ્રાન્ટ કરી તેની સાથે આ વીલ એનેકસડ કરી આ વીલમાં જણાવેલ મિલકત ધોરાજી તાલુકાના સુપેડી ગામની રેવન્યુ સર્વે નંબર ૫૬૬/૧ની હે.આ. ૦-૮૨-૯૬ ચો.મી.ની ખેતીની જમીનનું તમામ એડમીનીસ્ટ્રેશન કરવા માટે અરજદારે અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. સદરહું અરજી સામે કોઈને વાંધા તકરાર હોય તેઓએ આ જાહેર નોટીસની પ્રસિધ્ધી થયેથી દિન-૩૦ (ત્રીસ)માં લેખિત વાંધા સાથે અત્રેની કોર્ટમાં હાજર રહેવું. ગેરહાજરી સબબ યોગ્ય તે હુકમ કરવામાં આવશે જેની સર્વેએ નોંધ લેવી.

આજરોજ તારીખ ૨૨ માહે એપ્રિલ સને ૨૦૨૫ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરીને આપ્યું.

| તૈયાર કરનાર | મુકાબલ કરનાર | હુકમથી |
|---|---|---|
| (એન.એ.રાઠોડ) આસીસ્ટન્ટ ધોરાજી. | (કે.એમ. વાળા) શીરસ્તેદાર ધોરાજી. | રજીસ્ટ્રાર શ્રી, પ્રિન્સીપાલ સીનીયર સીવીલ કોર્ટ, ધોરાજી. |

## જળસંપતિ વિભાગ

### "ઇ" પ્રોક્યુરમેન્ટ નોટીસ નં.03 સને ૨૦૨૫-૨૬

| | |
|---|---|
| ૧. કામનું નામ | (૧) કન્સ્ટ્રકશન ઓફ ગઢીયાપાતળા ચેકડેમ-૧ ઓન રીવર ધાવડીયો નિયર વિલેજ ગઢીયા પાતળા ઓફ તાલુકા ધારી જીલ્લો અમરેલી (૨) કન્સ્ટ્રકશન ઓફ ગઢીયાપાતળા ચેકડેમ-૨ ઓન 'રીવર' ધાવડીયો નિયર વિલેજ ગઢીયાપાતળા ઓફ તાલુકા ધારી જીલ્લો અમરેલી (૩) કન્સ્ટ્રકશન ઓફ ગઢીયાપાતળા ચેકડેમ-૪ ઓન રીવર ધાવડીયો નિયર વિલેજ ગઢીયાપાતળા ઓફ તાલુકા ધારી જીલ્લો અમરેલી (૪) કન્સ્ટ્રકશન ઓફ ખીસરી ચેકડેમ ઓન રીવર 'રાવલ' નીયર વિલેઝ ખીસરી ઓફ તાલુકા ધારી જીલ્લો અમરેલી (૫) કન્સ્ટ્રકશન ઓફ ગોવિંદપુર (રાવણા)-૨ ચેકડેમ ઓન રીવર સાજડીયારી નિયર વિલેજ ગોવિંદપુર (રાવણા) ઓફ તાલુકા ધારી જીલ્લો અમરેલી |
| ૨. અંદાજીત રકમ | (૧) રૂ. ૩૯,૩૩,૪૯૫.૨૦<br>(૨) રૂ. ૪૦,૦૬,૪૮૫.૨૦<br>(૩) રૂ. ૩૩,૨૬,૩૦૫.૧૦<br>(૪) રૂ. ૩૧,૬૮,૫૩૯.૬૪<br>(૫) રૂ. ૩૫,૪૩,૯૨૭.૨૧ |
| ૩. ટેન્ડર ઓનલાઇન મોકલવાની છેલ્લી તારીખ/સમય | તા.૦૯-૦૫-૨૦૨૫ ૧૮-૦૦ કલાક (IST) સુધી (વેબસાઇટ nwr.nprocure.com) |
| ૪. ઓફીસનુ નામ અને સરનામુ ફોન નં. ફેકસ નં. | કાર્યપાલક ઇજનેરની કચેરી, અમરેલી જળસિંચન વિભાગ, રાજમહેલ કમ્પાઉન્ડ, અમરેલી-૩૬૫૬૦૧ (૦૨૭૯૨) ૨૨૨૦૦૯ ફેકસ (૦૨૭૯૨) ૨૨૩૬૩૭ |

વધુ વિગતો www.statetenders.gujarat.gov.in & www.nprocure.com પર જોઇ શકાશે.
નોંધઃ- હવે પછીના કોઇપણ સુધારાઓ હશે તે www.nprocure.com સાઇટ પર ઓનલાઇન સીધા કરવામાં આવશે. માહિતી/અમર/૩૯/૨૦૨૫-૨૬


## સાંજ સમાચાર — ટૂંકી જાહેરાત સાંજ સમાચારમાં ગુરૂવાર-શનિવારનાઅંકમાં પ્રસિધ્ધ

સાંજના ગુજરાતી અખબારોમાં સૌથી વધુ નકલોનો ફેલાવો ધરાવતું...
★ ઓછામાં ઓછી ૪ લાઈન ★ ફકત રોકડા રૂપિયાથી સ્વીકારાશે
★ સવારના ૧૦ થી સાંજના ૮ સુધી
★ અમારે દરેક ગામ/શહેર એજન્ટ અને ખબરપત્રી દ્વારા પણ આપી શકાશે.
- વ્યવસ્થાપક

આવતી કાલથી શુભારંભ — ચાલો બાલભવન
BALBHAVAN VACATION MELA-2025
500 થી વધારે પ્રોડકટસના સ્ટોલ
તા. 26-04-25 થી 08-06-25
LONDON STREET THEME
Lte's Go!!!
બાલભવન ગ્રાઉન્ડ, કિશાનપરા ચોક, રેસકોર્ષ, રાજકોટ.



આવતીકાલ થી શુભારંભ
THE BIGGEST FAIR
LUCKY Mycro Fine AATA CHAKKI Presents
ATAL SAROVAR NEW RACECORSE RAJKOT
VACATION Carnival Mela-2025
તારીખ:26-4-2025 થી 08-06-2025
સ્થળ: અટલ સરોવર, ન્યુ રેસકોર્ષ, રાજકોટ
જંગલ સફારી ટિકિટની ખરીદી સાથે અટલ સરોવરની સ્ટુડન્ટના આઈ.ડી.કાર્ડ પર ફ્રી એન્ટ્રી
NEW THEME ARRIVAL
JUNGLE SAFARI

# સેન્ટ્રલ ઝોનના છ વોર્ડમાં રૂા. ૩૧.૩૧ કરોડના ખર્ચે માર્ગો ડામર કાર્પેટથી મઢાશે

## વોર્ડ નં. ૨, ૩, ૭, ૧૩, ૧૪ અને ૧૭માં ડીઆઇ પાઇપલાઇન નાંખવા માટે ખોદાયેલા માર્ગોને નવા રૂપ રંગ આપવા માટેનું કામ ૧૧.૮૮ ટકા ઓનથી કલાસીક નેટવર્ક એજન્સીને સોંપાયું

રાજકોટ, તા.૨૫

રાજકોટ મહાનગરપાલિકાની સ્ટે.કમીટીની આજે ચેરમેન જયમીન ઠાકરના અધ્યક્ષસ્થાને મળેલી બેઠકમાં એજન્ડામાં રજુ કરાયેલ તમામ ૩૨ દરખાસ્તોને મંજૂર કરી કરોડોના વિકાસ કામોને બહાલી આપી દેવામાં આવી હતી. જેમાં સેન્ટ્રલ ઝોનના વોર્ડ નં. ૨, ૩, ૭, ૧૩, ૧૪ અને ૧૭ એમ છ વોર્ડના માર્ગોને રૂા. ૩૧.૩૧ કરોડના ખર્ચે ડામર રીકાર્પેટથી મઢવા માટેનો કોન્ટ્રાકટ મંજૂર કરવામાં આવેલ હતો.

અહીં એ ઉલ્લેખનીય છે કે સેન્ટ્રલ ઝોનના આ છ વોર્ડના વિસ્તારોમાં ડીઆઇ પાઇપલાઇન નાંખવાની કામગીરી દરમ્યાન માર્ગો અવદશામાં મૂકાયેલા હોય આ બિસ્માર બનેલા ડામર કાર્પેટથી મઢવા માટે કલાસીક નેટવર્ક પ્રા.લી.ને ૧૧.૮૮ ટકા ઓનથી કોન્ટ્રાકટ આપવાનું મંજૂર કરાયું હતું. આ કામગીરી માટે જીએસટી સહિત રૂા. ૨૭.૯૯ કરોડનું એસ્ટીમેટ મંજૂર કરવામાં આવેલ જેમ આ કામ માટે ૧૮ માસમાં અંદાજે ૩૯૮૬૮૦ ચો.મી.માં કાર્પેટ-રીકાર્પેટ રોડ તથા ડિઝાઇન રોડ બનાવવાના કામનો સમાવેશ કરવામાં આવેલ છે.

આ કામગીરી થવાથી ચાર લાખ લોકોને ફાયદો થશે. ડામર રીકાર્પેટના આ કામ માટે રૂા. ૨૩.૩૨ કરોડ જીએસટી સિવાયની રકમ માટે ટેન્ડર પ્રક્રિયા કરવામાં આવી હતી. આ માટે મ્યુનિ. કોર્પોરેશન દ્વારા વિજ્ઞાપન આપી એજન્સીઓ પાસેથી ભાવ મંગાવવામાં આવેલ હતા. જેમાં ધોરણસરની અર્નેસ્ટમ્સ ડિપોઝીટ ૧ ટકા મુજબ લેવામાં આવેલ હતી. જેમાં કલાસીક નેટવર્ક અને રાજ ચામુંડા કન્સ. દ્વારા ભાવ આપવામાં આવેલ હતા. જેમાં કલાસીક નેટવર્ક દ્વારા ૧૧.૮૮ ટકાથી વધુ અને રાજ ચામુંડા કન્સ. દ્વારા ૧૩.૦૫ ટકાથી વધુ ભાવ આપવામાં આવેલ હતા. જે ટેન્ડર મુલ્યાંકન કમીટીમાં રજૂ કરાયા હતા. આ કામનું એસ્ટીમેટ રૂા. ૨૩.૭૨ કરોડનું હોય અને એજન્સીના ૧૧.૮૮ ટકા વધુ ભાવ આવતા એકંદરે રૂા. ૨૬.૫૩ કરોડ તથા ૧૮ ટકા જીએસટી મુજબ ૪,૭૭,૬૮,૨૮૫ મળી કુલ રૂા. ૩૧,૩૧, ૪૭,૬૮૫નો ખર્ચ આ ડામર રીકાર્પેટના કામ પાછળ થશે. કલાસીક નેટવર્ક એજન્સી દ્વારા ૧૮.૮૮ ટકા વધુ ભાવથી રજુ થયેલ આ ટેન્ડરને માન્ય રાખી તેમને કામગીરી સોંપવામાં આવેલ છે. સેન્ટ્રલ ઝોનના આ છ વોર્ડના માર્ગોના ડામર રીકાર્પેટના કામની મર્યાદા ૧૮ માસની રાખવામાં આવી છે. સામાન્ય રીતે કોર્પોરેશનના એકશન પ્લાનમાં આવા કામની સમયમર્યાદા એક વર્ષની હોય છે. પરંતુ આ છ વોર્ડના ડામર રીકાર્પેટ કામ માટે ૧૮ માસની સમય મર્યાદા રાખવામાં આવતા તેની સામે આજની આ સ્ટેન્ડીંગમાં પ્રશ્ન ઉઠયા હતા.

## મ્યુનિ. કોર્પોરેશનના એકશન પ્લાનમાં અવધિ એક વર્ષની તો ડામર કોન્ટ્રાકટના કામની મુદ્દત ૧૮ માસની શું કામ ? નેહલ શુકલ

### કોર્પોરેશનના ઇતિહાસમાં સૌપ્રથમવાર એજન્સીને લાંબી લચક મુદ્દત : તંત્રનું ધ્યાન દોરાયું



રાજકોટ, તા. ૨૫

મ્યુનિ. કોર્પોરેશનની સ્ટેન્ડીંગ કમીટીની આજની બેઠકમાં સેન્ટ્રલ ઝોનના છ વોર્ડના માર્ગોના ડામર કાર્પેટનો કલાસીક નેટવર્ક એજન્સીને સોંપાયેલા કોન્ટ્રાકટની સમય અવધિ ૧૮ માસની રખાતા તેની સામે કોર્પોરેટર નેહલ શુકલએ ધ્યાન દોરી જણાવ્યું હતું કે, મ્યુનિ. કોર્પો.ના એકશન પ્લાનમાં આવા કોન્ટ્રાકટની અવધિ એક વર્ષની રાખવામાં આવે છે.

તો પરંતુ સેન્ટ્રલ ઝોનમાં છ વોર્ડના માર્ગોના ડામર કામના કલાસીક નેટવર્ક એજન્સીને સોંપાયેલા આ કોન્ટ્રાકટની સમય અવધિ ૧૮ માસની કેમ તેવો પ્રશ્ન ઉઠાવ્યો હતો. મ્યુનિ. કોર્પો.ના ઇતિહાસમાં સૌપ્રથમ વખત આ એજન્સીને સોંપાયેલા કોન્ટ્રાકટની સમય અવધિ ૧૮ માસની આપવામાં આવી છે.

જોકે આ તકે એવું જણાવાયું હતું કે, ચાલુ વર્ષ એ ચૂંટણીનું વર્ષ હોય, કામગીરી યોગ્ય રીતે થાય તે જરૂરી છે અને અગાઉ વેસ્ટ ઝોનમાં પણ એક વખત ૧૮ માસનો એજન્સીને કોન્ટ્રાકટ આપવામાં આવેલ હોવાનું જણાવાયું હતું. જોકે હવે પછીના કામમાં એજન્સીને અપાતા કોન્ટ્રાકટની મુદત એકશન પ્લાન મુજબ એક વર્ષની જ આપવાનો નિર્ણય લેવામાં આવેલ હતો. આ કામમાં એજન્સીને એકશન પ્લાનથી ઉપર વટ જઇ ૧૮ માસનો કોન્ટ્રાકટ એજન્સીને અપાતા કોર્પોરેટર નેહલ શુકલએ તંત્રનો કાન આમળ્યો હતો.

# માત્ર ૧૯ વર્ષના શ્રમિકનું હાર્ટએટેકથી મોત: કારખાનામાં જ ઢળી પડ્યો

રાજકોટ, તા.૨૫

તાજેતરમાં હાર્ટ એટેકથી મૃત્યુ થયાના કિસ્સા વધી રહ્યા છે. ત્યારે રાજકોટના એક કારખાનામાં માત્ર ૧૯ વર્ષનો શ્રમિક કામ કરતા કરતા ઢળી પડ્યો હતો. તેને સારવારમાં ખસેડતા મૃત્યુ નીપજ્યું હતું. સમગ્ર ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઈ છે. મૂળ ઉત્તરપ્રદેશનો અતુલકુમાર કોલ રાજકોટમાં આવેલી રમકડાંની ફેક્ટરીમાં મશીન ઉપર કામ કરતો હતો ત્યારે બનાવ બન્યો હતો.

આ અંગે રાજકોટ સિવિલ હોસ્પિટલના સૂત્રોએ જણાવ્યા મુજબ, અતુલકુમાર કેશવકુમાર કોલ (ઉં.વ.૧૯, રહે.ગોંડલ ચોકડી, જય ગણેશ ફોર્ડ શોરૂમની બાજુમાં, ફ્લેક્ષ ઝોન કંપનીની ઓરડીમાં રાજકોટ, મૂળ ઉત્તરપ્રદેશ)ને બેભાન હાલતમાં ગઈકાલે રાત્રે ૧૧:૦૦ વાગ્યા આસપાસ રાજકોટ સિવિલ હોસ્પિટલના ઇમરજન્સી રૂમમાં ખસેડવામાં આવ્યો હતો. અત્રે ફરજ પર રહેલ ડો.અશ્વિન રામાણીએ અતુલકુમારને જોઈ તપાસી મૃત જાહેર કરેલ. આ અંગે રાજકોટ સિવિલ હોસ્પિટલ પોલીસ ચોકીના એએસઆઈ સી.જે. ઝાલા અને રાઇટર ભગીરથસિંહ રાણાએ નોંધ લઈ આજીડેમ પોલીસને જાણ કરી હતી. જેથી હેડ કોસ્ટેબલ એચ.કે.ડાંગર અન્ય સ્ટાફ સાથે હોસ્પિટલ દોડી આવ્યા હતા. જરૂરી કાગળ કાર્યવાહી કરી મૃતદેહ પીએમ અર્થે ખસેડ્યો હતો.

મૃતકના કુટુંબી કાકા અર્જુનભાઈએ જણાવ્યું કે, અતુલકુમાર તેની સાથે રમકડા બનાવતી ફ્લેક્ષ ઝોન નામની કંપનીમાં કામ કરતો હતો. તે આશરે ૧૦ મહિનાથી આ કંપનીમાં કામે લાગ્યો હતો. વચ્ચે થોડો સમય પોતાના વતન ઉત્તર પ્રદેશ ગયો હતો. ત્યાંથી પરત આવી દસ દિવસ પહેલા જ કંપનીમાં ફરી કામે લાગ્યો હતો. ગઈકાલે રાત્રે આશરે ૧૦:૦૦ વાગ્યે અતુલકુમાર કારખાનામાં કાસ્ટિંગ પ્લાસ્ટિક લાઈન મોલ્ડિંગ મશીન ઉપર કામ કરી રહ્યો હતો અને અચાનક બેભાન થઈ ઢળી પડ્યો હતો. જમીન પર પટકાતા તેને કપાળના ભાગે આંખ ઉપર સામાન્ય ઇજા પણ થઈ હતી. તુરંત જ તેને રાજકોટ સિવિલ હોસ્પિટલમાં



મૃતક મશીન પર કામ કરી રહ્યો છે.



કોઈ વજનદાર વસ્તુ ઉપાડી આગળ મૂકે છે.



અચાનક ચક્કર જેવું આવે છે, કોઈ એંગલ પકડી રાખે છે.



પાંચેક સેકન્ડ બાદ જમીન પર ઢળી પડે છે.

**ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઈ, મૂળ ઉત્તરપ્રદેશનો અતુલકુમાર કોલ રાજકોટમાં આવેલી રમકડાંની ફેક્ટરીમાં મશીન ઉપર કામ કરતો હતો ત્યારે બનાવ બન્યો**

બેભાન હાલતમાં ખસેડવામાં આવ્યો હતો. જોકે રાત્રે ૧૧:૩૦ વાગ્યા આસપાસ સારવાર દરમિયાન તેને મૃત જાહેર કરાયો હતો. અતુલકુમાર બે ભાઈ બે બહેનમાં ત્રીજા નંબરનો હતો. તેનું મૂળ વતન ઉત્તર પ્રદેશ છે. મૃતદેહને વતનમાં લઈ જવા તજવીજ કરાઈ હતી. પોલીસ સૂત્રોએ જણાવ્યા મુજબ, અતુલકુમાર જ્યાં કામ કરતો હતો તે સ્થળના સીસીટીવી ફૂટેજ ચેક કરવામાં આવ્યા છે. તેના મૃત્યુનું ચોક્કસ કારણ જાણવા પીએમ રિપોર્ટની રાહ જોવાઈ રહી છે.

# વાજડી-વીરડાના કાદમ્બરી પાર્કની જમીનના દસ્તાવેજ રદ કરવા થયેલો દાવો રાજકોટ સિવિલ કોર્ટે ફગાવ્યો

રાજકોટ, તા.૨૫

કરોડો રૂપીયાની મિલ્કતનો વાજડી-વીરડા ગામના કાદમ્બરી પાર્કના પ્લોટનો વેચાણ દસ્તાવેજ રદ કરવાનો દાવો ફગાવાયો છે અને રાજકોટ સિવિલ કોર્ટના જજ ખંડેલવાલે અતી મહત્વપુર્ણ અને ઐતિહાસીક ચુકાદો આપ્યો છે.

આ કેસની ટુંકમાં હકીકત એવી છે કે, રાજકોટ તાલુકાના ગામ વાજડી-વીરડાના રેવન્યુ સર્વે નં. ૯૦ પૈકી તથા ૯૧/૧ પૈકીની જમીન ઉપર આવેલ ''કાદમ્દરી પાર્ક'' ના પ્લોટ નં. ૩ ની જમીન ચો.મી.આ. ૭૬૭-૦૦ વાળી જમીન પ્રતાપભાઈ કાળુભાઈ બસીયા વગેરેએ તા. ૦૮/૦૧/૧૯૮૬ ના રોજથી હંસાબેન કાંતીલાલ મોદીના કુલમુખત્યાર મહેશકુમાર જયંતીલાલ બાવીસી પાસેથી રજીસ્ટર વેચાણ દસ્તાવેજથી ખરીદ કરેલ હતી. તેમાં વાદીનો કબજો ભોગવટો, માલીકી આવેલ છે. તેમ જણાવી તેમણે રાજકોટની સિવિલ કોર્ટમાં પોતાના કબજાના રક્ષણ માટે અને આ મિલ્કત સંબંધે નરેન્દ્રસિંહ નાનભાઈ વાઢેરે મધુસુદન બાબુલાલ સોની જોગ ૧૯૮૫ના રોજ કરેલ વેચાણ દસ્તાવેજ તેમજ મધુસુદન સોનીએ જયેશભાઈ મહેતા જોગ ૧૯૮૮ કરેલ વેચાણ દસ્તાવેજ અને જયેશભાઈએ ઉર્મીલાબેન બદીયાણી જોગ ૧૯૯૫ માં કરેલ વેચાણ દસ્તાવેજ અને ઉર્મીલાબેન બદીયાણીએ રાજકોટના રહીશ જીગીષાબેન પ્રશાંતભાઈ મહેતા જોગ ૧૯૯૫ માં કરેલો દસ્તાવેજ રદ કરવા દાવો કરેલો હતો. પ્રતિવાદી જીગીષાબેન વતી રાજકોટના ધારાશાસ્ત્રી અર્જુન પટેલ દ્વારા એવો બચાવ લેવામાં આવેલ કે, આ દાવાના વાદી પ્રતાપભાઈએ જેની પાસેથી દાવાવાળી મિલ્કત ખરીદ કર્યાનુ જણાવે છે તે હંસાબેન અગાઉ આ જ પ્લોટ બાબતે સિવિલ કોર્ટમાં નરેન્દ્ર નાનભાઈ વાઢેર સામે દાવો દાખલ કરેલ હતો. તે દાવો કોર્ટે રદ કરેલો. રીસ્ટોરેશનની અરજી પણ રદ થયેલ. ત્યારબાદ હંસાબેને બોમ્બે લેન્ડ રેવન્યુ રૂલ્સ ૧૦૮(૫) હેઠળ નાયબ કલેકટર સમક્ષ નરેન્દ્ર વાઢેરના નામે દાખલ થયેલ નોંધ ચેલેન્જ કરેલ. જેની અપીલ પણ રદ કરેલ. વાદી પ્રતાપભાઈ જેની પાસેથી મિલ્કત ખરીદ કર્યાનું જણાવે છે તે હંસાબેન પાસે કાયદેસરનું કોઈ ટાઈટલ હતુ જ નહી. ડો. ચિતરંજન કે. મોદી નરેન્દ્રસિંહ વાઢેરના મુખત્યાર હતા જ નહી. ડો. ચિતરંજા કે. મોદીને આપવામાં આવેલ કુલમુખત્યાર તા.૨૦/૧૦/૮૩ ના રોજ રદ કરવામાં આવેલ. વાદીએ જેની પાસેથી ઉતરોતર ખરીદ કરેલાનુ જણાવે છે તેના દસ્તાવેજો રદ થવાને પાત્ર છે.



અર્જુન પટેલ એડવોકેટ

અદાલતે લંબાણ પુર્વકનો ચુકાદો આપતા ઠરાવેલ છે વાદી જે કુલમુખત્યારનામાના આધારે વેચાણ દસ્તાવેજથી માલીક બન્યાનુ જણાવે છે તે મુખત્યારનામુ આવા વેચાણ દસ્તાવેજ કરવા માટે કુલમુખત્યારને અધિકૃત કરતા નથી અને કોઈ જ માલીકી હકક વાદીમાં સ્થાપીત થયેલ નથી. વાદીના કુલમુખત્યારી વતૃર્ણક પણ ધ્યાને લઈ અદાલતે વાદીનો દાવો રદ કરેલ હતો. આ દાવામાં પ્રતિવાદી જીગીષાબેન વતી ધારાશાસ્ત્રી અર્જુન એસ. પટેલ, મહેન એમ. ગોંડલીયા, રવિન એન. સોલંકી, ભાર્ગવ એ. પાનસુરીયા, આકાંક્ષા એચ. રાજદેવ રોકાયેલ હતા.

# ક્રાઈમ બ્રાન્ચની ટીમે પીછો કરતાં કાર મૂકી ભાગવા ગયેલ ચાલક પટકાયો: ૨૪૦ બોટલ દારૂ પકડાયો

### બેડલા ગામ પાસે પોલીસ અને બુટલેગર વચ્ચે ફિલ્મી દ્રશ્યો સર્જાયા: કુલ રૂા.૪.૦૩ લાખનો મુદામાલ કબ્જે કરી તપાસ આદરી

રાજકોટ. તા.૨૫

બેડલા ગામ પાસે પોલીસ અને બુટલેગર વચ્ચે ફિલ્મી દ્રશ્યો સર્જાયા હતાં.ક્રાઈમ બ્રાન્ચની ટીમે પીછો કરતાં કાર મૂકી ભાગવા ગયેલ ચાલક પટકાયો હતો અને ઇજાગ્રસ્ત થયો હતો. તેમજ કારમાંથી દારૂની ૨૪૦ બોટલ મળતાં પોલીસે ગુનો નોંધી તપાસ આદરી હતી.

દરોડાની વિગત મુજબ ક્રાઈમ બ્રાન્ચના પીઆઈ એમ.આર.ગોંડલીયા, આમ.એલ.ડામોર અને ચિરાગ જાદવના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ વી.ડી.ડોડીયા ટીમ સાથે પેટ્રોલિંગમાં હતાં ત્યારે સાથેના હેડ કોન્સ્ટેબલ દિલીપ બોરીચા, દિપક



ચૌહાણ અને વિશાલ દવેને બેડલા ગામ તરફથી ફાળદંગ ગામ તરફ આવતી નંબર પ્લેટ વગરની એક કારને અટકાવવાનો પ્રયાસ કરતાં કાર ચાલકે પોતાની કાર રોડની સાઈડમાં ઉતારી દઈ અને કારનો ચાલક રાત્રીના અંધારાનો લાભ લઈ રોડની બાજુમાં આવેલ ખુલ્લા ખેતર વિસ્તાર તરફ નાસવાનો પ્રયત્ન કરતા તે શખ્સ નજીકમાં પડી ગયેલ હતો. જેથી કાર ચાલકને ચાલકને કોર્ડન કરી લીધો હતો.

આરોપીને પડી જવાથી હાથમાં મુંઢ ઇજા થયેલ હતી. બાદમાં તેનું નામ પૂછતાં પોતાનું નામ સંજય ધીરૂ ગણવદીયા (ઉ.વ.૩૨, રહે- આંબાવાડી સોસાયટી શેરી નં.૧, સંતકબીર રોડ, માર્કેટીંગ યાર્ડ સામે) હોવાનું જણાવ્યું હતું. બાદમાં કારમાં તપાસ કરતા તેમાંથી દારૂની પેટીઓ મળી આવતા કુલ ૨૪૦ દારૂની બોટલ સાથે આરોપીને પકડી દારૂ અને કાર મળી કુલ રૂ.૪.૦૩ લાખનો મુદામાલ કબ્જે કર્યો હતો. પોલીસે દારૂનો જથ્થો ક્યાંથી ક્યાં લઈ જવાતો હતો તે અંગે તપાસ આદરી હતી.

# જર્મન ડોગને બગીચામાં ન લાવવાનું કહેતા લાકડી વડે માર માર્યાના ગુનામાં કૃપાલ ઉર્ફે તુષારને ત્રણ વર્ષની કેદ

### ઉપલાકાંઠે ગુરુદેવ પાર્કમાં આવેલા બગીચામાં બનાવ બનેલો

રાજકોટ, તા.૨૫

શહેરના ઉપલાકાંઠે ગુરુદેવ પાર્કમાં જર્મન ડોગને બગીચામાં ન લાવવાનું કહેતા મહેશભાઈ નામના વ્યક્તિ પર લાકડી વડે માર માર્યાના ગુનામાં કૃપાલ ઉર્ફે તુષારને ત્રણ વર્ષની કેદનો હુકમ કર્યો છે.

ફરિયાદપક્ષના કેસની વિગત મુજબ, આરોપીઓએ તા.૨૦/૦૨/૨૦૧૭ના રાત્રે ૧૦ વાગ્યાના સુમારે ગુરુદેવ પાર્કના બગીચાની અંદર આરોપીઓ પોતાનો જર્મન ડોગ લઈ બગીચામાં આવેલા અને સાહેદ મહેશભાઈએ બગીચામાં કુતરો લઈને નહી આવવાનું કહેતા આરોપીએ ફરિયાદીને લાકડી વડે માથામાં મારી ઈજા કરેલ તથા અન્ય આરોપીઓએ ફરિયાદી સાહેદોને ઢીકાપાટુનો માર મારી મુંઢ ઈજા કરી, આ ગુનાહીત કૃત્યમાં એકબીજા ને મદદગારી કરી, પોલીસ કમિશનરના હથિયારબંધી જાહેરનામાનો ભંગ કરેલ અને તે મુજબનો ગુનો કરેલ હોવા અંગેની ફરિયાદ ફરિયાદીએ આરોપીઓ વિરુધ્ધ આપેલ. જે ફરિયાદીની ફરિયાદ અન્વયે ગુનાના કામે તપાસ કરનાર અધિકારીએ તપાસના અંતે આરોપીઓ વિરુધ્ધ પુરતો પુરાવો હોય, અદાલત સમક્ષ ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ની કલમ ૩૨૩, ૩૨૪, ૫૦૪, ૧૧૪, જી. પી. એકટ ૧૩૫(૧) મુજબનું ચાર્જશીટ દાખલ કરેલ હતું. જેથી કેસ કોર્ટમાં ચાલવા પર આવતા સરકાર પક્ષે સરકારી વકીલ એપીપી અમર એમ. પરમારે સાક્ષીઓની જુબાની, દસ્તાવેજી પુરાવા સાથે દલીલો કરી કેસ સાબિત કરતા રાજકોટના સાતમા અધિક જ્યુડીશ્યલ મેજિસ્ટ્રેટ ફ. ક. નેહા ડી. જોશીપુરાએ આરોપી કૃપાલ ઉર્ફે તુષાર અનિલ વીસપરાને આઈપીસી ૩૨૪માં ત્રણ વર્ષની સખત કેદની સજા અને રૂ. ૩૦૦૦નો દંડ, તેમજ ૩૨૩માં ૧ વર્ષની કેદ અને રૂ. ૧૦૦૦નો દંડ ફરમાવેલ છે. આ કેસમાં સરકાર પક્ષે એપીપી અમર એમ. પરમાર રોકાયેલ હતા.

## યુદ્ધ


(છેલ્લા પાનાનું ચાલું)

યુદ્ધ જહાજ આઈએનએસ વિક્રાંતને કચ્છની જળ સીમાના દરિયામાં મોકલી દેવાયું છે.

આ આઈએનએસ વિક્રાંતમાં મિગ-૨૯ વિમાનો અને અનેક હેલીકોપ્ટર પણ તૈનાત છે. આ ઉપરાંત ભારત અને પાકિસ્તાન બંને દ્વારા સરફેસ ટૂ સરફેસ મિસાઈલ્સના પરીક્ષણ કરાયાં છે. પાકિસ્તાને તેના એરોસ્પેસ પરથી, ભારતમાં પંજીકૃત થયેલાં વિમાનો કે લીઝ પર ચલાવાતા વિમાનોના ઉડ્યન પર રોક લગાવી છે અને તેના એરોસ્પેસ પર રોક લગાવતાં કચ્છના આકાશ પરથી ઉડયન ભરી રહેલાં સંખ્યાબંધ આંતરરાષ્ટ્રીય ઉડ્યનોના માર્ગ બદલાવી દેવામાં આવ્યા છે.

ઉલ્લેખનીય છે કે, પાકિસ્તાનમાં એફ.આઈ.આર કરાંચી અને એફ.આઈ.આર લાહોર તેમજ બલુચિસ્તાન અને ખૈબર વિસ્તારમાં ત્રણ જુદા-જુદા એરોસ્પેસ છે. કચ્છની સીમાને લાગે વળગે છે ત્યાં સુધી એફ.આઈ.આર કરાંચીનો હવાઇ માર્ગ ઉત્તર અમેરિકા, યુ.કે, યુરોપ, મધ્ય અને પશ્ચિમ એશિયાના દેશો તરફ, આંતરરાષ્ટ્રીય ઉડ્યનો માટે કરવામાં આવે છે. એરોસ્પેશ એફ.આઈ.આર કરાંચીની ઉત્તરે લાહોર, પૂર્વમાં દિલ્હી, દક્ષિણમાં મસ્કત અને પશ્ચિમમાં તહેરાનના એરોસ્પેસ આવેલાં છે. અખાતી દેશો તરફ જતા મોટાભાગના વિમાનો આ રુટ પરથી પસાર થાય છે તેને લઈને ભારતીય વિમાની કંપનીઓએ આ હવાઈ માર્ગ પરના ઉડ્યનોને અન્ય માર્ગે વાળી દીધા છે.


સાતમી વાર્ષિક પુણ્યતિથીએ શ્રધ્ધાંજલી



સ્વ.હિરાભાઈ રૂડાભાઈ મોરી
સ્વ.તા.૨૫/૪/૧૮ બુધવાર, (સીતારામ વિશ્વ દર્શન)

હસીને હસાવનાર અમોને રડાવી ગયો, હમણા જ આવું છું કહીને હંમેશા માટે પલક ઢાળી ગયા, આંખોમાં યાદોના તોરણ, અંતરમાં ભાવના તોરણ ઉમ્રભર સદા લીલા રહેશે. તમો દેહથી ભલે દુર થયો પણ આત્માથી હંમેશા અમારા સમીપ છો...
ઈશ્વર તારા આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના...

લી. • ગેલાભાઈ નાથાભાઈ ભરવાડ
• રાજેશભાઈ પરસોતમભાઈ સોજીત્રા
• કાળુભાઈ રબારી


## ત્રાસવાદ

(પહેલા પાનાનું ચાલું)

છીએ અને બ્રિટન તથા પશ્ચીમી દેશો વતી કરીએ છીએ અને તે ભુલ છે અને અમો તેનાથી ખુબ સહન કરીએ છીએ. જો અમો સોવિયત સંઘ સામેની લડાઈમાં જોડાવાના હોત કે બાદમાં ૯/૧૧માં પણ જોડાયા ન હોત તો પાકિસ્તાનનો એક ટ્રેક રેકોર્ડ બન્યો ન હોત તે નિશ્ચિત છે.

તેઓએ ભારત સાથે પૂર્ણ યુદ્ધની શકયતા પણ નકારી ન હતી પણ પાક સંરક્ષણ મંત્રીનું આ નિવેદન એ સ્વીકારે છે કે પાકિસ્તાન લાંબા સમયથી ત્રાસવાદીઓને શરણ આપી રહ્યું છે.

## રાહુલ ગાંધી

(પહેલા પાનાનું ચાલું)

વિવિધ વ્યાપાર-ઉદ્યોગોના પ્રતિનિધિઓને મળશે તથા પ્રવાસન ક્ષેત્રની સાથે સંકળાયેલા હોટેલ રેસ્ટોરાના માલીકો સાથે વાતચીત કરશે તેમાં આર્મી કેમ્પમાં આવેલી હોસ્પીટલમાં ઈજાગ્રસ્તોને મળ્યા હતા. ગઈકાલે તેઓએ સર્વપક્ષીય બેઠકમાં આ હુમલા બાદના સરકારના તમામ પગલાઓને ટેકો આપવા જાહેરાત કરી છે.

## ઈઝરાયેલ

(પહેલા પાનાનું ચાલું)

મુલાકાત લીધી હતી. તેમણે પીઓકેમાં જૈશ એ મોહમ્મદના આતંકીઓ અને કેટલાક અન્ય લોકો સાથે મુલાકાત કરી હતી અને જૈશના આતંકીઓ સાથે એક રેલીને સંબોધી હતી. આ રેલીનો વિડીયો વાયરલ થયો હતો. અજારે જણાવ્યું હતું કે પહેલગામ હુમલો અને હમાસ તરફથી ઓકટોબર ૨૦૨૩માં કરાયેલ હુમલામાં સમાનતા સ્પષ્ટ દેખાય છે.

# રૈયા ટેલિફોન એકસચેન્જ પાસેથી ઓનલાઈન આઈડીમાં ક્રિકેટ સટ્ટો રમતો કોલેજીયન યુવક ઝડપાયો

### ક્રાઈમ બ્રાન્ચનો દરોડો: આઈડી આપનાર ગૌતમ બારસિયાની શોધખોળ

રાજકોટ. તા.૨૫

રૈયા ટેલિફોન એક્સચેન્જ પાસેથી ઓનલાઈન આઈડીમાં ક્રિકેટ સટ્ટો રમતો કોલેજીયન યુવકને ક્રાઇમ બ્રાન્ચે પકડી પાડી કાર્યવાહી કરી હતી. જ્યારે તેને આઈડી આપનાર ગૌતમ બારસિયાની શોધખોળ આદરી હતી.

દરોડાની વિગત મુજબ, ક્રાઈમ બ્રાન્ચના એએસઆઈ સંજય દાફડા અને હેડ કોન્સ્ટેબલ ક્રિપાલસિંહ ઝાલા સ્ટાફ સાથે પેટ્રોલિંગમાં હતાં ત્યારે રૈયા ટેલીફોન એક્ષચેન્જ પાસે એક શખ્સ પોતાના મોબાઇલ ફોનમાં રહેલ આઇડીમાં ઓનલાઇન ક્રીકેટ મેચમાં જુગાર રમે છે, તેવી ચોક્કસ બાતમીના આધારે સ્ટાફે દરોડો પાડી તે શખ્સને અટકમાં લઈ નામ પુછતા પોતાનું નામ રાહીલ કિશોર સામાણી( ઉ.વ.૧૯, ધંધો. અભ્યાસ રહે.પુજારા પ્લોટ શે. નં. ૫, શિવશકતી એપાર્ટમેન્ટની સામે, કાંતા સ્ત્રી વીકાસ ગૃહ રોડ) હોવાનું જણાવ્યું હતું.

તેમજ શખ્સ પાસે રહેલ મોબાઈલ તપાસતાં તેમાં ગુગલ ક્રોમ ખોલતા તેમાં Rupees777.com વાળી આઇડીમાં આઇપીએલની મુંબઇ ઇન્ડીયન્સ વિરૂધ્ધ કલકતાની ક્રીકેટ મેચમાં જુગારમાં ઓનલાઇન સોદાઓ કરી જુગાર રમી પૈસાની હારજીત કરેલ હોવાનું સામે આવ્યું હતું. તેમજ આઈ.ડી. આપનાર બાબતે પુછતા તેને ગૌતમ પરસોતમ બારસીયાએ આપ્યાની કબુલાત આપતાં પોલીસે તેની શોધખોળ આદરી હતી.

# રીબડાની જમીનના માલીકને ધમકી આપી ખંડણી ઉઘરાવ્યાના ગુનામાં મુકેશ દોંગા નિર્દોષ

### ટેલીફોનિક અને રૂબરૂ ધમકી આપેલી,ભકિતનગર પોલીસે ગુનો નોંધ્યો હતો

રાજકોટ,તા.૨૫

રીબડા ખાતે જમીન વેચાણ કરતા જમીન માલીક ને ધાક ધમકી આપી અને જાન થી મારી નાખવાની બીક બતાવી નાણાંની માંગણી કરવા બાબત ગંભીર ગુન્હા કામે થયેલ એફ.આઈ.આર સામે આરોપી મુકેશ ગોપાલભાઈ દોંગાને નિર્દોષ છોડી મુકવા કોર્ટે હુકમ કર્યો છે.

આ કેસની હકીકત એવી છે કે, ફરીયાદીની વારસાઈ ખેતીની જમીન રીબડા ખાતે આવેલ છે. જે જમીન ફરીયાદીએ વેચાણ કરતા આરોપી મુકેશભાઈ દોંગાએ ફરીયાદી અને તેમના પિતા પાસે વેચાણ થયાની જાણ થતા તે પેટ એક એકરના ૧ લાખ ગણીને કુલ સાત લાખ રૂપીયા આપવા ટેલીફોનીક તેમજ રૂબરૂમાં ધાકધમકી આપી તેમજ જાનથી મારી નાખવાની બીક બતાવી નાણાં પળાવી લેવા એકસટોર્શન કરવા અંગેની ફરીયાદ ભક્તીનગર પોલીસ મથક ખાતે નોંધાવામાં આવેલ. જે કેસમાં પોલીસ દ્વારા આરોપી વિરૂધ્ધ ચાર્જશીટ દાખલ થતા રાજકોટના એડી. ચીફ. જયુડી. મેજીસ્ટ્રેટ કોર્ટ સમક્ષ કેસની સુનવણી શરૂ થયેલ. જે કેસમાં આરોપી વિરૂધ્ધ પોલીસ દ્વાર સાહેદો તેમજ ડીજીટલ પુરાવા તરીકે ઓડીયો રેકોર્ડીંગ રજુ કરેલ હતા. આ કેસમાં આરોપી તર્ફે તરફે એડવોકેટ રક્ષિત પી. રૈયાણીનાઓ રોકાએલ હોય જેમના દ્વારા ધારદાર દલીલો કરતા નામદાર કોર્ટ દ્વારા આરોપીને બીન તોહમત નિર્દોષ છોડી મુકવા હુકમ કરેલ છે. આરોપી એડવોકેટ રક્ષિત રૈયાણી એસોસીએટ ઉત્સવ દોમડીયા, ધ્યેય વાછાણી વગેરે રોકાયેલ હતાં.

# જસદણમાં જનસંઘના કાર્યકર અશોકભાઈ મહેતાનું હાર્ટએટેકથી નિધનઃ શોક છવાયો



(ધર્મેશ કલ્યાણી દ્વારા),જસદણ તા.૨૫

જસદણ ભાજપના પીઢ અગ્રણી અશોકભાઈ મહેતાને અચાનક જ હાર્ટ એટેક આવતા તેમનું અવસાન થયું છે.આજે તેમનો જન્મદિવસ તેજ દિવસે અંતિમ શ્વાસ લીધા હતાં. દશા મોઢ માંડલીયા વણિક અશોકભાઈ કેશવલાલ મહેતા (ઉ.વ.૭૫) જનસંઘ સમયના ભાજપના અગ્રણી હતા. જસદણની કન્યા વિનય સ્કૂલ, હરિબાપા ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, પાંજરાપોળ, શ્રીનાથજી હવેલી, જસદણ ચેમ્બર ઓફ કોમર્સ, શ્રી વેણીલાલ કલ્યાણી સ્કૂલ, શિવાનંદ મિશન વીરનગર હોસ્પિટલ સહિતની અનેકવિધ સામાજિક શૈક્ષણિક સંસ્થાઓ સાથે જોડાયેલા હતા. હંમેશા તટસ્થ અને સત્યવાદી અભિગમ ધરાવતા અશોકભાઈ મહેતા છેલ્લા છ દાયકા કરતાં વધારે સમયથી જસદણ વિછીયા વિસ્તારમાં જાહેર જીવનમાં તેમની સેવાઓ આપતા હતા. તેમની સેવાકીય પ્રવૃત્તિને લઈને જસદણ વીંછિયા વિસ્તારમાં તેમની સારી લોકશાહી હતી. તેઓ સતત ત્રણ દાયકા સુધી ભાજપમાંથી જસદણ નગરપાલિકાના સભ્ય રહી ચૂક્યા છે. આ ઉપરાંત જસદણ નગરપાલિકાના પ્રમુખ, જસદણ તાલુકા ભાજપ પ્રમુખ સહિતના અનેક હોદા ઉપર સેવા આપી ચૂક્યા છે. જસદણ વિસ્તારના જાહેર જીવનમાં તેમનું યોગદાન ખૂબ જ મહત્વનું હતું. તાજેતરમાં જ હરિબાપા ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજનું ભવ્ય બિલ્ડીંગ કરોડો રૂપિયાના ખર્ચે તૈયાર થઈ રહ્યું છે તેમાં તેઓ ટ્રસ્ટી તરીકે સતત સેવા આપતા હતા. દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી જ્યારે જનસંઘના કાર્યકર હતા ત્યારે જનસંઘના કાર્ય અર્થે જસદણ આવતા ત્યારે અશોકભાઈ મહેતાના ઘરે જ રોકાણ કરતા હતા. અટલબિહારી બાજપાઈ, ઉમા ભારતી સહિતના દેશના દિગ્ગજ નેતાઓ તેમના ઘરે આવી ચૂક્યા છે. ૭૫ વર્ષની ઉંમરે પણ અશોકભાઈ મહેતા યુવાનોને શરમ આવે તેવી સ્ફૂર્તિથી સેવા કાર્યો કરતા હતા. ગઈકાલે જસદણ જે હવેલી ખાતે વલ્લભાચાર્યજી પ્રાગટ્ય મહોત્સવ પ્રસંગે મોટી સંખ્યામાં વૈષ્ણવો માટે મહાપ્રસાદ નું આયોજન હતું ત્યારે તેઓ ખુદ પ્રસાદ માટેના કાઉન્ટર ઉપર પીરસવાની સેવા આપી રહ્યા હતા. આજે બપોરે અચાનક જ તેમને હૃદય રોગનો હુમલો આવતા માણેક સમાજના જાહેર જીવનમાં શોખનું મોજુ ફેલાયું છે. તેઓ તેમના પત્ની પ્રજ્ઞાબેન, પુત્ર મુકુલભાઈ, પુત્રી રૂપલબેન તથા પુત્રી ફોરમબેન, પુત્રવધુ બિનિતાબેન,પૌત્રી જીયા તેમજ પરિવારના વિરલભાઈ, સેજલબેન,રિશી, દેવ, સહિતના પરિવારજનોને કલ્પાંત કરતા છોડી ગયા છે.

# પહેલગામ હુમલાના વિરોધમાં દિલ્હી બંધ: આતંકવાદ સામે રાષ્ટ્રવ્યાપી દેખાવો

## દિલ્હીમાં જંતર-મંતર મેદાનમાં સંતોનો આતંકવાદ સામે હુંકાર: પાકિસ્તાની ઉચ્ચઆયોગ સામે દેખાવો: યુપી, બિહાર, પંજાબ સહિત અનેક રાજયોમાં વિરોધ પ્રદર્શનો: પાકિસ્તાન-આતંકવાદના પૂતળાનુ દહન: નેપાળમાં પણ ઠેર ઠેર દેખાવો

નવી દિલ્હી તા.૨૫

જમ્મુ-કાશ્મીરના પહેલગામમાં આતંકીઓએ કરેલા બર્બર હુમલાના વિરોધમાં આજે દિલ્હી બંધ રહ્યું હતું. રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ (આરએસએસ)ના સમવૈચારિક સંગઠનોની આગેવાનીમાં રાષ્ટ્રવ્યાપી વિરોધ પ્રદર્શન થયા હતા. દિલ્હીમાં જંતર મંતરમાં સંત સમાજે પણ આતંકવાદ સામે હુંકાર ભરી હતી. વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળે દેશના બધા ભાગો અને જિલ્લા મુખ્યાલયમાં દેખાવો કર્યા હતા. આ દરમિયાન પોલીસ ઉચ્ચાયોગ આસપાસ લાગેલા તમામ બેરીકેડ




હટાવી લીધા છે. દરેક જગ્યાએ કેન્ડલ માર્ચ કાઢવામાં આવી હતી. દિલ્હીમાં પાકિસ્તાની ઉચ્ચ આયોગ સામે લોકોએ ગુસ્સો વ્યકત કર્યો હતો.

પહેલગામ આતંકી હુમલાના વિરોધમાં ઉતરપ્રદેશ, બિહાર, ઉતરાખંડ, પંજાબ અને હરિયાણા સહિત અનેક રાજયોમાં સતત બીજા દિવસે તથા વિરોધ પ્રદર્શન થયું હતું.

પંજાબના ૬ શહેરો હોશિયારપુર, મુકતસર, આનંદપુર સાહિબ, અમૃતસરના જંડીયાલા ગુરુ, પઠાણકોટ, કપુરથલામાં પણ બજારો બંધ રહી હતી, હોશિયારપુરમાં કર્ફયુ જેવો માહોલ રહ્યો હતો.

વિરોધ પ્રદર્શનમાં ભાજપ ઉપરાંત કોંગ્રેસ, આપ અને અકાલીદળ ઉપરાંત વિભિન્ન સામાજીક, હિન્દુ સંગઠનો પણ જોડાયા હતા અને પાકિસ્તાનના પૂતળાનું દહન કરવામાં આવ્યું હતું.

દહેરાદૂનમાં મુસ્લિમ બહુમતી વાળા ક્ષેત્રના વેપારીઓએ સવારે બે કલાક વ્યાપારિક પ્રતિષ્ઠાન બંધ રાખ્યા હતા. તો આરએસએસના સમવૈચારિક સંગઠન સંતોની આગેવાનીમાં જંતર મંતરમાં આતંકવાદ વિરુદ્ધ પ્રદર્શન યોજાયું હતું. આતંકીઓ સામેનો આક્રોશ સવારે ૯થી૧૧ વચ્ચે આ અભિયાનમાં જોડાયેલા બે લાખ ગામોમાં પણ જોવા મળ્યો હતો.

પહેલગામ આતંકી હુમલા સામે નેપાળમાં પણ રોષ જોવા મળ્યો હતો. અહીં આતંકવાદ મુર્દાબાદ, આતંકીઓનો સફાયોના નારા લાગ્યા હતા. નેપાળમાં વિશ્વ હિન્દુ પરિષદ, હિન્દુ સમ્રાટ અને જાનકી સેના સહિત વિવિધ સંગઠનોએ પહેલગામ હુમલાની વિરુદ્ધ વિરોધ માર્ચ કાઢી હતી. બધા પર્યટકોને દીપ જલાવીને શ્રદ્ધાંજલિ અપાઈ હતી અને આતંકીઓના પૂતળાનું દહન થયુ હતું.

## ચાંદની ચોકથી લાજપત સુધી... દિલ્હીની ૯૦૦ બજારો બંધ

ન્યુ દિલ્હી,તા.૨૫

જમ્મુ-કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલા બાદ સમગ્ર દેશની આંખો ભીની છે અને ગુસ્સો સતત વધી રહ્યો છે. દરમિયાન, રાષ્ટ્રીય રાજધાની દિલ્હીની તમામ ૯૦૦ બજારો આજે બંધ છે. દરમિયાન, ગઈકાલે ઉત્તર પ્રદેશના ઘણા જિલ્લાઓમાં બજારો બંધ રહ્યા હતા અને કેન્ડલ માર્ચ કાઢવામાં આવી હતી. પહેલગામ હુમલામાં ૨૬ પ્રવાસીઓના મોત થયા છે અને ઘણા ઘાયલ થયા છે, જેમની સારવાર ચાલી રહી છે. હુમલા બાદ સરકારે કડક વલણ અપનાવ્યું છે.



પહેલગામ હુમલાને પગલે, દિલ્હીમાં કોન્ફેડરેશન ઓફ ઓલ ઈન્ડિયા ટ્રેડર્સ (CAIT) એ જાહેરાત કરી કે રાષ્ટ્રીય રાજધાનીમાં ૮ લાખથી વધુ દુકાનો પર કોઈ વ્યવસાય નહીં થાય. દરરોજ આશરે ૧૫૦૦ કરોડ રૂપિયાનો વેપાર થાય છે. તે જ સમયે, સવારે ૧૦.૪૫ વાગ્યે ચાંદની ચોકથી લાલ કિલ્લા સુધી ''સહાનુભૂતિ કૂચ'' કાઢવામાં આવશે. આ કૂચ સાંસદ ખંડેલવાલના નેતૃત્વમાં કાઢવામાં આવશે.

CAT એ કહ્યું, 'પહલગામમાં થયેલા ક્રૂર આતંકવાદી હુમલાથી વેપારી સમુદાયમાં ઊંડો શોક અને ગુસ્સો ફેલાયો છે.' મૃતકોને શ્રદ્ધાંજલિ તરીકે અને સરકાર સાથે મજબૂત એકતા દર્શાવતા, દિલ્હીના મુખ્ય ટ્રેડ યુનિયનોએ દિલ્હીમાં બજારો સંપૂર્ણપણે બંધ રાખવાની અપીલ કરી છે. કેટના મહાસચિવ અને ચાંદની ચોકના ભાજપ સાંસદ પ્રવીણ ખંડેલવાલે જણાવ્યું હતું કે બંધ વિરોધ પ્રદર્શન નથી પરંતુ શ્રદ્ધાંજલિ અને દેશ સાથે એકતા વ્યકત કરવાનો છે.

## પાર્થિવ દેહ જોઈ સ્વજનો-પ્રિયજનો ભાંગી પડયા: સૌનો એક જ સૂર-કડક બદલો લો









જમ્મુ-કાશ્મીરનાં પહેલગામમાં આતંકી હુમલામાં ભોગ બનેલા લોકોના પાર્થિવ દેહ તેમના પરિવારજનોને મોકલાઈ રહ્યા છે, પોતાના સ્વજનના મૃતદેહો જોઈ પરિવારજનોનાં હૈયાફાટ રૂદને સૌ કોઈને પીગળાવી નાખ્યા હતા

નવી દિલ્હી તા.૨૫

તાજેતરમાં જમ્મુ-કાશ્મીરમાં પહેલગામમાં આતંકી હુમલાની ઘટના દેશભરમાં લોકોને સ્તબ્ધ કરી દીધા છે સૌના ચહેરા પર આક્રોશ છે.આક્રોશ વચ્ચે હૃદય વલોવી નાખે તેવા દ્રશ્યો ખડા થયા છે. દેશના જુદા જુદા ભાગમાંથી જમ્મુ-કાશ્મીરનાં પહેલગામમાં ફરવા આવેલા અને આતંકીઓની ગોળીએ વિંધાયેલા ટુરિસ્ટોના મૃતદેહો હવે પરિવારજનો-સ્વજનોને પહોંચાડવામાં આવી રહ્યા છે અહી કરૂણ દ્રશ્યો સર્જાયા છે. કાનપુરમાં ગુરૂવારે આતંકી હુમલામાં માર્યા ગયેલા શૂભમ દ્વિવેદીનું પાર્થિવ શરીર ઘેર પહોંચ્યા બાદ પરિવારજનોનાં ચહેરા ગમગીન થઈ ગયા હતા. તો જયપુરમાં ગુરૂવારે નીરજ ઉધવાનીનાં અંતિમ સંસ્કાર દરમ્યાન પત્નિ આયુષી અને પરિવારજનોનાં રૂદનથી વાતાવરણ ગમગીન થઈ ગયુ હતું. પહેલગામ હુમલામાં જીવ ગુમાવનાર આઈબી અધિકારી મનીષ રંજનનો પાર્થિવ દેહ રાંચી પહોંચ્યો હતો. આ દરમ્યાન તેમનાં એક પરિવારજન વિમાન મથકે બેભાન થઈ ગયા હતા. તો મધુસુદન રાવનો પાર્થિવ દેહ ચેન્નાઈ એરપોર્ટ પર પહોંચ્યો તો પાર્થિવ દેહ પાસે પત્નિ, દીકરી, પુત્રી આંસુ સારતા જોવા મળ્યા હતા.

## પાકિસ્તાની નાગરિકોના મેડિકલ વિઝા પણ ૨૯મી સુધી જ માન્ય: ભારત વધુ આક્રમક

નવાદિલ્હી,તા.૨૫

પહેલગામ આતંકવાદી હુમલા બાદ મળેલી ઉચ્ચસ્તરીય કેબિનેટ કમિટી ઓન સિક્યોરિટીની બેઠકમાં લેવામાં આવેલા રાજદ્વારી નિર્ણયોના અનુસંધાનમાં હવે ભારતે પાકિસ્તાની નાગરિકો માટેની વીઝા-સર્વિસ તાત્કાલિક અસરથી અમલમાં આવે એવી રીતે બંધ કરી દીધી છે. ભારત દ્વારા પાકિસ્તાની નાગરિકોને

આપવામાં આવેલા તમામ માન્ય વીઝા ૨૭એપ્રિલથી અમલમાં આવે એમ રદ કરી દેવામાં આવ્યા છે. આ સિવાય પાકિસ્તાની નાગરિકોને આપવામાં આવેલા મેડિકલ વીઝા પણ માત્ર ૨૯ એપ્રિલ સુધી અમલી રહેશે.

જે પાકિસ્તાની નાગરિકો હાલ ભારતમાં છે તેમણે તેમના વીઝાની મુદત સમાપ્ત થાય એ પહેલાં ભારત દેશ છોડી દેવાનો રહેશે એવો સુધારો કરવામાં આવ્યો છે.આ સિવાય વિદેશ મંત્રાલયે ભારતીય નાગરિકોને પાકિસ્તાનની મુસાફરી ટાળવાની કડક સલાહ આપી છે. હાલમાં જે ભારતીય નાગરિકો પાકિસ્તાનમાં છે તેમને પણ વહેલામાં વહેલી તકે ભારત પાછા ફરવાની સલાહ આપવામાં આવી છે.

## પાક.ને ભારતનો વધુ એક ઝટકો: સરહદે યુદ્ધ વિરામ ખતમ થઈ શકે છે

### યુદ્ધ વિરામનો અંત આવે તો પાક.સેનાએ મોટી કિંમત ચૂકવવી પડે

નવીદિલ્હી,તા.૨૫

પહેલગામ આતંકવાદી હુમલા બાદ, ભારતે પાકિસ્તાન સામે કેટલાક કડક પગલાં લીધાં છે જે તેના માટે જવાબદાર છે. હવે ભારત સરકાર પાકિસ્તાની સેનાને જોરદાર ફટકો આપવાનું વિચારી રહી છે. મીડિયા રિપોર્ટ મુજબ, ભારત આગામી દિવસોમાં યુદ્ધવિરામ સમાપ્ત કરવાની જાહેરાત કરી શકે છે. સરહદ પર યુદ્ધવિરામ ઘણા સમયથી અમલમાં છે. તેનો અંત લાવવાનો અર્થ એ થશે કે પાકિસ્તાનની સેનાને હવે ભારે કિંમત ચૂકવવી પડશે.



પાકિસ્તાન નિયંત્રણ રેખા અને આંતરરાષ્ટ્રીય સરહદ પર પોતાની પ્રતિબદ્ધતાઓ પૂર્ણ કરવામાં અસમર્થ રહ્યું છે. ભારત આ કડક વલણ અપનાવી રહ્યું છે કારણ કે પાકિસ્તાન વારંવાર પ્રતિબદ્ધતાઓ છતાં સરહદ પારના આતંકવાદને રોકવામાં નિષ્ફળ રહ્યું છે. લશ્કરી નિષ્ણાતોએ એમ પણ કહ્યું છે કે પાકિસ્તાન યુદ્ધવિરામનો ખોટો લાભ લઈ રહ્યું છે. યુદ્ધવિરામની આડમાં, પાકિસ્તાન આતંકવાદી છાવણીઓને સરહદ પર મૂળિયાં જમાવવાની તક આપી રહ્યું છે.

### પાકની નજર સામે જ યુદ્ધ કવાયતથી આકરો સંદેશ

## હવાઈદળે શરૂ કરી 'કવાયત-આક્રમણ': રાફેલ સામેલ: નૌકાદળના INS સુરતે મિસાઈલ દાગ્યા

### દરિયાઈ મથકોની સુરક્ષા માટેની તૈયારીઓ શરૂ

નવી દિલ્હી:

ભારત-પાક વચ્ચે સતત વધતા જતા તનાવમાં હવે સેનાની ત્રણેય પાંખો એલર્ટ થઈ ગઈ છે અને ભારતીય હવાઈદળે 'કવાયત-આક્રમણ' શરૂ કરી છે અને નૌકાદળના યુદ્ધ જહાન આઈએનએસ સુરત-મારફત મિસાઈલનું સફળ પરિક્ષણ કરવામાં આવ્યું છે.





હવાઈદળે તેના સેન્ટ્રલ કમાન્ડના નેતૃત્વમાં રાફેલ-સુખાઈ ૩૦ એમ.કે. અને અન્ય લડાયક વિમાનોને સામેલ કરીને હવાઈ 'કવાયત આક્રમણ'માં ટાર્ગેટ હિટ કરવાની ડ્રીલ કરી હતી તથા ડોગ-ફાઈટની પણ કવાયત કરી હતી. હવાઈદળે જો કે તેને રોજીંદી ગણાવી હતી પણ ખાસ કરીને પહેલગામ હુમલા બાદ તેની આક્રમકતાની 'ધાર' કાઢવામાં આવી રહી છે. ખાસ કરીને રાફેલની સામેલગીરી મહત્વની બની રહેશે. નૌકાદળના યુદ્ધ જહાજ આઈએનએસ સુરત પણ એકશનમાં આવી ગયુ છે અને ખાસ કરીને દરિયાકાંઠાના મહત્વના મથકોની સુરક્ષા માટેની તૈયારી કરી છે અને જમીન પરથી હવામાં પ્રહાર કરતા મિસાઈલનું સફળ પરિક્ષણ કર્યુ હતુ જે દરિયામાં કોઈ પણ ટાર્ગેટને વિંધી શકે છે. નીચી સપાટીએ ઉડતા આ મિસાઈલ રડારને છેતરવામાં પણ માહિર ગણાય છે.

## સરકાર સંસદનું ખાસ સત્ર બોલાવે : પહેલગામ હુમલા અંગે વિપક્ષનું સૂચન

### દેશ વડાપ્રધાન સાથે ઉભો છે, સંસદના વિશેષ સત્રમાં બધા પાસેથી સૂચનો લેવા જોઈએ : કપિલ સિબલ

ન્યુ દિલ્હી :

પહેલગામ આતંકવાદી હુમલા અંગે વરિષ્ઠ વકીલ અને રાજ્યસભા સાંસદ કપિલ સિબ્બલે કહ્યું, ''મારે વડા પ્રધાન માટે કેટલાક સૂચનો છે. આ અંગે ચર્ચા કરવા માટે સંસદનું ખાસ સત્ર બોલાવવું જોઈએ અને દરેક પાસેથી સૂચનો લેવા જોઈએ. દેશ તેની સાથે ઉભો છે. આતંકવાદી આતંકવાદી હોય છે, તેનો કોઈ ધર્મ હોતો નથી. દેશની લાગણીઓને વિશ્વ



સમક્ષ રજૂ કરવા માટે સર્વસંમતિથી ઠરાવ પસાર થવો જોઈએ. આપણે શાસક અને વિપક્ષી પક્ષોના સાંસદોનું એક પ્રતિનિધિમંડળ આફ્રિકા, અમેરિકા, યુરોપ, ચીન, જાપાન, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, રશિયા અને દક્ષિણ અમેરિકા જેવા દેશોમાં મોકલવું જોઈએ, જેથી આપણે તેમને વૈશ્વિક સ્તરે પરિસ્થિતિ વિશે જણાવી શકીએ. જો આપણે આ પગલું નહીં ભરીએ, તો આપણે રાજદ્વારી દબાણ બનાવી શકીશું નહીં.''

## પહેલગામ આતંકી હુમલો બ્રિટનની સંસદમાં ગુંજ્યો : સાંસદોએ એટેકને કાયરતાપૂર્ણ ગણાવ્યો

### પીડિતોના પરિવારો મારી પ્રાર્થના : સાંસદ ઢેસી



લંડન, તા. ૨૫

બ્રિટનના સાંસદોએ જમ્મુ અને કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકી હુમલાની નિંદા કરી છે. બ્રિટનના સાંસદ તનમનજીત સિંહ ઢેસીએ આશા વ્યક્ત કરી કે હુમલા પાછળના ગુનેગારો સામે ટુંક સમયમાં કાર્યવાહી કરાશે. સંસદમાં પોતાના ભાષણમાં તનમનજીત સિંહ ઢેસીએ નાગરિકો પર થયેલા આતંકવાદી હુમલા પર દુ:ખ વ્યક્ત કરતા કહ્યું કે, 'હું પીડિતોના પરિવારો માટે પ્રાર્થના કરી રહ્યો છું.'

બ્રિટનના સાંસદ તનમનજીત સિંહ ઢેસીએ કહ્યું કે, 'આ અઠવાડિયે પોપ ફ્રાન્સિસના દુ:ખદ અવસાન પર આપણે શોક વ્યક્ત કરી રહ્યા છીએ, પરંતુ આ અઠવાડિયે જમ્મુ અને કાશ્મીરમાં નિર્દોષ પ્રવાસીઓ પર થયેલા આતંકી હુમલાથી પણ હું ખૂબ જ દુ:ખી છું. પીડિતોના પરિવારો માટે મારી પ્રાર્થનામાં છે, અને મને આશા છે કે ગુનેગારોને ટૂંક સમયમાં સજા મળશે.'

યુકે હાઉસ ઓફ કોમન્સના નેતા લ્યુસી પોવેલે પહેલગામમાં થયેલા હુમલાને કાયરતાનું કૃત્ય ગણાવ્યું અને કહ્યું કે, 'યુકે સરકારની સંવેદનાઓ અસરગ્રસ્ત લોકો સાથે છે, ખાસ કરીને જેમણે પ્રિયજનો ગુમાવ્યા છે. કાશ્મીરમાં આ ભયાનક આતંકી હુમલો હતો.

આ કાર્યક્રમમાં યુકેભરમાંથી ભારતીય ડાયસ્પોરા હાજર રહ્યા હતા, જેઓ પીડિતો અને તેમના પરિવારો સાથે શ્રદ્ધાંજલિ આપવા અને એકતા વ્યક્ત કરવા આવ્યા હતા.

### ચાર ત્રાસવાદીની અગાઉની તસ્વીરમાં મૂસા ઓળખાયો

## પહેલગામ હુમલાનો એક ત્રાસવાદી મૂસા અગાઉ બે હુમલામાં સંડોવાયો હતો: કડી મળી

### હવે લોકલ કોન્ટેકટની તપાસ: ૨ લાખ કોલની ચકાસણી શરૂ: સ્થાનિક ફેરિયા-ઘોડા માલીકોની પણ પુછપરછ શરૂ: પાક હેન્ડલર સાથે સંપર્ક હતો



હવે સુરક્ષા: શ્રીનગરના દાલ સરોવરમાં અર્ધલશકરીદળની સુરક્ષા ગોઠવાઈ છે

નવી દિલ્હી: પહેલગામમાં મંગળવારે થયેલા ત્રાસવાદી હુમલામાં તપાસ શરૂ થઈ છે અને આ તપાસ ગત વર્ષે થયેલા બે ત્રાસવાદી હુમલા સાથે કડી હોય તેવા સંકેત છે. ગત ઓકટોબરમાં ગંદરબાલમાં ત્રાસવાદીઓએ ૬ બિનકાશ્મીરી મજુરો અને એક સ્થાનીક તબીબની હત્યા કરી હતી અને બાટામુલ્લામાં પણ આ પ્રકારે હુમલામાં સૈન્યના બે જવાનો અને એક આર્મી પોર્ટરની પણ હત્યા થઈ હતી અને હવે પહેલગામ હુમલામાં જે ત્રણ ત્રાસવાદીઓની ઓળખ થઈ છે તેમાં એક હાસીમ મૂસાની અગાઉના હુમલામાં સંડોવણી ખુલ્લી છે. આ ત્રણેય ત્રાસવાદીઓ પર રૂા.૨૦-૨૦ લાખનું ઈનામ પણ જાહેર કરાયુ છે. અગાઉના એન્કાઉન્ટરમાં મૂસાના બે સાથીદારો ઠાર મરાયા હતા પણ મૂસા નાસી જવામાં સફળ રહ્યો હતો. આ સમયે માર્યા ગયેલા ત્રાસવાદી પાસેથી એક મોબાઈલ મળ્યો હતો તેની તપાસમાં એ ખુલ્યુ કે તેઓ પાકિસ્તાની માસ્ટરમાઈન્ડ કે ઓપરેટીવ સાથે સંપર્કમાં હતા.

માર્યા ગયેલા બે ત્રાસવાદી અરબાજ મીર અને જૂનેદ અહેમદ બન્ને કાશ્મીરના જ ફુલગામના રહેવાસી હતા.

તેઓ પાકમાં ત્રાસવાદી તાલીમ લઈને આવ્યા હતા અને બન્ને બાદમાં અલગ અલગ એન્કાઉન્ટરમાં સામેલ હતા. જે બાદમાં ઠાર મરાયા હતા.

તેમના પાસેથી જે મોબાઈલ મળ્યો તેનો ડેટા રીકવર કરાયો હતો અને તેઓને સતત પાકિસ્તાની હેન્ડલરનું માર્ગદર્શન મળતુ હતું તે નિશ્ચિત થયુ છે અને પહેલગામ હુમલામાં પણ આજ થિયરી અપનાવાઈ હોય તેમ માનવામાં આવે છે.

તેમના મોબાઈલમાંથી જે ફોટા મળ્યા હતા તે પહેલગામ હુમલાના સમયે હાજર પરિવારને દેખાડવામાં આવતા તેઓએ મૂસાને ઓળખી બતાવાયો હતો. હવે પોલીસે આ હુમલાના સ્થળના મોબાઈલ ટાવરમાં જે તે દિવસે ૨ લાખથી વધુ કોલ થયા હતા તેની તપાસ ચાલુ કરી છે જેથી તેના સ્થાનિક મદદગારની ઓળખ થઈ શકશે તથા તેઓને આ ક્ષેત્રમાં રહેવા સહિતની સુવિધા-હથિયાર કોણે પુરા પાડયા હતા તેની કડી મળી શકે છે. જો કે ત્રાસવાદી અત્યંત આધુનિક ચાઈનીઝ એપ માટે કોલ-મેસેજ કરે છે જે કોડેડ હોય છે પણ એકાદ કોલ તેઓએ રેગ્યુલર નેટવર્ક પરથી કર્યા હોય તો તે પણ ઉપયોગી બનશે.

તપાસ એજન્સીએ એક ત્રાસવાદી અદીલના નજીકના સંબંધની પુછપરછ શરૂ કરી છે તથા અહી નાના ફેરીયા વિ.ની પણ તપાસ શરૂ કરી છે.

## પાક. મંત્રીનું શરમજનક નિવેદન: પહેલગામના આતંકીઓને 'ફ્રીડમ ફાઈટર' કહ્યા



ઈસ્લામાબાદ (પાકિસ્તાન) તા.૨૫

જમ્મુ-કાશ્મીરમાં પહેલગામમાં ૨૬ લોકોના મોત માટે જવાબદાર આતંકવાદીઓને માટે પાકિસ્તાનના મંત્રીએ શરમજનક નિવેદન આપીને આ આતંકીઓને ફ્રિડમ ફાઈટર (સ્વાતંત્ર્ય સેનાની) કહ્યા હતા.

ખબર છે કે પાકિસ્તાનના વિદેશમંત્રી ઈશાક ડારે જમ્મુ-કાશ્મીરના પહેલગામમાં ૨૮ જેટલા નિર્દોષ પર્યટકોના ક્રુરતાથી જીવ લેનાર આતંકવાદીઓને લઈને શરમજનક નિઠઉવેદન આપ્યું છે. તેમણે રાજધાની ઈસ્લામાબાદમાં પત્રકારો સાથે વાતચીતમાં કહ્યું હતુ- ૨૨ એપ્રિલે જમ્મુ અને કાશ્મીર જિલ્લામાં પહેલગામમાં જે લોકોએ હુમલો કર્યો છે. તેઓ સ્વતંત્રતા સેનાની પણ હોઈ શકે છે. જો કે ઈશાક ડારના આ વિવાદી નિવેદનને લઈને હજુ ભારત સરકાર તરફથી કોઈ પ્રતિક્રિયા નથી આવી.

## ભારતની બદલાની ધમકીને પગલે પાકિસ્તાનમાં ભારતીય હાઈ કમિશન કચેરી સામે દેખાવો

### સિંધુ જળ સંધી રદ્દ કરવાનો નિર્ણય 'યુદ્ધનું કૃત્ય' : શાહબાજ

ઈસ્લામાબાદ, તા. ૨૫

પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલા બાદ ભારતના લોકોમાં ગુસ્સે છે. તો બીજી તરફ ભારતની બદલો લેવાની કાર્યવાહી બાદ પાકિસ્તાનમાં ફફડાટ ફેલાયો છે. લોકોમાં ડરનો માહોલ છે. બીજી તરફ ઈસ્લામાબાદમાં ડિપ્લોમેટિક એન્કલેવની (Indian High Commission) બહાર કેટલાક લોકોએ વિરોધ પ્રદર્શન કર્યું હતું. આ પ્રદર્શનોમાં રાજકીય પક્ષો અને હુર્રિયત સંગઠનોના સભ્યો પણ હાજર હતા. પ્રદર્શનકારીઓએ ભારતીય હાઈ કમિશનમાં પણ પ્રવેશવાનો પ્રયાસ કર્યો હતો.

સુરક્ષા અધિકારીઓ અને પ્રદર્શનકારીઓ વચ્ચે અથડામણ થઈ હતી, જેના કારણે અધિકારીઓએ વધુ કર્મચારીઓ તૈનાત કરવાની માંગ કરી છે. વિરોધ પ્રદર્શન દરમિયાન ભારત વિરોધી સૂત્રોચ્ચાર થયાના પણ અહેવાલો છે.

ભારતીય વિદેશ સચિવ વિક્રમ મિશ્રીએ બુધવારે ૨૩ એપ્રિલે કેબિનેટ કમિટી ઓન સિક્યુરિટી (CCS) ની બેઠક બાદ પાકિસ્તાન સામે કડક પગલાં લેવાની જાહેરાત કરી હતી. ભારત દ્વારા લેવામાં આવેલા પગલાંમાં સિંધુ જળ સંધિ અટકાવવા, વાઘા અટારી સરહદ તાત્કાલિક બંધ કરવા અને પાકિસ્તાની નાગરિકોના સાર્ક વિઝા રદ કરવાનો સમાવેશ થાય છે.

આ કડક પગલાં બાદ, પાકિસ્તાને પણ સમાન રાજદ્વારી પગલાં લીધાં અને સિંધુ જળ સંધિને સસ્પેન્ડ કરવાના નિર્ણયને ''યુદ્ધનું કૃત્ય'' ગણાવ્યું.શાહબાઝ શરીફે કહ્યું, ''સિંધુ જળ સંધિ મુજબ પાકિસ્તાનના પાણીના પ્રવાહને અવરોધવાનો અથવા વાળવાનો અને નીચલા નદી કિનારાના વિસ્તારોના અધિકારોનું ઉલ્લંઘન કરવાનો કોઈપણ પ્રયાસ યુદ્ધની કાર્યવાહી તરીકે ગણવામાં આવશે અને રાષ્ટ્રીય શકિતના સમગ્ર સ્પેકટ્રમમાં સંપૂર્ણ તાકાતથી જવાબ આપવામાં આવશે.''

તેમાં વધુમાં જણાવાયું છે કે પાકિસ્તાન ભારત સાથેના તમામ દ્વિપક્ષીય કરારોને સ્થગિત કરવાનો અધિકારનો ઉપયોગ કરશે, જેમાં શિમલા કરારનો સમાવેશ થાય છે પરંતુ તે મર્યાદિત નથી. આ ઉપરાંત, પાકિસ્તાને ભારત સાથેનો તમામ વેપાર સ્થગિત કરી દીધો અને વાઘા બોર્ડર ક્રોસિંગ તાત્કાલિક અસરથી બંધ કરવાની ધમકી આપી હતી.

### પહેલગામ હુમલા બાદ કાશ્મીરના શ્રીનગરમાં ફસાયેલા

# રાજકોટના નિરવ આચાર્ય અને તેનું ફેમિલી રાજય સરકારની મદદથી રાજકોટ પરત

### રાજય સરકારે શ્રીનગરથી પ્લેનમાં ટીકીટની ખાસ વ્યવસ્થા કરી આપીઃ રાજકોટ ઉપરાંત ભાવનગરના ચાર અને અમદાવાદના એક વ્યકિત પણ તેના વતનમાં પરત ફર્યાઃ આચાર્ય ફેમિલી રાજકોટ પરત ફરતા તાલુકા મામલતદાર અને તેની ટીમે મુલાકાત કરી ખબરઅંતર પૂછયા





રાજકોટ તા.૨૫

કાશ્મીરમાં આતંકવાદી હુમલા બાદ ત્યાં ફરવા ગયેલા અને ફસાઈ ગયેલા રાજકોટના પ્રવાસીઓ ક્રમશઃ પરત ફરવા લાગ્યા છે. આજરોજ સાંજે બે કપલ રાજકોટ આવી રહ્યા છે. જોકે તેની પહેલા આજરોજ બપોરે ૧૨-૩૦ કલાક આસપાસ રાજકોટના માધાપર ચોકડી પાસે આવેલ શ્રીરામ પાર્ક શેરી નં.૨માં રહેતા નિરવભાઈ આચાર્ય અને કિંજલબેન આચાર્ય અને તેમના બે પુત્રો જ્ઞાનેશ અને તીર્થ રાજય સરકારની મદદથી રાજકોટ આવી પહોંચ્યા હતા. રાજકોટ પહોંચતાની સાથે જ તેઓએ સરકારનો આભાર માન્યો હતો અને ભગવાનનો પાળ માની હાશકારો અનુભવ્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે જયારે નિરવભાઈ અને તેનું ફેમીલી પહેલગામના આતંકવાદી હુમલા બાદ શ્રીનગરમાં હોટલમાં ફસાઈ ગયા હતા ત્યારે અનેક પ્રયાસો છતાં રાજકોટ આવવા માટે ફલાઈટ બુકીંગની વ્યવસ્થા ન થતા તેઓએ અને તેમની સાથે રહેલા ભાવનગરના ચાર લોકો અને એક અમદાવાદના વ્યકિતએ સૌ પ્રથમ રાજકોટ કલેકટરનો સંપર્ક સાધ્યો હતો અને તેઓને પરત ફરવા માટેની કોઈપણ વ્યવસ્થા કરી આપવા વિનંતી કરી હતી.

આ વિનંતીના પગલે રાજકોટ જીલ્લા કલેકટર દ્વારા તાત્કાલિક રાજય સરકારનો સંપર્ક સાધવામાં આવ્યો હતો અને રાજકોટના ફેમીલીને પરત આવવા વ્યવસ્થા કરી દેવા દરખાસ્ત કરી હતી. જેનો સરકારે તુરંત જ હકારાત્મક પ્રતિભાવ આપી રાજકોટનું નિરવભાઈનું ફેમીલી તથા ભાવનગર અને અમદાવાદના લોકો માટે ફલાઈટમાં પરત આવવાની ખાસ વ્યવસ્થા કરી આપી હતી.

દરમ્યાન ગઈકાલે સાંજે ઉપરોકત લોકો શ્રીનગરથી પરત આવવા નિકળ્યા હતા. નિરવભાઈ તથા અન્ય લોકો શ્રીનગરથી બાય એર દિલ્હી અને ત્યાંથી અમદાવાદ આવ્યા હતા. જયારે અમદાવાદથી બાય રોડ કાર મારફતે આજે બપોરે ૧૨-૩૦ કલાક આસપાસ રાજકોટ ખાતે તેમના ઘરે પહોંચી ગયા હતા. દરમ્યાન આ પ્રવાસીઓ રાજકોટ આવવા રાજકોટ તાલુકા મામલતદાર મકવાણા તેમની ટીમ સાથે નિરવભાઈ આચાર્યના ઘરે દોડી ગયા હતા અને તેમના રાજય સરકાર વતી ખબર પૂછયા હતા. આ તકે નિરવભાઈના ફેમીલીએ કલેકટર અને રાજય સરકારનો ખુબ આભાર પણ માન્યો હતો. નિરવભાઈનો 'સાંજ સમાચારે' સંપર્ક સાધતા તેઓએ જણાવ્યું હતું કે શ્રીનગર સહિત સમગ્ર કાશ્મીરમાં હજુ પણ અજંપાભરી સ્થિતિ છે. અને લગભગ બંધ જેવી હાલત છે.

## અમિત શાહ અને એસ.જયશંકરની રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ સાથે મુલાકાતઃ કંઈક મોટું થવાની સંભાવના



દિલ્હી, તા.૨૫

જમ્મુ-કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકી હુમલાને લઈને દેશમાં લોકોમાં ગુસ્સો છે. જયારે સુરક્ષા એજન્સીઓ એલર્ટ મોડ પર છે. ત્યારે ભારત સરકાર પાકિસ્તાન સામે મોટી કાર્યવાહી કરવાની યોજના બનાવી રહી છે. કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ અને વિદેશ પ્રધાન એસ.જયશંકર રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ સાથે મુલાકાત કરી હતી. આ આતંકવાદી હુમલાને લઈને વિદેશ મંત્રાલયે અનેક દેશોના રાજદ્વારીઓ સાથે બેઠક યોજી હતી. કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહ અને વિદેશ મંત્રી ડો. એસ. જયશંકરે રાષ્ટ્રપતિ ભવનમાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ સાથે મુલાકાત કરી.

રાષ્ટ્રપતિએ ઈન્સ્ટાગ્રામ પર પોસ્ટ કરીને આ મીટિંગ વિશે માહિતી આપી અને એક ફોટો પણ શેર કર્યો. આ તસવીરમાં લાલ રંગની ફાઈલ દેખાઈ રહી છે. જેની જોરશોરથી ચર્ચા થઈ રહી છે. એક લાલ ફાઇલ ટેબલ પર રાખવામાં આવી છે અને બીજી લાલ ફાઇલ અમિત શાહના હાથમાં છે. આ લાલ ફાઇલમાં શું છે? આ અંગે કોઈ સત્તાવાર નિવેદન બહાર પાડવામાં આવ્યું નથી.

આ લાલ ફાઇલ હવે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ પાસે પહોંચી છે. જે રીતે અમિત શાહ અને એસ જયશંકર સીધા રાષ્ટ્રપતિને મળ્યા. તેનાથી પાકિસ્તાનમાં હલચલ મચી જશે. આ લાલ ફાઇલ સૂચવે છે કે કંઈક મોટું થવાનું છે. આ પહેલા ભારત સરકારે પાકિસ્તાન વિરૂદ્ધ રાજદ્વારી હડતાલ કરી હતી અને તેનો તમામ પુરવઠો કાપી નાખ્યો હતો.

## થાઈલેન્ડમાં મિનિ વિમાન ક્રેશઃ ૬ પોલીસ કર્મીઓના મૃત્યુ

### પોલીસ વિમાન ક્રેશનો વિડીયો વાયરલ



બેંગકોક (થાઈલેન્ડ) તા.૨૫

થાઈલેન્ડના દક્ષિણ ભાગમાં થયેલા ભયાનક વિમાન દુર્ઘટનાએ સમગ્ર દેશને હચમચાવી નાખ્યો છે. આજે સવારે ચા-અમ બીચ પર પોલીસ વિમાન દરિયામાં ક્રેશ થતાં ૬ પોલીસ અધિકારીઓના મોત થયા હતા.

આ અકસ્માત આજે ૨૫ એપ્રિલના રોજ સવારે ૮:૧૫ વાગ્યે થયો હતો, જ્યારે ફેચાબુરી પ્રાંતમાં કટોકટી સેવાઓને ચા-અમ રિસોર્ટ નજીક સમુદ્રમાં વિમાન દુર્ઘટનાનો અહેવાલ મળ્યો હતો. માહિતી મળતાં, ચા-આમ પોલીસ સ્ટેશન અને હુઆઈ સાઈ તાઈ ૦૧ પેટ્રોલ યુનિટની ટીમો ઘટનાસ્થળે પહોંચી અને નાના વિમાનના ક્રેશની પુષ્ટિ કરી હતી. આ અકસ્માતમાં ૬ પોલીસ અધિકારીઓના મોત થયા છે. પ્રાથમિક માહિતી મુજબ, તે પોલીસનું વિમાન હતું.આ અકસ્માત તાજેતરના વર્ષોમાં થાઇલેન્ડમાં થયેલા અનેક વિમાન દુર્ઘટનાઓમાંનો એક છે. આ સતત બનતી ઘટનાઓએ દેશની ઉડ્ડયન સુરક્ષા વ્યવસ્થા પર ગંભીર પ્રશ્નો ઉભા કર્યા છે. છેલ્લા કેટલાક વર્ષોમાં થાઇલેન્ડમાં ઘણી વિમાન દુર્ઘટનાઓ બની છે. લશ્કરી કવાયત દરમિયાન અકસ્માતો હોય કે નાગરિક વિમાનમાં ટેકનિકલ ખામીઓ હોય, આ બધાએ વહીવટ અને નાગરિક સુરક્ષા અંગે ચિંતાઓ ઉભી કરી છે.

હાલમાં રાહત અને બચાવ કાર્ય ચાલી રહ્યું છે. દરિયામાં પડી ગયેલા વિમાનનો કાટમાળ કાઢવાના પ્રયાસો ચાલી રહ્યા છે અને કાટમાળમાં ફસાયેલા અધિકારીને બચાવવા માટે એક ખાસ કામગીરી હાથ ધરવામાં આવી રહી છે.

## સિકકીમમાં ભારે વરસાદને પગલે ભૂસ્ખલનઃ એક હજાર જેટલા પર્યટકો ફસાઈ ગયા

### પર્યટકોની ૨૦૦ ગાડીઓ ફસાઈઃ અનેક લોકોએ ગુરૂદ્વારામાં આશ્રય લીધોઃ પર્યટકોની ટ્રાવેલ પરમીટ રદ



ગંગટોક (સિકકીમ) તા.૨૫

દેશમાં હાલ બે પ્રકારની ઋતુ જોવા મળે છે. એક બાજુ મોટાભાગના રાજયોમાં ભીષણ ગરમી છે ત્યારે પુર્વોતર રાજયોમાં ભારે વરસાદ વરસી રહ્યો છે, ખાસ કરીને સિકકીમમાં સતત વરસાદના કારણે લેન્ડ સ્લાઈડની ઘટનાઓ બની છે, જેના કારણે લગભગ ૧૦૦૦ જેટલા પર્યટકો ફસાયા છે.

રાજધાની ગંગટોક નજીક લગભગ ૧૦૦ કિલોમીટર દુર લાચેન ચુંગથાંગ રોડ પર મુંશીથાંગ અને લેમા/બોબમાં પર્યટકોની લગભગ ૨૦૦ ગાડીઓ ફસાઈ છે. તેમાં સવાર પર્યટકોએ એક ગુરૂદ્વારામાં આશરો લીધો છે. લાચુંગ અને લાચેન સુધી જતા માર્ગો ખરાબ રીતે અસરગ્રસ્ત થયા છે. જેથી પર્યટકોને નીકળવું મુશ્કેલ બની ગયુ છે.

લાચુંગ અને લાચેન હિલસ્ટેશન છે, જે ગુરુડોંગમાર સરોવર અને યુમથાંગ ખીણ સહિત પોતાની પ્રાકૃતિક સુંદરતા માટે જાણીતા છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે સતત વરસાદના કારણે સ્થિતિ વધુ ખરાબ થઈ ગઈ છે. સિકકીમમાં આગામી સૂચના સુધી પર્યટકોના આવવા પર રોક લગાવી દેવામાં આવી છે. તેમની ટ્રાવેલ પરમીટ પણ રદ કરી દેવામાં આવી છે.

## દેશના ૨૫ રાજયોમાં હીટવેવનું એલર્ટઃ ગુજરાતમાં ગરમીમાંથી રાહત મળી શકે

નવી દિલ્હીઃ એક બાજુ પૂર્વોતર રાજયોમાં કમોસમી વરસાદ પડી રહ્યો છે.તો દેશનાં ૨૫ રાજયોમાં હિટવેવનું એલર્ટ જાહેર કરાયું છે. તેલંગણા, પશ્ચિમ બંગાળ, ઓરિસ્સામાં ઓરેંજ એલર્ટ છે. ભીષણ ગરમીને લઈને ઝારખંડમાં સ્કુલોનાં સમય બદલાયા છે. તો ગુજરાત,ગોવા અને મહારાષ્ટ્રનાં કેટલાંક ભાગોમાં ગરમીથી થોડી રાહત મળવાની આશા છે.

હવામાન વિભાગે સિકકીમ, અરૂણાચલ, આસામ, મેઘાલય સહિત બધા પૂર્વોતર રાજયોમાં ભારે વરસાદની ચેતવણી જાહેર કરાઈ છે. આગામી ત્રણ દિવસમાં રાજસ્થાન, પંજાબ, હરિયાણા, ગુજરાત વગેરે રાજયોમાં હીટવેવની આગાહી કરાઈ છે.

## કરદાતાઓને ઝટકોઃ સેબી સહિત ચાર કાયદા હેઠળના કેસમાં ખર્ચની રકમ આવકવેરામાં 'મજરે નહીં પડે




નવી દિલ્હી તા.૨૫

કેન્દ્ર સરકારે કરદાતાઓને ઝટકો આપ્યો હોય તેમ સેબી-કોમ્પીટિશન સહિત ચાર કાયદા હેઠળ થયેલા કેસની કાર્યવાહી પર થતા ખર્ચની રકમને આવકવેરામાં મજરે આપવાનું બંધ કરી દેવામાં આવ્યુ છે.

કેન્દ્રીય સીધા કરવેરા બોર્ડ દ્વારા ઈસ્યુ કરાયેલા પરિપત્રમાં કહેવામાં આવ્યું છે કે સેબી કાયદા ૧૯૯૨, ડિપોઝીટરી કાયદા ૧૯૯૬, કોમ્પીટીશન કાયદા ૨૦૦૨ તથા સિક્યુરિટી કાયદા ૧૯૫૬ સહિત ચાર કાયદામાં નિયમભંગ કે જાતિ સંબંધી કેસ થયા હોય તથા તેની કાનૂની પ્રક્રિયામાં થતા ખર્ચની રકમને ખર્ચની વ્યાખ્યામાં ગણવામાં નહીં આવે અને આવકવેરામાં મજરે નહીં મળે. કરવેરા બોર્ડે કહ્યું કે આ નિયમને પગલે કાનૂની ખર્ચ તથા કોઈપણ પ્રકારના ભથ્થાને આવકવેરામાં ખર્ચ તરીકે ગણવાની મંજુરી નહીં રહે. આવકવેરા કાયદા ૧૯૬૧ની કલમ ૨૭(૧) હેઠળ કેસ પાછળના ખર્ચની રકમ વિશે લાંબાવખતથી કાનૂની દ્વિધા પ્રવર્તતી હતી. સેબીને ચુકવાયેલા સમાધાન પેમેન્ટને કોમર્સીયલ સુવિધાના આધારે વ્યવસાયિક ખર્ચમાં ગણવાની મંજુરી હતી. જો કે, કેન્દ્રીય સીધા કરવેરા બોર્ડે ૨૦૨૪માં કાયદાકીય સુધારો કર્યો હતો અને હવે તેને નોટીફાઈ કરવામાં આવ્યા છે. હવે ભારત કે દેશની બહાર આ ચાર કાયદા હેઠળના કેસ પાછળ થયેલા ખર્ચ કે સમાધાનની રકમની વ્યવસાયિક ખર્ચ તરીકે ગણતરીમાં નહીં લઈ શકાય. નિષ્ણાંતોએ કહ્યું કે નવુ નોટીફીકેશન છતા ફેમા અને અન્ય કાનૂનો તથા રિઝર્વ બેંકના નિયમોમાં હજુ અસંમજસતા યથાવત રહે છે.

## એક વર્ષમાં રૂા. ૨૭૧.૦૧ કરોડની વીજ ચોરી પકડી પાડતું પીજીવીસીએલ

### ૪.૭ લાખ વીજ જોડાણોની ચકાસણીઃ ૬૩૧૯૮ કનેક્શન મા ગેરરીતિ પકડાઇ

### સૌથી વધુ વીજ ચોરી જામનગરમા અને સૌથી ઓછી વીજ ચોરી ભુજમાં

રાજકોટ, તા.૨૫

સૌરાષ્ટ્ર કચ્છમાં પીજીવીસીએલ દ્વારા છેલ્લા એક નાણાંકીય વર્ષમાં વીજ ચેકિંગની કામગીરી દરમ્યાન આશરે રૂ. ૨૭૧.૦૧ કરોડ ની પાવર ચોરી પકડી પાડવામાં આવેલ. આ કામગીરી અધિક પોલીસ મહાનિર્દેશક રાજકુમાર પાંડિયન તેમજ પીજીવીસીએલના મેનેજીંગ ડાયરેક્ટર પ્રીતિ શર્મા મેડમના માર્ગદર્શન હેઠળ કરવામાં આવી છે.

એપ્રિલ-૨૦૨૪ થી માર્ચ-૨૦૨૫ દરમ્યાન કુલ ૪,૭૪,૩૪૭ વીજ જોડાણો ચેક કરવામાં આવેલ જેમાંથી કુલ ૬૩,૧૯૮ વીજ જોડાણોમાં વીજ ચોરીના પુરવણી બીલો આપવામાં આવેલ જેની અંદાજીત રકમ રૂ. ૨૭૧.૦૧ કરોડ છે.

જીયુવીએનએલનાં વડપણ હેઠળ પીજીવીસીએલનાં વિજીલન્સ વિભાગ તથા સબ ડીવીઝન / ડીવીઝન ના અધિકારીઓ / કર્મચારીઓ દ્વારા વીજ ચોરી ડામવા માટે સતત કામગીરીઓ કરવામાં આવેલ. ખાસ કરીને વીજચોરીમાં ડાયરેક્ટ લંગર, વાયરથી મીટર બાયપાસ, મીટરના સીલ સાથે ચેડાં કરીને, હેતુ ફેર, લોડ વધારો, સર્વિસ વાયર સાથે ચેડાં કરવા વગેરે પ્રકારની ગેરરીતિ વધુ પ્રમાણમાં જોવા મળી હતી.

વર્ષ દરમિયાન પાવર ચોરીનું રૂ. ૧ કરોડથી વધુ રકમનું બિલ આપવામાં આવ્યું હોય તેવા ગ્રાહકો જેમ કે (૧) ભચાઉ તાલુકાના માનફરા ગામના સિલિકા મેન્યુફેક્ચરિંગ યુનિટના વીજજોડાણમાં મીટર બાયપાસ કરી વીજ વપરાશ કરતા પકડાતા રૂ. ૧.૬૫ કરોડનું ટંકારા તાલુકાના વાઘગઢ ગામમાં ઓઈલ ઈન્ડ.ના ઔદ્યોગિક હેતુના યુનિટમાં ટર્મિનલ સીલ સાથે ચેડાં કરી વીજચોરી થયાનું માલૂમ પડતાં રૂ. ૧.૧૬ કરોડનું ,કોટડાસાંગાણી તાલુકાના વેરાવળ ગામના એન્જિનિયરીંગ વર્કર્સ યુનિટમાં મેગ્નેટનો ઉપયોગ કરીને વીજચોરી થતી હોવાની જાણ થતાં રૂ. ૧.૧૫ કરોડનું અને ગોંડલ તાલુકાના શેમળા ગામમાં સ્પિનિંગ મિલનું મીટર શંકાસ્પદ જણાતાં લેબોરેટરીમાં તપાસ અર્થે મોકલાતાં મીટર ધીમું ફરતું હોવાનું જણાતા રૂ. ૨.૪૧ કરોડનું તેમજ વાંકાનેર તાલુકાના લક્કડધાર ગામના ટાઈલ્સના યુનિટમાં મીટર ધીમું ફરતું હોવાનું માલૂમ પડતાં રૂ. ૨.૧૩ કરોડનું પૂરવણી બિલ આપવામાં આવ્યું હતું. વિવિધ ટીમો દ્વારા એપ્રિલ-૨૦૨૪ થી માર્ચ-૨૦૨૫ માસ દરમ્યાન સૌરાષ્ટ્ર-કચ્છમાં વીજ ચેકિંગ દરમ્યાન કુલ ૪,૭૪,૩૪૭ વીજ જોડાણોની ચકાસણી કરવામાં આવેલ જેમાંથી કુલ ૬૩,૧૯૮ કનેક્શનમાં ગેરરીતિ ઝડપાઈ હતી અને અંદાજે રૂ. ૨૭૧.૦૧ કરોડના પુરવણી બીલો આપવામાં આવેલ. રાજકોટ શહેરમાંથી ૨૩.૪૧ લાખ, ગ્રામ્ય વિસ્તારોમાં થી ૩૨.૮૧ લાખ મોરબી માથી ૨૨.૨૫ લાખ, જામનગર માથી સૌથી વધુ ૪૧.૨૮ લાખ, ભુજ માથી સૌથી ઓછી ૯.૨૦ લાખ પકડાઈ છે.

## આવકવેરા રિટર્ન ફાઈલ નહિં કરનારાને સરકારી યોજનાઓના લાભો નહિં મળે

### નિયમો વધુ સખ્તઃ લોન, પેન્શન, વિદેશ પ્રવાસ સહિતની સેવાઓમાં અનિવાર્ય

નવી દિલ્હી તા.૨૫

કેન્દ્ર સરકારે ગત બજેટમાં આવકવેરા મુકિત મર્યાદામાં મોટો વધારો કરીને મહત્વની રાહત આપી હતી હવે ઈન્કમટેકસ સંબંધી નિયમો વધુ કડક બનાવવામાં આવ્યા છે અને આવક કરમુકત હોવાનુ ગણીને રીટર્ન ફાઈલ ન કરનારા લોકોને સરકારી યોજનાના લાભો ન આપવા સહિતના આકરા નિયમો ઘડવામાં આવ્યા છે. ભારતમાં આવકવેરા રીટર્ન ફાઈલ કરવાની એક મહત્વપૂર્ણ પ્રક્રિયા છે. કાયદાકીય રીતે અનિવાર્ય રહેવાની સાથોસાથ અનેક રીતે ફાયદારૂપ પણ છે. કેન્દ્ર સરકારે તાજેતરમાં આવકવેરા રીટર્નને લગતા નિયમોમાં કેટલાંક ફેરફાર કર્યા છે જે કરદાતાઓ માટે ફાયદારૂપની સાથોસાથ પડકારજનક પણ બની શકે તેમ છે.નવા નિયમ હેઠળ આવકવેરા રીટર્ન ફાઈલ ન કરનારા કરદાતાઓ સરકારી સુવિધા તથા યોજનાઓનાં લાભોથી વંચિત રહી શકે છે.સરકારે બજેટમાં જ આવકવેરા તથા રીટર્નનાં નિયમોમાં બદલાવ કરી લીધો હતો જે અંતર્ગત ૧૨ લાખ રૂપિયા સુધીની આવક કરમુકત રહેવાની ઘોષણા કરવામાં આવી હતી. જોકે, આનો મતલબ એ નથી કે આવક ૧૨ લાખથી ઓછી હોવાનું ગણીને કરદારા રીટર્ન ભરવાનું બંધ કરી દે. કર ચુકવવાનો થતો ન હોય તો પણ રીટર્ન ફાઈલ કરવાનું અનિવાર્ય છે. અન્યથા નાણાંકીય દંડનો સામનો કરવો પડી શકે છે. ઉપરાંત સરકારી લાભોથી પણ વંચીત રહેતુ પડી શકે છે. કરવેરા નિષ્ણાંતોનાં કહેવા પ્રમાણે બેંકો કે નાણાંકીય સંસ્થાઓમાંથી ધિરાણ મેળવવાથી માંડીને વિદેશ પ્રવાસમાં ઈમીગ્રેશન પ્રક્રિયામાં રીટર્ન જરૂરી છે. આ સિવાય ટીડીએસ કપાતનાં સંજોગોમાં રીફંડ મેળવવા પણ રીટર્ન જરૂરી બની જાય છે. નવા નિયમો હેઠળ સરકાર દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યુ હતું કે આવકવેરા રીટર્ન ફાઈલ નહિં કરનારા કરદાતાઓને પ્રધાનમંત્રી આવાસ યોજના, ઉજજવલ યોજના જેની સરકારી કલ્યાણકારી યોજનાઓનો લાભ મળી શકતો નથી પેન્શન તથા અન્ય સબસીડીના લાભ માટે પણ રીટર્ન ફાઈલ કરવાનું અનિવાર્ય છે. આવકવેરા રીટર્ન ન ભરતા કે નિયત સમય કરતાં વિલંબથી ભરનારાની આવક પાંચ લાખથી વધુ હોય તો ૫૦૦૦ ની પેનલ્ટી લાગે છે.પાંચ લાખની ઓછી આવક પર ૧૦૦૦ ની પેનલ્ટી લાગે છે. નવી જોગવાઈઓ હેઠળ આવકવેરાની બેઝીક મુકિત મર્યાદા ચાર લાખ તથા સ્ટાન્ડર્ડ ડીડકશન ૭૫૦૦૦ છે.

## રૂા.૧.૨૦ કરોડની બાકી બેન્કલોનનાં કિસ્સામાં શ્રીનાથ પાર્કમાં મકાનનો કબ્જો લેતુ રેવન્યુ તંત્ર

### નાગરિક બેન્કની લોન નહી ભરતા કલેકટરની સુચના મુજબ કાર્યવાહી



રાજકોટ,તા.૨૫

આજરોજ રાજકોટ શહેર (પુર્વ) મામલતદારે બાકી બેન્ક લોનનાં કિસ્સામાં એક મકાનનો કબ્જો લઈ નાગરિક બેન્કને સોંપી દિધો હતો.

આ અંગેની પ્રાપ્ત થતી વધુ વિગતો મુજબ કલેકટર, રાજકોટ ના ધી સિક્યુરાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાઇનાન્સીયલ એસેટસ એન્ડ એરફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઇન્ટરેસ્ટ એક-૨૦૦૨ તળે સિક્યોર્ડ એસેટનો કબજો લેવા બાબત નો હુકમ નં. જે-એક્સ-સિક્યુ. એક્ટ-કેસ નં. ૪૨/૧૨ તારીખઃ-૦૭/૦૩/૨૦૧૩ ના રોજ હુકમ કરવામાં આવેલ હતો.

તેના માટેની નોટિસ તારીખઃ-૧૧/૦૪/૨૦૨૫ ડી. આર. પુરોહિત, નાયબ મામલતદાર દ્વારા તૈયાર કરી મામલતદાર, રાજકોટ શહેર(પૂર્વ) ની સહી કરી બજવેલ હતી.

રાજકોટ નાગરિક સહકારી બેંક દ્વારા રાજેશભાઈ નરશીભાઈ ઢોલરીયા અને મહેશભાઈ નરશીભાઈ ઢોલરીયા ને રાજકોટ શહેરના આવેલ કુવાડવા રોડ આવેલ શ્રીનાથ પાર્ક શેરી નં-૨ માં આવેલ ''વ્રજ કુટિર'' મકાન રેવન્યુ સર્વે નં.૧૧૦ પૈકીનાં બિનખેતીનાં રહેણાંક પ્લોટ્સ પૈકી સબ પ્લોટ નં. ૩૬ થી ૪૦/જે ની જમીન ચો.મી.૬૧-૨૩ ઉપર રહેણાંક મકાન નો કબજો આજ તારીખઃ-૨૫/૦૪/૨૦૨૫ના રોજ મામલતદાર એસ. જે. ચાવડા, રાજકોટ શહેર(પૂર્વ) અને સત્યમ શેરસીયા, સર્કલ ઓફિસર દ્વારા ઘી સિક્યુરાઈઝેન એક્ટ હેઠળ લીધો હતો.

મિલકત ઉપર તા. ૩૦/૦૬/૨૦૧૨ સુધીની બાકી પડતી લહેણી રકમ રૂા. ૧,૨૦,૪૯,૭૦૯-૨૩ અને ત્યારબાદના ચડત વ્યાજની રકમની વસુલાત માટે કબ્જો લેવામાં આવ્યો.

તારીખઃ-૨૫/૦૪/૨૦૨૫ ના રોજ રાજકોટ કલેકટર પ્રભવ જોશીના માર્ગદર્શન હેઠળ અને પ્રાંત અધિકારી રાજકોટ શહેર -૧ ચાંદની પરમાર મેડમની સૂચના મુજબ મામલતદાર એસ. જે. ચાવડા, મામલતદાર, રાજકોટ શહેર(પૂર્વ) અને સત્યમ શેરસીયા, સર્કલ ઓફિસર દ્વારા ધી સિક્યુરાઈઝેશન એક્ટ હેઠળ મિલકત નો કબ્જો લીધો હતો.

## કોર્પોરેશનમાં સ્ટેન્ડિંગ બેઠક દરમિયાન પત્રકાર ભાર્ગવ આચાર્યને હાર્ટ એટેક આવ્યોઃ હાલ સારવાર હેઠળ

રાજકોટ, તા.૨૫

રાજકોટ મહાનગરપાલિકાની સેન્ટ્રલ ઝોન કચેરી ખાતે આજે સ્ટેન્ડિંગ કમિટીની બેઠક હતી જેથી જુદા જુદા સ્થાનના પત્રકારો રિપોર્ટીંગ માટે આવેલ હતા આ દરમિયાન પત્રકાર ભાર્ગવભાઈ આચાર્યને અચાનક ગભરામણ થવા લાગતા અન્ય પત્રકારોએ ૧૦૮ માં જાણકારી હતી અને તત્કાલ ભાર્ગવભાઈને રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા અહીં રાજકોટ સિવિલ હોસ્પિટલના નવા બિલ્ડીંગમાં આઇસીયુ વિભાગમાં તેમને દાખલ કરવામાં આવ્યા હતા. તબીબોએ તુરંત જ સારવાર આપતા હાલ તેમની તબિયત સુધારા ઉપર હોવાનું જાણવા મળે છે.

## રાજકોટમાં લુખ્ખાઓ બેફામ : શ્રમિકને છરીનો ઘા મારી મોબાઈલ-રોકડની લૂંટ

### ભક્તિનગર પોલીસ મથક વિસ્તારમાં આવતા આરતી ઇન્ડસ્ટ્રીઝ વિસ્તારની ઘટના, ઇજાગ્રસ્ત શ્રમિક સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ



રાજકોટ, તા.૨૫

રાજકોટમાં લુખ્ખાઓ બેફામ બન્યા છે. અગાઉ પોલીસે અમુક આરોપીઓ સામે કડક કાર્યવાહી કરી હતી, પણ તેમ છતાં અસામાજિક તત્વો પોલીસને પડકાર ફેંકી રહ્યા હોય તેમ ગઈકાલે રાત્રે ભક્તિનગર પોલીસ મથક વિસ્તારમાં આવતા આરતી ઇન્ડસ્ટ્રીઝ એરિયામાં શ્રમિકને છરીનો ઘા મારી મોબાઈલ-રોકડની લૂંટ ચાલવી ચાર શખ્સ ફરાર થઇ ગયા હતા. ઇજાગ્રસ્ત શ્રમિક સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.

આ અંગે જાણવા મળેલી વિગત મુજબ જંગલુ ધનવર આદિવાસી (ઉં. વ.૩૫, રહે આરતી ઇન્ડસ્ટ્રી એરીયા બાબાખાન પાનની દુકાન પાસે, રાજકોટ) ગઈકાલે રાત્રે ૧૧ વાગે પોતાના ભાભીના ઘરેથી જમીને પોતાના રૂમ તરફ જઈ રહ્યો હતો ત્યારે આરતી મેન રોડ ઉપર અજાણ્યા ચાર જેટલા માણસોએ તેને અટકાવ્યો હતો અને તારી પાસે હોય તેટલા રૂપિયા આપી દે તેમ કહી માર માર્યો હતો. દરમિયાન એક આરોપીએ છરી કાઢી તેના સાથળમાં ધામ આવ્યો હતો અને બે લોકોએ પકડી રાખ્યા જ્યારે બીજા બે વ્યક્તિએ તેના કિસ્સામાંથી મોબાઇલ ફોન અને રૂ.૨૦૦ ની રોકડ કાઢી લીધી હતી. જંગલું મૂળ આસામનો વતની છે. અહીં તે કારખાનામાં મજૂરી કામ કરે છે. રાત્રે ચાલીને જતો હતો ત્યારે તેની સાથે આ ઘટના બની હતી. હાલ તે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં સારવાર છે. ભક્તિનગર પોલીસની ટીમએ તેનું નિવેદન લીધું છે અને આરોપીઓની શોધખોળ હાથ ધરી છે.







તસ્વીર: પંકજ શિશાંગીયા

# મ્યુનિ. કોર્પોરેશન દ્વારા ૧૧૭ કરોડના વિકાસ કામોને બહાલી : કોઠારીયાના સાઉથ ઝોન ઓફિસના નિર્માણ પ્રોજેકટને મંજૂરી



## સ્પોર્ટસ સંકુલ, ડ્રેનેજ, આવાસ યોજના, રોડ-રસ્તા, વોટર વર્કસ સહિતના કામોને મંજૂર કરતી સ્ટેન્ડીંગ કમીટી : ઘંટેશ્વર વર્ધમાન વિસ્તારની ૮૮ સોસાયટીમાં ડીઆઇ પાઇપલાઇન નંખાશે

રાજકોટ, તા. ૨૫

રાજકોટ મહાનગરપાલિકાની સ્ટે.કમીટીની ચેરમેન જયમીન ઠાકરના અધ્યક્ષસ્થાને મળેલી બેઠકમાં ૧૧૭ કરોડના વિકાસ કામોને બહાલી આપી દેવામાં આવી હતી. જેમાં રસ્તા કામ, વોટર વર્કસ, ડી.આઇ. પાઇપલાઇન, બોકસ કલ્વર્ટ, સ્પોર્ટસ સંકુલ, નવી ઝોન ઓફિસ, કોમ્પ્યુટર ખરીદી, ડ્રેનેજ, આવાસ યોજના સહિતના વિકાસ કામોનો સમાવેશ થાય છે.

સ્ટેન્ડીંગ કમીટીના ચેરમેન જયમીન ઠાકરે આ અંગેની માહિતી આપતા જણાવ્યું હતું આજની સ્ટેન્ડીંગના એજન્ડામાં મુકાયેલી તમામ ૩૨ દરખાસ્તો મંજૂરી આપી દેવામાં આવી છે. જેમાં વોર્ડ નં.૧૮ના કોઠારીયામાં રૂા. ૩૨.૫૪ કરોડના ખર્ચે સાઉથ ઝોન ઓફિસનું નિર્માણ થશે. ઉપરાંત મહાનગરપાલિકાની લીગલ શાખામાં લીગલ ઇન્ટર્સની ત્રણ જગ્યાઓ ઉપસ્થિત કરવા માટે એમઓયુ કરવાનું પણ મંજૂર કરાયું છે.

આ ઉપરાંત રૂા. ૩૫.૪૨ લાખના ખર્ચે નારાયણનગર પમ્પીંગ સ્ટેશનના દ્વિવાર્ષિક કોન્ટ્રાકટ આપવામાં આવેલ છે તેમજ રૂા. ૭૫.૪૯ લાખના ખર્ચે પ્રાણી ઉદ્યાન ખાતે લાયન સફારી પાર્કમાં પાણીનો ટાંકો બનાવાશે. વોટર વર્કસ અને ડ્રેનેજના ડીજી સેટ સર્વિસ તથા મેન્ટેનસ કામ માટે દ્વિવાર્ષિક રેટ કોન્ટ્રાકટ પણ બહાલ કરવામાં આવ્યો છે.

વોર્ડ નં.૧માં ઘંટેશ્વર વર્ધમાન વિસ્તારની ૮૮ સોસાયટીઓમાં રૂા. ૧૯.૨૫ લાખના ખર્ચે જનભાગીદારી યોજના હેઠળ ૧૫૦ એમએમ તથા ૧૦૦ એમએમ ડાયાની ડીઆઇ પાઇપલાઇન નાખવાનો કોન્ટ્રાકટ મંજૂર કરાયો છે. તેની સાથોસાથ વોર્ડ નં.૮માં નાના મવા મેઇન રોડ પર રાજનગર ચોકથી લક્ષ્મીનગર અન્ડર બ્રીજ સુધી વરસાદી પાણીના નિકાલ માટે પાઇપ ગટર, આવી જ રીતે વોર્ડ નં.૩માં પરસાણાનગર શેરી નં.૧માં વરસાદી પાણીના નિકાલ માટે પાઇપ ગટર, વોર્ડ નં.૬ના રાજીવ આવાસ યોજના ગોકુલ નગર પ્રોજેકટમાં રૂા. ૩૯.૮૦ લાખના ખર્ચે રીનોવેશનનું કામ સેન્ટ્રલ ઝોન ૬ વોર્ડમાં રૂા. ૩૧.૩૧ કરોડના ખર્ચે માર્ગોના કાર્પેટ કામ તેમજ વોર્ડ નં.૧૨ના વાવડી વિસ્તારમાં આવેલ અલય ગાર્ડન સોસાયટીમાં જનભાગીદારી યોજના હેઠળ રૂા. ૩૨.૩૫ લાખના ખર્ચે ડીઆઇ પાઇપલાઇન નાખવાનું કામ મંજૂર કરવામાં આવેલ છે.

આ ઉપરાંત વોટસએપ દ્વારા શહેરીજનોને મહાનગરની સેવાઓ આપવા માટે રૂા. ૧૭.૦૬ લાખના ખર્ચે દ્વિવાર્ષિક કોન્ટ્રાકટ આપવામાં આવેલ છે. આ અંગેનું કામ ગપસપ ટેકનોલોજી ઇન્ડીયા પ્રા.લી. ન્યુ દિલ્હીને સોંપવામાં આવેલ છે. તેમજ વોર્ડ નં.૩માં રૂા. ૫૦.૪૯ લાખના ખર્ચે પ્રાઇવેટાઇઝેશનથી ભુગર્ભ ગટર ફરિયાદોનો નિકાલનું કામ સોંપવામાં આવ્યું છે. તેની સાથોસાથ રૂા. ૭૭.૧૨ લાખના ખર્ચે વોર્ડ નં.૭માં આવેલ રામનાથ મહાદેવ મંદિર પાસે પાર્કિંગ માટે રીટેનીંગ વોલનું કામ મંજૂર કરાયું છે. જયારે વોર્ડ નં.૧૭ના પારડી મેઇન રોડ પર ટીપી સ્કીમ નં.૫ અંતિમ ખંડ નં. ૨૪૩માં રૂા. ૨૬.૭૨ કરોડના ખર્ચે સ્પોર્ટસ સંકુલના નિર્માણ કામને બહાલી આપી દેવામાં આવેલ છે.

વોર્ડ નં.૩માં ૧૫૦ ફુટ રીંગ રોડ પર માધાપર સર્કલની દક્ષિણ-પશ્ચિમ પાર્ટ-૧માં રૂા. ૪.૩૯ કરોડના ખર્ચે ડ્રેનેજ પાઇપલાઇન નાખવામાં આવશે. તેની સાથોસાથ આ જ વિસ્તારના પાર્ટ-૪માં ૪.૪૭ લાખના ખર્ચે ડ્રેનેજ પાઇપલાઇન નાખવા માટેનું કામ એજન્સીને સોંપવામાં આવેલ છે. તદઉપરાંત વોર્ડ નં.૭ના સર્વેશ્વર ચોકથી યાજ્ઞિક રોડને જોડતા હયાત વોંકળો ડાયવર્ટ કરી નવું બોકસ કલ્વર્ટ બનાવવાનું કામ રૂા. ૧.૭૭ કરોડના ખર્ચે સોંપાયુ છે. હાલ જે એજન્સી આ બોકસ કલ્વર્ટ અને વોંકળાનું કામ કરી રહી છે તે જ એજન્સીને કામગીરી ઝડપી બને તે માટે આ વધારાનું કામ સોંપવામાં આવ્યું છે.

## મ્યુનિ. કોર્પોરેશન દ્વારા ગુજરાત સ્થાપના દિવસ પ્રસંગે યોજાનાર મ્યુઝીકલ નાઇટ સહિતના કાર્યક્રમો રદ્દ

રાજકોટ, તા. ૨૫

મ્યુનિ. કોર્પોરેશન દ્વારા ગુજરાત સ્થાપના દિવસ પ્રસંગે પ્રતિ વર્ષ યોજાનાર મ્યુઝીકલ નાઇટ સહિતના રંગા રંગ સાંસ્કૃતિક કાર્યક્રમો આયોજીત કરવામાં આવે છે. પરંતુ તાજેતરમાં પહેલાગામ આતંકવાદી હુમલામાં ૨૮ પ્રવાસીઓના મોત નિપજતા રાજકોટ સહિત દેશભરમાં ભારે અરેરાટી સાથે શોકની લહેર પ્રસરી જવા પામી છે. જેને લઇને મ્યુનિ. કોર્પોરેશન દ્વારા ચાલુ વર્ષે યોજાનાર ગુજરાત સ્થાપના દિવસ ઉજવણીના કાર્યક્રમો રદ્દ કરી નાખવામાં આવેલ છે. મ્યુનિ. કોર્પોરેશન દ્વારા ચાલુ વર્ષે ગુજરાત સ્થાપના દિવસ પ્રસંગે સુદેશ ભોસલે મ્યુઝીકલ નાઇટનો કાર્યકમ આયોજીત કરવામાં આવેલ હતો. જે રદ કરી નાખવામાં આવેલ છે. કાશ્મીરના આતંકવાદી હુમલામાં ૨૮ પ્રવાસીઓના મોતથી દેશવાસીઓનું કાળજુ કંપી ઉઠયું છે. આ ઘટનાને તમામ જ્ઞાતિ સમાજો વખોડી રહ્યા છે અને દિવંગતોને શ્રધ્ધાંજલી આપવા માટે ઠેર ઠેર શ્રધ્ધાંજલી સભાઓ યોજાઇ રહ્યા છે. મ્યુનિ. કોર્પોરેશન દ્વારા પણ ગુજરાત સ્થાપના દિવસની ઉજવણીના તમામ કાર્યક્રમો રદ્દ કરી નાંખવામાં આવેલ છે.

## સીટી બસ દુર્ઘટના તેમજ પહેલગામ આતંકવાદી હુમલામાં જાન ગુમાવનારાઓને કોર્પો.ની સ્ટેન્ડીંગ કમીટીમાં બે મીનીટનું મૌન પાળી અપાઇ શ્રધ્ધાંજલી

રાજકોટ, તા.૨૫

રાજકોટના ઇન્દિરા સર્કલ પાસે સર્જાયેલ સીટી બસ દુર્ઘટનામાં જાન ગુમાવનાર ચાર વ્યકિતઓ તેમજ કાશ્મીરના પહેલગામમાં આતંકવાદી હુમલામાં મોતને ભેટનારા ૨૮ પ્રવાસીઓને આજે મ્યુનિ. કોર્પોરેશનની મળેલી સ્ટે.કમીટીની બેઠકમાં બે મીનીટનું મૌન પાળી શ્રધ્ધાંજલી અર્પિત કરવામાં આવી હતી.



અહીં એ ઉલ્લેખનીય છે કે થોડા સમય પહેલા શહેરના ઇન્દિરા સર્કલ પાસે બેકાબુ બનેલી સીટી બસે ચાર વ્યકિતઓના હડફેટે લેતા તેઓના મોત નિપજતા શહેરભરમાં ભારે અરેરાટી પ્રસરી જવા પામી હતી. આ મૃતકોના વારસદારોને મહાનગરપાલિકા દ્વારા રૂા. ૧૫-૧૫ લાખની સહાયના ચેક અર્પણ કરવામાં આવેલ હતા. આ ઘટનામાં દિવંગત થયેલા મૃતકોને આજની આ સ્ટેન્ડીંગમાં અંજલી અર્પિત કરવામાં આવી હતી અને પરિવારજનોને સાંત્વના પાઠવવામાં આવી હતી.

જયારે પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલામાં પણ નિર્દોષ એવા ૨૮ પ્રવાસીઓના મૃત્યુ થતા તેઓને પણ અંજલી અર્પીત કરવામાં આવી હતી.

# નકલી પોલીસ બની ત્રણ યુવાનો પાસેથી રૂા. ૧૭ હજાર પડાવનાર બે શખ્સો ઝડપાયા

## ભુતખાના ચોક પાસે મોડી રાત્રે એકટીવામાં આવેલ બેલડીએ યુવાનોને રોકી ત્રણ સવારીમાં કેમ જાવ છો તેમ કહી અટકાવ્યા : બાદમાં અન્ય બે શખ્સોએ આવી પોપટપરા જેલમાં ધકેલવાની ધમકી આપી રૂપિયા પડાવી લીધા'તા

### એ ડીવીઝન પોલીસે ગુનો નોંધી સમીર અને રોહિત નામના શખ્સોને સકંજામાં લઇ પુછપરછ આદરી : અન્ય બે શખ્સોની શોધખોળ

રાજકોટ, તા. ૨૫

શહેરમાં નકલી પોલીસની બોલબાલા છે અને સમયાંતરે પોલીસ તરીકેની ઓળખ આપી સામાન્ય નાગરિકોને લુંટી રહ્યા છે. ત્યારે તેવી જ ટોળકીએ એક છાત્ર અને તેના મિત્રો પાસેથી રૂા. ૧૭ હજાર પડાવી લીધાનો ચોંકાવનારો કિસ્સો બહાર આવ્યો છે જે મામલે એ ડીવીઝન પોલીસ મથકમાં ગુનો દાખલ કરીને બે શખ્સોને પકડી લઇ અન્ય બે શખ્સોની શોધખોળ આદરી છે.

બનાવની વિગત મુજબ નાના મવા મેઇન રોડ પર દેવનગર-૪/૬૬ના ખુણે રહેતા અને બીબીએનો અભ્યાસ પૂર્ણ કરનાર અભય અશ્વિનભાઇ મુંછડીયા (ઉ.વ.૨૧) ગત તા. ૧૯ના રાત્રે તેના બે મિત્રો નયન ભીખાભાઇ મકવાણા (ઉ.વ.૧૯, રહે. વર્ધમાન વિહાર, કણકોટ રોડ) અને ક્રિશ રતિલાલ વાઘેલા (ઉ.વ.૧૯, રહે. પંચરત્ન પાર્ક, કણકોટ રોડ) સાથે એકટીવામાં અમુલ સર્કલે આવેલી ઇંડાની લારીએ નાસ્તો કરી ચુનારાવાડ ચોકમાં માવો ખાવા માટે ગયા હતા. જયાંથી બે અજાણ્યા શખ્સોએ બાઇક પર તેમનો પીછો કર્યો હતો. ભુતખાના ચોક પાસેના એચ.પી. પેટ્રોલ પંપ સામેના રોડ પર બંને શખ્સોએ તેમને અટકાવી કહ્યું કે તમે ત્રણ સવારીમાં કેમ છો તેમના એકટીવાની ચાવી કાઢી લીધી હતી તે સાથે જ બંને શખ્સોએ કોઇને કોલ કરીને કહ્યું અમે પોલીસ છીએ અમારા સાહેબ આવશે પછી કહેશું કે તમારો વાંક શું છે.

થોડીવારમાં બીજા બાઇક પર વધુ બે અજાણ્યા શખ્સો ધસી આવ્યા હતા અને કહ્યું કે અત્યારે રાત્રે ચડ્ડો પહેરીને કેમ ફરો છો. ચાલો તમને પોલીસ ચોકીએ લઇ જવા છે ત્યાર બાદ તેમની પાસેથી રૂા. પાંચ લાખની માંગણી કરી હતી. પરંતુ અભય અને તેના મિત્રોએ રકમ આપવાની ના પાડતા શખ્સોએ કહ્યું કે પૈસા નહીં આપો તો તમને બધાને રેપ કેસમાં પોપટપરાની જેલમાં ત્રણ મહિના માટે પુરાવી દઇશું તમારે પૈસા તો આપવા જ પડશે જે બાદ ત્રણે મિત્રોના ખિસ્સા ચેક કરવા લાગ્યા હતા. જેમાંથી નયનના પાકિટમાંથી રૂા. ૭ હજાર નીકળતા તે પડાવી લીધા હતા. જે બાદ ત્રણેયના ફોન-પે પણ ચેક કર્યા હતા અને હજુ રૂા. ૧૦ હજાર તો આપવા જ પડશે તેમ કહેતા રૂા. ૧૦ હજાર ઓનલાઇન મંગાવ્યા હતા. બાદમાં ચારે શખ્સો નાસી છુટયા હતા.

બનાવ અંગેની ફરિયાદ પરથી એ ડીવીઝન પોલીસે ગુનો નોંધી નકલી પોલીસ બનનાર સમીર અને રોહિત નામના શખ્સને સકંજામાં લઇ પુછપરછ આદરી હતી. તેમજ અન્ય બે શખ્સોને પણ શોધખોળ યથાવત રાખી છે.

### કોંગ્રેસ નવસર્જન અભિયાન હેઠળ પાંચ નિરીક્ષકોની ટીમ રાજકોટમાં: ૩ દિવસ રોકાશે

# રાજકોટ કોંગ્રેસ પ્રમુખપદ માટે એક ડઝનની દાવેદારી

## દિલ્હીના એક તથા પ્રદેશના ચાર નિરીક્ષકોની આગેવાનો સાથે વન-ટુ-વન બેઠકઃ રિપોર્ટ કેન્દ્રીય મોવડીમંડળને મોકલાશે

## ડો.વસાવડા, ભટ્ટી, અનડકટ, ડાંગર સહિતના જુના જોગીઓ મેદાનમાંઃ અતુલ રાજાણીએ ચૂંટણી લડવાની ઈચ્છા દર્શાવીને મુક્તિ માંગી

રાજકોટ તા.૨૫

રાજકીય મોરચે એક પછી એક પછડાટ ખાતી કોંગ્રેસે હવે ગુજરાતથી પાર્ટીના કાયાકલ્પ-નવસર્જનની કવાયત હાથ ધરી છે તેના ભાગરૂપે કેન્દ્રીય-રાજયના કોંગ્રેસના નિરીક્ષકો રાજકોટના ત્રણ દિવસના પ્રવાસે આવ્યા છે. બપોરથી શરૂ થયેલી પ્રમુખ પસંદગી માટેની સેન્સમાં એકાદ ડઝન આગેવાનોએ દાવેદારી પેશ કરી હતી.



તસ્વીર: પંકજ શિશાંગીયા

કોંગ્રેસના સૂત્રોએ કહ્યું કે રાષ્ટ્રીય મોવડીમંડળમાંથી ડો. શ્રીરીવેલા પ્રસાદ તથા પ્રદેશ કમીટીમાંથી ઋત્વિક મકવાણા, જયદીપસિંહ ગોહિલ, એમ.કે.બ્લોચ તથા ઝાકિર ચૌહાણ નિરીક્ષક તરીકે રાજકોટ આવ્યા છે. શનિવાર સુધી રાજકોટમાં રોકાણ કરશે. શહેર પ્રમુખપદ માટે સેન્સ લેશે. ઉપરાંત શહેરીજનોને મળીને રાજકોટમાં કોંગ્રેસની સ્થિતિ તથા આગેવાનોની તાકાત વિશે રિપોર્ટ મેળવશે.

શહેર કોંગ્રેસ કાર્યાલય પર બપોરથી નિરીક્ષકોએ સેન્સ પ્રક્રિયા શરૂ કરી હતી. એકાદ ડઝન આગેવાનોએ પ્રમુખપદ માટે દાવા રજુ કર્યા હતા. જસવંતસિંહ ભટ્ટી, હેમાંગ વસાવડા, સંજય અજુડીયા, વશરામ સાગઠીયા, ગાયત્રીબા વાઘેલા, પ્રભાત ડાંગર, ગોપાલ અનડકટ વગેરેએ દાવા પેશ કર્યા હતા.શહેર કોંગ્રેસના વર્તમાન પ્રમુખ અતુલ રાજાણીએ એમ કહ્યું કે આગામી કોર્પોરેશન ચુંટણી લડાવવા નેતાગીરી ઈચ્છતી હોય તો પોતાને પ્રમુખપદની જવાબદારીમાંથી મુક્ત કરવા માંગ કરી હતી.

આ તકે ઋત્વિક મકવાણાએ કહ્યું કે એઆઈસીસી ના નિરીક્ષકે જણાવ્યું હતું કે ગુજરાતમાં નવું સંગઠન માળખા અંતર્ગત બે દિવસ સુધી શહેરના તમામ કોંગ્રેસના આગેવાનો અને કોર્પોરટરો, પૂર્વ કોર્પોરેટરો તમામના મંતવ્યો લેવામાં આવશે અને મારી સાથે પ્રદેશ કોંગ્રેસ સમિતિના નિરીક્ષકો છે તેમની સાથે મંત્રણા કરીને એ એઆઇસીસીમાં રિપોર્ટ કરવામાં આવશે. આ દેશભરમાં જિલ્લા કમિટી, જિલ્લા પ્રમુખો માટે સેન્સ પ્રક્રિયા કરવામાં આવી છે. એમાં સૌપ્રથમ ગુજરાત રાજ્યમાં તેનું અમલીકરણ કરવામાં આવેલ છે જેના ભાગરૂપે આજ રોજ રાજકોટ શહેર તમામ કાર્યકર્તાઓને વન ટુ વન સાંભળવામાં આવશે અને જે પ્રમુખ માટેના દાવેદરો છે તે અંગે ટૂંક સમયમાં નિર્ણય લેવામાં આવશે. દેશભરમાં કોંગ્રેસ પાર્ટી દ્વારા સંવિધાન બચાવો આંદોલન પણ ચાલી રહ્યું છે જે લોકો કામ કરવાવાળા હશે તેવા કોંગ્રેસ આગેવાનને અગ્રતા આપવામાં આવશે. કોઈપણ ગ્રુપ વગર જે લાયક હશે તેને જ જિલ્લા અને શહેર પ્રમુખની જવાબદારી સોંપવામાં આવશે આ તકે ઋત્વિક મકવાણાએ કહ્યું કે, રાજ્યમાં કોંગ્રેસના નવા સંગઠનની શરૂઆત એઆઈસીસી ના નિરીક્ષક સાથે રાજકોટ શહેર અંગે પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા નિયુક્તિ કરવામાં આવી છે. સંગઠનમાં યુવાનો, મહિલા, એસટી, એસટી, ઓબીસી ને પૂરતું પ્રત્યુતર મળે સંગઠન સૃજન અભિયાનમાં કોઈને અન્યાય ન થાય અને દરેકને મહત્વ મળી રહે તે પ્રકારે આગામી દિવસોમાં એઆઇસીસી સુચનાનુસાર માળખું જાહેર કરવામાં આવશે. ઘરમાં સામાન્ય લોકો પાસેથી પણ અભિપ્રાય લેવામાં આવશે.

# સોની બજાર ગઢની રાંગ પાસે રહેતા શબ્બીરભાઈ માંકડાનો કોહવાઈ ગયેલી હાલતમાં મૃતદેહ મળ્યો

રાજકોટ, તા.૨૫

શહેરની સોની બજાર પાસે ગઢની રાંગ નજીક ગુર્જરી બજારમાં રહેતા શબ્બીરભાઈ અશગર અલી માંકડા(ઉં. વ.૫૫)નો કોહવાઈ ગયેલી હાલતમાં મૃતદેહ તેના ઘરમાંથી જ મળ્યો હતો.

આજે બપોરે શબ્બીરભાઈના ઘરમાંથી દુર્ગંધ આવવા લાગતા આસપાસના લોકોએ તપાસ કરતા શબ્બીરભાઈ અંદર જ હોવાનું જાણવા મળેલ. જેથી પોલીસને જાણ કરી હતી. દરવાજો તોડી અંદર જોતા શબ્બીરભાઈનો કહોવાઈ ગયેલી હાલતમાં મૃતદેહ મળી આવ્યો હતો. તેના સગા સંબંધીઓને જાણ કરાતા તેઓ દોડી આવ્યા હતા. પોલીસ પૂછપરછમાં તેઓએ જણાવ્યું હતું કે, શબ્બીરભાઈના એકલવાયું જીવન જીવતા હતા. તેઓ ત્રણ ભાઈ બે બહેનમાં નાના હતા. અપરણીત હતા તથા ચપ્પલની દુકાનમાં કામ કરતા હતા. ઘરમાં જ તેને હાર્ટ એટેક આવી ગયો હોય તેવું હાલ અનુમાન છે જોકે પોલીસે મૃતદેહ ફોરેન્સિક પોસ્ટમોર્ટમ માટે સિવિલ હોસ્પિટલના પીએમ રૂમ ખાતે ખસેડી વધુ તપાસ હાથ ધરી હતી.



# રાજસ્થાન ભાજપના તમામ ધારાસભ્યો ગુજરાતમાં સુશાસનના 'પાઠ' શિખશે

## ખુદ મુખ્યમંત્રી શર્મા પણ ત્રણ દિવસ સામેલ થશે

રાજકોટ: ગુજરાતમાં સતત ૩૦ વર્ષથી સતામાં રહેલા ભાજપ હવે આગામી સમયમાં દેશના વિવિધ રાજયોના ભાજપ શાસનના રાજયોના ધારાસભ્યોને સુશાસનના પાઠ શિખવશે. જેનો પ્રારંભ રાજસ્થાનના ધારાસભ્યોથી થશે. તા.૫ મે થી ૭ મે સુધી રાજસ્થાન ભાજપના ધારાસભ્યો માટે અમદાવાદમાં પણ ટ્રેનીંગ કેમ્પ યોજાશે. જેમાં રાજસ્થાનના મુખ્યમંત્રી ભજનલાલ સહિત તમામ મંત્રીઓ ધારાસભ્યો હાજર હશે અને તમામ માટે હાજરી ફરજીયાત છે. બાદમાં મુખ્યમંત્રી સહિત મંત્રીઓના અંગત સ્ટાફને પણ આ પ્રકારે તાલીમ અપાશે. એક વખત આ કેમ્પ સફળ થયા બાદ અન્ય રાજયોના ભાજપના રાજયોના ધારાસભ્યોને પણ સામેલ કરાશે.

# રિઝર્વ બેન્કે વર્ષમાં ૫૭.૫ ટન સોનું ખરીદ્યુંઃ કુલ સ્ટોક ૮૭૯.૬ ટન

## ભૌગોલિક ટેન્શનની સાથોસાથ ફગાવા-કરન્સી વોલાટીલીટીમાં ઉપયોગી; કુલ વિદેશી હુંડિયામણમાં ૧૧.૮ ટન સોનું હોવાનો રીપોર્ટ

મુંબઈ તા.૨૫

સોનાના ભાવોમાં કેટલાંક વખતથી અસામાન્ય અને રેકોર્ડબ્રેક તેજી છે ત્યારે રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડીયાએ નાણાં વર્ષ ૨૦૨૫ માં ૫૭.૫ ટન સોનુ ખરીદ કર્યું હોવાનું જાહેર થયુ છે. એક જ વર્ષમાં સૌથી વધુ સોનુ ખરીદવામાં આ જથ્થો બીજા નંબરે છે. વિશ્વમાં જુદા જુદા ક્ષેત્રોમાં ભૌગોલીક ટેન્શન, અમેરિકી ડોલરમાં ઉથલપાથલ, અમેરિકી સરકારી બોન્ડ માથે સંકટના વાદળો સહિતનાં કારણોથી 'સેફ હેવન' સમાન સોનુ ખરીદવાનું વલણ અપનાવાયુ છે.



માર્ચ ૨૦૨૫ ના અંતે રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા પાસે સોનાનો કુલ સ્ટોક ૮૭૯.૬ ટન થયો છે જે આગલા નાણાંકીય વર્ષના અંતે ૮૨૨.૧ ટન હતો. રિઝર્વ બેન્કે એક વર્ષમાં સૌથી વધુ ૬૬ ટન સોનુ નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨ માં ખરીદ કર્યું હતું.૨૦૨૨-૨૩ માં ૩૫ ટન તથા ૨૦૨૩-૨૪ માં ૨૭ ટન સોનુ ખરીદ કરાયું હતું.

અમેરિકામાં રાષ્ટ્રપતિ પદની ચુંટણી વખતથી ડોલરમાં ઉથલપાથલ શરૂ થઈ હતી અને ત્યારથી માત્ર ભારત જ નહિં વિશ્વભરની દેશોની સેન્ટ્રલ બેંકોની સોનાની ખરીદી વધવા લાગી હતી. સેફ હેવન ઉપરાંત ફુગાવા સામે 'હેજ' માટે સોનું ખરીદવામાં આવતુ હોય છે. નિષ્ણાંતોનાં કહેવા પ્રમાણે અમેરિકન ટ્રેઝરી તરફ આકર્ષણ ઓછુ થતાં સેન્ટ્રલ બેંકનું ફોકસ સોનાની ખરીદી તરફ વળ્યુ હતું. વિશ્વના તમામ દેશો અમેરિકી ટ્રેઝરી તરફથી ધ્યાન હટાવીને સોનાનો સ્ટોક વધારવાનું વલણ અપનાવી રહી છે.

વર્લ્ડ ગોલ્ડ કાઉન્સીલનાં રીપોર્ટમાં પણ એવો નિર્દેશ કરવામાં આવ્યો હતો કે વધતી ગોલ્ડ ડીમાંડમાં વિશ્વની સેન્ટ્રલ બેંકોની મોટી ભૂમિકા રહી છે. ૧૧ એપ્રિલની સ્થિતિએ ભારતના વિદેશી હુંડીયામણ અનામતમાં સોનાનો હિસ્સો ૧૧.૮ ટકા હતો જે એક વર્ષ પૂર્વે ૮.૭ ટકા રહ્યો હતો. ચાલુ વર્ષમાં સોનામાં ૩૦ ટકાનો ભાવ વધારો થયો છે. તેનો પણ રીઝર્વ બેન્કને લાભ મળ્યો છે.

ભારતને લાગેવળગે છે ત્યાં સુધી સોનાના સ્ટોકમાં વધારો કરવાથી વિદેશી કરન્સી માર્કેટમાં ઉથલપાથલ સાથે પણ રક્ષણ મળી રહયું છે. જાન્યુઆરીથી નવેમ્બર ૨૦૨૪ માં રીઝર્વ બેન્કે દર મહિને સરેરાશ ૬.૬ ટન સોનુ ખરીદ કર્યુ હતું.ડીસેમ્બર તથા ફેબ્રુઆરીમાં કોઈ ખરીદી કરી ન હતી જાન્યુઆરી-માર્ચની ખરીદી પણ માસીક એવરેજથી ઓછી હતી.

## રાજકોટના બજાર ભાવ

| તેલ (૧૫ કિલો) | ભાવ |
|---|---|
| સીંગતેલ તેલ (નવા ડબ્બા) | ૨૨૬૫-૨૩૧૫ |
| સીંગતેલ (જૂના ડબ્બા) | ૨૨૧૫-૨૨૬૫ |
| કપાસીયા તેલ (નવા ડબ્બા) | ૨૨૦૦-૨૨૫૦ |
| કપાસીયા તેલ (જૂના ડબ્બા) | ૨૧૫૦-૨૨૦૦ |
| પામોલીયન તેલ | ૨૦૩૫-૨૦૪૦ |
| મસ્ટર્ડ તેલ | ૨૦૩૦-૨૦૬૦ |
| સનફલાવર તેલ | ૨૧૪૦-૨૧૬૦ |
| મકાઇ તેલ | ૨૦૩૦-૨૦૫૦ |
| વનસ્પતિ ઘી | ૨૨૬૦-૨૨૮૦ |
| કોપરેલ | ૩૯૫૦-૪૦૦૦ |
| દિવેલ | ૨૧૫૦-૨૧૬૦ |



### સોનુ-ચાંદી

| સોનુ (૧૦ ગ્રામ) | ચાંદી |
|---|---|
| ૯૮૮૦૦(-૬૦૦) | ૧૦૦૫૦૦(-) |

### સોમનાથમાં કાલ ભૈરવ મંદિર-પાલીતાણાના મહંત પૂ. શ્રી રમેશભાઈ શુકલના વ્યાસાસને રામકથાનો પ્રારંભ

# જે ઘરમાં મારૂ નહિ પણ તારૂની ભાવના ઉજાગર હોય ત્યાં રામાયણ છે

**સોમનાથમાં હું કથા કરવા નથી આવ્યો, હું સરદારજીને ચિરાંજલી આપવા આવ્યો છું**

**સોમનાથએ નિર્વાણની ભૂમિ છે, ભગવાન શ્રીકૃષ્ણએ ભાલકા તીર્થમાં લીલા પુરી કરી**

**રામાયણના કાળમાં બહુમતી પ્રાધાન્ય ન હતી પરંતુ સર્વમતી પ્રાધાન્ય ધરાવતી હતી**

**રામ અને ભરત વચ્ચે અયોધ્યાની ગાદી છોડવાની હરીફાઈ હતી આજે ગાદી મેળવવા કાવાદાવા થઈ રહ્યાં છે**

રાજકોટ, તા. ૨૫

સોમનાથમાં કુહાડા પરિવાર દ્વારા સાગર દર્શન હોલમાં કાલ ભૈરવ મંદિર (પાલીતાણા)ના મહંત, સુપ્રસિધ્ધ કથાકાર પૂ. શ્રી રમેશભાઇ શુકલની ૬૭૭મી રામકથા-માનસ વંદેમારતમનો ગઇકાલથી પ્રારંભ થયો છે.

કથાકાર પૂ. રમેશભાઇ શુકલએ રામકથામાં જણાવ્યું કે ધરતીના ગોળા ઉપર રામકથા હતી જ નહિ ત્યારે શ્રી વાલ્મિકી ઋષિએ પ્રથમ રામકથાની રચના કરી પરંતુ એ કથા સંસ્કૃતમાં લખાયેલી હતી જેની ૨૪ હજાર શ્લોક છે આ કથા લોકોના હૃદય સુધી ન પહોંચી શકતા શ્રી વાલ્મિકી ઋષિએ સંવત ૧૫૫૪માં શ્રાવણ સુદ ૭ના બીજો જન્મ આત્મારામ દુબેના કુળમાં થયો તેમણે તુલસીદાસ નામ ધારણ કર્યુ, શિવજીના આદેશથી તેમણે હિન્દી ભાષામાં રામકથા લખી.

તેમણે કથા દરમ્યાન જણાવ્યું કે જે ઘરમાં તારૂ તારૂ આવે ત્યાં રામાયણ છે ભરતજી એક કહે પ્રભુ ગાદી તમારી છે શ્રી રામજી કહે ભરત ગાદી તારી છે, શ્રી રામ અને ભરતની વચ્ચે અયોધ્યાની ગાદી ઝોલા ખાતે કોઇ લેવા તૈયાર નહોતું ગાદી છોડવાની હરીફાઇ હતી આજે લોકો ગાદી લેવા માટે દોડે છે.



રામાયણ કાળમાં બહુમતી પ્રધાન્ય ન હતી, સર્વમતી પ્રધાન્ય હતી. એકમત શાસન વિરૂધ્ધ જાય તો ગાદી ન સ્વીકારે. શ્રીરામ અને કૈકેયી માતાની ચુંટણી કરી હોય તો શ્રી રામ જ જીતે કૈકેયી માતાને ત્રણ મત મળે એક તો એનો પોતાનો. બીજો શ્રી રામ એને મા તરીકે મત આપે. ત્રીજો એમના ગુરૂ મંથરાનો મત મળે. ડીપોઝીટ ચાલી જાય.

ભગવાન શંકર પરમ વૈષ્ણવ છે. ભાગવત કથાના પ્રધાન વકતા પણ એ છે. રામકથાના પ્રધાન વકતા પણ એ છે. કતા સંખ્યા કરતા એકાગ્રતાની જરૂર છે. આપણે કથામાં બેસીએ છીએ પણ કથા આપણામાં બેસતી નથી. બાદશાહ ઔરંગઝેબનો ત્રાસ થયો ત્યારે મહાપ્રભુજી વલ્લભાચાર્યજીનું પ્રાગટય થયું. આ દેશમાં સનાતન ધર્મ માયે આચાર્યોનું ઘણું પ્રદાન છે. શ્રી શંકરાચાર્યજી શ્રી રામાનંદાચાર્યજી વગેરે.

શ્રી સોમનાથ એ નિર્વાણની ભૂમિ છે. ભગવાન કૃષ્ણ જુમ્યા મથુરામાં. મોટા થયા ગોકુળમાં અને ૧૦૦ વર્ષ દ્વારકામાં વિતાવ્યા અને છેલ્લે પ્રભાસ સોમનાથના ભાલકા તીર્થમાં લીલા પુરી કરી.

સોમનાથ માટે ઘણા બલીદાન દેવાયા છે. વિર હમીરજીથી માંડી ભીલ સમાજ વેગડાજી ખારવા સમાજ, આહીર સમાજ એમ ઘણા બધા સમાજના લોકોએ શહીદી વહોરી છે.

લાખો સલામ ઉનકો જો મરકે જી ગયા, સરદાર પટેલ ન હોત તો સોમનાથ મંદિરનું નિર્માણ ન થયું હોત. વ્યાસપીઠ પરથી એ મહાપુરૂષને લાખો મારા પ્રણામ. સોમનાથમાં હું કતા કરવા નથી આવ્યો. હું સરદારજીને ચિરાંજલી આપવા આવ્યો છે.

કથામાં મોટી સંખ્યામાં ભાવિકો ઉમટી પડયા હતા. કથા દરમ્યાન વિવિધ પ્રસંગોની ઉજવણી કરવામાં આવનાર છે.

## ગચ્છાધિપતિ આ.શ્રી નરદેવ સાગરસૂરીશ્વરજી મ. ના ૮૪ માં જન્મદિનની પાલીતાણા આગમ મંદિરમાં ઉજવણી કરાઇ

**સાગર સમુદાયના અનેક આચાર્યોના ચાતુર્માસની જય બોલાવાઈઃ વિવિધ સમુદાયના અનેક આચાર્યોએ ગુણાનુવાદ કર્યા**

(મેહુલ સોની)
પાલીતાણા, તા.૨૫

ચૈત્ર વદ ૧૧ગુરૂવારના શુભદિને આગમોધ્ધારક શ્રી સાગરજી મ.સા. સમુદાયના વરિષ્ઠ ગચ્છાધપતિ આચાર્યશ્રી નરદેવ સાગર સૂરીશ્વરજી નો જન્મદિન હતો. પાલીતાણા આગમંદિરના વિશાળ હોલમાં સુંદર સાજ સજ્જા, રંગોળી, દીવડા, ગડુલીઓ સાથે શતાધિક સાધુ-સાધ્વીઓની પાવન ઉપસ્થિતિમાં ૮૪ માં જન્મદિનની સુંદર ઉજવણી કરાઈ હતી.

આ પ્રસંગે શાસન પ્રભાવક પૂ. આચાર્ય અશોક સાગર સૂરીશ્વરજી, પૂ. આચાર્ય સાગરચંદ્ર સાગર સૂરીશ્વરજી, પૂ. આચાર્ય પૂર્ણચંદ્રસાગર સૂરીશ્વરજી, પૂ. આચાર્ય સૌમ્યચંદ્રસાગર સૂરીશ્વરજી, પૂ. આચાર્ય વિવેકચંદ્રસાગર સૂરીશ્વરજી, અપૂર્વ-આગમ-રમ્ય ચંદ્રસાગર સૂરીશ્વરજી આદિ અનેક પદસ્થો, મુનિઓ, સાધ્વીજીઓ તેમજ પાલીતાણા સ્થિત જુદા જુદા સમુદાયના આચાર્યો અને મુનિઓ પણ પધાર્યા હતા. આ સાથે ચાતુર્માસ જયોત્સવનો પ્રસંગ હોવાથી અનેક જૈન અગ્રણીઓ પણ પધાર્યા હતા.



સુંદર રાગમાં સંસ્કૃત અષ્ટકના ગાન દ્વારા પ્રસંગની શરૂઆત કરાઈ હતી. ત્યારબાદ વિવિધ ગુરુ ભગવંતોએ પૂજ્યશ્રીના ગુણવૈભવને બખૂબી વર્ણવ્યો હતો. ૯૫૦ સાધુ સાધ્વીજીના નાયક પદે હોવા છતાં બાળક જેવી નિખાલસતા, જ્ઞાનના શિખરે બિરાજતા થતા દર્પણ જેવી નિર્દોષતા, તપોમય જીવન, સ્વયં ૯ વર્ષિતપ કરનારા તથા સળંગ ૨૬ વર્ષથી અનેકોને તપમાં જોડનારા, સંસ્કૃતમાં નુતન સર્જન તથા વાર્તાલાપ કરનારા, જયોતિષમાં પારંગત, પાંચે આચારમાં પવિત્ર, તપાગચ્છ ની પ્રવર સમિતિમાં બિરાજતા એવા પૂજ્યશ્રીના ગુણોને જાણી સૌ અહોભાવિત થયા હતા. પૂ. આચાર્ય સાગરચંદ્ર સાગર સૂરીશ્વરજીએ દરેક પૂજ્યોના વકતવ્યની કડીઓનું કુનેહ થી અનુસંધાન કર્યું હતું.

આ અવસરે સુરત વેસુ આગમોધ્ધારક ધાનેરા ભવનના ટ્રસ્ટીઓની વિનંતીથી પૂ. ગચ્છાધિપતિ શ્રી તથા પૂ. આચાર્ય અશોકસાગર સૂરીશ્વરજી તથા પૂ. આચાર્ય સાગરચંદ્ર સાગર સૂરીશ્વરજીના ચોમાસાની જય બોલાવાઈ હતી. આ સાથે સમુદાયના અનેક આચાર્યો, પદસ્થોના ચાતુર્માસ માટે પાલીતાણા, સુરત, અમદાવાદ, મુંબઈ, ભાયંદર, ઇન્દોર, જામનગર, પૂના, ઊંઝા, આણંદ, પાટણ, ગિરનાર, થાણા, વાલકેશ્વર, હૈદરાબાદ, ભાવનગર, જયપુર વગેરે અનેક નગરોના વિવિધ સંઘોમાં ચાતુર્માસ માટે રજા અપાઇ હતી.

## રાજકોટ નાગરિક સહકારી બેંક લિ. દ્વારા '૨૭'માં નિઃશુલ્ક ક્રિકેટ કોચીંગ કેમ્પનું આયોજન

**તા.૩૦ સુધી ફોર્મ સ્વીકારાશેઃ તા. ૧ મે થી માધવરાવ સિંધીયા ક્રિકેટ ગ્રાઉન્ડ, રેસકોર્ષ ખાતે પ્રારંભ**

રાજકોટ, તા.૨૫

આજના સમયમાં અભ્યાસ કરતાં બાળકોને જોઈ વાલીઓ ચિંતાતુર રહે છે કે ભણવામાંથી ઉંચા આવે તો કંઈક રમત રમી શકે ? એમાંય પાછું થોડા નવરા પડે એટલે મોબાઈલ તો જોઈએ જ. કોને કહેવું આ દુઃખ. ન રહેવાય કે ન સહેવાય તેવી સ્થિતિ વડિલોની છે.



દરેક માતા-પિતાની ચિંતાને દૂર કરવા અને દફતર, પુસ્તકો, નોટબુકો, મોબાઈલને છોડી, રમત ક્ષેત્રે કારકિર્દી ઘડવાની સુવર્ણ તક આપવા માટે, રાજકોટ નાગરિક સહકારી બેંક લિ. દ્વારા સતત '૨૭'માં નિઃશુલ્ક ક્રિકેટ કોચિંગ કેમ્પનું આયોજન કરાયેલુ છે. જેમાં ભાગ લેવા માટેનું પ્રવેશ ફોર્મ વિતરણ અને સંપુર્ણ વિગત ભરીને તા. ૨૫ થી ૩૦ એપ્રિલ (રવિવાર અને બીજા-ચોથા શનિવારની રજા સિવાય) સવારે ૧૦ થી ૨ અને ૩ થી ૫ દરમ્યાન બેંકની રાજકોટની તમામ શાખાઓમાં પરત આપી શકાશે. ક્રિકેટ કોચીંગ કેમ્પનો પ્રારંભ તા. ૧ મેને ગુરૂવારથી થશે. સમય સવારે ૬:૩૦ થી ૮ નો રહેશે. આ કેમ્પમાં ૪ થી ૧૬ વર્ષના બાળકો (બોયઝ એન્ડ ગર્લ્સ)ને ઘનિષ્ઠ તાલીમ આપવામાં આવશે.

## જૈનમંદિર તોડી પાડવા પાછળના કથિત ભ્રષ્ટાચારની તપાસ માટે લઘુમતી પંચે એસીબીને આદેશ આપ્યો



**"BMC એ મૂર્તિઓ અને સાહિત્ય ફેંકીને અમારી શ્રદ્ધાનો અનાદર કર્યો છે, જેને આપણે ફક્ત પૂજાના કપડાથી સ્પર્શ કરીએ છીએ.":અનિલ શાહ**

મુંબઈ,તા.૨૫

મુંબઈઃ મહારાષ્ટ્ર રાજ્ય લઘુમતી પંચે ભ્રષ્ટાચાર વિરોધી બ્યુરો (ACB) ને વિલે પાર્લેના ૧૦૦૮ પાર્શ્વનાથ દિગંબર જૈન મંદિરના ધ્વંસ પાછળના સંભવિત ભ્રષ્ટાચારની તપાસ કરવા જણાવ્યું છે. જૈન સમુદાયે વિલે પાર્લે પોલીસ સ્ટેશનમાં પણ ફરિયાદ નોંધાવી છે, જેમાં મંદિર તોડી પાડવા અને ધાર્મિક લાગણીઓને ઠેસ પહોંચાડવા બદલ નાગરિક અધિકારીઓ સામે કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી છે.

બીએમસી પર આરોપ છે કે તેમણે ઉતાવળમાં કાંબલીવાડી મંદિર તોડી પાડ્યું, અને હાઈકોર્ટના સ્ટેની પણ રાહ ન્હોતી જોઈ. મંદિર ટ્રસ્ટ અને ઓલ ઈન્ડિયા જૈન માઈનોરિટી ફેડરેશનની અરજીઓ પર કાર્યવાહી કરતા, કમિશને મંગળવારે તેની પહેલી સુનાવણીમાં, ઉતાવળિયા પગલા માટે BMCને ઠપકો આપ્યો અને પડોશી હોટલ પર તેના મૌન પર પ્રશ્ન ઉઠાવ્યો, જેના માલિક પર તોડી પાડવાનો આરોપ છે. તે જ દિવસે નાગરિક અધિકારીઓ અને પોલીસ સાથે સ્થળનું સંયુક્ત નિરીક્ષણ કરવામાં આવ્યું ત્યારે પેનલે ACB ને બોલાવી. ગુરુવારે તેની બીજી સુનાવણીમાં, કમિશને એજન્સીને કહ્યું કે તે નક્કી કરે કે કોઈ અધિકારીએ વ્યક્તિગત લાભ માટે કામ કર્યું છે કે નહીં.

કમિશનના નિર્દેશને અનુસરીને, મંદિર ટ્રસ્ટે ઔપચારિક ફરિયાદ દાખલ કરીને માંગ કરી હતી કે બળજબરીથી તોડી પાડવા બદલ નાગરિક અધિકારીઓ સામે ગુનો દાખલ કરવામાં આવે, જેમાં કહેવામાં આવ્યું છે કે ઘણી મૂર્તિઓ અને પવિત્ર ગ્રંથોને તોડી પાડવામાં આવ્યા હતા. ટ્રસ્ટી અનિલ શાહે કહ્યું, "BMC એ મૂર્તિઓ અને સાહિત્ય ફેંકીને અમારી શ્રદ્ધાનો અનાદર કર્યો છે જેને આપણે ફક્ત પૂજાના કપડાથી સ્પર્શ કરીએ છીએ."



## ૐ દાદા ફાઉન્ડેશન તથા ૐ કારા આર્મી દ્વારા આતંકી હુમલામાં નિર્દોષ મૃતકોના ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ અર્પણ કરાઇ

પેહલગામમાં થયેલા આતંકી હુમલામાં નિર્દોષ મૃતકોના આત્માની શાંતિ અર્થે ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ અર્પણ કરવા માટે આત્યોગી શ્રી ૐ દાદાના આદેશ મુજબ ૐ દાદા ફાઉન્ડેશન તથા ૐકારા આર્મી દ્વારા ૐ દાદા ફાઉન્ડેશન કાર્યલય ખાતે ઉપસ્થિત સર્વે સભ્યોએ ૩ મિનિટ મૌન પૂર્વક '૩૦' મંત્ર જપ કરીને મૃતકોના આત્માની શાંતિ માટે પ્રાર્થના સહ ભાવપૂર્વક શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. ૐ દાદાએ આતંકી હુમલાને કડક શબ્દોમાં વખોડી લોકોને સ્વયંની સુરક્ષા માટે સજ્જ રહેવા અને એક રહેવા અપીલ કરી. ૐ દાદા દ્વારા કહેવામાં આવ્યુ કે, નિર્દોષ મૃતકોની સાચી શ્રધ્ધાંજલિ ત્યારે જ કહેવાશે જ્યારે યુવા પેઢી દેશ સેવામાં પ્રેરિત થાય તેમજ સમાજ સાચા અર્થે એક બને ત્યારેજ આતંકવાદ જેવા મહાદૂષણ ને નાથી, સાચી શ્રદ્ધાંજલિ પ્રદાન કરી શકાશે.

## હઝરત ગેબનશાહ પીર દરગાહ શરીફ ટ્રસ્ટ રાજકોટ સંચાલિત મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પીટલ ખાતે મેગા મેડીકલ કેમ્પનું આયોજન

**નિદાન સાથો સાથ દવાઓ પણ નિઃશુલ્ક અપાશે**

રાજકોટ, તા.૨૫

વિશેષ આ કાર્યક્રમની શરૂઆત પેહલગામ આંતકવાદી હુમલાના મૃતકો અને રાજકોટ સીટીબસ અકસ્માતમાં મૃત્યુ પામનાર મૃતકોને શ્રધ્ધાંજલિ આપી કરવામાં આવશે.

રાજકોટમાં કોમી એકતાના પ્રતિક હઝરત ગેબનશાહ પીર દરગાહ શરીફ ટ્રસ્ટ દ્વારા સંચાલીત મલ્ટીસ્પેશ્યાલીટ હોસ્પીટલ ખાતે વિનામુલ્યે મેગા મેડીકલ કેમ્પનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. જેમા નિદાન સાથો સાથ દવાઓ પણ નિઃશુલ્ક આપવામાં આવશે. આ મેગા મેડીકલ કેમ્પ આગામી ૨૭ એપ્રિલ ૨૦૨૫, રવીવારના રોજ સવારે ૧૦ થી બપોરે ૦૧ સુધી હઝરત ગેબનશાહ પીર દરગાહ શરીફ, કોઠી કમ્પાઉન્ડ, જંક્શન પ્લોટ, રાજકોટ ખાતે યોજાશે.

જેમાં શહેરના જાણીતા અને અલગ અલગ સ્પેશ્યાલીસ્ટ ડોક્ટર્સ સેવા આપશે. આ કેમ્પમાં મગજને લગતા રોગો, કરોડરજ્જુ, સાંધા ને લગતા રોગ, કીડની અને મુત્રાશય ને લગતા રોગ, મેલેરીયા, ડાયાબીટીસ, ટી.બી., ડેન્ગ્યુ, ટાઇફોઇડ, હાડકાના રોગ, કાન નાક ગળા ને લગતા રોગ, દાંતના રોગ, સ્ત્રીરોગ, તેમજ તાવ શરદી ઉધરસ વગેરે તમામ રોગોનું વિના મુલ્યે નિદાન કરવામાં આવશે અને દર્દીની જરૂરિયાત મુજબ વધુમાં વધુ પાંચ થી આઠ દિવસની દવાઓ ફ્રી આપવામાં આવશે. આ કેમ્પમાં આવતા દર્દીઓ એ પોતાના તમામ જુના રીપોર્ટ સાથે લઇ આવવાના રહેશે.






## ડિગ્રી ઈન્ટીરીઅર ડિઝાઈન સ્કૂલ 'કિચ સ્કૂલ ઓફ ડિઝાઈન' નો ત્રીજા વર્ષમાં શાનદાર પ્રવેશ : શાનદાર ઉજવણી

વર્ષ ૨૦૨૩ માં કિચ સ્કૂલ ઓફ ડીઝાઇન'ની સ્થાપના કરવામાં આવેલ હતી. બે વર્ષની સફળ શૈક્ષણિક સફર બાદ કિચ સ્કૂલ ઓફ ડીઝાઇન" ત્રીજા વર્ષમાં શાનદાર પ્રવેશ કરી રહેલ છે. દ્વિતીય વર્ષ ની પુર્ણાહુતી ના મંગલ અવસરે વીવીપી ટ્રસ્ટના ટ્રસ્ટી ડો.નરેન્દ્રભાઈ દવે, 'ઇપ્સા'ના નિયામક આર્કિ.કિશોરભાઈ ત્રિવેદી, બન્ને કોલેજના આચાર્ય ઓ, વાલીઓ, વિદ્યાર્થીઓ તેમજ કર્મચારીગણની વિશાળ ઉપસ્થિતિમા હર્ષ-ઉલ્લાસ સભર વાતાવરણમાં દીપ પ્રાગટ્ય થકી સમારોહ ની શુભ શરૂઆત કરવામાં આવેલ હતી, ત્યારબાદ વિદ્યાર્થીઓની વિવિધ ઉપલબ્ધિઓ ના બહુમાન સ્વરૂપે પ્રમાણ પત્રો એનાયત કરવામાં આવેલ હતા.

### રવિવારે ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા ડાયાબિટીસ અંગે ટોકશોનું આયોજન

રાજકોટ,તા.૨૫

ગીર ગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા આગમી તા.૨૭ ને રવિવારના રોજ સાંજે ૫:૩૦ કલાકે ધોળકિયા સ્કૂલ યુનિવર્સિટી રોડ, રાજકોટ ખાતે શું ડાયાબીટીસ આવતા પહેલા જ એની ખબર પડી શકે? કેવી રીતે ખબર પડે? શું કરવું જોઇએ? સહિતની માહિતી "તન કી બાત" "મીઠું ઝેર" વિષય પર ડો.હિતેશ જાની વિસ્તૃત માહિતી આપશે.



## ગુરૂપ્રસાદ ચોક ખાતે આયોજીત સમૂહ લગ્નોત્સવમાં ૧૩ દંપતિઓને પ્રભુતામાં પગલા માંડયા

રાજકોટ કૃષ્ણનગર મેઈન રોડ ખાતે પીપળવાળી મેલડી માતાના મંદિરે દર વર્ષની જેમ સમૂહ લગ્નમાં ૧૩ દંપતિએ પ્રભુતામાં પગલાં માંડયા હતા. દાતાઓ દ્વારા પ્રાપ્ત થયેલ સોના-ચાંદી તથા જીવન જરૂરીયાતની ચીજ-વસ્તુઓ કન્યાઓને કરીયાવરરૂપે આપવામાં આવી હતી. વાજતે-ગાજતે, ધામ-ધૂમે આ શુભ પ્રસંગ ઉજવાયો હતો. આ શુભ પ્રસંગે લોક સાહિત્યકાર તુલસીદાસ ગોંડલીયાએ પ્રસંગને અનુરૂપ પોતાની વિવિધ શૈલીમાં વિનામૂલ્યે કલાનો સદ્ઉપયોગ કરેલ હતો. આ શુભ પ્રસંગને સફળ બનાવવા જય શ્રી પીપળવાળી મેલડીમાં મિત્ર મંડળ,ગુરૂપ્રસાદ ચોક તથા માતાના ભકતોએ જહેમત ઉઠાવી હતી.

## વર્ધમાન ચેરીટેબલ ટ્રસ્ટ અને ડિવાઈન ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા નિઃશુલ્ક દંતરોગ ચિકિત્સા કેમ્પ યોજાયો

ભાણવડ તાલુકાના કલ્યાણપર ગામે વર્ધમાન ચેરીટેબલ ટ્રસ્ટ અને ડીવાઈન ચેરીટેબલ ટ્રસ્ટ - રાજકોટ ના ઉપક્રમે નિઃશુલ્ક દંતરોગ ચિકિત્સા કેમ્પ સફળતા પૂર્વક યોજાયેલ. જેમાં ૨૨ દર્દીઓને દાંતની બત્રીસી માટે માપ લેવામાં આવેલ દાંત અને પેઢાના રોગના દર્દીઓને તપાસી સારવાર અને સલાહ આપવામાં આવેલ જે દર્દીઓ ને દાંત કાઢવાની જરૂરીયાત હતી તેવા ૧૪ દર્દી ઓ ને આયુર્વેદની "જાલંધર બંધ" પદ્ધતિથી દાંત નિઃશુલ્ક કાઢી આપવામાં આવેલ.

## આતંકીહુમલાના દિવંગતોને સીનીયર સીટીજન ગ્રુપનાં સભ્યો દ્વારા મૌન પાળી શ્રદ્ધાંજલી



કાશમીરનાં પહેલગાંવમાં થયેલ આતંકિ હુમલામાં માર્યા ગયેલા લોકોને શ્રદ્ધાંજલી આપવા માટે રાજકોટ નાં વોર્ડ નં ૯ માં આવેલ બાલમુકુન્દ ગાર્ડનમાં હેપ્પી તથા મોજે મોજ સીનીયર સીટીજન ગ્રુપનાં સભ્યો દ્વારા મૌન પાળી શ્રદ્ધાંજલી આપવામાં આવી હતી.



## આતંકી હુમલામાં મૃત્યુ પામેલ નિર્દોષ લોકોને રાજકોટ બાર એસો. દ્વારા શ્રધ્ધાંજલી પાઠવાઈ

રાજકોટ, તા. ૨૫

જમ્મુ કશ્મીરના પહેલગામ મુકામે આતંકવાદીઓ દ્વારા હુમલો કરવામાં આવેલ અને આ હુમલામાં નિર્દોષ પ્રવાસીઓ મૃત્યુ પામેલ હતા. આ હુમલામાં જે નિર્દોષ લોકો મૃત્યુ પામ્યા તેઓની આત્માને મોક્ષ મળે અને તેઓના પરીવારજનો ઉપર આવી પડેલ દુઃખ સહન કરવાની પરમાત્મા શક્તિ આપે તે માટે આજરોજ રાજકોટ બાર એસો.ના બાર રૂમમાં શ્રધ્ધાંજલી અને પ્રાર્થના સભા કરવામાં આવેલ. આ દુઃખદ બનાવને રાજકોટ બાર દ્વારા દુઃખ વ્યક્ત કરી સખ્ત શબ્દોમાં વખોડવામાં આવેલ. અને સરકાર દ્વારા સખ્તમાં સખ્ત પગલા લેવામાં આવે તે બાબતે ઉદબોધન કરવામાં આવેલ. આ શ્રધ્ધાંજલી અને પ્રાર્થનાસભામાં રાજકોટ બારના પ્રમુખ પરેશભાઈ મારૂ, ઉપપ્રમુખ સુમીતભાઈ વોરા, સેક્રેટરી સંદીપભાઈ વેકરીયા, જોઈન્ટ સેક્રેટરી



જીતુભાઈ પારેખ, ટ્રેઝરર પંકજભાઈ દોંગા, લાયબ્રેરી સેક્રેટરી કેતનભાઈ મંડ, ટ્રેઝરર પંકજભાઈ દોંગા કારોબારી મેમ્બર પ્રગતીબેન માકડીયા, તુષારભાઈ દવે, સંજયભાઈ ડાંગર, અશ્વીન રામાણી, કિશન રાજાણી, નીકુંજ શુકલ, પરેશ પાદરીયા, મુનીશભાઈ સોનપાલ, હીરેનભાઈ ડોબરીયા, રક્ષાબેન ઉપાધ્યાય તથા જીલ્લા સરકારી વકીલ સંજયભાઈ વોરા તથા તમામ સરકારી વકીલો, સીનીયર વકીલ લલીતસિંહ જે. શાહી, મનીષભાઈ ખખ્ખર, મુકેશભાઈ દેસાઈ, પી.સી.વ્યાસ, અર્જુનભાઈ પટેલ, રૂપરાજસિંહ પરમાર, તુષારભાઈ ગોકાણી, ધીમંતભાઈ જોષી, હિતેન્દ્રસિંહ જાડેજા, મુકેશભાઈ પંડયા, જીતેન્દ્રભાઈ ગોસ્વામી, સ્મીતાબેન અત્રી, અમીતાબેન સીપ્પી, બહોળી સંખ્યામાં સીનીયર જુનીયર વકીલ ભાઈઓ તથા બહેનો હાજર રહેલ હતા.

## સ્વામિનારાયણ ગુરૂકુળ દ્વારા શાળામાં સ્કાઉટ પ્રવૃત્તિનો પ્રારંભ

સ્વામિનારાયણ ગુરૂકુળ રાજકોટ ખાતે પૂ. ગુરૂ મહારાજ શ્રી દેવ કૃષ્ણદાસજી સ્વામી તથા પૂ. મહંત સ્વામીની પ્રેરણા અને પૂ. જનમંગલ દાસજી સ્વામીના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓ વિવિધ ક્ષેત્રે પોતાનુ નામ રોશન કરી રહ્યા છે ત્યારે અહીં ચાલતી અનેકવિધ પ્રવૃત્તિઓમાં વધુ એક પ્રવૃત્તિ સ્કાઉટનો પ્રારંભ તાજેતરમાં જ દીક્ષા સમારોહથી કરવામાં આવ્યો. આ દીક્ષા સમારોહમાં રાજકોટ શહેર સ્કાઉટ ચીફ કમિશનર સિદ્ધપરા, જિલ્લા કમિશનર તેજલબેન મહેતા, રીટાબેન અને સક્રિય સ્કાઉટ ગાઈડ કાર્યકર્તા એવા હીનાબેન જાની, મહેશભાઈ વાડદોરીયાએ દીક્ષા વિધિ કરી હતી.

## શ્રી વલ્લભાચાર્યજીના જયઘોષ સાથે નીકળેલી શોભાયાત્રામાં હજારો વૈષ્ણવો જોડાયા

# સમસ્ત વૈષ્ણવ સમાજ દ્વારા શ્રી વલ્લભાચાર્યજીનો ૫૪૮મો પ્રાગટયોત્સવ ભવ્ય રીતે ઉજવાયો




### શોભાયાત્રાનું ઠેર ઠેર અભિવાદનઃ રૂટ પર ઠંડા પીણાનું વિતરણઃ ધર્મયાત્રામાં રાજકોટના વૈષ્ણવાચાર્યોની પાવન ઉપસ્થિતિઃ વસુંધરા રેસીડેન્સી ખાતે શોભાયાત્રા સંપન્ન થયા બાદ ધર્મસભા યોજાઈઃ માનવ તથા જીવદયાના કાર્યો હાથ ધરાયા

રાજકોટ તા.૨૫

રાજકોટમાં સમસ્ત વૈષ્ણવ સમાજ દ્વારા તથા રાજકોટમાં બિરાજમાન સર્વ વૈષ્ણવાચાર્યોની ઉપસ્થિતિમાં પુષ્ટિમાર્ગના પ્રવર્તક શ્રીમદ્ વલ્લભાચાર્ય મહાપ્રભુજીનો ૫૪૮મો પ્રાગટયોત્સવ ગઈકાલે ભવ્ય રીતે ઉજવવામાં આવ્યો હતો.

ગઈકાલે સમસ્ત વૈષ્ણવ સમાજ તથા વૈષ્ણવાચાર્યોની ઉપસ્થિતિમાં સાંજે ૭ વાગે જશુબાઈ મંડાણ (દરબાર ગઢ હવેલી) બાલકૃષ્ણલાલજી હવેલીથી વિરાટ શોભાયાત્રા પ્રારંભ થયો હતો. શ્રી વલ્લભાચાર્યજીનો જયનાદ ગુંજી ઉઠયો હતો. વિરાટ શોભાયાત્રા દરબારગઢ હવેલીથી શરૂ થઈને દરબાર ગઢ ચોક, સોનીબજાર, કોઠારીયા નાકા થઈને વાજતે ગાજતે જીલ્લા ગાર્ડન-વસુંધરા ખાતે સંપન્ન થઈ હતી અને ધર્મસભામાં પરિવર્તિત થઈ હતી.

શોભાયાત્રામાં સ્કુટર સવાર, બગી, કેસીયો પાર્ટી, બેન્ડ, કીર્તન મંડળીઓ, રાસ મંડળીઓ, નાના નાના બાલકો વિવિધ સ્વરૂપોના શણગાર કરીને ૧૮ જેટલા બાલકો વિવિધ રથ, બગીમાં બિરાજીત કરી તેમજ શ્રી મહાપ્રભુજીના ચિત્રજીને ચાંદીના સુખપાલ (પાલખી)માં પધરાવી શ્રી વલ્લભજીના જયઘોષ સાથે વૈષ્ણવાચાર્યો તેમજ હજારોની સંખ્યામાં વૈષ્ણવી પરિવેશમાં ભાઈ-બહેનો જોડાયા હતા.

શોભાયાત્રાના રૂટમાં ઠેર ઠેર ઠંડાપીણા, લીંબુ સરબત, ગુલાબ-વરિયાળીના સરબત તેમજ ફરાળી પેટીસ વગેરેની વ્યવસ્થા કરવામાં આવી હતી.

શોભાયાત્રાના માર્ગમાં વિવિધ રાજકીય આગેવાનો તથા વેપારીઓ દ્વારા સ્વાગત કરવામાં આવેલ.. વાજતે ગાજતે શોભાયાત્રા રાત્રીના ૯ કલાકે ધર્મસભા સ્થળ શ્રી ચંપારણ્ય ધામ-વસુંધરા રેસીડિન્સી- કેનાલ રોડ ખાતે પહોંચ્યા બાદ કીર્તનકારો દ્વારા વધાઈ-કીર્તનનો ક્રમ રાખવામાં આવેલ.

ધર્મસભામાં વૈષ્ણવાચાર્યો સપ્તમ પીઠાધિશ્વર પૂ.પા.ગો.શ્રી વ્રજેશકુમાર મહારાજ સર્વોતમ હવેલીના પૂ.પા.ગો.શ્રી ગોપેશકુમારજી મહારાજ, વલ્લભાશ્રય હવેલીના પૂ.પા.ગો. શ્રી અભિષેકલાલજી મહારાજ કૃષ્ણાશ્રય હવેલીના પૂ.પા.ગો. શ્રી અક્ષયકુમારજી મહારાજ સપ્તમ પીઠાધીશ યુવરાજ પૂ.પા.ગો.શ્રી અનિરૂધ્ધલાલજી મહોદયશ્રી ચરણાટ હવેલીના પૂ.પા.ગો.શ્રી મધુસુદનલાલજી (રૂચિર બાવાશ્રી રસકુંજ હવેલીના પૂ.પા.ગો.શ્રી પુરૂષોતમલાલજી મહારાજશ્રી સપ્તમપીઠ લક્ષ્મીવાડી હવેલીના પૂ.પા.ગો.શ્રી રશેષકુમારજી મહોદયશ્રી તેમજ શ્રી દ્વારિકેશ નિકેતન હવેલીના પૂ.પા.ગો. અવતાશકુમારજી મહોદય તેમજ પૂ.પા.ગો. વ્રજાંગના વહુજી તેમજ પૂ.પા.ગો. શ્રી કાલિન્દી બેટીજી વગેરે ઉપસ્થિત રહીને વચનામૃતનો લાભ આપેલ. ધર્મસભામાં પાંચ હજારથી વધુ સંખ્યામાં વૈષ્ણવો ઉપસ્થિત રહ્યા હતા. રાત્રીના ૧૨-૩૦ સુધી હકડેઠઠ મેદનીથી ધર્મસભા શોભી રહી હતી. ધર્મસભા બાદ બધા માટે ફરાળી (અલ્પાહાર) રાખવામાં આવેલ.

પુષ્ટિમાર્ગ પ્રવર્તક શ્રીમદ વલ્લભાચાર્યજીના ૫૪૮મો પ્રાગટય ઉત્સવની ઉજવણી ઉમંગ ઉત્સાહ પૂર્વક ઉજવાયો. સવાર ૯ વાગ્યે વૈષ્ણવાચાર્ય પૂ.પા.ગો.શ્રી મધુસુદનલાલજી (શ્રી રૂચિર બાવાશ્રી) ચરણાટ હવેલી, મહોદયશ્રીના વરદહસ્તે રાજકોટની જુદી જુદી ૩૬ ગૌશાળાઓમાં ૨૦૦૦ કિલો લાડુ તથા ૪૦૦૦ મણ લીલુ નીરણ પહોંચતુ કરવામાં આવ્યું હતું. તેમજ ઝુપડપટીના બાળકો માટે મિષ્ટ ભોજન- વૃધ્ધાશ્રમમાં આઈસ્ક્રીમ તેમજ પારવા (પક્ષી)ને ૩૦૦ કિલો ચણ વગેરેનું વિતરણ કરવામાં આવેલ તેમ અરવિંદભાઈ પાટડીયાએ જણાવેલ છે.

# રાજકોટના મનિષભાઈ રાવલ હાર્ટની બીમારીના કારણે પહેલગામન ગયા..'ને' જીવ બચી ગયો

### શ્રીનગરથી પહેલગામના રસ્તે દર ૧૦ કિ.મી.એ મિલીટ્રી; પરંતુ પહેલગામમાં એક પણ મિલીટ્રી ઓફીસર જોવા ન મળ્યા

### પેટ્રીયા સ્યુટના ડાયરેકટર મનિષભાઈ રાવલે કાશ્મીર યાત્રાનો અનુભવ વર્ણવ્યો






જમ્મુ-કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકી હુમલા બાદ દેશભરના લોકોમાં આક્રોશ છવાયો છે. જમ્મુ-કાશ્મીરની ઘટના બાદ લોકો ન્યાયની માંગ કરી રહ્યા છે ત્યારે રાજકોટથી પણ અનેક લોકો કાશ્મીરનો પ્રવાસ કરવા ગયા હતા. જેમાં રાજકોટની પેટ્રીય સ્યુટના ડાયરેકટર મનિષભાઈ રાવલ તેમના સાળા મયુર દવે અને બનેવી પ્રકાશભાઈ રાજયગુરૂ સાથે જયારે ઘટના બની ત્યારે તેઓ પહેલગામ જવાના હતા પરંતુ પહેલગામ ઘોડાની સવારીથી પહોંચવુ પડે છે. મનીષભાઈએ પોતાની હાર્ટની બીમારીને કારણે ઘોડા પર પહેલગામ જવાનું ટાળ્યું હતું. જેને કારણે તેઓ પહેલગામ પહેલા આવેલ તળાવ પાસેથી પરત ફર્યા હતા.

મનીષભાઈ અને તેમના સાળા-બનેવીએ ઘોડા પર પહેલગામ જવાનું ટાળતા તેમના જીવ બચી ગયા હતા. આ ઘટના અંગે મનીષભાઈ રાવલે 'સાંજ સમાચાર' સાથે વાતચીતમાં જણાવ્યું કે અમે જયારે કાશ્મીર ફરવા પહોંચ્યા ત્યારે અમને જરા પણ આશા ન હતી કે આવી ઘટના પરિણમશે. જયારે આપણે કાશ્મીરમાં પહોંચી ત્યારે ખરેખર સ્વર્ગનો અનુભવ થાય છે. કાશ્મીર ખુબ સુંદર જગ્યા છે. ત્યાંના લોકોનો સપોર્ટ અને વ્યવહાર સારો છે. પરંતુ જયારે અમે પહેલગામ પહોંચ્યા ત્યારે કોઈપણ સીકયુરીટી જોવા મળી ન હતી. એક પણ મીલીટ્રી કે પોલીસ નજરે પડયા ન હતા. એક સમયે અમને ખુબ અચરજ થયું. શ્રીનગરથી પહેલગામના રોડ પર દર ૧૦ કિ.મી.ના અંતરે મીલીટ્રી ઓફીસર જોવા મળે છે. પરંતુ જયારે પહેલગામ પહોંચી ત્યારે એક પણ મીલીટ્રી જોવા મળતી નથી જે લોકોની સુરક્ષા પર પ્રશ્ન ઉભા કરે છે. અમે પહેલગામના એબીસી પોઈન્ટ પર આવેલ લેક પાસેથી જ રીટર્ન થઈ ગયા હતા આથી અમારો જીવ બચી ગયો. જયારે ઘટનાની જાણ અમને થઈ ત્યારે ખુબ ડરનો માહોલ છવાઈ ગયો હતો. પરંતુ અમે હેમખેમ ઘરે પરત ફર્યા છીએ.

# મંડલીકપુર ગામ પાસે ટ્રકમાંથી દારૂ-બિયરનો મોટો જથ્થો પકડાયોઃ માણાવદરના બે શખ્સોની ધરપકડ

### મહારાષ્ટ્રથી દારૂ-બિયર ભરી માણાવદર જતાં હતાં ત્યારે રસ્તામાં જ રૂરલ એલસીબી ત્રાટકીઃ શરાબની ૧૯૨ બોટલ, બિયરના ૭૬૮ ટીન મળી રૂ.૧૨.૦૩ લાખનો મુદામાલ જપ્ત, દારૂ મંગાવનાર માણાવદરના લખન આહીરની શોધખોળ



રાજકોટ. તા.૨૫

મંડલીકપુર ગામ પાસે ટ્રકમાંથી રૂા.૨ લાખના દારૂ-બિયરના જથ્થા સાથે માણાવદરના બે શખ્સોને રૂરલ એલસીબીની ટીમે પકડી પાડી રૂ.૧૨.૦૩ લાખનો મુદામાલ કબ્જે કર્યો હતો. મહારાષ્ટ્રથી દારૂ-બિયર ભરી માણાવદર

ટીમ સાથે પેટ્રોલિંગમાં હતાં ત્યારે સાથેના એએસઆઈ શકિતસિંહ જાડેજા, હેડ કોન્સ્ટેબલ અરવિંદસિંહ જાડેજા, કૌશીક જોષી સહિતના સ્ટાફ મંડલીકપુર ગામ નજીક પહોંચતા બાતમી મળેલ કે, રાજકોટ તરફથી એક ટ્રક નં. GJ-11-VV-7003 માં ઇંગ્લીશ દારૂનો જથ્થો ભરી વેચાણ કરવાના ઇરાદે ડ્રાઇવર તથા તેની સાથેનો માણસ લઇ પસાર થનાર છે, તે બાતમીના આધારે સ્ટાફ મંડલીકપુર ગામ પાસે નેશનલ હાઈવે પર વોચમાં હતાં ત્યારે પસાર થયેલ ટ્રકને ઉભો રખાવી તેમાં રહેલ ડ્રાઇવરને નામ પુછતા પોતાનું નામ વિપુલ પુંજા ભારાઈ (ઉ.વ.૨૭, રહે. માણાવદર રઘુવીરપરા વિસ્તાર) અને તેની સાથેના શખ્સનું નામ પુછતા પોતાનું નામ મનસુખનાથ શીવનાથ ધરમનાથ (ઉ.વ.૫૭, રહે.ખાંભલા, માણાવદર) હોવાનું જણાવ્યું હતું.

બાદમાં એલસીબીની ટીમે ટ્રકમાં તપાસ કરતાં કેબીનની ઉપરથી દારૂની બોટલ ૧૯૨ રૂ.૧.૦૩ લાખ, બિયરના ટીન ૭૬૮ રૂ. ૯૪૪૬૪ નો મુદામાલ મળી આવતા બંને શખ્સોની ધરપકડ કરી દારૂ-બિયર અને ટ્રક, મોબાઈલ મળી કુલ રૂ.૧૨.૦૩ લાખનો મુદામાલ કબ્જે કરી તપાસ આદરી હતી.

વધુમાં પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે, વિપુલ ભારાઈ પોતાના ટ્રકમાં મહારાષ્ટ્રથી દારૂ-બિયર ભરી માણાવદર આવતાં હતાં. તેમજ તેની સાથે દારૂ મંગાવવામાં માણાવદરનો લખન અરજણ ઈચ્છુંડા પણ હોવાની કબૂલાત આપતાં પોલીસે તેની શોધખોળ હાથ ધરી હતી. જ્યારે પકડાયેલ મનસુખનાથ બાવાજી તેની સાથે ગયો હોવાનું ખુલ્યું હતું.

### મુંબઈના શાંતિનાથ ઝાલાવડ જૈન સંઘ-કાંદિવલી (ઈસ્ટ)નો નિર્ણય

# આજની પરિસ્થિતિને અનુલક્ષીને ૫૨૫ વર્ષી તપના આરાધકોની શોભાયાત્રા-જમણવારનો કાર્યક્રમ રદ કર્યો

રાજકોટ તા.૨૫

શાંતીનાથ ઝાલાવાડ શ્વે. મૂર્તિપૂજક જૈન સંઘ, કાંદિવલી ઈસ્ટ વતી ૫૦૦થી અધિક વર્ષીતપના તપસ્વીઓની શોભાયાત્રા અને જમણવાર રવિવાર તા.૨૭ના સવારે ૬ કલાકે રાખવામાં આવેલ તેને રદ કરવામાં આવેલ છે.

પ્રશાંતમૂર્તિ ગચ્છાધિપતિ શ્રી રાજેન્દ્રસૂરિશ્વરજી મ.સા.ના આશીર્વચન અને પૂ.આ.ભગવંત શ્રી મુકિતવલ્લભસૂરિશ્વરજી મ.સા.ની પ્રેરણાથી શ્રી શાંતીનાથ ઝાલાવાડ શ્વે. મૂર્તિપૂજક સંઘમાં પૂ. વીતરાગવલ્લભજી મ.સા.ની નિશ્રામાં સંઘે આ સહયારો નિર્ણય લીધો હતો જેને વર્ષીતપના સર્વે લાભાર્થીઓએ ખૂબ જ ઉલ્લાસપૂર્વક વધાવી લીધો હતો.

રાષ્ટ્ર પર આવી પડેલી આ આપત્તિ સમયે જૈનો પણ આ દુઃખમાં રાષ્ટ્રની પડખે ઉભા રહીને નિર્ણય લીધો છે કે અઢી કિલોમીટર લાંબી વિશિષ્ટ જે રથયાત્રા હતી જેમાં બગીઓ, વિન્ટેજ કાર, ૧૨ જેટલા ઋષભ રથ, ૧૧ બેન્ડ અને કુલ ૧૦૦ જેટલી જુદી જુદી રચનાઓ રાખવામાં આવી હતી તે સંપૂર્ણપણે રદ કરવામાં આવેલ છે. અને જેનો રાષ્ટ્રના આ દુઃખમાં ખભેખભા મિલાવીને સાથે ઉભા છે. રથયાત્રા પછી તે જ દિવસે તા.૨૭ના રાખવામાં આવેલ જમણવાર રદ કરવામાં આવેલ છે. શ્રી શાંતીનાથ ઝાલાવાડ શ્વે. મૂર્તિપૂજક જૈન સંઘના આ નિર્ણયને સમગ્ર મુંબઈમાંથી ખૂબ જ હકારાત્મક પ્રતિસાદ મળ્યો છે.

# પદ્મિનીબા વાળા આણી ટોળકીનો ભોગ બન્યા છો,તો ગોંડલ પોલીસનો સંપર્ક કરો

### ગોંડલ બિ. ડિવિઝન પોલીસે બે નંબર જાહેર કર્યા, હનીટ્રેપ કે ફસાવવાનો પ્રયાસ કરી રૂપિયા પડાવ્યાં હોય તો પોલીસ પાસે આવો



રાજકોટ. તા.૨૫

ક્ષત્રિય મહિલા અગ્રણી પદ્મિનીબા વાળા આણી ટોળકીનો ભોગ બનનારની વ્હારે પોલીસ આવી છે અને ગોંડલ બિ. ડિવિઝન પોલીસે બે નંબર જાહેર કરી હનીટ્રેપ કે ફસાવવાનો પ્રયાસ કરી રૂપીયા પડાવ્યાં હોય તો પોલીસને જાણ કરવા માટે અપીલ કરી હતી.

રાજકોટ રેન્જ આઈજી અશોકકુમાર યાદવ, એસપી હીંમકરસિંહ, ડીવાયએસપી કે.જી.ઝાલાએ હનીટ્રેપ જેવા ગુન્હા બનતા તાત્કાલીક અસરથી અટકાવવા તથા ભોગબનનાર ને ત્વરીત ન્યાય અપાવવા આરોપીઓ વિરુદ્ધ કડક કાર્યવાહી કરવાની આપેલ સુચનાથી અગાઉ ગોંડલ બી. ડિવિઝન પોલીસ મથકમાં નોંધાયેલ ગુનામાં સંડોવાયેલ આરોપી પદમીનીબા ગીરીરાજસિંહ વાળા (રહે.રાજકોટ,રેલનગર, રામેશ્વર પાર્ક શેરી નં.૫), તેનો પુત્ર સત્યજીતસિંહ ગીરીરાજસિંહ વાળા, શ્યામ સંજય રાયચુરા (રહે.રાજકોટ, મવડી અંકુર મેઇન રોડ), હીરેન હીતેશ દેવળીયા (રહે.રાજકોટ,ઉદયનગર) અને તેજલબેન વિનોદ છૈયા (રહે નાકરાવાડી ગામ સાત હનુમાન પાસે રાજકોટ) એ ફરીયાદીને પ્રેમજાળમાં ફસાવી દવા પી જવાની ધમકી આપી ફરીયાદી પાસેથી સાત આઠ લાખની માંગણી કરતો ગુન્હો આચરેલ હોય જેથી આરોપીઓ વિરુદ્ધ પોલીસે ગુનો દાખલ કરી આરોપીઓની ધરપકડ કરવામાં આવેલ હતી.

જે બાબતે જાહેર જનતાને પોલીસ દ્વારા અપીલ કરવામાં આવે છે કે કોઈ વ્યક્તિ આ આરોપીઓનો ભોગ બનેલ હોય કે આરોપીઓએ કોઈને હનીટ્રેપના ગુન્હામાં ફસાવી દેવાની ધમકી આપી પૈસા પડાવેલ હોય અથવા પૈસા પડાવવાના પ્રયત્નો કરેલ હોય તો ગોંડલ સીટી બી.ડીવીઝન પોલીસનો સંપર્ક કરશો અથવા પીઆઈ જે.પી. ગોસાઈ (૬૩૫૯૬૨૫૭૦૭)

(૬૩૫૯૬૨૫૭૦૯) પર સંપર્ક કરવા અનુરોધ કરવામાં આવ્યો છે.

# ટંકારા તાલુકામાં જુગારની રેડમાં ૫૧ લાખનો તોડ કરનારા પીઆઇ-હેડ કોન્સ્ટેબલને કોર્ટે ફરારી જાહેર કર્યાઃ ૩૦ દિવસમાં હાજર થવા આદેશ

**(જીગ્નેશ ભટ્ટ)**
**મોરબી, તા.૨૫**

ટંકારાના પૂર્વ પીઆઇ અને હેડ કોન્સટેબલ સામે હોટલમાં કરેલ જુગારની રેડમાં તોડ કાંડ મુદ્દે ફરિયાદ કરવામાં આવી હતી જેની તપાસ લીંબડીના ડીવાયએસપીને સોંપવામાં આવેલ છે જો કે, આરોપી હજુ સુધી મળી આવેલ નથી જેથી કોર્ટ મારફતે બંન્ને ફરારી જાહેર કરવા માટે જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે અને બંને આરોપીઓને ૩૦ દિવસમાં તપાસનીસ અધિકારી સમક્ષ હાજર થવા માટેનો આદેશ કરવામાં આવેલ છે.

ટંકારા તાલુકા પોઇસ સ્ટેશનના પીઆઇ યુવરાજસિંહ કિશોરસિંહ ગોહિલ અને તેની ટીમે ગત તા ૨૭/૧૦ ના રોજ લજાઈ નજીક વીરપર ગામની સીમમાં આવેલ કમ્ફર્ટ હોટલમા જુગારની રેડ કરવામાં આવી હતી અને હોટલના નંબર ૧૦૫ માથી પ્લાસ્ટીકના કોઈન વડે તીન પત્તિનો જુગાર રમતા શખ્સો મળી આવ્યા હતા. જેથી પોલીસે ગોપાલભાઈ રણછોડભાઈ સભાડ, ચીરાગ રસીકભાઈ ધામેચા, રઘુવીરસિંહ ઉર્ફે દીપકસિંહ બહાદુરસિંહ જાડેજા, રવિ મસુખભાઈ પટેલ, વિલભાઈ રાજીભાઈ પટેલ, ભાસરભાઈ પ્રભુભાઈ પારેખ, કુલદીપસિંહ વનરાજસિંહ ગોહિલ, શૈલેષભાઈ ગંગદાસભાઈ હુમ્મર, નિતેષભાઈ નારણભાઈ ઝાલરીયાની સામે ગુનો નોંધ્યો હતો અને આ ગુનામાં રજનીકાન્ત ભરતભાઈ દેત્રોજાને પકડવાનો ત્યારે બાકી હતો.

જો કે, પોલીસની તપાસમાં સામે આવ્યું હતું કે, આરોપી રવિ મનસુખભાઇ પટેલે તેનુ નામ ખોટું આપેલ છે અને તેનું સાચું નામ તીર્થ અશોકભાઈ ફળદુ હોય ટંકારા તાલુકા પોલીસ સ્ટેશન ખાતે નોંધાયેલા ગુનામાં વધુ એક કલમનો ઉમેરો કરવામાં આવ્યો હતો આ જુગારની રેડની તપાસ રાજ્ય પોલીસ વડાએ એસએમસીને સોંપી હતી જેથી એસએમસીના એસપી નિર્લિપ્ત રાય, ડીવાયએસપી કે.ટી. કામરીયા સહિતનો જે તે સમયે કમ્ફર્ટ હોટલે આવ્યો હતો ત્યાર બાદ ટંકારાના જે તે સમયના પીઆઇ યુવરાજસિંહ કિશોરસિંહ ગોહિલ અને હેડ કોન્સટેબલ મહિપતસિંહ હરિસિંહ સોલંકીને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા આટલું જ નહીં પીઆઇ અને હેડ કોન્સટેબલની જિલ્લા બહાર બદલી પણ કરવામાં આવી હતી.

ત્યાર બાદ ગત ડિસેમ્બર મહિનાની ૧૨ તારીખે એસએમસીના પીઆઇ આર.જી. ખાંટ દ્વારા ટંકારા તાલુકા પોલીસ સ્ટેશન ખાતે ટંકારના પહેલા અને પૂર્વ પીઆઇ યુવરાજસિંહ કિશોરસિંહ ગોહિલ તેમજ હેડ કોન્સટેબલ મહિપતસિંહ હરિસિંહ સોલંકી સામે ભ્રષ્ટાચાર અધિનિયમ અને બીએનએસની જુદીજુદી કલમ હેઠળ ફરિયાદ નોંધાવવામાં આવી હતી અને બંને રાજ્ય સેવકે ખોટા પુરાવાને સાચા તરીકે બતાવીને આર્થિક લાભ મેળવેલ છે અને ૫૧ લાખ રૂપિયા લીધા હોવાની માહિતી સામે આવી હતી જે ગુનાની વધુ તપાસ લીંબડીના ડીવાયએસપી વી.એમ. રબારીને સોંપવામાં આવી હતી.

જો કે હજુ સુધી આરોપી પકડાયેલ નથી. મોરબી મહે. જિલ્લા સત્ર ન્યાયધીશ એવં વિશિષ્ટ અદાલત (એસીબી) દ્વારા બંને આરોપીઓને ફરારી જાહેર કરવા માટેનું જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે અને જાહેરનામું મુજબ આરોપી પીઆઈ યુવરાજસિંહ ગોહિલ અને હેડ કોસ્ટબલ માહિપતસિંહ સોલંકીને ૩૦ દિવસમાં તપાસનીસ અધિકારી સમક્ષ હાજર થવા કોર્ટે હુકમ કર્યો છે.

# રાજકોટના યુવાનનો ભાદર ડેમમાં ઝંપલાવી આપઘાત

### ડેમના કાંઠા પરથી મૃતદેહ મળી આવતા તપાસનો ધમધમાટ

**(જીતેન્દ્ર આચાર્ય)**
**ગોંડલ તા.૨૫**

ગોંડલનાં લીલાખા પાસે આવેલા ભાદર ડેમમાંથી રાજકોટનાં યુવાનનો મૃતદેહ મળી આવતા તાલુકા પોલીસે સિવિલ હોસ્પિટલ ખસેડ્યો હતો. અગમ્ય કારણોસર યુવાને આત્મહત્યા કરી હોવાનુ પોલીસ સુત્રો એ જણાવ્યુ હતું.

પ્રાપ્ત વિગત મુજબ રાજકોટનાં કોઠારીયા નાકે રહેતા અને લુહારી કામ કરતા સાગરભાઇ અનિલભાઈ સિધ્ધપુરા ઉ.૩૭ બે દિવસ પહેલા પોતાનુ એકિટવા મોટરસાયકલ લઇ ઘરેથી નિકળ્યા બાદ ગત રાત્રે ભાદર ડેમનાં કાંઠા પરથી તેમનો મૃતદેહ મળી આવ્યો હતો. ડેમનાં કાંઠા પર તેમનું એકટીવા મળી આવ્યુ હોય તેના દ્વારા પોલીસે ઓળખ મેળવી હતી.બનાવ અંગે ગોંડલ શિવમ સાર્વજનિક ટ્રસ્ટને જાણ કરાતા ટ્રસ્ટનાં જયભાઈ માધડ સહિતનાં યુવાનો એમ્બ્યુલન્સ લઇ ભાદર ડેમ પંહોચ્યા હતા અને મૃતદેહને ગોંડલ સિવિલ હોસ્પિટલ ખસેડ્યો હતો.

મૃતક સાગરભાઇ પરણીત હતા.અને બે સંતાન હોવાનું પોલીસ સુત્રો એ જણાવ્યું હતું. બનાવ અંગે તાલુકા પોલીસનાં મેહુલભાઈ બોરીચાએ તપાસ હાથ ધરી છે.

# ગોમટા ગામની સીમમાં ફાર્મહાઉસમાં ચાલતું જુગારધામ ઝડપાયુઃ સૌરાષ્ટ્રભરના નવ જુગારી ઝબ્બે

### ગોંડલનો મયુરસિંહ ઝાલા ફાર્મહાઉસ ભાડે રાખી જુગાર રમાડતો'તોઃ રાજકોટ, જોડીયા, બાબરા, મોરબીના જુગારીઓ ઝડપાયા, રૂા.૧.૪૮ લાખનો મુદ્દામાલ જપ્તઃ દરોડા વખતે નાસી છુટેલા મયુરસિંહ ઝાલાની શોધખોળઃ ગોંડલ તાલુકા પોલીસ કરી કામગીરી

રાજકોટ,તા.૨૫

ગોંડલના ગોમટા ગામની સીમમાં આવેલ ફાર્મહાઉસમાં ચાલતાં જુગાર ધામમાં દરોડો પાડી પોલીસે સૌરાષ્ટ્રભરમાંથી જુગાર રમવા આવેલ નવ શખ્સોને પકડી પાડી રૂા.૧.૪૮ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. જયારે જુગાર-કલબનો સંચાલક મયુરસિંહ ઝાલા નાસી છુટતા તેની શોધખોળ આદરી હતી.દરોડાની વિગત મુજબ, ગોંડલ તાલુકા પોલીસ મથકના પ્રો.આઈપીએસ ડો.નવીન ચક્રવર્તીની રાહબરીમાં ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે સ્ટાફને મળેલ ચોકકસ બાતમીના આધારે ગોંડલના ગોમટા ગામની મલાર સીમાં આવેલ ફાર્મહાઉસ ચાલતા જુગાર ધામમાં દરોડો પાડી પતાટીંચતા હસમુખ લવજી રાજા (ઉ.વ.૬૭ રહે હસનવાડી શેરી નં.૩ લવકુશ મકાન રાજકોટ), રમેશ શામજી જીવાણી (ઉ.વ.૫૫ રહે રસનાળ જોડીયા), રાજુ રાજદેવ (ઉ.વ.૬૭ રહે.પ્રહલાદ પ્લોટ મેઈન રોડ કરણપરા વિસ્તાર રાજકોટ)દિલીપ ચંદુ જસાણી (ઉ.વ.૫૫ રહે કુષ્ણનગર સોસાયટી બાબરા),ઈસ્માઈલ જીવા વકાલીયા (ઉ.વ.૫૨ રહે વાવડી ચોકડી બાવનશાપીરની દરગાહ પાસે મોરબી),હરેશ દયાળજી સૂચક (ઉ.વ.૬૫ રહે એલ.૬૧/૨૪૪ આકાશદિપ સોસાયટી દુધસાગર રોડ રાજકોટ),નીઝામ કરીમ જેડા (ઉ.વ.૪૪ રહે,વાવડી રોડ પાસે મોરબી) ભાવેશપરી પ્રતાપપરી ગોસાઈ (ઉ.વ.૫૧ રહે લક્ષ્મીવાડી બ્લોક નં.૭ કવાટર્સ નંબર ૫૨ રાજકોટ અને કૌશિક હરજીવન મેરજા (ઉ.વ.૪૦ રહે ઘુંડળા રોડ સંસ્કાર રેસીડિન્સી સીવાય પેલેસ મોરબીને પકડી પાડી રોકડ રૂા.૧.૬ લાખ અને મોબાઈલ ફોન મળી કુલ રૂા.૧.૪૮ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.વધુમાં પોલીસ સુત્રોએ જણાવ્યું હતુ કે, દરોડા વખતે જુગાર કલબ સંચાલક મયુરસિંહ બાબુ ઉર્ફે મહિપતસિંહ ઝાલા (ઉ.વ.૫૬), (રહે અક્ષરધામ શેરી નં.૫-ગોંડલ) નાસી છુટતાં તેની શોધખોળ આદરી હતી.ફરાર મયુરસિંહે ગોંડલના ખેડૂત રમલીકભાઈ ભુતની વાડીમાં આવેલ મકાનમાં બહારથી જુગારીઓ બોલાવી નાલ કાઢી જુગાર રમાડતો હોવાનું ખુલ્યું હતું.

# OSSI દ્વારા મોટાપા જાગૃતિ માટેનું CME કાર્યક્રમ યોજાયો : ત્રણ પ્રકારની બેરિયાટ્રિક સર્જરીનો આજે લાઈવ ડેમો



તસ્વીર: પંકજ શિશાંગીયા

## ૧૦૦થી વધુ ડોકટરો – ફિઝિશિયન્સ, ગાયનેકોલોજિસ્ટ્સ, એન્ડોક્રાયનોલોજિસ્ટ્સ અને સર્જન્સ–એ ઉત્સાહપૂર્વક ભાગ લીધો

રાજકોટ, તા.૨૫

વધતા જતા મોટાપાની તીવ્ર આરોગ્યસંબંધી સમસ્યાને પહોંચી વળવા માટે એક મહત્વપૂર્ણ પહેલ હેઠળ, ઓબેસિટી એન્ડ મેટાબોલિક સર્જન્સ એસોસિએશન ઑફ ઇન્ડિયા (OSSI) એ CIGIS હોસ્પિટલ અને IMA રાજકોટ સાથે મળીને રાજકોટ શહેર સ્તરે CME કાર્યક્રમ ૨૪ એપ્રિલે સફળતાપૂર્વક યોજાયો હતો, જે બાદ ૨૫ એપ્રિલે ત્રણ પ્રકારની બેરિયાટ્રિક સર્જરીઝનું લાઈવ ડેમો પણ આપવામાં આવ્યું.

આ અંગે આજે પ્રેસ કોન્ફરન્સ યોજાઈ હતી. જેમાં OSSIના પ્રમુખ અને બેરિયાટ્રિક સર્જનએ ડો. રનદીપ વાધવાન,બેરિયાટ્રિક મુખ્ય સર્જન ડો. મહેન્દ્ર નારવરિયા, CIGIS હોસ્પિટલના બેરિયાટ્રિક સર્જન ડો. મેહુલ વિકાણી હાજર રહ્યા હતા અને માહિતી આપી હતી.

આ કાર્યક્રમમાં રાજકોટભરના ૧૦૦થી વધુ ડોકટરો – ફિઝિશિયન્સ, ગાયનેકોલોજિસ્ટ્સ, એન્ડોક્રાયનોલોજિસ્ટ્સ અને સર્જન્સ- એ ઉત્સાહપૂર્વક ભાગ લીધો. મુખ્ય ઉદ્દેશ મોટાપાને ગંભીર વૈજ્ઞાનિક બીમારી તરીકે માન્યતા આપવી અને આધુનિક સારવાર વિકલ્પો વિશે મેડિકલ ફ્રેટરનિટી વચ્ચે જાગૃતિ લાવવી.

શૈક્ષણિક સત્રો પછી સ્લીવ ગાસ્ટ્રેક્ટોમી, રૂ-એન-વાય ગેસ્ટ્રિક બાયપાસ, અને સ્લીવ પ્લસ જેવી સર્જરીઝનું લાઈવ પ્રદર્શન કરાયું. જે ઉપસ્થિત ડોકટરો માટે લાઈવ ટ્રાન્સમિશન સાથે વિગતવાર ટિપ્પણીઓ અને ચર્ચાઓ સાથે રજૂ કરવામાં આવ્યું.

ડો. રનદીપ વાધવાન, OSSIના પ્રમુખ અને બેરિયાટ્રિક સર્જનએ જણાવ્યું,મોટાપા હવે ફક્ત જીવનશૈલી સંબંધિત સમસ્યા નથી – તે ડાયાબિટીસ, બ્લડ પ્રેશર, વંધ્યત્વ જેવી અનેક બીમારીઓ સાથે સંકળાયેલ માન્ય તબીબી રોગ છે. આ કાર્યક્રમ દ્વારા અમારું લક્ષ્ય ખોટા મંતવ્યો દૂર કરી, બેરિયાટ્રિક સર્જરીના વિજ્ઞાન આધારિત અને સલામત વિકલ્પ તરીકેના ફાયદા દર્શાવવાનું હતું.

ડો. મહેન્દ્ર નારવરિયા, બેરિયાટ્રિક સર્જરીના આગેવાન અને મુખ્ય ફેકલ્ટી એ જણાવ્યું કે અમે આજે જે ત્રણેય સર્જરીઝ કરી, તે દરેક વ્યક્તિની જરૂરિયાત મુજબની વ્યક્તિગત યોજનાનું પ્રદર્શન છે. આ લઘુત્તમ ઘાટની સર્જરીઝ જીવન બદલાવનારી હોય છે - અને આવાં કાર્યક્રમો અન્ય તબીબી ક્ષેત્રના સહયોગીઓ માટે અંધારું દૂર કરે છે.''

ડો. મેહુલ વિકાણી, CIGIS હોસ્પિટલના બેરિયાટ્રિક સર્જન એ જણાવ્યું કે ''આ CME ફક્ત સર્જરીની ચર્ચા નહોતી - પરંતુ મોટાપાના આરોગ્ય પરના વ્યાપક અસરો અને સમયસર રેફરલના મહત્વ પર કેન્દ્રિત હતી. ૧૦૦થી વધુ ડોકટરોની ઉપસ્થિતિ અને સક્રિય ભાગીદારી એ દર્શાવે છે કે આપણે એકસાથે દર્દીઓ માટે વધુ મજબૂત સ્વાસ્થ્ય વ્યવસ્થાની રચના કરી શકીએ.

ડો કાર્તિક સુતરીયા એ જણાવ્યું કે હવે આ સમસ્યા રાજકોટ સૌરાષ્ટ્રમા ખૂબ વધી રહી છે આથી અમે મોટા નિરાકરણ અર્થે આધુનિક સાધનોથી સજ્જ ઓપરેશન સુવિધા ઉપલબ્ધ કરાવવા જઈ રહ્યા છીએ. જેથી લોકો ને ઘર આંગણે જ સારવાર મળી શકે. મોટાપા થી પીડિત લોકોને હાર્ટ ની તકલીફ બી.પી ડાયાબીટીસ જેવા રોગો થવાની સંભાવના વધી જાય છે. આ સમસ્યા થી બચવા આ ઓપરેશન કરવું જરૂરી જેથી લોકોનું આયુષ્ય ૧૦ વર્ષ વધી જાય છે.

### ગોંડલ સંપ્ર.ના ગૌરવવંતા રત્ન પૂ. રાજેશમુનિ મ.

# તા.૩જી મેના મુમુક્ષુ ડિમ્પલબેન વિરાણી જૈન ભાગવતી દીક્ષા ગ્રહણ કરશે : સંયમ માર્ગની અનુમોદના અર્થે વિવિધ અનુષ્ઠાનો

## તા. ૨૯ના પ્રશ્નમંચ, તા. ૩૦ના સ્તવન અંતાક્ષરી, તા. ૧ના વકતૃત્વ સ્પર્ધા, તા. ૨ના સમુહ સાંજી યોજાશે : તા. ૨ મેથી ભાઈઓ- બહેનો માટેની શિબિર



રાજકોટ, તા. ૨૫

ગોંડલ સંપ્રદાયના બહુશ્રુત આચાર્ય ભગવંત સ્વ. પૂજય શ્રી જશાજી સ્વામીના પાટાનુપાટ સ્વ. પૂજ્ય સ્થવિર ગુરૂ ભગવંત શ્રી પ્રેમચંદજી મહારાજ સાહેબના શિષ્યરત્ન આગમ અર્કદર્શક ચારિત્ર્યનિષ્ઠ પ્રાત: સ્મરણીય પરમ પૂજય ગુરૂભગવંત બા.બ્ર. શ્રી રાજેશમુનિજી મહારાજસાહેબના શુભ સાંનિધ્યમાં મુંબઇ નિવાસી દીક્ષાર્થીકુમારી ડિમ્પલબેન નવીનભાઇ વિરાણીની જૈન ભાગવતી દીક્ષા તા. ૩ મેના શનિવારે સવારે ૬.૧૫ થી ૮.૫૫ કલાકે ડુંગર ગુરૂરાજ પ્રવજયા પટાંગણ, વિરાણી હાઇસ્કુલ, રાજકોટ ખાતે યોજવામાં આવેલ છે.

ડિમ્પલબેનનું સુમતિનાથ સંઘ-શીતલનાથ સંઘ અને પાર્શ્વનાથ સંઘ-વિશાલપ્રભ ધર્મસ્થાનકના પદાધિકારીઓ, શાસન સેવકો તથા શ્રાવક-શ્રાવિકાઓએ ભાવભકિતથી બહુમાન-સન્માન કર્યુ. આ પ્રસંગે ડિમ્પલબેને પોતાના ભાવો વ્યકત કરતા જણાવ્યું કે, નાની ઉપરથી વૈરાગ્યના ભાવ હતા. સને ૨૦૨૩ના પૂજય ગુરૂભગવંત બા.બ્ર. શ્રી રાજેશમુનિજી મહારાજના સાંનિધ્ય અને પૂજયશ્રીની હિતશિક્ષાથી ઘણી વૈરાગ્યવર્ધક સમજણ પ્રગટી અને વૈરાગ્ય ભાવના દ્રઢ થઇ.

દીક્ષા અંગીકાર કરવાનો અને પ્રભુવીરના મોક્ષ માર્ગ પર આગળ ઘણવાનો નિર્ણય કર્યો. મારા સંયમ પંથે પુરૂષાર્થ પાછળ પૂજય ગુરૂ ભગવંત તથા પૂજયશ્રીના આજ્ઞાનુવર્તી સુદીર્ઘ સંયમ સ્થવિરા પૂજય ગુરૂણી ભગવંત બા.બ્ર. શ્રી કુસુમબાઇ સ્વામી તથા એમના સુશિષ્યા ભગવંતોની અનંતી કૃપા તેમજ ઋણ છે.

શ્રી જૈન ભાગવતી દીક્ષાના અણમોલ પ્રસંગને વધાવવા અને દીક્ષાર્થીના પ્રશસ્ત સંયમ માર્ગની અનુમોદના અર્થે વિવિધ સંયમ અનુમોદના અનુષ્ઠાનો નીચેની વિગતો યોજેલ છે.

**શિબીર**

શિબીર ૧ : તા. ૨ થી ૬ મે, ૨૦૨૫ (૭ થી ૪૫ વર્ષના ભાઇઓ-બહેનો માટે) અને શિબિર-૨ : તા. ૨ થી ૨૨ મે, ૨૦૨૫ (૯ થી ૪૫ વર્ષના ભાઇઓ-બહેનો માટે) પૂજય ગુરૂભગવંત બા.બ્ર. શ્રી રાજેશમુનિજી મહારાજ અને પૂજયશ્રીના આજ્ઞાનુવર્તી પૂજય ગુરૂણી ભગવંતની શુભ નિશ્રામાં શ્રી ઋષભદેવ સંઘ, ૧-તિરૂપતિનગર, નિર્મલા રોડ, રાજકોટ ખાતે યોજેલ છે. શિબિરમાં રહેવા-જમવાની સુચારૂ વ્યવસ્થા છે. દીક્ષા સાથે શિબિર બંનેનો એક સાથે લાભ લેવા સર્વે ભાવિકોને વિનંતી.

**વિવિધ અનુષ્ઠાનો**

અન્ય અનુષ્ઠાનોમાં તા. ૨૯ એપ્રિલ, મંગળવારે પ્રશ્નમંચ (સંયમ અનુલક્ષી પ્રશ્નો) તા. ૩૦ એપ્રિલ, બુધવારે સ્તવનથી કરીએ અનુમોદના (સ્તવન અંતાક્ષર) : તા. ૧ મે, ગુરૂવારે વકતૃત્વ સ્પર્ધા (વિષય સંયમ) તા. ૨ મે, શુક્રવારે સમસ્ત રાજકોટના બહેનો અને શ્રાવિકા મંડળના બહેનોની સમુહ સાંજી : આ ચારેય સંયમ અનુષ્ઠાનો શ્રી ઋષભદેવ સંઘના આંગણે 'શાશ્વત' પારસ હોલ સામે, નિર્મલા રોડ, રાજકોટ ખાતે બપોરે ૪ થી ૫.૩૦ કલાકે યોજાશે.

દીક્ષા મહોત્સવ અને સંયમ અનુષ્ઠાનો અંગેની વિસ્તૃત માહિતી માટે ઋષભદેવ સંઘ કાર્યાલય (૧-તિરૂપતિનગર, નિર્મલા રોડ, રાજકોટ. ફોન : ૦૨૮૧-૨૫૮૧૬૯૫) સંપર્ક જણાવાયું છે. શ્રી ઋષભદેવ જૈન સંઘના સર્વે શ્રી સંઘો ઋષભાનન સંઘ, પાર્શ્વનાથ સંઘ, શાંતિનાથ પૌષધશાળા, સુમતિનાથ સંઘ, શીતલનાથ સંઘ, સંભવનાથ સંઘના પદાધિકારીઓ, કાર્યકરોએ ખુબ ખુબ ઉત્સાહપૂર્વક સંયમ અનુષ્ઠાનો તથા દીક્ષા પ્રસંગ માટે વિશિષ્ટ સેવા અને તૈયારી કરી રહેલ છે. શ્રી ગોંડલ સંપ્રદાય સ્થા. જૈન સિધ્ધાંત સંરક્ષક સમિતિ-રાજકોટના સ્થાપક સભ્યો માર્ગદર્શન આપી દીક્ષા અનુમોદના કરી રહેલ છે. ઉપરોકત યાદી સમિતિના સહપ્રમુખ પરેશભાઇ પટેલે જણાવેલ છે.

દીક્ષા મહોત્સવ તથા દરેક અનુષ્ઠાનોમાં સર્વ જિનશાસન પ્રેમીઓએ ઉપસ્થિત રહી દીક્ષાની અનુમોદના કરવા પધારવા સમગ્ર જૈન સમાજને અનુરોધ કર્યો છે.

### સૌરાષ્ટ્ર બ્રહ્મસમાજના અગ્રણીઓનો નિર્ણય

# દેશમાં આતંકવાદી હુમલાની ઘટનાને લઈ પરશુરામ જન્મોત્સવના કાર્યક્રમો સાદગીભેર ઉજવાશે

## સમૂહ ભોજન, ડી.જે. શોભાયાત્રા જેવા કાર્યક્રમો બંધ રાખી માત્ર આરતી, યજ્ઞ, જપ જેવા કાર્યક્રમ યોજાશે



રાજકોટ, તા.૨૫

સૌરાષ્ટ્ર-કચ્છ સમસ્ત બ્રહ્મસમાજના અગ્રણી છેલભાઈ જોષી, જીતુભાઈ મહેતા સહીતના અગ્રણીઓ પહેલગામમાં આતંકવાદી દ્વારા કરવામાં આવેલ ઘાતકી હુમલામાં વીરગતિને પામેલ મૃતાત્માઓને શ્રધ્ધાંજલી પાઠવતા જણાવ્યુ હતુ કે દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશમાંથી આંતકવાદનો સફાયો થઈ રહ્યો છે અને દેશની સીમા સુરક્ષા મજબુત થાય તે માટે કેન્દ્ર સરકાર દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે ત્યારે આવા સમયે પહેલગામની ઘટનાથી દેશ શોકમાં ગરકાવ છે.ત્યારે આગામી દિવસોમાં જ એટલે કે તા. ૨૯/૪ ના રોજ ભગવાના વિષ્ણુના છઠ્ઠા અવતાર અને બ્રાહ્મણોના આરાધ્ય દેવ એવા ભગવાન પરશુરામજીનો જન્મોત્સવ અંતર્ગત વિવિધ કાર્યક્રમોનુ આયોજન કરતા હોય છે. જેમા શોભાયાત્રા - શહેરના જાહેર સ્થળોએ પંડાલ ઊભા કરી મહાઆરતી તેમજ રાત્રે સાંસ્કૃતિક કાર્યક્રમો, સમૂહ બ્રહ્મ ભોજનના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવતું હોય છે અને ધામધુમથી ઊજવણી કરવામાં આવતી હોય છે.

ઊપરોકત બ્રહ્મ અગ્રણીઓએ વધુ માહિતી આપતા જણાવ્યું હતુ કે પરશુરામ જન્મોત્સવના દિવસે સૌરાષ્ટ્ર-કચ્છ બ્રહ્મ સમાજના યુવા અગ્રણી એવા જીતુભાઈ મહેતાના નિવાસ સ્થાને ભગવાન પરશુરામજીનું શહેરના ભૂદેવોની બહોળી સંખ્યામાં ષોડશોપચારથી પુજન અર્ચન, મહા આરતી તેમજ મોટી સંખ્યામાં બ્રહ્મભોજનનું આયોજન કરવામાં આવતું હોય તે પણ આ વર્ષ સાદગીપૂર્ણ એટલે કે માત્ર પરશુરામજીના પૂજનનો કાર્યક્રમ યોજાશે ત્યારે સૌરાષ્ટ્ર-કચ્છ સમસ્ત બ્રહ્મસમાજના અગ્રણી અને માર્ગદર્શક છેલભાઈ જોષીએ પણ આ ઘટનાને લઈને સૌરાષ્ટ્ર ભૂદેવોને સોશ્યલ મિડીયાના માધ્યમથી અપીલ કરી પરશુરામ જન્મોત્સવનું સાદગીપૂર્ણ ઊજવણી કરવા અને ડી.જે. કે કોઈ મોટા સાંસ્કૃતિક કાર્યક્રમો કે સમૂહ ભોજનના કાર્યક્રમો ન યોજવા અપિલ કરી હતી જેના પગલે સૌરાષ્ટ્રના મહાનગરો, તાલુકા કે ગામોમાં પરશુરામ જન્મોત્સવનું સાદગીપૂર્ણ ઊજવવાનું ભૂદેવોએ નિર્ણય કર્યો છે ત્યારે આ નિર્ણયને આવકાર્યો છે.



# વીવીપી એન્જિનિયરિંગ કોલેજ લાઈબ્રેરી દ્વારા વિશ્વ પુસ્તક દિવસની જ્ઞાનસભર ઉજવણી: વિજેતાઓને સન્માનિત કરાયા

રાજકોટ,તા.૨૫

વીવીપી એન્જિનિયરિંગ કોલેજ લાઈબ્રેરી દ્વારા ગત તા.૨૩ એપ્રિલના રોજ વિશ્વ પુસ્તક દિવસની જ્ઞાનસભર ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમની શરૂઆત ત્રણ ઓમકારના ઉચ્ચારણ બાદ ભગવદગીતા, શ્રી રામચરિત માનસ અને વેદ નું પૂજન વિદ્યાર્થીઓ તથા મહેમાનોના હસ્તે કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં પહેલગામમાં આતંકી હુમલાનો ભોગ બનેલા દિવંગતોને શ્રધ્ધાંજલિ અર્પણ કરાઈ. આ કાર્યક્રમમાં વિશ્વ માતૃભાષા દિવસના રોજ યોજાયેલ પ્રશ્નોતરી સ્પર્ધાના વિજેતાઓ પ્રથમ ક્રમાંક ડો. સચિનભાઈ રાજાણી, દ્વિતિય ક્રમાંક પ્રો કક્ષાબેન દોમડીયા તથા સ્નેહાબેન પંડયાને તેમજ વિશ્વ પુસ્તક દિવસ નિમિતે આયોજિત 'પુસ્તક વિષય' પરની કાવ્ય સ્પર્ધાના વિજેતા કોમ્પ્યુટર વિભાગના વિદ્યાર્થી મિત કાથરેચાને મહેમાનો, ટ્રસ્ટી તથા આચાર્યના હસ્તે કેસ પ્રાઇસ તથા સટિફિકેટ આપી સન્માનિત કરવામાં આવેલ હતા. કાર્યક્રમમાં ઉપસ્થિત મહેમાનોનું ભગવાન રામની મૂર્તિ તથા પુસ્તક આપી સ્વાગત કરવામાં આવ્યું હતું.

# પહેલગામ હુમલામાં ફસાયેલા ગુજરાતીઓની મદદે કેશવી ટુર્સના ડાયરેકટર

કાશ્મીરના પહલગામ હુમલામાં ફસાયેલા ગુજરાતીઓની મદદે આવ્યા કેશવી ટુર્સ એન્ડ ટ્રાવેલર્સના ડાયરેકટર જસપાલસિંહ તોમર હુમલા બાદ ફસાયેલા ગુજરાતીઓને મદદરૂપ થવા કાશ્મીર દોડી ગયાં. તોમરે માર્યા ગયેલા ગુજરાતીઓના પરિવારજનોને રૂ.૫૦,૦૦૦ની સહાય ઉપરાંત જરૂરીયાત મંદ વ્યકિતઓને તા. ૨૬ એપ્રિલ સુધી વિનામુલ્યે હોટલમાં રહેવાની સગવડની જાહેરાત કરી છે.

## બટુક ભોજન – ચૈતન્ય મહાઆરતી – રામધુન

શ્રી કપીલા હનુમાનજી ચૈતન્ય ધામ આજુ નદીના કાંઠે, ભીચરી નાકા બહાર રાજકોટ ખાતે દર શનિવારે ૮૦૦ સાંજે ૫ કલાકે બટુક ભોજન, રાત્રે રાત્રે ૮:૩૦ વાગ્યે ચૈતન્ય મહાઆરતી ઢોલ - નગારા ના તાલ સાથે અને રાત્રે ૯:૩૦ વાગ્યે શ્રી રામધુન, શ્રી રામસ્તુતી તથા શ્રી હનુમાન ચાલીસાના પાઠ નિત્ય શનિવારે કરવામાં આવે છે.

## આજે રામધુનનું આયોજન

સંતોકબા માનવસેવા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા અકબરી પરિવારના યશભાઈ અકબરીના પિતાશ્રી સ્વ.મધુકાંતભાઈ મકનભાઈ અકબરીના સ્મરણાર્થે રણછોડનગર શેરી નં.૬ લક્ષ્મણ કુટીર ખાતે આજે રાત્રે ૮:૩૦ થી ૧૧:૩૦ કલાકે તેમના નિવાસસ્થાને રામધુનનું અકબરી પરિવાર દ્વારા આયોજન કરવામાં આવ્યું છે.

# પરોપકાર અને પરમાર્થના સુત્ર થકી અમરત્વને પ્રાપ્ત કરનાર દાનવીર સ્વ.દીપચંદભાઈ ગારડીની આજે જન્મતિથિ

## શિક્ષણ અને મેડીકલ ક્ષેત્રે શ્રીદાનનો ખજાનો લુંટાવનાર મહામાનવને પ્રેમાંજલી



રાજકોટ, તા.૨૫

સૌરાષ્ટ્રની પવિત્ર ધરતી ઉપર એક મહામાનવનો જન્મ થયો અને એ સત જેવું જીવન જીવી ગયા. એ મહામાનવ, દાનવીર, જૈન શ્રેષ્ઠિ, ભારત ભામાશા પુ. દીપચંદભાઈ ગારડીનો આજે ૧૧૧ મી જન્મતિથિ છે. ભારતભરના અસંખ્ય રાજયોમાં આજે પણ પૂ. દીપચંદભાઈની સેવા સતત્ત ધબકે છે.

પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, સ્કૂલો, હોસ્પિટલો, મંદિરો, મસ્જિદો, અનાથ આશ્રમ, વૃધ્ધાશ્રમ, ધર્મશાળાઓ, છાત્રાલયો, શૈક્ષણિક સંકુલોનું નિર્માણ કરી પૂ.દીપચંદભાઈ એક મહામાનવ તરીકે ઉપસી આવ્યા ગુજરાતનાં ૧૮ હજાર ગામડામાંથી ભાગ્યે જ કોઈ એવું ગામ હશે જવા દીપચંદભાઈ ગારડીએ પોતાના દાનની સરવાણી વહાવી ન હોય. મધ્યપદેશના ઉજૈન ખાતે શ્રીમતિ રૂક્ષ્મણીબેન દીપચંદભાઈ ગારડીના નામથી ૧૦૦૦ બેડની હોસ્પિટલ અને મેડીકલ કોલેજની સુવિધા પુ. દીપચંદભાઈ ગારડી દ્વારા ઉભી કરવામાં આવી છે. પુ. દીપચંદભાઈ ગારડીના પુત્રો રમીકાંતભાઈ-હસમુખભાઈ અને સમગ્ર પરિવાર આજે પણ સેવાની જયોત જલતી રાખી વારસામાં મળેલ સંસ્કારને ઉજાગર કરે છે.

# ૨૫ મેથી બે દિવસ રાણ સ્થિત શ્રી સુરાપુરા દાદાના સાનિધ્યમાં શ્રી મહાવિષ્ણુયાગ મહાયજ્ઞનું આયોજન

## વૈશ્વદેવ સંકલ્પ, નાંદી શ્રાધ્ધ, આચાર્યાદિ બ્રાહ્મણ વરણ, મંડપ પ્રવેશ, સ્થાપિત પૂજન સહિત ધાર્મિક કાર્યક્રમોની વણઝાર

રાજકોટ, તા.૨૫

ભગવતી કુલાંબિકા શ્રી મોમાઈ માતાજીની અસીમ કૃપાથી તથા શ્રી સુરાપુરા દાદાની અસીમ પ્રેરણા તથા આશિર્વાદથી સમસ્ત પરિવારની નિરંતર રક્ષા અને કલ્યાણ કરનારથી સુરાપુરા દાદાની પ્રસન્નતા અર્થે અને આપણા પરિવારના સમસ્ત પિતૃ દેવતાઓની પ્રસન્નતા અર્થે સર્વે યજ્ઞોમાં શ્રેષ્ઠ એવા પરમકારિ દિવ્ય 'શ્રી મહાવિષ્ણુયાગ' યજ્ઞનું ભવ્ય તા.૨૫ મે ને રવિવાર અને તા.૨૬ મે ને સોમવાર એમ બે દિવસ આયોજન કરવામાં આવ્યું છે.

વૈદ અને શાસ્ત્રોની પદ્ધતિ દ્વારા યજ્ઞમાં તા.૨૪ મે ને રવિવારના રોજ દેહ શુદ્ધિ પ્રાયશ્ચત સાંજે ૫ કલાકે, તા.૨૫ ને રવિવારે સવારે ૮ કલાકે યજ્ઞ પ્રારંભ, શ્રી ગણપતિ પૂજન, પુણ્યાવાચન, માતૃકા પૂજન, સવારે ૧૦ કલાકે શ્રી વૈશ્વદેવ સંકલ્પ, નાંદી શ્રાધ્ધ, આચાર્યાદિ બ્રાહ્મણ વરણ, બપોરે ૧૨ કલાકે મંડપ પ્રવેશ, સ્થાપિત પૂજન, બપોરે ૨ કલાકે અગ્નિ સ્થાપન, ગૃહ શાંતિ હોમ, સાંજે ૫ કલાકે શ્રી સુરાપુરા દાદાનું રાજોપચાર પૂજન તથા આરતી તેમજ તા.૨૬ મે ને સોમવારના રોજ સવારે ૮ કલાકે શ્રી ગણપતિ પૂજન, સૂર્યાર્ધ, પાત્રાસાદન, મંડપ પ્રવેશ, સવારે ૯:૩૦ કલાકે શ્રી સ્થાપિત દેવ પૂજન અને પ્રધાનદેવ વિશેપ પૂજન, સવારે ૧૧ કલાકે પ્રધાન હોમ અને સાંજે ૬ કલાકે ઉત્તર તંત્ર પ્રયોગ અને પૂર્ણાહૂતિ થશે. આ વેદોક્ત યજ્ઞના આચાર્યપદે પૂ. શાસ્ત્રી અમિત અદા (પોરબંદર વાળા) બીરાજી વેદ અને શાસ્ત્રોકત પદ્ધતિ દ્વારા યજ્ઞ કરાવશે.




# વિશ્વ પુસ્તક દિવસ નિમિત્તે પિરામિડ પબ્લિકેશન દ્વારા ગ્રંથપાલનું સન્માન

રાજકોટ,તા.૨૫

વિશ્વ પુસ્તક દિવસ નિમિત્તે, પિરામિડ પબ્લિકેશને એક સુંદર પહેલ કરી. તેમણે જ્ઞાનના ભંડાર અને વાચકોના મિત્ર એવા ગ્રંથપાલોનું તેમના નિવાસ સ્થાને જઈને પિરામિડ પબ્લિકેશનની ટીમ દ્વારા સન્માન શાલ, શિલ્ડ અને પુસ્તક રૂપે એવોર્ડ આપી સન્માન કર્યું હતું. આ કાર્યક્રમમાં સાહિત્ય જગતના અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.આ પ્રસંગે કેટલાક વરિષ્ઠ ગ્રંથપાલોને તેમના વર્ષોના અમૂલ્ય યોગદાન બદલ વિશેષ સન્માનિત કરવામાં આવ્યા. તેમના અનુભવો અને પુસ્તકો પ્રત્યેનો લગાવ સૌ કોઇ માટે પ્રેરણાદાયી હતો. સન્માનિત ગ્રંથપાલોએ પિરામિડ પબ્લિકેશનનો આભાર માન્યો અને કહ્યું કે આ સન્માન તેમને તેમના કાર્યને વધુ ઉત્સાહથી કરવા માટે પ્રેરણા આપશે. આ કાર્યક્રમ પુસ્તકો અને ગ્રંથપાલોના મહત્વને ઉજાગર કરતો એક યાદગાર પ્રસંગ બની રહ્યો.

# રવિવારે સંત સુરદાસ યોજના હેઠળ આવતા ૬૦% કે તેથી વધુ ઓર્થોપેડીક દિવ્યાંગો માટે ફોર્મ ભરાશે

રાજકોટ,તા.૨૫

યુનીક વિકલાંગ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા આગામી તા.૨૭ ને રવિવારના રોજ સંત સુરદાસ યોજના હેઠળ આવતા ૬૦% કે તેથી વધુ દિવ્યાંગતા ધરવતા ઓર્થોપેડીક દિવ્યાંગો માટે સવારે ૯ થી ૧૨ સુધી સંસ્થાના કાર્યાલય ' વિકલાંગ વિકાસ કેન્દ્ર શાળા નં. ૫૫, આનંદ નગર બગીચા સામે, આનંદ નગર મેઇન રોડ, જુની નિલકંઠ સીનેમા સામેનો રોડ, રાજકોટ ખાતે ભરવામાં આવશે.

# ચાણસ્મા ખાતે વિનામુલ્યે દંત ચિકિત્સા કેમ્પ યોજાયો

ચાણસ્મા ગામે ગાયત્રી મંદિરના ઉપક્રમે યોજાયેલ વિનામુલ્યે દંતયજ્ઞ અને દાંતની બત્રીસીનો કેમ્પ રાખવામાં આવ્યો હતો. જેનો ૬૭ લોકોએ લાભ લીધેલ. જેમાં દાંતના દર્દીઓને ડિવાઈન ચેરીટેબલ ટ્રસ્ટના ડો.જયસુખ મકવાણા અને તેમની ટીમ ઉષાબેન મકવાણા, મોનિકા ભટ્ટ, જાગૃતિ ચૌહાણ દ્વારા તપાસી જરૂરી દવા અપાયેલ અને ૧૬ દર્દીના દાંત આયુર્વેદની ''જાલંધર બંધ યોગ'' પદ્ધતિ વડે ઇન્જેક્શન કે દવા વગર કાઢી આપવામાં આવેલ.




# સેન્ટ ગાર્ગી વિદ્યા સંકુલ અને અમીનુર ફાઉન્ડેશન દ્વારા દિવંગતોને શ્રધ્ધાંજલી અર્પણ

રાજકોટ,તા.૨૫

પહેલગામ આંતકવાદી હુમલા એ સમગ્ર ભારત દેશના ભારતવાસીઓ ની આંખો ભીની કરી મુકી છે ઠેર - ઠેર મૃતકોને શ્રધ્ધાંજલિ અર્પણ કરવામાં આવી રહી છે ત્યારે રાજકોટમાં સેન્ટ ગાર્ગી વિદ્યા સંકુલ અને અમીનુર ફાઉન્ડેશન દ્વારા ભાવ ભેર ભીની આંખો સાથે શ્રધ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં સેન્ટ ગાર્ગી વિદ્યા સ્કુલના મેનેજીંગ ટ્રસ્ટી ભરતભાઈ હેરભા, સેન્ટ ગાર્ગી વિદ્યા સ્કુલના પ્રીન્સીપાલ રમાબેન હેરભા, સનીભાઇ હેરભા અમીનુર ફાઉન્ડેશનના પ્રમુખ સૈયદ એજાઝબાપુ બુખારી, ઉપ પ્રમુખ રજાકભાઇ કારીયાણીયા, વકાર બ્લોચ સકલૈની, સૈયદ અર્શબાપુ, કીફલૈન ગીરાચ, શ્રીરાજસીંહ ચુડાસમા, ગુલાબસીંહ જાડેજા, ઇમરાનભાઇ ભટ્ટી, અમનભાઇ ભટ્ટી, મહમદભાઇ વડદરીયા, આરીફભાઇ શેખ, વગેરે લોકો કાળી પટ્ટી બાંધી આતંકવાદનો સખત વિરોધ કર્યો હતો.


### આર્ટ ઓફ લીવીંગ દ્વારા વાસદ આશ્રમે

# આગામી તા.૫થી ૯ મે સુધી બાળકો માટે સમર કેમ્પ યોજાશે



રાજકોટ,તા.૨૫

આર્ટ ઓફ લીવીંગ દ્વારા ૮ થી ૧૮ વર્ષના બાળકો અને તરૂણો માટે સમર કેમ્પનું આયોજન તા.૫મી મેથી તા.૯મીમે સુધી મહીસાગર નદીનાં કિનારે આર્ટ ઓ લીવીંગના વાસદ આશ્રમ ખાતે કરવામાં આવેલ છે.આર્ટ ઓફ લીવીંગના સ્થાપક હીઝ હોલીનેસ પ.પૂ.શ્રી શ્રી રવિશંકરજીના અનુયાયી ક્રિષ્ના કોટકનાં સાનિધ્યમાં સમર કેમ્પ યોજાશેઆ સમરકેમ્પમાં આર્ટ ઓફ લીવીંગનાં ઉત્કર્ષ યોગા (આર્ટ એકસેલ) અને મેઘાયોગા લેવલ ૧ (યસ કોર્ષ) જેમાં સુદર્શનક્રિયા ધ્યાન યોગા, પ્રાણાયામ, હિસ્ટોરીકલ સ્ટોરી, આઉટડોર, ગેમ્સ, ઈન્ડોર ગેમ્સ, ફૂડ અવેરનેસ શિખવવામાં આવશે.જેના કારણે બાળકોના આત્મવિશ્વાસ એકાગ્રતા વધે છે. આ કેમ્પમાં ગૃપ એકટીવીટી દ્વારા લીડરશીપ એકટીવીટી માનવીય મૂલ્યોની સમજ, ટાઈમ મેનેજમેન્ટ, રિલેશીનશીપ મેનેજમેન્ટ સ્ટ્રેસ મેનેજમેન્ટ શિખવવામાં આવે છે.તા.૫ થી ૯ મેના સમર કેમ્પ દરમ્યાન બાળકોને એકસ્ટ્રા એકટીવીટી પણ કરાવવામાં આવશે.જેમાં ડાન્સ ડ્રામાં, કાલે આર્ટ ટ્રેકિંગ, વીલેજટીપ, ફનસ્ટ્રીટ, આર્ચરી, ટ્રેઝરહન્ટ, રેઈનડા જેવી વીવીધ એકટીવીટી પણ કરાવવામાં આવશે. થીમશો, ટેલેન્ટશો, કલ્ચરલ એકટીવીટી અને બબૂન શો આ કેમ્પનું આકર્ષણ રહેશે.સમરકેમ્પની વધુ માહિતી માટે ક્રિષ્ના કોટક (૯૮૫૫૬૫૫૫૨૨)ના સંપર્ક કરવો.



### વિશ્વ નૃત્ય દિન નિમિત્તે 'પરમ કથક કેન્દ્ર' દ્વારા

# મંગળવારે કથક નૃત્ય શૈલી પર આધારિત કાર્યક્રમનું આયોજન: નૃત્યોત્સવ-૨૦૨૫

રાજકોટ તા.૨૫

ગુજરાત રાજય સંગીત નાટક અકાદમીના આર્થિક સહયોગથી, રાજકોટ શહેરના 'પરમ કથક કેન્દ્ર' દ્વારા કથક નૃત્ય શૈલીમાં 'નૃત્યોત્સવ' ૨૦૨૫, કાર્યક્રમનું આયોજન તા.૨૯ એપ્રિલના મંગળવારે રાત્રીના ૮-૩૦ કલાકે વિશ્વ નૃત્ય દિવસની ઉજવણીના ભાગરૂપે આ કાર્યક્રમ હેમુગઢવી (મીની) હોલમાં યોજવામાં આવેલ છે.

કાર્યક્રમના મુખ્ય મહેમાનોમાં વરિષ્ઠ નાટયવિદ ભરત યાજ્ઞિક, સુપ્રસિધ્ધ નાટયવિદ નયન ભટ્ટ તથા મૃણાલિની ભટ્ટ, અતિથિ વિશેષ પદે તપસ્વી સ્કૂલના સંસ્થાપક અને કેળવણીકાર અમિષ દેસાઈ તથા શિતલ દેસાઈ, બાલભવનનાં ઓફિસ સુપ્રિ. કિરીટ વ્યાસ, વરિષ્ઠ નાટયકાર કૌશિક સિંધવ તથા અરવિંદ રાવલ ઉપસ્થિત રહેશે.

પરમ કથક કેન્દ્રનાં શિષ્યો દ્વારા રજૂ થનાર આ કાર્યક્રમનાં પરિકલ્પન, નૃત્ય નિર્દેશન તથા સંચાલન ગૌરવ પુરસ્કૃત પલ્લવી વ્યાસના છે. કાર્યક્રમ નિ:શુલ્ક છે. રસ ધરાવનાર ભાવકોએ આમંત્રણ કાર્ડ મેળવવા મો. ૯૪૨૭૨ ૧૭૫૯૮નો સંપર્ક કરવો.

# આઈ.ટી.આઈ.–રાજકોટ ખાતે ઓનલાઈન પ્રવેશ ફોર્મ શરૂ

રાજકોટ,તા.૨૫

રોજગારી અને સ્વરોજગારીની ઉત્તમ તક ઉપલબ્ધ કરાવતી આઈ.ટી.આઈ.-રાજકોટ ખાતે પ્રવેશસત્ર-૨૦૨૫ અંતર્ગત એડમિશન લેવા માટેના ઓનલાઈન ફોર્મ ભરવા માટેની કામગીરી ચાલુ કરવામાં આવેલ છે. પ્રવેશ માટે ઈચ્છુક ઉમેદવારે ઓનલાઈન એડમિશન પ્રક્રિયાની સમજણ તેમજ ઓનલાઇન ફોર્મ ભરવા માટે આઈ.ટી.આઈ.-રાજકોટ, આજીડેમ પાસે, ભાવનગર રોડ પર સવારે ૦૯:૩૦ કલાક થી સાંજે ૦૫:૦૦ કલાક દરમ્યાન મુલાકાત લઈ શકે છે. તેમજ વધુ વિગત માટે www.itiadmission.gujarat.gov.in વેબસાઈટની મુલાકાત લેવી.

## પહેલગામના આતંકી હુમલા બાદ સમીકરણો બદલાયા છે!

# પાકિસ્તાન-ભારત વચ્ચેનો સિમલા કરાર શું છે ? પાકિસ્તાને સિમલા કરાર સ્થગિત કરવાની વાત કરી !!



નવી દિલ્હી,તા.૨૫

પહેલગામમાં ૨૨ એપ્રિલના રોજ થયેલા આતંકી હુમલાએ સમગ્ર દેશને હચમચાવી દીધો છે. આ ઘટનાને લઈને સમગ્ર દેશમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. આ કાયરતાપૂર્ણ કૃત્યના જવાબમાં ભારત સરકારે બુધવારે અનેક આકરા નિર્ણયો લીધા છે. સુપ્રીમ કોર્ટે પાકિસ્તાનને પાકિસ્તાન સાથે સિંધુ જળ સંધિ બંધ કરવા, અટારી બોર્ડર પોસ્ટ બંધ કરવા અને પાકિસ્તાની સૈન્ય સલાહકારોને ભારત છોડવાની મંજૂરી આપવાનો નિર્દેશ આપ્યો છે.

ભારતે લીધેલા આ આકરા નિર્ણયો બાદ પાકિસ્તાને ગુરુવારે રાષ્ટ્રીય સુરક્ષા પરિષદની બેઠક યોજી હતી. પાકિસ્તાને સિંધુ જળ સંધિને રોકવાના ભારતના નિર્ણયને યુદ્ધનું કાર્ય ગણાવ્યું છે. આ સાથે પાકિસ્તાને શિમલા કરાર સહિત દ્વિપક્ષીય સમજૂતીઓને સ્થગિત કરવાની પણ વાત કરી છે. પહેલગામ હુમલા બાદ બંને દેશો વચ્ચે ચાલી રહેલા તણાવને કારણે શિમલા કરાર ફરી એકવાર ચર્ચામાં છે.

**સિમલા કરાર શું છે ? :-**

૧૯૭૧માં ભારત-પાક યુદ્ધ બાદ તેમના ૯૦ હજારથી વધુ સૈનિકોને યુદ્ધકેદીઓ બનાવામાં આવ્યા હતા. આ પછી ભારત અને પાકિસ્તાન વચ્ચેના સંબંધોમાં સુધારો થયો અને, પાક યુદ્ધ કેદીઓને બચાવવાની કવાયત શરૂ થઈ. ત્યારબાદ બંને દેશો વચ્ચે સારા સંબંધો માટે શિમલામાં ૨ જુલાઈ ૧૯૭૨ના રોજ એક કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.

**કરારના મુખ્ય મુદ્દાઓ :-**

બંને દેશોએ ૧૭ સપ્ટેમ્બર ૧૯૭૧ના રોજ યુદ્ધવિરામ તરીકે માન્યતા આપી હતી. આ કરારના ૨૦ દિવસની અંદર બંને દેશોની સેના પોત-પોતાની સરહદે જશે તેવો નિર્ણય લેવામાં આવ્યો હતો.

એવું પણ નક્કી કરવામાં આવ્યું હતું કે બંને દેશો /સરકારોના અધ્યક્ષોની બેઠક ભવિષ્યમાં પણ ચાલુ રહેશે. બંને દેશોના અધિકારીઓ સામાન્ય સંબંધો જાળવવા માટે વાતચીત ચાલુ રાખશે.

બંને દેશો તમામ વિવાદો અને સમસ્યાઓના શાંતિપૂર્ણ સમાધાન માટે સીધી વાતચીત કરશે. કોઈ પણ મધ્યસ્થી તૃતીય પક્ષો દ્વારા કરવામાં આવશે નહીં

પરિવહનની સુવિધા ઉભી કરવામાં આવશે. જેથી બંને દેશોના લોકો સરળતાથી આવી અને જઈ શકે.

શક્ય હોય ત્યાં સુધી વેપાર અને આર્થિક સહયોગ ફરીથી સ્થાપિત થશે.

જો આખરે બંને દેશો વચ્ચે કોઈ પણ સમસ્યાનું સમાધાન નહીં થાય અને મામલો પેન્ડિંગ રહેશે, તો કોઈ પણ પક્ષ એકપક્ષીય રીતે પરિસ્થિતિને બદલવાનો પ્રયાસ કરશે નહીં.

કોઈ પણ પક્ષ શાંતિપૂર્ણ અને સૌહાર્દપૂર્ણ સંબંધો જાળવવા માટે હાનિકારક હોય તેવા કાર્યોમાં સહાય, પ્રોત્સાહન કે સહકાર આપશે નહીં.

બંને દેશો એકબીજાની પ્રાદેશિક અખંડિતતા અને સાર્વભૌમત્વનું સન્માન કરશે. સમાનતા અને પરસ્પર લાભના આધારે તેઓ એકબીજાની આંતરિક બાબતોમાં દખલ કરશે નહીં.

બંને સરકારો આવા આક્રમક પ્રચારને રોકવા માટે તેમની શક્તિની અંદર તમામ શક્ય પગલાં લેશે જે બંને દેશોમાંથી કોઈ એકને નિશાન બનાવે છે. બંને દેશો આ પ્રકારની માહિતીની આપ-લેને પ્રોત્સાહન આપશે.

પોસ્ટ, ટેલિગ્રાફ સર્વિસ, સમુદ્ર, બોર્ડર પોસ્ટ, ફ્લાઇટ સહિતની એર લિંક્સ સહિતની સરફેસ કમ્યુનિકેશન ચેનલ્સ પુનઃસ્થાપિત કરવામાં આવશે

બંને પક્ષોના પ્રતિનિધિઓ શાંતિ, પીઓડબ્લ્યુ અને નાગરિક કેદીઓના આદાનપ્રદાન, જમ્મુ-કાશ્મીરની અંતિમ પતાવટ અને રાજદ્વારી સંબંધોને સામાન્ય બનાવવાની સંભાવનાના પ્રશ્ને મળવાનું ચાલુ રાખશે અને ચર્ચા કરશે.

બંને પક્ષો શક્ય તેટલી હદ સુધી આર્થિક અને અન્ય સંમત ક્ષેત્રોમાં વેપાર અને સહકાર વધારવા સંમત થયા હતા.

વિજ્ઞાન અને સંસ્કૃતિના ક્ષેત્રમાં આદાન-પ્રદાનને પ્રોત્સાહન આપવા માટે સંમતિ સધાઈ હતી

### સિમલા સમજૂતી પર ક્યાં સંમતિ સધાઈ હતી? :-

૨ જુલાઈ ૧૯૭૨ના રોજ હિમાચલ પ્રદેશની રાજધાની શિમલાની બાર્નેસ કોર્ટમાં યોજાયેલી બેઠકમાં બંને દેશો આ સમજૂતી પર સહમત થયા હતા. આ કરાર પર ભારતના તત્કાલીન વડા પ્રધાન ઇન્દિરા ગાંધી અને પાકિસ્તાનના તત્કાલીન રાષ્ટ્રપતિ ઝુલ્ફિકાર અલી ભુટ્ટોએ હસ્તાક્ષર કર્યા હતા. તેથી જ તેને શિમલા કરાર કહેવામાં આવે છે. બાર્નેસ કોર્ટ હાલમાં રાજભવન છે. શિમલા કરારના નિશાન હજી પણ રાજભવનમાં હાજર છે. આ સમજૂતીમાં બંને દેશોએ શાંતિપૂર્ણ માધ્યમથી અને વાતચીત દ્વારા પોતાના મતભેદોને ઉકેલવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

### પાકિસ્તાને સિમલા કરારનું ઉલ્લંઘન ક્યારે કર્યું ? :-

૧૯૭૨માં થયેલી સિમલા સમજૂતીમાં બંને દેશો વાતચીત દ્વારા સમસ્યાઓનો ઉકેલ લાવવા સંમત થયા હતા, પરંતુ પાકિસ્તાને ૧૯૯૯માં શિમલા સમજૂતીનું ઉલ્લંઘન કર્યું હતું જ્યારે પાકિસ્તાની સૈનિકો જમ્મુ-કાશ્મીરના ભારતીય વિસ્તારમાં ઘૂસી ગયા હતા. આ પછી ભારતે પાકિસ્તાની સૈનિકોને હાંકી કાઢવા માટે ઓપરેશન શરૂ કર્યું હતું, તેને કારગિલ યુદ્ધ તરીકે ઓળખવામાં આવે છે.

### સિમલા સમજૂતી અને તેની મર્યાદાઓની અસર :-

શિમલા સમજૂતી પોતાનામાં જ એક મહત્વપૂર્ણ પહેલ હતી, જેનો ઉદ્દેશ ભારત અને પાકિસ્તાન વચ્ચે સ્થાયી શાંતિ સ્થાપિત કરવાનો હતો. આ હોવા છતાં, સમય જતાં બંને દેશો વચ્ચેના સંબંધોમાં સતત ઘટાડો થતો રહ્યો. ૧૯૮૦ના દાયકામાં સિયાચીન ગ્લેશિયર પરનો સંઘર્ષ, ૧૯૯૯નું કારગિલ યુદ્ધ અને કાશ્મીર પર સતત ચાલી રહેલા તણાવ આ ઘટાડાના મુખ્ય ઉદાહરણો છે. ૧૯૮૪માં ભારતે ''ઓપરેશન મેઘદૂત'' હેઠળ સિયાચીન ક્ષેત્ર પર નિયંત્રણ મેળવ્યું હતું, જેને પાકિસ્તાને સિમલા સમજૂતીનું ઉલ્લંઘન માન્યું હતું, કારણ કે આ સમજૂતીમાં તે વિસ્તારની સીમા સ્પષ્ટ રીતે નિર્ધારિત કરવામાં આવી ન હતી.

# છત્તીસગઢ ભાજપના સોશ્યલ મીડીયા હેન્ડલ પર પહેલગામની દર્દનાક તસ્વીરની જીબલી ઈમેજ મુકાઈઃ જબરી ટીકા






નવી દિલ્હી તા.૨૫

પહેલગામમાં થયેલા ત્રાસવાદી હુમલાના પગલે એક તરફ દેશભરમાં લોકોમાં આક્રોશ અને શોકનું વાતાવરણ છે તે સમયે છતીસગઢમાં ભાજપના એક નેતાએ પહેલગામ હુમલાની એક સૌથી મોટી જાણીતી થયેલ તસ્વીરમાં જીબલી ઈમેજ બનાવીને સોશ્યલ મીડીયામા વાયરલ કરતા જબરી ટીકા થઈ છે. આમ હુમલામાં માર્યા ગયેલા એક હતભાગી દ્વીવેદીની ત્રાસવાદીઓએ તેની પત્નીની નજર સામે જ ગોળી મારીને હત્યા કરી હતી અને જયારે શુભમની પત્નીએ આજીજી કરી કે તેને પણ ગોળી મારી દો ત્યારે ત્રાસવાદીએ તેને કહ્યું હતું કે જાવ તમને હું મારતો નથી અને તે મોદીને કહો આમ કહીને તેમણે બીજા એક સહેલાણી મંજુનાથ રાવના પત્નીને પણ આવું જ કહ્યું હતું અને તે તસ્વીર મીડીયામાં પ્રથમ દિવસે જ પ્રસિદ્ધ થઈ છે તો હવે તેની જીબલી ઈમેજ ભાજપની છતીસગઢ એકમના વેબસાઈટ પર અને સોશ્યલ મીડીયા એકાઉન્ટમાં મુકવામાં આવી છે અને તેમાં એવું લખાયું છે કે ધર્મ પુછા જાતી નહી યાદ રખેંગે, એકસ એકાઉન્ટ પર આ પ્રકારે જીબલી ઈમેજ મુકાતા જ તેની જબરી ટીકા થઈ છે.

## પહેલગામ હમલા મુદે મહારાષ્ટ્રમાં રાજકારણ ખેલાઈ ગયું

# સીએમ ફડનવીસે ચાર્ટર્ડ ફલાઈટની જાહેરાત કરીઃ શિંદે ખુદ એક ફલાઈટ લઈને શ્રીનગર પહોંચી ગયા

## પરત આવતા સહેલાણીઓને આવકારવામાં પણ મંત્રીઓ વચ્ચે પડાપડી



મુંબઈ તા.૨૫

પહેલગામ હુમલાને પગલે આ વિસ્તારમાં ફસાયેલા સહેલાણીઓને ઉગારવા માટે ગુજરાત સહિતના દરેક રાજયો દ્વારા ખાસ પ્રયત્નો થયા હતા જેમાં મહારાષ્ટ્રમાં તેમાં પણ રાજકારણ બહાર આવ્યુ છે અને રાજયની મહાયુતી સરકારમાં મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડનવીસ અને નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદેએ યશ લેવા પ્રયત્ન કર્યો હતો. મુખ્યમંત્રી ફડનવીસે મહારાષ્ટ્રના છ લોકો જે આ હુમલામાં માર્યા ગયા હતા તેમના પરિવારને રૂા.૫ લાખ અને ઈજાગ્રસ્તોને રૂા.૫૦ હજાર આપવાની જાહેરાત કરી એટલું જ નહી તેમણે જાહેર કર્યુ કે બે ખાસ વિમાનો મહારાષ્ટ્રના બે મુસાફરો ત્યાં ફસાયા છે તેને પરત લાવવા મોકલાશે પણ તેમની આ જાહેરાત સમયે નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદે કે અન્ય કોઈને હાજર રખાયા ન હતા તેથી શિંદે એક ખાનગી ચાર્ટર્ડ પ્લેન લઈને શ્રીનગર પહોંચી ગયા હતા અને અહી ફસાયેલા મહારાષ્ટ્રના સહેલાણીને લઈને પરત આવશે તેવી પ્રેસનોટ પણ રિલીઝ કરાઈ. એટલું જ નહી રાજયના એક મંત્રી ગીરીશ મહાજન વિમાની મથકે પહોંચી ગયા હતા અને રાજય સરકારનું ખાસ વિમાન શ્રીનગર જાય તેની રાહ જોતા રહ્યા જેથી તેઓ સહેલાણીઓને લેવા જઈ શકે તો અન્ય બે મંત્રીઓ પણ એરપોર્ટ પહોંચી ગયા અને તેઓ સહેલાણી પરત આવે તેને આવકારવા તૈયાર હતા.

## પહેલગામ હુમલોઃ ભાજપે ડેમેજ કંટ્રોલ કરવું પડયું

નવી દિલ્હી તા.૨૫ :

પહેલગામ હુમલામાં સરકારની સુરક્ષા અને ગુપ્તચર નિષ્ફળતા ખુલ્લી પડી છે અને તેના કારણે દેશભરમાં આક્રોશ સર્જાયો હતો તો ડેમેજ કંટ્રોલ કરવા ભાજપે તેમના તમામ મુખ્યમંત્રીઓને તેમના રાજયમાં જે કોઈ આ હુમલાનો ભોગ બન્યા હોય તેમની અંતિમ યાત્રામાં ભાગ લેવા માટે સૂચના આપી દીધી હતી જેના કારણે ગુજરાત, મહારાષ્ટ્ર સહિતના રાજયોમાં મુખ્યમંત્રી જેવા તેમના રાજયમાં આ હુમલાના દિવંગતોના પાર્થિવ દેહ પહોંચ્યા તો તેમાં જોડાઈ ગયા હતા અને અંતિમ યાત્રામાં પણ ઉપસ્થિત રહ્યા. સૂત્રોના જણાવ્યા મુજબ લોકોનો જે આક્રોશ હતો તે સતત પક્ષ ભાજપ માટે ચિંતા સર્જે તેવો હતો અને તેથી જ તાત્કાલીક ડેમેજ કંટ્રોલના આદેશ અપાયા.

# રેલ્વેની IRCTCએ પણ કાશ્મીર ટુર બંધ કરી દીધી



મુંબઈ,તા.૨૫

ભારતીય રેલવેની અન્ય સર્વિસ સાથે ટૂર મેનેજ કરતી બ્રાન્ચ ઇન્ડિયન રેલવે કેટરિંગ એન્ડ ટૂરિઝમ કોર્પોરેશન (IRCTC)એ આજે ૨૫ એપ્રિલથી જમ્મુ-કાશ્મીરની એની બધી જ પ્રી-પ્લાન્ડ ટૂર હાલ રોકી દીધી છે. સહેલાણીઓની સુરક્ષા માટે આ નિર્ણય લેવામાં આવ્યો હોવાનું IRCTCએ જણાવ્યું છે.

ભારતીય રેલવેના IRCTC દ્વારા જમ્મુ-કાશ્મીર માટે 'જન્નત-એ-કાશ્મીર વિથ વૈષ્ણોદેવી દર્શન', 'કાશ્મીર - ધ પેરેડાઇઝ ઑન અર્થ' અને 'અતુલ્ય ભારત' સહિતની અન્ય કેટલીક ટૂર ગોઠવવામાં આવતી હોય છે. આગળની

સૂચનાઓ ન મળે ત્યાં સુધી જમ્મુ-કાશ્મીરની એ બધી જ ટૂર રોકી દેવામાં આવી છે. પહેલેથી જે સહેલાણીઓએ એ માટે બુકિંગ કરાવ્યું હશે એ ટૂરિસ્ટોને પણ જો એ ટૂરમાં ન જવું હોય અને બુકિંગ કેન્સલ કરવું હોય તે તેમને ફુલ રીફન્ડ આપવામાં આવશે. સહેલાણીઓની સુરક્ષા માટે આ નિર્ણય લેવામાં આવ્યો હોવાનું IRCTCએ જણાવ્યું હતું.

હાલ IRCTCની જે ટૂર ઑલરેડી ચાલુ છે એમાં ૧૭૦ સહેલાણીઓ ત્યાં છે. એમાંથી ૨૦ મુંબઈના છે. મુંબઈના સહેલાણીઓ સાથે IRCTC સંપર્કમાં છે અને તેમને સુર ક્ષિત રીતે મુંબઈ પહોંચાડવામાં આવશે.

# પહેલગામ હુમલા અંગે 'ન્યુયોર્ક ટાઇમ્સ'એ હેડલાઇનમાં છબરડો વાળતા યુએસ સાંસદ ખફા !

## 'એન્વાયરી'એ આતંકી હુમલાને સામાન્ય ગનમેન એટેક સાથે સરખાવતા અમેરિકન સરકારે ભુલ સુધારી





વોશિંગ્ટન (અમેરિકા), તા. ૨૫

જમ્મુ અને કાશ્મીરના પહલગામમાં થયેલા આતંકવાદી હુમલાને લઈને અમેરિકન અખબાર ન્યૂયોર્ક ટાઈમ્સ વિવાદમાં ફસાઈ ગયું છે. અખબારે તેના એક અહેવાલમાં આ હુમલા માટે જવાબદાર આતંકવાદીઓ માટે 'મિલિટન્ટ' એટલે કે ઉગ્રવાદી શબ્દનો ઉપયોગ કર્યો હતો. જેના કારણે યુએસ સાંસદ સમિતિ દ્વારા તેની આકરી ટીકા કરવામાં આવી હતી. આ સાથે જ સાંસદ સમિતિએ ગઢ્ઢ પર 'ગનમેન' અથવા 'ઉગ્રવાદીઓ' જેવા શબ્દો વાપરીને પહલગામ હુમાલાની ગંભીરતાને ઓછી આંકાવાનો આરોપ લગાવ્યો છે. દક્ષિણ કાશ્મીરના પહલગામમાં થયેલા હુમલામાં ૨૮ લોકો માર્યા ગયા હતા, જેમાં મોટાભાગના પ્રવાસીઓ હતા. આ હુમલા અંગે, ન્યૂ યોર્ક ટાઇમ્સે તેની હેડલાઇનમાં લખ્યું, 'કાશ્મીરમાં ઉગ્રવાદીઓ દ્વારા ઓછામાં ઓછા ૨૮ પ્રવાસીઓની ગોળી મારીને હત્યા કરવામાં આવી.' સાંસદ સમિતિએ X પર પોસ્ટ કરીને પહલગામ ઘટના પર અખબારની હેડલાઈનમાં વાપરવામાં આવેલા શબ્દોની આલોચના કરી હતી. તેમજ આ સમાચારને શેર કરતા લખ્યું હતું કે, 'ન્યૂ યોર્ક ટાઇમ્સ, અમે તમારી હેડલાઇન સુધારી છે. આ સ્પષ્ટપણે આતંકવાદી હુમલો હતો. ભારત હોય કે ઇઝરાયલમાં, આતંકવાદની વાત આવે ત્યારે ધ ન્યૂ યોર્ક ટાઇમ્સ વાસ્તવિકતાથી ઘણું દૂર છે.'

# પાકિ.ક્રિકેટર શાહિદ આફ્રિદી-શોએબ અખ્તરને ત્રાસવાદીઓ પ્રત્યે સોફટ કોર્નર ! લોકો ભડકયા

## પહેલગામ હુમલાની ટીકા ન કરીઃ દાનિશ તથા મોહમ્મદ હાફીઝે ઘટનાને વખોડી



નવી દિલ્હી,તા.૨૫

જમ્મુ-કાશ્મીરના પહેલગામમાં થયેલાં આતંકવાદી હુમલાની દરેક જગ્યાએ નિંદા થઈ રહી છે. આ હુમલામાં ૨૬ નિર્દોષ નાગરિકોના મોત થયા હતા. સોશિયલ મીડિયા પર ભારતીયોએ સરકારને આતંકીઓના ઠેકાણાઓને નષ્ટ કરવાની માંગ કરી છે

પાકિસ્તાનના કેટલાક ક્રિકેટરોએ જ આ કાયરતાપૂર્ણ ઘટના અંગે દુઃખ વ્યક્ત કર્યું હતુ. એક તરફ ભારત સાથે રમવાની વકાલત કરનારા અને મોટી મોટી વાતોમાં સૌથી આગળ રહેલા પૂર્વ કેપ્ટન શાહિદ આફ્રિદી, શોએબ અખ્તર સહિત તમામ દિગ્ગજોએ આતંકીઓ પર મૌન સેવ્યું છે ત્યારે કેટલાકે ખુલ્લેઆમ રોષ વ્યક્ત કર્યો છે. શાહિદ આફ્રિદી અને શોએબ અખ્તરનું મૌન આતંકવાદીઓ પ્રત્યે સોફ્ટ કોર્નર બતાવે છે. આ ખેલાડીઓએ અલગ-અલગ સમયે ભારત અને તેના લોકો પ્રત્યે પોતાની નફરત દર્શાવી છે શાહિદ આફ્રિદીએ એક વખત કહ્યું હતું કે જ્યારે તેણે પોતાની દીકરીઓને ભારતીય ટીવીના કાર્યક્રમો જોતી જોઈ ત્યારે ટીવી તોડી નાખ્યું હતું, તો બીજી તરફ શોએબ અખ્તરે કહ્યું હતું કે તે ભારત સામેના યુદ્ધમાં બંદૂક ઉઠાવવા માંગે છે. તેઓ મહાન સચિનનું માથું તોડવા માંગતા હતા. આ દરમિયાન પાકિસ્તાનના પૂર્વ કેપ્ટન મોહમ્મદ હાફિઝે દુખ વ્યક્ત કર્યું છે.

પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલા પર દુઃખ વ્યક્ત કરતા મોહમ્મદ હાફીઝે ટ્વીટ કર્યું, ''દુઃખદ અને હૃદયભંગ. આ સાથે જ દાનિશ કનેરિયાએ પાકિસ્તાનને ખુલ્લેઆમ શરમમાં મૂકી દીધું હતું. ભારતના લોકોને બે શબ્દની શ્રદ્ધાંજલિ શોએબ અખ્તર અને શાહિદ આફ્રિદી જેવા લોકો દ્વારા આતંકવાદીઓના સોફ્ટ કોર્નરથી ઢાંકી દેવામાં આવી છે

# ગટર સફાઈમાં કામદારોના મોતના વધુ બનાવોથી હાઈકોર્ટ આકરાપાણીએઃ કાયદેસરના પગલા લેવા જ પડશે

## સરકાર-કોર્પોરેશનો પાસેથી જવાબ માંગ્યોઃ રાજયના એડવોકેટ મીરલને હાજર રહેવા તાકિદ

અમદાવાદ,તા.૨૫

ગટર સફાઈ દરમિયાન કામદારોમાં ગુંગળાઈ જવાથી કરુણ મોતના કિસ્સાઓમાં સુપ્રીમ કોર્ટના આદેશો હોવા છતાં તેનું યોગ્ય પાલન નહીં કરવામાં આવતા ગુજરાત હાઈકોર્ટે આ કેસમાં આગામી મુદતે ખુદ રાજયના એડવોકેટ જનરલને હાજર રહેવા સ્પષ્ટ તાકીદ કરી કેસની વધુ સુનાવણી તા.૫મી મેના રોજ મુકરર કરી હતી. આ સાથે અદાલતે રાજ્ય સરકારના વલણની આકરા શબ્દોમાં ઝાટકણી કાઢી હતી.

અરજદાર સંસ્થા માનવ ગરિમા તરફથી અદાલતનું ધ્યાન દોરાયું હતું કે, છેલ્લા દોઢ મહિના જેટલા સમયમાં ગુજરાતમાં વધુ ત્રણ સફાઇ કામદારોના મોત નોંધાયા છે. જેમાં એક કિસ્સામાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની હકુમત વિસ્તારમાં આવતાં જજીસ બંગલો વિસ્તારમાં સફાઇ કામદારે પોતાના જીવ ગુમાવ્યો છે. તો, બે સફાઇ કામદારોના મોત જૂનાગઢ મહાનગરપાલિકા હસ્તકના વિસ્તારોમાં નોંધાયા છે. હાઇકોર્ટ અને સુપ્રીમકોર્ટના સ્પષ્ટ નિર્દેશો છતાં મેન્યુઅલ સ્કવેન્જીંગથી ગટર-મેનહોલ સફાઇ દરમ્યાન કામદારોના સતત મોત નીપજી રહ્યા હોવાની ઘટનાઓ ઘણી ગંભીર અને આઘાતજનક છે.

આજ રોજ થયેલી સુનાવણી દરમિયાન હાઇકોર્ટે સાફ શબ્દોમાં જણાવ્યું કે, સંબંધિત સત્તાધીશોએ હવે આવી ઘટનાઓમાં જવાબદારો સામે કાયદેસર પગલાં લેવા જ પડશે. ચીફ જસ્ટિસ સુનિતા અગ્રવાલ અને જસ્ટિસ પ્રણવ ત્રિવેદીની ખંડપીઠે મેન્યુઅલ સ્કવેન્જીંગ દરમ્યાન સફાઇ કામદારોના મોતના મામલાઓમાં રાજયની મહાનગરપાલિકાઓ, નગરપાલિકાઓ, જિલ્લા પંચાયતો, નગર પંચાયતો દ્વારા કોન્ટ્રાકટર સહિતના જવાબદારો સામે શું પગલાં લેવાયા છે તે મુદ્દે કમિશનર ઓફ મ્યુનિસિપાલિટીઝ પાસેથી જવાબ માંગ્યો છે. હાઇકોર્ટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન પાસેથી પણ સમગ્ર મામલે જવાબ માંગ્યો છે.

દરમ્યાન હાઇકોર્ટે રાજય સરકાર અને સત્તાવાળાઓને ઝાટકતાં ગંભીર વેધક સવાલો કર્યા હતા કે, વારંવાર આ પ્રકારના બનાવો બની રહ્યા છે તો તેની કોઇ યોગ્ય તપાસ થાય છે કે કેમ...?, આવા કિસ્સાઓમાં કોન્ટ્રાકટરો સામે શું પગલાં લેવાય છે...?, આવી ઘટનાઓમાં જવાબદારો સામે સખત કાર્યવાહીની હવે જરૂર છે. જો અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના કોન્ટ્રાકટર જ મેન્યુઅલ સ્કેવેન્જીંગ કરાવતા હોય તો પાટડી નગરપાલિકા પાસે સાધનોને લઇ શું અપેક્ષા રાખી શકાય..હવે સંવેદનશીલતા રાખવાથી કશું નહી થાય, જવાબદારો સામે કાયદેસર પગલાં લેવા જ પડશે. હવે સંવેદનશીલતા ફેલાવવાથી કશું નહીં થાય, જવાબદાર લોકો સામે કાનૂની પગલા જ લેવા પડશે.

# એપ્રિલનાં અંત સુધી હજુ આકરી ગરમી

## તાપમાન ૪૦થી ૪૪ ડિગ્રી સુધી પહોંચી જશે : આજે પણ તાપ અકળાવશે

રાજકોટ, તા. ૨૫

ગઇકાલે રાજયમાં ગરમીમાં આંશિક રાહત રહેવા પામી હતી. રાજકોટ-ભુજમાં ૪૨ ડિગ્રી ઉપરાંત અમરેલીમાં ૪૧.૯, વડોદરામાં ૪૦.૪, ડિસામાં ૪૦.૮, ગાંધીનગરમાં ૪૧.૬ ડિગ્રી તાપમાન રહ્યું હતું.

જયારે હવામાન વિભાગે આજથી ફરી ગરમી વધવાની આગાહી કરી છે.


જયારે જામનગર શહેરમાં સતત બીજા દિવસે પણ મહતમ તાપમાનનો પારો ૩૮.૬ ડિગ્રી રહ્યો હતો.જ્યારે લઘુતમ તાપમાનમાં એક ડિગ્રીના ઘટાડા સાથે ૨૩.૫ ડિગ્રી પહોંચ્યો હતો. તો શહેરના વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૮૩ ટકા અને પવનની ગતિ પ્રતિકલાકમાં ૩ કિમિના વધારા સાથે ૮.૭ કિમિ નોંધાઇ છે.

ગુજરાતમાં હવામાન વિભાગે એપ્રિલના અંત સુધી ૪૦ થી ૪૪ ડિગ્રી વચ્ચે તાપમાનની આગાહી કરી છે. આજે રાજકોટ અને કચ્છ જિલ્લામાં ગરમીનો પારો ૪૨ ડિગ્રીએ પહોંચવાની શક્યતા છે. બે દિવસ બાદ હાલ જે તાપમાન નોંધાઈ રહ્યું છે તેમાં પણ બે થી ત્રણ ડિગ્રીનો વધારો થવાની આગાહી કરાઇ છે.

દરમ્યાન આજે વિવિધ શહેરોમાં મહત્તમ તાપમાનની આગાહી જોઇએ તો અમદાવાદ ૪૧ ડિગ્રી, સુરત ૩૮ ડિગ્રી, વડોદરા ૪૦ ડિગ્રી, રાજકોટ ૪૨ ડિગ્રી, ભાવનગર ૩૯ ડિગ્રી, ભુજ ૪૨ ડિગ્રી, ડીસા ૪૧ ડિગ્રી, નલિયા ૩૮ ડિગ્રી, પોરબંદર ૩૪ ડિગ્રી તાપમાન રહેશે. રાજ્યમાં હાલ કોઈ હીટવેવની આગાહી નથી. પરંતુ, ૨૭ એપ્રિલ બાદ ગરમીમાં હજી પણ બે થી ત્રણ ડિગ્રીનો વધારો થવાની આગાહી કરવામાં આવી છે. દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના દરિયાકાંઠા વિસ્તારોમાં અસહજ સ્થિતિ બની રહેવાની પણ આગાહી કરવામાં આવી છે. એપ્રિલના અંત સુધી રાજ્યમાં ૪૦ થી ૪૪ ડિગ્રી વચ્ચે તાપમાન રહેવાની શક્યતા વ્યકત કરી છે.

# બેંકોમાં ૭૮ હજાર કરોડ રૂપિયાના કોઈ દાવેદાર નથી

## હવે ભારત સરકાર આ માટે એક પગલું ભરવા જઈ રહી છે



નવીદિલ્હી,તા.૨૫

કેન્દ્ર સરકાર વર્ષોથી સુષુપ્ત બેંક ખાતાઓમાં જમા થયેલાં પૈસા તેમનાં ગ્રાહકોને પરત કરવાની તૈયારી કરી રહી છે. આ માટે સરકારે તમામ સરકારી બેંકોને નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬માં ૭૮,૦૦૦ કરોડ રૂપિયાથી વધુની બિનવારસી રકમમાંથી ઓછામાં ઓછી ૩૦-૪૦ ટકા રકમની પતાવટ કરવા જણાવ્યું છે. આ કેસ સાથે જોડાયેલા બે અધિકારીઓએ આ જાણકારી આપી હતી.

તેમણે કહ્યું કે, સરકારનો આશય એ છે કે, બેન્કોને પાયાના સ્તરે ટાર્ગેટ નક્કી કરીને સુસંગત પ્રક્રિયામાં આ કામ સોંપવું જોઈએ. આ યોજના હેઠળ, બેંકોએ તે ક્ષેત્રોની ઓળખ કરવી પડશે જ્યાં મોટાભાગનાં નિષ્ક્રિય ખાતાઓ અસ્તિત્વમાં છે. શાખાના સ્તરે ત્રિમાસિક લક્ષ્યાંકો નક્કી કરવામાં આવશે અને સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર (એસઓપી) વિકસાવવામાં આવશે. ૧ એપ્રિલ ૨૦૨૪થી અમલી બનેલી રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયાની નવી ગાઇડલાઇન હેઠળ આ સમગ્ર પ્રક્રિયા લાગું કરવામાં આવશે.

**શું છે RBIની સૂચના ? :-**

રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયાએ ગયા વર્ષે આ દિશામાં નવી સૂચનાઓ જારી કરી હતી. નિયમો અનુસાર, તમામ બેંકોએ તેમની વેબસાઇટ્સ પર નિષ્ક્રિય બેંક ખાતાઓ અને તેમાં જમા રકમ પ્રદર્શિત કરવાની રહેશે. સાથે જ પબ્લિક સર્ચ ઓપ્શન (સર્ચ બટન) પણ ઉપલબ્ધ કરાવવું પડશે, જેથી ખાતાધારકો જાણી શકે કે તેમના નામમાં કોઈ બેલેન્સ છે કે નહીં. આ સંદર્ભમાં, સરકારે હવે ચાલું નાણાકીય વર્ષ માટે બેંકોના સુધારા એજન્ડામાં દાવા વગરની થાપણોની વહેલી તકે પતાવટનો સમાવેશ કર્યો છે.

**કેવાયસી ગ્રાહકો સુધી પહોંચવું સરળ રહેશે**

બેન્કિંગ એક્સપર્ટ વિવેક અય્યરનું કહેવું છે કે છેલ્લાં કેટલાક વર્ષોમાં બેન્કો દ્વારા કેવાયસી અને કસ્ટમર વેરિફિકેશન પ્રોસેસમાં વ્યાપક સુધારા કરવામાં આવ્યાં છે. આનાથી હવે નિષ્ક્રિય ખાતાઓના વાસ્તવિક માલિકો સુધી પહોંચવાનું સરળ બનશે અને આ અભિયાન પહેલા કરતા વધુ સફળ થઈ શકે છે.

**ખાનગી બેંકો પણ સામેલ થઈ શકે છે :-**

કાનૂની નિષ્ણાત મનમીત કૌરના જણાવ્યા અનુસાર, આ યોજનાથી બેંકોને તેમના રેકોર્ડ-કીપિંગ ખર્ચમાં ઘટાડો કરવામાં પણ મદદ મળશે કારણ કે મોટી સંખ્યામાં નિષ્ક્રિય ખાતાઓ બંધ કરી શકાય છે. હાલમાં આ પહેલ જાહેર ક્ષેત્રની બેંકો પર કેન્દ્રિત છે, ત્યારે ઇન્ડિયન બેંક્સ એસોસિયેશન (આઇબીએ) તેને ખાનગી બેંકો સુધી પણ વિસ્તૃત કરવાની તૈયારી કરી રહ્યું છે.

**આવા પૈસા ક્યાં જાય છે ? :-**


વર્તમાન નિયમો અનુસાર, જો કોઈ ખાતું ૧૦ વર્ષ કે તેથી વધુ સમય સુધી નિષ્ક્રિય રહે છે, તો તે નાણાં આરબીઆઈના ડિપોઝિટર એજ્યુકેશન એન્ડ અવેરનેસ ફંડ (DEAF) માં મોકલવામાં આવે છે. આ ફંડ હવે રૂા.૭૮,૦૦૦ કરોડને પાર કરી ગયું છે. નાણાકીય સલાહકારોનું માનવું છે કે, જો આ થાપણો યોગ્ય ખાતાધારકોને પાછી આપવામાં આવે તો તે માત્ર ગ્રાહકો માટે ફાયદાકારક જ નહીં રહે, પરંતુ અર્થતંત્ર માટે પણ સકારાત્મક સૂચક સાબિત થશે.

**ઉદ્યમ પોર્ટલ પરથી માહિતી ઉપલબ્ધ થશે**

હાલમાં ગ્રાહકો આરબીઆઈના ઉદ્યમ પોર્ટલ દ્વારા તપાસ કરી શકે છે કે તેમના નામે કોઈ નિષ્ક્રિય થાપણો છે કે નહીં, પરંતુ તેમને ક્લેમ કરવા માટે સંબંધિત બેંક શાખાની મુલાકાત લેવી પડશે. સરકાર આ પ્રક્રિયાને સંપૂર્ણપણે ડિજિટલ બનાવવાની દિશામાં કામ કરી રહી છે, જેથી ભવિષ્યમાં દાવા ઓનલાઈન કરી શકાય.

# સિંધુ જળસંધિ પર રોંક સારી વાત પણ આપણે પાણી રાખશું કયાં? ઓવૈસી

## સરકારના નિર્ણય સામે ઓવૈસીના સવાલો



નવીદિલ્હી,તા.૨૫

પહેલગામ આતંકવાદી હુમલાના પગલે સરકાર દ્વારા બોલાવવામાં આવેલી સર્વપક્ષીય બેઠકમાં હાજરી આપ્યા બાદ, AIMIM ચીફ અસદુદ્દીન ઓવૈસીએ આતંકવાદી હુમલાની કડક નિંદા કરી અને પાકિસ્તાન સામે કડક કાર્યવાહીની માંગ કરી છે. તેમણે સિંધુ જળ સંધિને સ્થગિત કરવાના સરકારના નિર્ણયની પણ પ્રશંસા કરી છે.


આ મામલે ઓવૈસીએ કહ્યું કે, 'સિંધુ જળ સંધિ પર રોક લગાવવામાં આવી એ ખૂબ સારી વાત છે, પરંતુ આપણે પાણી ક્યાં રાખીશું? કેન્દ્ર સરકાર જે પણ નિર્ણય લેશે, અમે તેને સમર્થન આપીશું. આ કોઈ રાજકીય મુદ્દો નથી.'

ઓવૈસીએ આ મામલે વધુમાં કહ્યું હતું કે, 'કેન્દ્ર સરકાર આતંકવાદી જૂથને આશ્રય આપનાર દેશ સામે કાર્યવાહી કરી શકે છે. આંતરરાષ્ટ્રીય કાયદો આપણને સ્વ-બચાવમાં પાકિસ્તાન સામે હવાઈ અને નૌકાદળ નાકાબંધી લાદવાની અને પાકિસ્તાનને શસ્ત્રોના વેચાણ પર પ્રતિબંધ મૂકવાની પણ મંજૂરી આપે છે.'

## તમારો ઈતિહાસ જાણીતો છેઃ વિપક્ષના નેતા પર ટકોર

# સાવરકર પર ટીપ્પણી મુદે રાહલ ગાંધીને ઝાટકતી સુપ્રીમ; તો કોઈ મહાત્મા ગાંધીને અંગ્રેજોના નોકર કહેશે!

## ભવિષ્યમાં આ પ્રકારની વાતો નહી કરવા આદેશ; રાહુલ સામેના કેસમાં સમન્સ 'સ્ટે' કર્યુ



નવી દિલ્હીઃ સ્વાતંત્ર્ય સેનાની વીર સાવરકર અંગેની ટીપ્પણીમાં સુપ્રીમ કોર્ટે આજે વિપક્ષના જેના રાહુલ ગાંધીની આકરી ટીકા કરી હતી અને ભવિષ્યમાં આ પ્રકારના વિધાનોથી દુર રહેવા ખાસ તાકીદ કરી હતી. સુપ્રીમકોર્ટે આકરા શબ્દોમાં કહ્યું કે જેઓએ આપણને સ્વતંત્રતા અપાવી તેને માટે આ પ્રકારના શબ્દોનો ઉપયોગ કરી શકાય નહી. કાલે કોઈ એમ કહેશે કે મહાત્મા ગાંધીજી અંગ્રેજોના નોકર હતા તો શું એ ચલાવી લેવાશે! સુપ્રીમકોર્ટ જો કે રાહુલ ગાંધી સામેના માનહાનીના કેસમાં તેમની સામેના સમન્સ રદ કરવાના ઈન્કાર કરવાના અલ્લાહાબાદ હાઈકોર્ટના આદેશ સામે 'સ્ટે' આપી દીધો હતો. આમ રાહુલને રાહતની સાથે સુપ્રીમની ફટકાર પણ સાંભળવી પડી હતી.

સુપ્રીમકોર્ટે કહ્યું કે આપરે સ્વાતંત્ર્ય સેનાનીઓની મજાક ઉડાવી શકીએ નહી. ન્યાયમૂર્તિ દિપાંકર ગુપ્તા અને ન્યાયમૂર્તિ મનમોહનની ખંડપીઠે ભવિષ્યમાં આ પ્રકારના નિવેદનો નહી આપવાની ચેતવણી આપી હતી. રાહુલ ગાંધીએ ભારત જોડો યાત્રા સમયે વિર સાવરકર અંગે વિધાન કર્યા હતા. સુપ્રીમકોર્ટે કહ્યું કે વીર સાવરકર સ્વતંત્રતા સેનાની હતા. તેઓ તેને અંગ્રેજોના નોકર કઈ રીતે કહી શકો છો! મહાત્મા ગાંધી તેના પત્રમાં યોર ફેઈશ ફુલી સર્વન્ટ તેમ લખતા હતા તો શું તેઓ કોઈના નોકર થઈ ગયા! રાહુલનો ઈરાદો જો સાવરકરના અપમાનનો ન હતો તો તમો કઈ રીતે આ ટીપ્પણી કરી શકો!

સુપ્રીમકોર્ટે રાહુલ ગાંધી સામે અનેક માનહાનીના કેસનો હવાલો આપતા કહ્યું કે તમારો ઈતિહાસ જાણીતો છે. તમો વારંવાર આ પ્રકારની ટીપ્પણી અને વિધાનો કરો છો પણ હવે જો તેમ કરશો તો અમે ખુદ તેનું સંજ્ઞાન લેશું.

# પાકિસ્તાનમાં ઘુસીને 'સફાયો' કરો, અમે ભારતની પડખેઃ અમેરિકા-બ્રિટનનું સમર્થન

નવી દિલ્હી તા.૨૫

કાશ્મીરનાં પહેલગામમાં ભયાનક આતંકી હુમલા બાદ આખી દુનિયા ભારતની પડખે રહી છે અને અમેરિકા-બ્રિટન જેવા દેશોએ તો 'પાકિસ્તાનમાં ઘુસીને ત્રાસવાદનો સફાયો કરો તો પણ સમર્થન હોવાનું અમેરિકા-બ્રિટન જેવા દેશોએ જાહેર કરી દેતાં ભારતને નવુ બળ મળ્યુ છે.

ભારતમાં થયેલા આતંકી હુમલાની અમેરિકાએ, કડક નિંદા કરી છે અને અમેરિકાનું ત્રાસવાદ સામેની લડાઈમાં પડખે હોવાનું કહ્યું છે અમેરિકી વિદેશ મંત્રાલયનાં પ્રવકતા ટેમી બ્રુએ કહ્યું છે કે પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ તથા વિદેશમંત્રી રૂબીયોએ ત્રાસવાદ સામેના કોઈપણ પગલાને સમર્થન રહેવાનું અગાઉ જ જાહેર કરી દીધુ છે. ભારત-પાકમાં પરિસ્થિતિ પર અમેરિકાની સતત નજર છે. પરિસ્થિતિ સતત બદલતી રહેતી હોય છે અને અમેરિકાની સતત નજર છે.



બ્રિટને પણ ભારતને આતંકવાદ સામે આકરૂ વલણ અપનાવવા તથા સંપૂર્ણ સમર્થન આપવાનું જાહેર કર્યું છે.ભારત કોઈપણ કદમ ઉઠાવશે તેને સમર્થન હશે. પાકિસ્તાનમાં ઘુસીને ભારત ત્રાસવાદ સામે કાર્યવાહી કરશે તો પણ બ્રિટન ભારતની પડખે ઉભુ રહેશે.

પહેલગામનાં મૃતકોને શ્રધ્ધાંજલી અર્પવા બ્રિટન સ્થિત ભારતીય દુતાવાસમાં શોકસભા રાખવામાં આવી હતી. બ્રિટનનાં સાંસદો સહિત અનેક સેલીબ્રીટીઓ તેમાં મૌજુદ હતી આ તકે બ્રિટીશ સાંસદ બોબ બ્લેકમૈને ભારતની તરફેણ કરતા હિંમતભર્યા સંબોધનમાં કહ્યું કે ભારત સરકાર કોઈપણ ઉચિત કદમ ઉઠાવી શકે છે સૈન્ય કાર્યવાહી કરે છે અન્ય કોઈપણ બ્રિટન તેને સંપૂર્ણ સમર્થન આપશે. આતંક એ સમગ્ર માનવતા પર હુમલો છે અને ધાર્મિક આધાર પર નફરત દર્શાવે છે જે કોઈપણ સંજોગોમાં સહન ન થઈ શકે. ભારત પ્રત્યેનું સમર્થન સ્પષ્ટ કરતા સરકારને આહવાન કર્યુ હતું. આતંકવાદીઓને ન્યાયના કઠેડામાં ઉભા રાખવામાં ન આવે તો તેને ખત્મ કરી દેવામાં આવે. બ્રિટનના તમામ રાજકીય પક્ષો ભારતની પડખે રહેશે તેવો વિશ્વાસ છે.બોબ બ્લેકમૈને બ્રિટનના કન્ઝર્વેટીવ સાંસદ છે અને ભારત સરકારે તેમનું પદ્મશ્રી પુરસ્કારથી સન્માન પણ કર્યુ હતું.લેબર પાર્ટીનાં સાંસદ તથા મંકી કૈથરીન વેસ્ટે પણ બ્રિટન ભારત સાથે ખભેખભા મિલાવીને ઉભુ હોવાનું જાહેર કર્યુ હતું.

### ત્રાસવાદ સામેની ભારતની કોઈપણ કાર્યવાહીને ટેકો આપવાની જાહેરાતઃ વિશ્વના અનેક નેતાઓની વડાપ્રધાન મોદી સાથે વાતચીત

---

### ભારતની વોટર સ્ટ્રાઈકથી પાકિસ્તાનના કેવા હાલ થાય?

# સિંધુ કરાર શું છે? પાકિસ્તાનમાં પાણી-વીજળી, અને કૃષિમાં કટોકટી સર્જશે

## ૧૯૬૫ કે ૧૯૭૧ ના ભારત-પાક યુદ્ધ કે કારગીલ યુદ્ધ વખતે પણ આ કરાર અટકાવાયો ન હતોઃ પ્રથમ વખત ભારતનું અતિ આકરૂ પગલુ

પહેલગામની બસરન વેલીમાં નિર્દોષ હિન્દુ ટૂરિસ્ટો પર આતંકવાદીઓએ હુમલો કર્યા બાદ ભારતે કેબિનેટ કમિટી ઓન સિક્યોરિટીની બેઠકમાં સિંધુ જળકરારને સસ્પેન્ડ કરવાની જાહેરાત કરી દીધી હતી. આ કરાર ૧૯૬૦ની ૧૯ સપ્ટેમ્બરે કરાચીમાં થયો હતો અને એના પર તત્કાલીન વડા પ્રધાન જવાહરલાલ નેહરુ અને પાકિસ્તાનના જનરલ અયુબ ખાને હસ્તાક્ષર કર્યા હતા. ૯ વર્ષની લાંબી વાતચીત અને ચર્ચા બાદ એના પર હસ્તાક્ષર થયા હતા. વર્લ્ડ બેન્ક પણ પણ એમાં મધ્યસ્થ છે. આ કરાર પાકિસ્તાનને વધારે ફાયદામંદ છે, કારણ કે એની શરતો અનુસાર એ સિંધુ નદીનું ૮૦ ટકા જળ મેળવે છે અને ભારતને માત્ર ૨૦ ટકા હિસ્સો મળે છે.

**શું છે આ કરાર?**

ભારત અને પાકિસ્તાનના વિભાજન બાદ સિંધુ નદીના પાણીના મુદ્દે બેઉ દેશો વચ્ચે વિવાદ થતા હતા, પણ ૯ વર્ષની વાતચીત અને વિચારણા તથા વર્લ્ડ બેન્કની મધ્યસ્થી બાદ સિંધુ જળકરાર કરવામાં આવ્યા હતા. સિંધુ નદી પ્રણાલીમાં સિંધુ સાથે બીજી પાંચ સહાયક નદીઓ રાવી, બિયાસ, ઝેલમ, સતલજ અને ચિનાબનો સમાવેશ છે. આ નદીઓના પાણીના ઉપયોગ મુદ્દે આ કરાર થયા છે. એમાં ત્રણ નદી સિંધુ, ચિનાબ અને ઝેલમને પશ્ચિમી નદીઓ માનીને એના પાણીનો ઉપયોગ કરવાની પાકિસ્તાનને છૂટ અપાઈ છે. રાવી, બિયાસ અને સતલજને પૂર્વની નદીઓ માનીને એના જળનો ઉપયોગ કરવાની ભારતને છૂટ છે. સિંધુ નદીના ૮૦ ટકા પાણી પર પાકિસ્તાનનો અને ૨૦ ટકા પાણી પર ભારતનો અધિકાર છે.

**પાકિસ્તાનને શું નુકસાન થશે?**

**સિંચાઈને ખતરો :** પાકિસ્તાનમાં ૯૦ ટકા જમીન એટલે કે ૪.૭ કરોડ એકર જમીન પર લહેરાતા પાકને પાણી નહીં મળે, કારણ કે સિંધુ નદી પાકિસ્તાનની લાઇફલાઇન છે. ખેતીથી પાકિસ્તાનની રાષ્ટ્રીય આવકમાં ૨૩ ટકાનું યોગદાન હોય છે અને એના પર અસર પડશે. ૬૮ ટકા ગ્રામીણ જનતા ખેતી પર આશ્રિત છે એને અસર થશે.

**ખાધ સુરક્ષાને ખતરો :** પાકિસ્તાનના પંજાબ અને સિંધ પ્રાંતમાં ખેતી સિંધુ નદીના પાણી પર નિર્ભર છે. સિંધુ નદીનો ૯૩ ટકા હિસ્સો પાકિસ્તાન સિંચાઈ માટે વાપરે છે. પાણી નહીં મળે તો અનાજનું ઉત્પાદન ઘટી શકે છે અને ખાદ્ય સુરક્ષાને ખતરો પહોંચી શકે છે.

**અંધારપટ છવાશે :** પાકિસ્તાનના તારબેલા અને મંગલ હાઈડ્રો પાવર પ્રોજેક્ટને પણ અસર થશે. વીજળીના ઉત્પાદનમાં ૩૦થી ૫૦ ટકા કાપ મુકાશે.તેથી અનેક શહેરોમાં અંધારપટ છવાઈ જવાની આશંકા છે.

**પીવાનું પાણી નહીં મળે :** સિંધુ અને એની સહાયક નદીઓનાં પાણી શહેરો અને ગામીણ વિસ્તારોમાં પીવાના પાણીનો મુખ્ય સ્રોત છે. ૨૧ કરોડ લોકોને પીવાના પાણીની સમસ્યા નડશે. કરાચી, લાહોર અને મુલતાન શહેરને પાણી નહીંમળે તો અશાંતિ ફેલાશે.



## ભારતને જબરદસ્ત ફાયદો થશેઃ સિંધુ-ચિનાબ-સતલજના પાણી વાપરીને હાઈડ્રો પ્રોજેકટનાં ઉપયોગમાં લેવાશે

**સિંધુ નદીના પાણીને રોકવા પર રોક**

સિંધુ જળકરાર અનુસાર ભારત નદીનું પાણી ડેમ બનાવીને રોકી શકે એમ નથી. કરારની 'રન ઑફ ધ રિવર' જોગવાઈ અનુસાર ભારત જળવિદ્યુત યોજના બનાવીને વીજળી પેદા કરી શકે, પણ પાણી રોકી શકે નહીં.

**સિંધુ વોટર કમિશન**

આ કરાર હેઠળ ભારત અને પાકિસ્તાને સ્થાયી કમિશનરોની નિયુક્તિ સાથે સિંધુ વોટર કમિશન બનાવ્યું છે. આ કમિશનની વર્ષમાં કમસે કમ એક વાર બેઠક મળવી જરૂરી છે. આની છેલ્લી બેઠક ૨૦૨૨ના મે મહિનામાં દિલ્હીમાં યોજાઈ હતી.

**વિવાદ થાય તો ઉકેલ કેવી રીતે લાવવો?**

કરારની શરતો મુજબ જો બે દેશો વચ્ચે વિવાદ થાય તો બેઉ દેશોએ સાથે બેસીને શાંતિપૂર્ણ રીતે એનો ઉકેલ લાવવાનો રહેશે. વિવાદનું નિરાકરણ આપસી વાતચીત દ્વારા લાવવાનું રહેશે. એમાં ઉકેલ ન આવે તો સિંધુ વોટર કમિશન પાસે જવાનું રહેશે. જો કમિશન પણ ઉકેલ લાવી ન શકે તો કેસ આંતરરાષ્ટ્રીય કોર્ટમાં લડવામાં આવશે અને કોર્ટનો નિર્ણય બેઉ પક્ષોએ સ્વીકારવો પડશે. ભારત અને પાકિસ્તાન વચ્ચે છેલ્લાં ૬૫ વર્ષમાં અને વાર યુદ્ધ થયાં છે, પણ કરાર સસ્પેન્ડ કરવામાં આવ્યો નથી. પહેલી વાર ભારત સરકારે આવું પગલું ભર્યું છે.

### ભારત પાસેના વિકલ્પ

પાકિસ્તાન એમ માનતું હોય કે ભારતનો આ નિર્ણય એકતરફી છે અને એ કરારમાંથી બહાર નીકળી શકે એમ નથી તો એ ભૂલભરેલું છે. વિયેના કન્વેન્શન હેઠળ ભારત એ આધારે આ કરારમાંથી બહાર નીકળી શકે છે કે પાકિસ્તાન એની સામે આતંકવાદી ગ્રુપોનો ઉપયોગ કરી રહ્યું છે. ઈન્ટરનેશનલ કોર્ટ પણ માને છે કે જો વર્તમાન પરિસ્થિતિમાં કોઈ બદલાવ નહીં થાય તો કરાર રદ કરી શકાય છે.

### ભારતને શું ફાયદો થશે?

સિંધુ જળકરાર સસ્પેન્ડ કરવાથી ભારતને સિંધુ નદીના પાણીના વપરાશ માટે વધારે વિકલ્પ મળશે. એની સહાયક નદીઓના પાણીના વપરાશ માટે ભારત પર કોઈ રોક લાગશે નહીં. વળી ભારત પશ્ચિમી નદીઓ સિંધુ, ઝેલમ અને ચિનાબ પર રિઝર્વોયર બાંધી શકશે. ભારત હાલમાં ઝેલમની સહાયક નદી કિશનગંગા પર કિશનગંગા હાઈડ્રો-ઈલેક્ટ્રિક પ્રોજેક્ટ અને ચિનાબ પર રાતલે હાઈડ્રો-ઈલેક્ટ્રિક પ્રોજેક્ટ બાંધી રહ્યું છે. આ પ્રોજેક્ટનું નિરીક્ષણ કરવા માટે પાકિસ્તાની અધિકારીઓને ભારત હવે રોકી શકે એમ છે.

### આશ્ચર્ય છે કે કરારમાં કોઈ એક્ઝિટ કલોઝ નથી રાખ્યો

૧૯૬૦માં બે દેશો વચ્ચે થયેલા આ કરારમાં સૌથી નવાઈની વાત એ છે કે એમાં કોઈ એક્ઝિટ ક્લોઝ નથી. એનો અર્થ એ છે કે ભારત કે પાકિસ્તાન એકતરફી રીતે એને રદ કરી શકે એમ નથી. કરારની કોઈ આખરી તારીખ પણ નથી. એમાં કોઈ પણ સુધારો કરવો હોય તો બેઉ દેશોની સહમતી જરૂરી છે. ભારતે કરારમાં સુધારો કરવા માટે ૨૦૨૩ના જાન્યુઆરીમાં ઈસ્લામાબાદને નોટિસ મોકલી હતી. આ મુદ્દે હજી પાકિસ્તાને જવાબ આપ્યો નથી.

### ભારત તરત સિંધુ નદીના પાણીનો રેલો રોકી શકશે!

સિંધુ નદીના પાકિસ્તાનમાં જતા પાણીને ભારત આગામી થોડાં વર્ષ સુધી રોકી શકે એમ નથી, કારણ કે પાણી રોકવા માટે કે એને બીજે વાળી દેવા માટે ભારત પાસે કોઈ ઈન્ફ્રાસ્ટ્રક્ચર તૈયાર નથી. એ ઊભું કરતાં સમય લાગી શકે છે. જોકે કરાર સસ્પેન્ડ કરવાથી કરારની શરતોમાંથી ભારતને છૂટ મળી જશે અને ભારત હાલમાં એના વિવિધ પ્રોજેક્ટ પર કામ ચાલુ રાખી શકશે, જેમાં બે હાઈડ્રો-ઈલેક્ટ્રિક પ્રોજેક્ટનો સમાવેશ છે. ભારત કિશનગંગા રિઝર્વોયરમાં જમા થયેલા કાંપને બહાર કાઢવા માટે રિઝર્વોયર ફલશિંગ કરી શકશે. આનાથી પાણી સંઘરવાની ક્ષમતામાં વધારો થશે અને પ્રોજેક્ટની લાઇફ વધી જશે.

---

# પહેલગામ હુમલામાં હમાસ મોડયુલઃ હાફીઝ સઈદની સ્ક્રીપ્ટ!

## ૨૬/૧૧ થી લઈ ઈઝરાયેલમાં થયેલા હમાસના હુમલા જેવી જ તમામ ગતિવિધિ પહેલગામ હુમલામાં થઈ હતીઃ હમાસના નેતાની પાક કબ્જાની મુલાકાત સમયે સઈદનો પુત્ર હાજર હતો

નવી દિલ્હી તા.૨૫

પહેલગામમાં થયેલા ત્રાસવાદી હુમલામાં હવે એક નવી પેટર્ન બહાર આવી છે અને તેમાં લશ્કરે તોયબા અને હમાસે હાથ મિલાવ્યા હોય તેવા સંકેત છે.

હુમલાના સમગ્ર આયોજનમાં હાફીઝ સઈદની સંડોવણી હોવાનું નિશ્ચિત થયું છે જે રીતે ૨૬/૧૧ ના મુંબઈ હુમલામાં ૧૦ ત્રાસવાદીઓ પુરી તૈયારી સાથે મુંબઈમાં ઘુસ્યા હતા અને તેમને પાકિસ્તાનમાંથી સૂચનાઓ અપાતી હતી તેવી જ સ્થિતિ પહેલગામ હુમલામાં હતી. નવા ઘટ્ટસ્ફોટ મુજબ હાફીઝ સઈદ જ આ હુમલાની સ્ક્રીપ્ટ લખી હતી અને તા.૫ ફેબ્રુઆરીના પાક કબ્જાના કાશ્મીરમાં હમાસના નેતાની મુલાકાત સમયે હાફીઝ સઈદનો છોકરો પણ ત્યાં હાજર હતો અને તેણે હમાસના નેતાઓ પાસેથી આ હુમલાની ટીપ્સ મેળવી હતી. આ ઉપરાંત તેણે પાકિસ્તાન સૈન્ય સાથે કનેકશન હોવાનું પણ બહાર આવ્યુ છે.



પાક સૈન્યના વડાએ ફકત હિન્દુઓની જ હત્યા થાય તે નિશ્ચિત કર્યુ હતું અને હમાસની સ્ટાઈલથી મહિલાઓ અને બાળકોની હત્યા ન કરવા પણ પઠાણકોટમાં નિશ્ચિત થયું.

આ ઉપરાંત લોકલ સપોર્ટ અને ઓવરગ્રાઉન્ડ વર્કરનું સમર્થન પ્રાપ્ત થયુ અને તેથી હુમલો વધુ નિશ્ચિત બની શકયો અને તમામ છ ત્રાસવાદીઓ સલામત રીતે પરત જઈ શકયા. આ મોડયુલ કાશ્મીરમાં હવે સક્રીય થયુ છે અને તેમાં પાકિસ્તાનની સેના તથા આઈએસઆઈનું પણ સમર્થન હતું.

---

### પહેલગામ આતંકી હુમલા બાદ સેનાને મોટી સફળતા

# બાંદીપોરામાં સેના સાથેની અથડામણમાં લશ્કરએ તૈયબાનો ટોચનો કમાન્ડર ઠાર

## પહેલગામ હુમલાની જવાબદારી લેનાર લશ્કરના આતંકી સાથેની અથડામણમાં સેનાના બે જવાન ઘાયલ

બાંદીપોરા(જમ્મુ-કાશ્મીર) તા.૨૫

પહેલગામ આતંકી હુમલા બાદ ભારત સરકાર ઉપરાંત સેના પણ એકશનમાં છે ત્યારે આજે બાંદીપોરામાં સેનાને મોટી સફળતા મળી છે. સેનાએ અથડામણના પાક પ્રેરિત આતંકી સંગઠન લશ્કરએ તોઈબાના ટોચના કમાન્ડર અલ્તાફ લાલીને ઠાર કર્યો છે. આ અથડામણમાં સુરક્ષાદળોના બે જવાનો ઘાયલ થયા છે.



જમ્મુ-કાશ્મીરના બાંદીપોરામાં સુરક્ષાદળોએ હાથ ધરેલા ઓપરેશનમાં ટોપ લશ્કર ટેરરિસ્ટ અલ્તાફ લાલીને ઠાર કર્યો છે. પહલગામ આતંકી હુમલા બાદ ભારતીય સેના દ્વારા હાથ ધરાયેલા સર્ચ ઓપરેશનમાં આજે વહેલી સવારે બાંદીપોરામાં આતંકવાદીઓ અને સુરક્ષાદળો વચ્ચે અથડામણ થઈ હતી. જેમાં ટોપ લશ્કર આતંકવાદી અલ્તાફ અલ્લી ઠાર થયો છે.

મીડિયા સૂત્રો અનુસાર, પહલગામ આતંકવાદી હુમલાના ષડયંત્રમાં ટોપ લશ્કર આતંકવાદીઓ પણ સંડોવાયેલા હતાં. તેઓએ ૨૨ એપ્રિલના રોજ થયેલા પહલગામ હુમલામાં આતંકવાદીઓને મદદ કરી હોવાના અહેવાલોના પગલે ભારતીય સેનાએ સર્ચ ઓપરેશન હાથ ધરી ટોપ લશ્કરના આતંકવાદીઓ પર કાર્યવાહી હાથ ધરી હતી. જેમાં એક આતંકવાદી ઠાર થયો છે. જયારે બે જવાન ઘાયલ થયા છે. વધુમાં સેનાએ આ હુમલામાં સંડોવાયેલા સ્થાનિક આતંકવાદીઓના ઘર પર પણ કાર્યવાહી હાથ ધરી છે.

---

# ભારત-પાક તનાવથી શેરબજારમાં ટેન્શનઃ સેન્સેકસ ૭૦૦ પોઈન્ટ ગગડયો

## તમામ શેરોમાં ગાબડાઃ મીડકેપ ઈન્ડેકસ ૧૫૦૦ પોઈન્ટ તૂટયો



રાજકોટ તા.૨૫

પહેલગામમાં આતંકવાદી હુમલાને પગલે ભારતના પાકિસ્તાન તરફ આક્રમક વલણ અને સરહદે ગોળીબારના ઘટનાક્રમથી શેરબજાર પણ ટેન્શનમાં આવી ગયુ હોય તેમ ઈન્ટ્રા-ડે ૧૦૦૦ પોઈન્ટ જેટલુ ઘસી ગયુ હતું. જોકે, બપોરે ૬૦૦ પોઈન્ટનો ઘટાડો સુચવતુ હતું.

અમેરિકાના ટેરીફ- ટ્રેડવોરમાંથી માંડ મુક્ત થઈને તેજીના માર્ગે ચડેલા શેરબજારોમાં આજે ભારત-પાકિસ્તાન વચ્ચેના તનાવનો પ્રત્યાઘાત વર્તાયો હતો. નફારૂપી વેચવાલીના દબાણ હેઠળ ગાબડુ પડયુ હતું. ભારત ત્રાસવાદ સામે બદલો કેવી રીતે લેશે? તે મુદ્દે અનેકવિધ અટકળો વચ્ચે સાવચેતી ઉભી થઈ હતી. વિદેશી નાણાં સંસ્થાઓની લેવાલી સહિતના પોઝીટીવ કારણો ડીસ્કાઉન્ટ થઈ ગયા હતા.

મુંબઈ શેરબજારનો સેન્સીટીવ ઈન્ડેકસ ૬૮૫ પોઈન્ટના કડાકાથી ૭૯૧૧૬ સાંપડયો હતો. તે ઉંચામાં ૮૦૧૩૦ તથા નીચામાં ૭૮૬૦૫ થયો હતો. નેશનલ સ્ટોક એકસચેંજમાં નિફટી ૨૪૧ પોઈન્ટ ગગડીને ૨૩૯૯૫ હતો તે ઉંચામાં ૨૪૩૬૫ તથા નીચામાં ૨૩૮૪૭ હતો. મીડકેપ નિફટીમાં ૧૫૦૦ પોઈન્ટ ગગડીને ૫૩૪૪૩ હતો.

શેરબજારમાં આજે અદાણી પોર્ટ, એકસીસ બેંક, બજાજ ફાઈનાન્સ, ભારતી એરટેલ, આઈસીઆઈસીઆઈ બેંક, કોટક બેંક, લાર્સન, મહીન્દ્ર, મારૂતી, એનટીપીસી, પાવરગ્રીડ, સ્ટેટ બેંક, ટાટા મોટર્સ, ટાટા સ્ટીલ, શ્રીરામ ફાઈનાન્સ, અદાણી એન્ટરપ્રાઈઝ ગગડયા હતા. ઈન્ડુસઈન્ડ બેંક, ઈન્ફોસીસ, ટીસીએસ, ટેક મહીન્દ્ર મજબૂત હતા.

### સોનાના ભાવમાં કડાકોઃ રૂા.૬૦૦ ઘટયા

રાજકોટ તા.૨૫

સોના-ચાંદીના ભાવમાં રોજ ફેરફાર જોવા મળે છે.સતત તેજી વચ્ચે આજે ભાવમાં ઘટાડો થયો છે.સોનામાં રૂા.૬૦૦ નો ઘટાડો નોંધાયો છે. તેની સાથે જ સોનાનો ભાવ રૂા.૯૮૮૦૦ એ પહોંચ્યો છે જયારે ચાંદીના ભાવ સ્થિર રહ્યા હતા.

૨૦૨૫ ના પ્રારંભથી અત્યાર સુધીમાં સોનુ ૩૦ ટકા જેટલુ વધ્યુ છે.ત્યારે બે દિવસથી ભાવમાં ઘટાડો જોવા મળી રહ્યો છે. પ્રોફીટ બુકીંગથી ભાવમાં ઘટાડો જોવા મળી રહ્યો છે.હાલ સોનુ ઓલટાઈમ હાઈ છે.

### ખાદ્યતેલોમાં મંદી અટકીઃ તમામમાં રૂા.૧૦-૧૦ વધ્યા

ખાદ્યતેલોમાં કેટલાક દિવસોથી પ્રવર્તતી એકધારી મંદીને આજે બ્રેક લાગી હતી અને પ્રત્યાઘાતી ભાવવધારો હતો. નીચા ભાવે વેચવાલી અટકયાનો પ્રત્યાઘાત હતો. વૈશ્વિક બજારો સુધરતા રાહત હતી. સીંગતેલ નવા ડબ્બાનો ભાવ ૧૦ રૂપિયા વધીને ૨૨૬૫ થી ૨૩૧૫, કપાસીયા તેલ ડબ્બો ૧૦ વધીને ૨૨૦૦ થી ૨૨૫૦ તથા પામોલીન ડબ્બો ૧૦ના સુધારાથી ૨૦૩૫ થી ૨૦૪૦ હતા.

## પહેલગામ હુમલાઃ વધુ બે આતંકીના સ્કેચ જાહેર

નવીદિલ્હી,તા.૨૫

પહેલગામ હુમલાએ સમગ્ર ભારતને હચમચાવી દીધું છે. ત્યારે આ હુમલાના મુખ્ય આરોપીની ઓળખ પાકિસ્તાની નાગરિક હાશિમ મુસા ઉર્ફે સુલેમાન તરીકે થઈ છે. મુસા છેલ્લા એક વર્ષથી જમ્મુ અને કાશ્મીરમાં સક્રિય હતો અને બહારથી આવતા સુરક્ષા દળો અને કાર્યકરો પર હુમલાઓમાં સામેલ હતો.



અધિકારીઓના જણાવ્યાનુસાર, એવું માનવામાં આવે છે કે મંગળવારે (૨૨મી એપ્રિલ) પહેલગામના બૈસરન મેદાનમાં પ્રવાસીઓ પર હુમલો કર્યા પછી હાશિમ મુસા ચાર અન્ય આતંકીઓ સાથે પીર પંજાલ રેન્જની ઊંચાઈએ છુપાયેલો છે. જમ્મુ અને કાશ્મીર પોલીસે આ ચાર ગુનેગારોની ઓળખ અલી ભાઈ ઉર્ફે તલ્હા (પાકિસ્તાની), આસિફ ફૌજી (પાકિસ્તાની), આદિલ હુસૈન ઠોકર (અનંતનાગ) અને અહસાન (પુલવામા) તરીકે કરી છે. સ્થાનિક પોલીસે હુમલામાં બચી ગયેલા લોકોની મદદથી આ આતંકીઓના સ્કેચ તૈયાર કરીને જાહેર કર્યા છે.

---

# પાક અભિનેતા ફવાદ ખાનની ફિલ્મ અબીર ગુલાલના ગીતો પણ યુ-ટયુબ પરથી હટાવાયા

મુંબઈ,તા.૨૫

ફવાદ ખાન અને વાણી કપૂરની આગામી ફિલ્મ અબીર ગુલાલ પહેલગામ આતંકવાદી હુમલાને કારણે વિવાદોમાં ઘેરાઈ ગઈ છે. નવ વરસ બાદ બોલીવૂડમાં રોમાન્ટિક ડ્રામા ફિલ્મ સાથે કમબેક કરનાર ફવાદ ખાનની ફિલ્મ મંગળવારે થયેલા આતંકવાદી હુમલા બાદ ભારતમાં રીલીઝ નહિ કરવામાં આવે.

અબીર ગુલાલના નિર્માતાઓએ આ ફિલ્મના બે ગીતો રજૂ કર્યા હતા - ખુદાયા ઇશ્ક નામનો એક રોમેન્ટિક ટ્રેક અને અંગ્રેઝી રંગરસિયા નામનો એક પપી ડાન્સ નંબર. જો કે યૂટ્યૂબ પરથી બંને ગીતો ગાયબ થઇ ગયા છે. તે પ્રોડક્શન હાઉસની ઓફિશિયલ યુટ્યુબ ચેનલ અ રિચર લેન્સ એન્ટરટેઇનમેન્ટ પર ઉપલબ્ધ નથી.

જે લોકો નથી જાણતા તેમના માટે મેકર્સે બુધવારે 'તાન તૈન' નામનો નવો ટ્રેક રિલીઝ કરવાની જાહેરાત કરી હતી.




જોકે, આ ગીત સમયસર રિલીઝ થઇ શક્યું નહોતું. આ નિર્ણય સોશિયલ મીડિયા પર વધી રહેલા આક્રોશનો જવાબ હોવાનું જણાય છે, જ્યાં વપરાશકર્તાઓએ આતંકવાદી હુમલાને પગલે ભારતીય અને પાકિસ્તાની કલાકારો વચ્ચેના સહયોગની નિંદા કરી હતી.

ફવાદ ખાન એ ઘણાં જાહેર વ્યક્તિઓમાંના એક હતા જેમણે ૨૨ એપ્રિલે પહેલગામ હુમલાની નિંદા કરી હતી. અભિનેતાએ સોશિયલ મીડિયા પર લખ્યું, ''પહેલગામમાં થયેલા જઘન્ય હુમલાના સમાચાર સાંભળીને ખૂબ જ દુઃખ થયું. અમારા વિચારો અને પ્રાર્થનાઓ આ ભયાનક ઘટનાના પીડિતો સાથે છે, અને અમે આ મુશ્કેલ સમયમાં તેમના પરિવારોને શકિત મળે અને ઘાયલો જલ્દી સ્વસ્થ થાય તે માટે પ્રાર્થના કરીએ છીએ.''



Pakistan had always maintained that it did not know the whereabouts of al-Qaeda chief Osama bin-Laden till a US Navy SEAL team killed him in a safe house in Abbottabad

### ખુદ પાકિસ્તાની અખબાર 'ધ ડોન' એ હેડલાઈન બનાવી હતી કે અઝમલ કસાબ પાકિસ્તાની જ છે તેમ છતાં તે દેશની સરકાર ઈન્કાર કરતી રહી

# પાકિસ્તાનનો કોણ ભરોસો કરશે ?

**પહેલગામ હુમલો અને વધુ એક વખત પાકિસ્તાન એ તેમની ભૂમિ પર સક્રિય ત્રાસવાદી સંગઠનો અને તેની સાથે પાક. સૈન્ય તથા જાસુસી એજન્સી આઈએસઆઈની ભૂમિકા નહીં હોવાનું કહીને ત્રાસવાદ મુદ્દે 'ડીનાઈલ મોડ'માં યથાવત રહ્યું છે પણ જયારે પાકિસ્તાન ના પાડે છે તો દુનિયા તેના પર હાસ્ય કરે છે ફકત ભારત જ નહીં અમેરિકાને પણ પાકિસ્તાનની જુઠ નીતિનો પરિચય થઈ ગયો હતો અને ઓસામા બીન લાદેનને પાકિસ્તાનની જ ધરતી પરથી ઉઠાવીને આ દેશની આબરૂના ઈન્ટરનેશનલ ધજાગરા કર્યા હતા**



**ખુદ નવાઝ શરીફે કબુલ્યુ હતું કે ત્રાસવાદ એ તેમની વિદેશ નીતિનું એક છુપુ શસ્ત્ર છે પરંતુ તમે વરંડામાં જ સાપ પાળો અને તે ફકત પાડોશીને જ ડંખે તેવી અપેક્ષા રાખી શકો નહીં આજે ત્રાસવાદ પાકિસ્તાનને પણ પરેશાની કરી રહ્યો છે પણ તેના માટે હવે ત્રાસવાદના જીનને બોટલમાં પુરવાનું અશકય છે અને આજ સ્થિતિ પાકિસ્તાનનો વિનાશ લાવી શકે છે તેનુ કાઉન્ટડાઉન પહેલગામ પછી શરૂ થઈ ગયું હોય તો પણ આશ્ચર્ય થશે નહીં**

વો મે નહીં... ભારતમાં જયારે જયારે પણ કોઇ પાકિસ્તાન પ્રેરિત ત્રાસવાદી હુમલો થાય છે તે સમયે પાકિસ્તાનની પહેલી પ્રતિક્રિયા એ હોય છે કે અમારી આ હુમલામાં કોઇ ભૂમિકા નથી. પરંતુ જેમ જેમ હુમલાની વાસ્તવિકતા બહાર આવતી જાય છે અને પાકિસ્તાન પ્રેરિત ત્રાસવાદી સંગઠનોની મોડેસઓપરેન્ડી પ્રસ્થાપિત થતી જાય છે તે પછી પાકિસ્તાન દિવાલ ભણી ભીસાતુ જાય છે. પછી તે ૨૬/૧૧નો મુંબઇ હુમલો હોય કે પઠાણકોટ, ઉરી અથવા પુલવામા કોઇપણ હુમલામાં પાકિસ્તાને કદી જવાબદારી સ્વીકારી નથી પરંતુ જયારે ભારતે પુરાવાના ડોઝીયરથી પણ વધુ પુરાવા સોંપ્યા પછી પણ પાકિસ્તાન ઇન્કારના મુડમાં જ રહે છે પણ ભાગ્યે જ ફકત ભારત જ નહીં પણ દુનિયામાં પાકિસ્તાનની આર્થિક જ નહીં ડિપ્લોમેટીક પ્રતિષ્ઠા પણ ભાગ્યે જ રહી છે અને તેના કારણે કદાચ તે પહેલગામ હુમલામાં સંડોવણીનો ઇન્કાર કરે તો પણ તેના પર કોણ ભરોસો કરશે તે પ્રશ્ન છે. પાકિસ્તાનના અખબારોએ ગઇકાલે કાગારોળ મચાવવાની શરૂ કરી દીધી છે અને ભારત કોઇ પુરાવા વગર આ પ્રકારના આરોપો મુકી રહ્યું છે. તે કહીને ફરી એક વખત ઇન્કારનો સીલસીલો શરૂ કરી દીધો છે પરંતુ પાકિસ્તાન ખુદ જાણે છે અને તેનો ઐતિહાસિક રેકોર્ડ પણ છે કે તેના ક્રોસ બોર્ડર ટેરેરીઝમથી લઇને ૯/૧૧ના અમેરિકા પરના હુમલા અને દુનિયામાં અનેક જગ્યાએ જયારે ત્રાસવાદી હુમલા થયા છે તેમાં પાકિસ્તાની લીંક બહાર આવી છે અને તેના કારણે પાકિસ્તાન અનેક વખત દુનિયા સમક્ષ શરમજનક સ્થિતિમાં મુકાવું પડયું છે. ભારત સાથેના તેના લાંબા સમયના તનાવભર્યા સંબંધોમાં મુંબઇ હુમલાના માસ્ટરમાઇન્ડ દાઉદ ઇબ્રાહીમ અને તેની પૂરી ગેંગ પાકિસ્તાનમાં શરણ લઇ રહી છે. કંધહાર વિમાની અપહરણના આરોપીઓને જયારે ભારતે મુકત કરવા પડયા તો તેઓ સીધા પાકિસ્તાન પહોંચ્યા હતા અને આજે પણ લશ્કરે તોયબાથી લઇને અને સંગઠનો પાકિસ્તાનમાં જે રીતે પોતે સક્રિયતા દર્શાવે છે તેથી પાકિસ્તાનનો ઇન્કાર કેટલો ખોખલો છે તે પણ નિશ્ચિત થાય છે.

મુંબઇ પર ૨૬/૧૧નો હુમલો થયો તેનું હેન્ડલીંગ પાકિસ્તાનથી થયું હતું તે ખુદ અમેરિકન ગુપ્તચર એજન્સીઓએ હુમલા સમય આંતરેલા સંદેશા પરથી નિશ્ચિત થયું અને તેના આધારે હાલમાં જ તહવ્વુર રાણાને ભારતને સોંપવામાં આવ્યો અને ભુતકાળમાં જયારે અઝમલ કસાબ જે મુંબઇ હુમલા સમયે જીવતો ઝડપાયો હતો તે પાકિસ્તાની નાગરિક હોવાનો નિશ્ચિત પુરાવા મળ્યા તે સમયે પાકિસ્તાન ઇન્કાર કરતું રહ્યું. વાસ્તવમાં ૨૦૧૮માં પાકિસ્તાનના ત્રણ વખત વડાપ્રધાન તરીકે રહી ચૂકેલા નવાઝ શરીફે પણ એક ડિપ્લોમેટીક વાતચીતમાં ખાનગી રીતે કબુલ્યુ હતું કે ત્રાસવાદ એ પાકિસ્તાનની વિદેશ નીતિનો એક ભાગ છે અને જયારે જયારે પાકિસ્તાનને ભારત સામે કોઇ દબાણ લાવવું હોય તો તેનો તે ઉપયોગ કરે છે ૧૯૯૯ના કારગીલ યુધ્ધ સમયે પણ







**ભારતમાં કારગીલ હુમલા સમયે મુશરફે તેના સ્વતંત્ર સેનાની ગણાવ્યા પણ જયારે ભારતીય સેનાએ આ પાકિસ્તાની સેનાના જ જવાનોને ઘેરીને પરત જવાનું પણ મુશ્કેલ બનાવી દીધુ તે સમયે ખુદ નવાઝ શરીફ અમેરિકા પાસે જઇને તેના સેંકડો સૈનિકોને ભારત સલામત પરત આવવા દે તેવી આજીજી કરી હતી ભારત ઉપરના અગાઉના પઠાણકોટ, ઉરી કે પુલવામા કોઇ પણ મોટા હુમલા લો કે રોજબરોજની ત્રાસવાદી પ્રવૃતિ આ તમામનું જનક અને પાલન પાકિસ્તાન છે તે તેની જ ધરતી પર ખુલ્લા ફરી રહેલા ત્રાસવાદીઓ સમર્થન કરે છે**

**સ્પોટ-લાઈટ**
**કે.આર.**
krisht555@gmail.com

પહેલા જેને તત્કાલીન પાકિસ્તાની લશ્કરી વડા જનરલ પરવેઝ મુશરફે ફ્રિડમ સીકર એટલે કે સ્વતંત્રતા ઇચ્છતા લોકો તરીકે ગણાવ્યા તે તમામને જયારે ભારતીય સેનાને ઘેરી લીધા અને તેમનો ખાત્મો નિશ્ચિત હતો ત્યારે ખુદ નવાઝ શરીફ અમેરિકા દોડી ગયા હતા અને તત્કાલીન અમેરિકન પ્રમુખ બિલ કલીન્ટન સમક્ષ ખોળો પાથરીને પાકિસ્તાનના સૈનિકો કે જેને એક સમયે સ્વતંત્રતા માટે લડતા લોકો ગણાવ્યા હતા તે પાકિસ્તાન સૈન્યાના જવાનોને બચાવવા માટે આજીજી કરી અને એટલું જ નહીં વડાપ્રધાન અટલ બિહારી વાજપેયી પર અમેરિકાનું દબાણ આવ્યૂં અને એ તમામ પાકિસ્તાની સૈનિકોને સેઇફ પેસેજ એટલે કે સલામત રીતે તેઓ પાકિસ્તાનમાં પરત જઇ શકે તે નિશ્ચિત કરાયું અને હાલમાં જ પાકિસ્તાનના વર્તમાન લશ્કરી વડા અસીમ મુનીર કે જેઓના ડોગ વ્હીસલ જેવી પધ્ધતિથી જ પહેલગામ હુમલાના ત્રાસવાદીઓને આગળ વધવા જણાવ્યું તેમણે સ્વીકાર્યુ હતું કે કારગીલ હુમલો એ એક સુનિયોજીત હતો અને તે પાકિસ્તાની સેનાએ પાર પાડયો હતો.

૧૯૭૧ના બાંગ્લાદેશ સર્જન સમયે પણ પાકિસ્તાન સતત એ ઇન્કારમાં રહ્યું કે તે સમયના પૂર્વ પાકિસ્તાનમાં જે નરસંહાર થયો તેમાં તેની કોઇ ભૂમિકા નથી પરંતુ હાલમાં જ તેનું સત્ય બહાર આવ્યું એટલું જ નહીં પાકિસ્તાન માટે ત્રાસવાદ એ એક રોજીરોટી પણ છે તે નિશ્ચિત છે અને તે બાદમાં ખુદ ત્રાસવાદનો શિકાર હોવાનું જણાવે છે પરંતુ એ નિશ્ચિત છે કે પાકિસ્તાને ત્રાસવાદને જે રીતે પાળી પોષીને મોટો કર્યો તે ત્રાસવાદ આજે પાકિસ્તાન બલુચીસ્તાન સહિતના ક્ષેત્રોમાં જો ડંખી રહ્યો હોય તો તે માટે પાકિસ્તાન જ જવાબદાર છે.

પાકિસ્તાનનું સૌથી મોટુ જુથ તો ઓસામાબીન લાદેન માટે હતું કે ખુદ અમેરિકાને પણ તે ઇન્કાર કરતું રહ્યું કે લાદેનને તેણે શરણ આપ્યું નથી પણ અમેરિકન ગુપ્તચર સેવાએ લાદેનને જે રીતે પાકિસ્તાનના અબોટ્ટાબાદમાં શોધી લીધો અને બાદમાં એક જબરા ઓપરેશનમાં તેને અમેરિકી નેવી સીલ એ અબોટ્ટાબાદમાંથી ઉઠાવીને ઠાર મારી તેના મૃતદેહના અંશ પણ જોવા ન મળે તે રીતે સમુદ્રમાં દફનાવી દીધો તે સમયે પાકિસ્તાન દુનિયા સમક્ષ ઉઘાડુ પડી ગયું હતું. અને તેમ છતાં પણ તેને કદી પોતાની પ્રતિષ્ઠા વિશ્વમાં રોળાઇ છે તેની ચિંતા ન કરી અને આજે પણ પહેલાગામ હુમલા સમયે પાકિસ્તાન જે ઇન્કાર કરે છે તે તેની જુઠ નીતિનો એક ભાગ જ છે પઠાણકોટ પર હુમલા સમયે ૨ જાન્યુઆરી ૨૦૧૬માં ત્રાસવાદીઓ ઇન્ડિયન એરફોર્સના વેસ્ટર્ન એરબેઝ કમાન્ડમાં સ્યુસાઇડ મીશન પર ઘુસી ગયા હતા અને લગભગ બે દિવસ સુધી તેઓએ આ હુમલાને અંજામ આપીને દુનિયાભરમાં હેડલાઇન મેળવી હતી. તે સમયે પણ પાકિસ્તાનને ઇન્કાર કર્યા પછી બંને દેશોએ જોઇન્ટ ઇન્વેસ્ટીગેશન ટીમ રચી હતી અને તેમાં પાકિસ્તાની અધિકારીઓ પઠાણકોટ હુમલાની તપાસ કરવા ભારત તો આવી ગયા પણ સમજુતી મુજબ ભારતીય તપાસ ટીમને પાકિસ્તાનમાં આવવા મંજૂરી ન આપી જે દર્શાવે છે કે પાકિસ્તાન હંમેશા પોતાની આંતરરાષ્ટ્રીય પ્રતિષ્ઠાની ચિંતા કરતું નથી. પણ પહેલગામ હુમલો એ હવે પાકિસ્તાન પ્રેરીત ત્રાસવાદ માટે કદાચ એવો બોધપાઠ બની શકે છે કે જેમાં તેને અંતે સત્ય કબુલવુ પડશે. જેમ કસાબ પાકિસ્તાની નાગરિક છે તે ખુદ પાકિસ્તાન અખબાર 'ધ ડોન'એ ૭ જાન્યુઆરી ૨૦૦૯ના પોતાની હેડલાઇનમાં કબુલ્યુ કે અઝમલ નેશનાલીટી કન્ફર્મ તે પણ પાક. ઇન્કાર કરતું રહ્યું.

---

### પહેલગામનો બદલો લેવા ભારત પાસે કેટલા વિકલ્પ... કેટલા હથિયારો ?

# ભારતની સૈન્ય-સંરક્ષણ તાકાત સામે પાક. સાવ 'બિચારૂ' ગણાય

## પુલવામા હુમલા બાદ ભારતે સંરક્ષણ તાકાતમાં મોટો વધારો કર્યો છે : રાફેલ લડાકુ વિમાન, મીટીયોર મિસાઈલ, એસ-૪૦૦ એર ડિફેન્સ સિસ્ટમ સહિતના અત્યાધુનિક શકિતશાળી સાધનો

નવી દિલ્હી : પહેલગામમાં થયેલાં આતંકી હુમલાને લઈને દેશમાં ગુસ્સો છે. આ હુમલામાં ઓછામાં ઓછા ૨૬ પ્રવાસીઓ માર્યા ગયાં હતાં. પુલવામા હુમલા બાદ આ બીજો મોટો આતંકી હુમલો છે, જેણે આખા દેશને ચોંકાવી દીધો છે. દેશની રાજકીય નેતાગીરી, સેના અને સુરક્ષા એજન્સીઓ આ હુમલા માટે જવાબદાર આતંકવાદીઓ અને હુમલાની યોજના બનાવનારા લોકો પર વિનાશ વેરવાની તૈયારી કરી રહી છે. સેના પાસે પાકિસ્તાન અને પાકિસ્તાનના સૈન્ય અને વ્યૂહાત્મક મથકોમાં બેઠેલા આતંકવાદીઓના માસ્ટરને નિશાન બનાવવા માટે ઘણા વિકલ્પો છે

**ભારત પાસે શકિતશાળી શસ્ત્રો છે**

પુલવામા હુમલા બાદથી ભારતે પોતાની સંરક્ષણ ક્ષમતાને મજબૂત કરી છે અને હવે પાકિસ્તાન પર હુમલો કરવા અને તેનાં વળતાં હુમલાને નિષ્ફળ બનાવવા માટે આપણી પાસે વધુ સારા હથિયારો અને લડાયક વિમાનો છે.ચાલો જાણીએ આપણી સૈન્ય ક્ષમતાઓ વિશે.

**રાફેલ લડાકુ વિમાન**

રાફેલ લડાકુ વિમાનો આઈએએફના સૌથી અદ્યતન લડાકુ વિમાન છે. બાલાકોટ એરસ્ટ્રાઈક બાદ પાકિસ્તાનનાં જવાબી હુમલા સમયે રાફેલની અછત અનુભવાઈ હતી. ત્યાં સુધી રાફેલ વિમાન ફ્રાન્સથી પ્રાપ્ત નહોતા થયા. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ પણ પાછળથી કહ્યું હતું કે જો રાફેલ જેટ આપણી સાથે હોત તો પાકિસ્તાનનું એક પણ લડાયક વિમાન બચીને પાછું ગયું ન હોત. જો તે સમયે રાફેલ વિમાન આપણી સાથે હોત તો કદાચ પાકિસ્તાનની વાયુસેનાએ ભારતનાં હવાઈ ક્ષેત્રમાં પ્રવેશવાની હિંમત ન કરી હોત. આનું કારણ એ છે કે રાફેલ મીટિઅર અને સ્કેલ્પ જેવી મિસાઇલોથી સજ્જ છે. મીટીયોર એક હવાથી હવામાં માર કરનારી મિસાઈલ છે જેની રેન્જ ૧૫૦ કિમીથી વધુ છે. એટલે કે રાફેલ ૧૫૦ કિમી દૂરથી ભારત તરફ આગળ વધી રહેલાં પાકિસ્તાની લડાકુ વિમાનને નષ્ટ કરી શકે છે




**મીટીયોર**

આ મિસાઈલ ૧૫૦ કિમીથી વધુની રેન્જ ધરાવતી હવાથી હવામાં માર કરનારી મિસાઈલ છે.

**સ્કેલ્પ મિસાઇલ**

તેવી જ રીતે સ્કેલ્પ મિસાઈલની રેન્જ ૩૦૦ કિમીની છે, તે હવાથી જમીન પર માર કરનારી મિસાઈલ છે. રાફેલ સ્કેલ્પની મદદથી તે ભારતની સરહદમાં રહીને પાકિસ્તાનના ૩૦૦ કિમી અંદર આવેલા સૈન્ય ઠેકાણા કે આતંકી અડ્ડાઓને નષ્ટ કરી શકે છે.

**S-૪૦૦ એર ડિફેન્સ સિસ્ટમ**

ભારત પાસે એસ-૪૦૦ જેવી અત્યાધુનિક એર ડિફેન્સ સિસ્ટમ છે અને તે પાકિસ્તાનની સરહદ પર પણ તૈનાત છે. જો પાકિસ્તાનનાં લડાકુ વિમાન સરહદની અંદર ૪૦૦ કિમી અંદર સ્થિત એરબેઝથી હવાઈ છે, તો તે ક્ષણે એસ - ૪૦૦ તેને ટ્રેક કરશે અને હુમલો કરી તેનો નાશ કરી શકે છે. આવી સ્થિતિમાં પાકિસ્તાન એરફોર્સ માટે ભારત સામે બદલો લેવો ખૂબ જ જોખમી રહેશે. ભારતે રશિયા સાથે એસ-૪૦૦ના પાંચ સ્કવોડ્રન માટે આશરે ૪૦,૦૦૦ કરોડ રૂપિયામાં કરાર કર્યો હતો. ત્રણ સ્કવોડ્રન ભારતને મળ્યાં છે.

**બ્રહ્મોસ મિસાઇલ**

બ્રહ્મોસ એક સુપરસોનિક ક્રુઝ મિસાઇલ છે. બ્રહ્મોસ મિસાઇલ એટલી ઝડપે હુમલો કરે છે કે કોઇ પણ એર ડિફેન્સ સિસ્ટમ માટે તેને ઇન્ટરસેપ્ટ કરવું ખૂબ જ મુશ્કેલ છે. ભારતની ત્રણેય સેનાઓમાં બ્રહ્મોસ મિસાઇલના અલગ અલગ પ્રકારો છે. ફાઈટર વિમાનમાંથી છોડવામાં આવતા બ્રહ્મોસ એનજીનું અનેક વખત સફળ પરીક્ષણ કરવામાં આવ્યું છે. સુખોઇ ૩૦ એમકેઆઇ ફાઇટર એરક્રાફ્ટને આ વેરિએન્ટથી સજ્જ કરવામાં આવ્યાં છે. આને કારણે સુખોઈ ૩૦ વિમાન વધુ ઘાતક બન્યું છે.

---

# કિશોર વયના બાળકોએ તેજ મગજ રાખવા પુષ્કળ ઊંઘ જરૂરી

### આ સંશોધન મોડી રાત સુધી જાગતા કિશોર અને વહેલા સુઇ જતા કિશોર વચ્ચે થયું હતું



લંડન :

વહેલાં સૂવાનુ અને વહેલાં ઉઠવાનું વલણ લગભગ જૂનું થઈ ગયું છે. એક નવા અભ્યાસમાં જાણવા મળ્યું છે કે આજની પેઢી મોડી રાત સુધી જાગે છે અને સવારે પણ મોડી સુધી નિંદર કરે છે. સંશોધકોનો દાવો છે કે રાત્રે વહેલાં ઊંઘનારા ટીનેજર્સનું મગજ વધુ તેજ હોય છે. રિસર્ચ મુજબ ૧૫ મિનિટથી વધુની ઊંઘ પણ ટીનેજર્સના બ્રેઈન ફંકશનને સુધારવામાં મદદ કરે છે. અમેરિકન એકેડેમી ઓફ સ્લીપ મેડિસિન અનુસાર કિશોરોએ રોજની ૮ થી ૧૦ કલાકની ઊંઘ લેવી જોઇએ. કેમ્બ્રિજ યુનિવર્સિટી અને ચીનનાં સંશોધકોનો આ અભ્યાસ સેલ રિપોર્ટ્સમાં પ્રકાશિત થયો હતો. આ મુજબ જે કિશોર વહેલાં ઊંઘે છે અને પૂરતી ઊંઘ લે છે તેઓ અભ્યાસ અને બ્રેઇન વર્કમાં બાકીનાં બાળકો કરતાં ઘણું સારું પર્ફોર્મન્સ આપે છે. ખરેખર, ઊંઘ દરમિયાન હૃદયના ધબકારા સૌથી ઓછા હોય છે અને શરીર તેમજ મનને પણ આરામ કરવાનો સમય મળે છે. આ સંશોધનમાં ૩,૨૨૨થી વધુ કિશોરોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. તેમની ઊંઘ નિયમિત અને પર્યાપ્ત હતી, તેઓ વાંચન, શબ્દભંડોળ, સમસ્યા-નિરાકરણ અને અન્ય માનસિક ક્ષમતાઓમાં ઝડપી હોવાનું જણાયું હતું

### ઊંઘના અભાવથી શારીરિક અને માનસિક નુકશાન

**હૃદયરોગ :-** લાંબા ગાળે હાઈ બ્લડપ્રેશર અને હૃદયરોગનું જોખમ વધારે છે.

**ડાયાબિટીસ :-** શરીરમાં ઇન્સ્યુલિનનું પ્રમાણ વધી શકે છે, જેનાથી ડાયાબિટીસનું જોખમ વધી શકે છે.

**મેદસ્વીપણું :-** ભૂખ વધારનારા હોર્મોન્સના સ્તરને વધારે છે, જેનાં કારણે વજન વધવાની શક્યતા વધી જાય છે.

**હતાશા અને ચિંતા :-** ઊંઘનો અભાવ હતાશા અને અસ્વસ્થતા તરફ દોરી શકે છે.

**વિચારવાની ક્ષમતા પર અસર :-** ઊંઘની વંચિતતા વિચારવાની ક્ષમતા, એકાગ્ર થવાની ક્ષમતા અને નિર્ણય લેવાની ક્ષમતાને ઘટાડે છે.

**ચીડિયાપણું :-** ઊંઘના અભાવને કારણે ચીડિયાપણું અને ગુસ્સો વધી શકે છે.

**ઉંમરના હિસાબે જરૂરી ઊંઘ**

| | |
|---|---|
| શીશુ (૦ થી ૩ મહિના) : | ૧૧-૧૭ કલાક |
| નાના બાળકો (૧-૨ વર્ષ) : | ૧૧-૧૪ કલાક |
| પ્રિ-સ્કુલ બાળકો (૩-૫ વર્ષ) : | ૧૦-૧૩ કલાક |
| સ્કુલ જતા બાળકો (૬-૧૨ વર્ષ) : | ૯-૧૦ કલાક |
| કિશોર (૧૩-૧૮ વર્ષ) : | ૮-૧૦ કલાક |
| મોટા લોકો (૧૮ થી ૬૦ વર્ષ) : | ૭-૯ કલાક |
| બુઝુર્ગ (૬૦+) : | ૭-૮ કલાક |

---

# ૨૬ વર્ષની યુવતીએ ૧૦ વર્ષથી ઘરનું જમ્યુ નથી, મહિને ૫૦૦ પાઉન્ડ એટલે કે લગભગ ૫૬,૦૦૦ રૂપિયા માત્ર ખાવામાં ખર્ચે છે



બ્રિટનમાં રહેતી સૈફરન બોસવેલ નામની ૨૬ વર્ષની યુવતીએ ઘરે કદી ખાવાનું બનાવ્યું જ નથી. તેને ખાવાનું બનાવવાનો એટલો કંટાળો આવે છે કે તે દિવસના ત્રણેય મીલ બહાર જ કરે છે. બ્રેકફાસ્ટ અને ડિનર મોટા ભાગે તે ઘરે જ મગાવી લે છે અને લંચ માટે બહાર રેસ્ટોરાંમાં જાય છે. ૧૬ વર્ષની ઉંમરે તેણે પેરન્ટસથી અલગ રહેવાનું શરૂ કરેલું. બસ, ત્યારથી તેણે ઘરમાં કિચન તૈયાર કરાવ્યું જ નહીં. પહેલાં તેને ઘરે ખાવાનું બનાવવાનો કંટાળો આવતો હતો, પણ હવે તેને ઘરે બનાવેલું ખાવાનું ભાવતું જ નથી. તે ૩૬૫ દિવસ રેસ્ટોરાંનું ખાઈને પણ ક્યારેય એનાથી ઊબતી નથી. આ શોખ તેને મોંઘો પડે છે, પણ તેની આર્થિક સ્થિતિ સારી છે એટલે વાંધો નથી આવતો. મહિને ૫૦૦ પાઉન્ડ એટલે કે લગભગ ૫૬,૦૦૦ રૂપિયા તે માત્ર ખાવામાં ખર્ચે છે.

નિખાલસ કબૂલાત કરતાં તે કહે છે કે મને ખાવાનું બનાવતાં આવડતું નથી એટલે હું જેટલો બગાડ કરું છું અને એટલું ખરાબ બનાવું છું એ જોતાં રેસ્ટોરાંનું ફૂડ મને સસ્તું પડે છે. તેના ફૂડ-પાર્સલમાં સેન્ડવિચ, પીત્ઝા, બર્ગર અને સેલડ હોય છે.

રોજના ૬૮૦૦ રૂપિયાનો ખર્ચ માત્ર ખાવામાં જ થઈ જતો હોવા છતાં બહેનને રાંધતાં શીખવાની કોઈ ઇચ્છા નથી.

---

# આતંકવાદી હુમલાની ઘટના બાદ સિંગર અરિજિતસિંહે ચેન્નઈનો કોન્સર્ટ રદ કર્યો

## ટિકિટ લેનાર તમામ વ્યક્તિઓને રીફન્ડ આપવામાં આવશે

મુંબઈ, તા.૨૫

સિંગર અરિજિત સિંહે બાવીસમી એપ્રિલે કાશ્મીરના પહલગામમાં થયેલા આતંકવાદી હુમલાને ધ્યાનમાં રાખીને રવિવારે ૨૭ એપ્રિલે ચેન્નઈમાં યોજાનારી પોતાની કોન્સર્ટ રદ કરવાનો નિર્ણય લીધો છે. તેણે આ કપરા કાળમાં પીડિતો પ્રત્યે પોતાની પ્રતિબદ્ધતા દર્શાવવા માટે આ પગલું ભર્યું છે.



આ કોન્સર્ટના આયોજકોએ સૂચના જાહેર કરતાં કહ્યું હતું કે ' હાલમાં ઘટેલી દુખદ ઘટનાઓને ધ્યાનમાં રાખીને આયોજકો અને કલાકારોએ મળીને ૨૭ એપ્રિલે રવિવારે ચેન્નઈમાં યોજાનારો આગામી શો રદ કરવાનો નિર્ણય લીધો છે. ટિકિટ લેનાર તમામ વ્યકિતઓને રીફન્ડ આપવામાં આવશે અને રકમની જે રીતે ચુકવણી કરવામાં આવી હશે એ જ મોડમાં રિટર્ન કરવામાં આવશે.' આ પહેલાં અરિજિતની પાકિસ્તાની એક્ટર ફવાદ ખાનની ફિલ્મ 'અબીર ગુલાલ' માટે શિલ્પા રાવ સાથે 'ખુદાયા ઇશ્ક' ગીત ગાવા બદલ ટીકા થઈ હતી. આ પહેલાં સંગીતકાર અનિરુદ્ધ રવિચંદરે પણ આતંકવાદી હુમલાને ધ્યાનમાં રાખીને તેની બેન્ગલોર કોન્સર્ટની ટિકિટોનું વેચાણ અટકાવી દીધું હતું.

---



# જાતજાતની પેન્સિલોથી બનાવ્યો ૧૩ ફુટ ૧૮ ઈંચ ઊંચો ટાવર :ગિનિસ વર્લ્ડ રેકોર્ડ્સ

રાજસ્થાનના સિકરમાં રહેતા આર્યન શર્મા નામના જાતજાતની પેન્સિલો કલેક્ટ કરવાના શોખીન યુવાને પેન્સિલને ઉપરાઉપરી ગોઠવીને એમાંથી એક ટાવર બનાવ્યો છે. તેણે ચાર પેન્સિલોથી એક ચોરસ બનાવ્યું છે અને એની ઉપર ચાર-ચાર પેન્સિલોનું લેયર ઉમેરતો જાય છે. આમ કરીને તે પોતાની હાઈટ કરતાં લગભગ ત્રણગણી હાઇટનો પેન્સિલનો ટાવર બનાવી નાખે છે. લગભગ ચાર મીટર જેટલો અને ચોક્કસ માપ મુજબ ૧૩ ફુટ ૧૮ ઇંચ ઊંચો ટાવર આર્યન શર્માએ બનાવ્યો હતો જેને ગિનેસ વર્લ્ડ રેકોર્ડ્સ દ્વારા સૌથી ઊંચા પેન્સિલ ટાવરનો ખિતાબ મળ્યો હતો.




## દેશની સૌ પ્રથમ ટેસ્લા સાયબર ટ્રક સુરતમાં

અમેરિકી ઉદ્યોગપતિ એલન મસ્કની કંપની ટેસ્લાનાં વિખ્યાત વાહનોની ભારતમાં એન્ટ્રી થશે કે કેમ તે વિશે કેટલાંક વખતથી અટકળો છે ત્યારે દેશમાં પહેલી વખત ટેસ્લા સાયબર ટ્રક આવી છે. મહત્વની વાત એ છે કે આ સાયબર ટ્રક ગુજરાતનાં સુરતમાં આવી છે અને ઉદ્યોગપતિ લવજી બાદશાહે તે દુબઈથી મંગાવી છે.

### પહેલગામમાં પર્યટકો પર આતંકી હુમલા બાદ.....

# રણપ્રદેશ કચ્છના સીમાડામાં સૈન્યના વાહનોની અવરજવર વધીઃ યુદ્ધ ભણકારા

### યુદ્ધ જહાજ આઈએનએસ વિક્રાંતને કચ્છની જળસીમાના દરિયામાં મોકલાયું

ભુજ,તા.૨૫

જમ્મુ-કાશ્મીરના પહેલગાંવમાં પર્યટકો પર પાકિસ્તાન પ્રેરિત આતંકવાદીઓના હુમલા બાદ, ભારત-પાકિસ્તાન વચ્ચેની આંતરરાષ્ટ્રીય ભૂમિ અને જળ સરહદે ભારે તંગદિલી પ્રવર્તી રહી છે અને રણપ્રદેશ કચ્છના સીમાડાના



ગામોમાં સેનાના વાહનોની અવર-જવર વધી રહી છે જેને લઈને લોકો લગભગ સ્પષ્ટપણે માની રહ્યા છે કે, આ વખતે એક ખાસ વિસ્તારમાં યુદ્ધ થઇ શકે છે અને જે રીતે ઝડપભેર પરિસ્થિતિ બદલી રહી છે તે જોતાં આ ખાસ વિસ્તારમાં જમ્મુ-કાશમીર અને રાજ્યના પશ્ચિમી વિસ્તારને પખાળતા અરબી સમુદ્રનો સમાવેશ થાય છે, અને આ ધારણા મુજબ અરબ સાગરમાં અત્યારથી જ જાણે યુદ્ધના ભણકારા વાગી રહ્યા છે અને તેથી જ તો ભારતીય નૌ સેનાના નવનિર્મિત

(અનુસંધાન છઠ્ઠા પાને)

# ડભોઈ પાસે અકસ્માતમાં પોલીસ કર્મચારી સહિત ૩ ના મોત



વડોદરાના ડભોઈના ગોપાલપુરા ગામ નજીક બોલેરો ગાડી અને બાઇક વચ્ચે અકસ્માતમાં પોલીસ કર્મી સહિત ૩ વ્યક્તિના મોત થયા છે. જેમાં બેના ઘટનાસ્થળે અને એક વ્યક્તિનું સયાજી હોસ્પિટલમાં મોત થયું છે. અકસ્માત સર્જી બોલેરો ચાલક ફરાર થઈ ગયો હતો.

બે મિત્રોના ઘટનાસ્થળે મોત અકસ્માતમાં બે મિત્રો સુરેશ નેરસિંગ રાઠવા તેમજ હરેશ રામસિંગ રાઠવાનું ઘટનાસ્થળે જ કમકમાટી ભર્યું મોત થઈ ગયું હતુ. જ્યારે મુકેશ રાઠવાને સારવાર માટે વડોદરા એસએસજી હોસ્પિટલમાં ખસેડાયા હતા, પણ સારવાર મળે તે પહેલા તેમનું મોત થયું હતું. મૃતક સુરેશ રાઠવા અને હરેશ રાઠવા છોટાઉદેપુર જિલ્લાના કવાંટ તાલુકાના કનલવા ગામના રહેવાસી છે. આ બંને મિત્રોએ પીએસઆઇની પરીક્ષા આપી હોવાની વિગત મળી રહી છે. હાલ તો સમગ્ર મામલે પોલીસે ઘટનાસ્થળે પહોંચી મૃતદેહને પીએમ અર્થે ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

**કાર રીમોટ**
ઓરીજનલ રીમોટ સેલ (પાવર) ગેરેંટી સાથે બદલી આપવામાં આવશે.
**રાજુ ડીઝીટલ સ્ટુડીયો**
ભુતખાના ચોક, ઢેબર રોડ, ભારત પેટ્રોલ પંપની બાજુમાં, રાજકોટ. M.: 94297 85836

**ઓફીસબોય જોઈએ છે**
વી-બેલ્ટની દુકાનમાં કામ કરી શકે તેવા
(ઉંમર વર્ષ ૨૦ થી ૨૫)
માધવ એન્ટરપ્રાઇઝ ૬-રજપુતપરા, રાજકોટ

